જૈનસિદ્ધાંત ગ્રંથમાળા. મણકો ૫૬ મો

# દાન અને શીળ

*

दाणं सीलं च तवो भावो
एवं चउव्विहो धम्मो।
सव्व जिणेहिं भणिओ
तहा दुहासुअचरित्ते हिं॥

દાન, શીળ, તપ અને ભાવના એ ચાર પ્રકારનો ધર્મ સર્વ તીર્થંકરોએ કહેલો છે. શ્રુત અને ચારિત્રના ભેદથી ધર્મના બે પ્રકાર પણ કહેલા છે.

—સપ્તતિશત સ્થાન પ્રકરણ ગા. ૯૬

*

લેખક-સંપાદક
નગીનદાસ ગિરધરલાલ શેઠ

જૈન સિદ્ધાંત ગ્રંથમાળા. મણકો ૫૬ મો

# દાન અને શીળ

दाणं सीलं च तवो भावो
एवं चउव्विहो धम्मो ।
सव्व जिणेहिं भणिओ
तहा दुहासुअचरिते हिं ॥

દાન, શીળ, તપ અને ભાવના એ ચાર પ્રકારનો ધર્મ સર્વ તીર્થંકરોએ કહેલો છે. શ્રુત અને ચારિત્રના ભેદથી ધર્મના બે પ્રકાર પણ કહેલા છે.

— સપ્તતિશત સ્થાન પ્રકરણ ગા. ૯૬

*

લેખક – સંપાદક
નગીનદાસ ગિરધરલાલ શેઠ

પ્રકાશક
શ્રી જૈન સિદ્ધાંત સભા (રજીસ્ટર્ડ)ની વતી
ડૉ. ડી. એસ. સંઘવી, શાંતિસદન,
૨૫૯, લેમિંગ્ટન રોડ. મુંબઈ ૭. W.B.

આવૃત્તિ
પહેલી

માર્ચ
૧૯૬૫

ફાગણ
૨૦૨૧

વીર સં.
૨૪૯૧

કિંમત
રૂા. ૫

મુદ્રક
સૌરાષ્ટ્ર ટ્રસ્ટ વતી, જ્યોત્સ્નાબહેન શુકલ,
'પ્રતાપ' પ્રિં. પ્રેસ, નાણાવટ,
પ્રતાપ સદન; સુરત.

# પ્રસ્તાવના

આત્માને અનાદિ કાળથી સંસારમાં રખડાવનાર આહાર સંજ્ઞા, ભયસંજ્ઞા, **મૈથુન** સંજ્ઞા અને પરિગ્રહ સંજ્ઞા એ ચાર સંજ્ઞાઓ છે. એ ચાર સંજ્ઞાઓની ભૂખ ભાંગવાનો અસાધારણ અને ઉત્તમ ઉપાય એ દાન, શીળ, તપ અને ભાવનાનો છે. માટે જ ભગવાને ધર્મના ચાર પ્રકાર તરીકે વર્ણવી તેનો ઉપદેશ કર્યો છે.

કઈ સંજ્ઞાનો નાશ ધર્મના કયા પ્રકારથી થઈ શકે છે તે જોઈએ—

(૧) **દાન**—દાન આપવાથી **પરિગ્રહ સંજ્ઞા**નો નાશ થાય છે. કીર્તિ, માન કે પ્રશંસા માટે દાન આપવાનું નથી પણ લોભ અને મોહનો નાશ કરવા માટે દાન આપવાનું છે. લોભ અને મોહનો નાશ થયો એટલે પરિગ્રહનો નાશ થયો જ જાણવો.

(૨) **શીળ**—શીળધર્મની આરાધના કરવાથી **મૈથુનસંજ્ઞા**નો ક્ષય થાય છે.

(૩) **તપ**—તપ કરવાથી **આહારસંજ્ઞા**નો નાશ છે.

(૪) **ભાવના**—ચાર ધર્મ ભાવના તથા બાર વૈરાગ્ય ભાવના ભાવવાથી ધર્મભાવ દૃઢ થાય છે. અને **ભયસંજ્ઞા**નો નાશ થાય છે.

આ ચોરેય સંજ્ઞાઓમાં પણ પહેલી અને મુખ્ય તો આહાર સંજ્ઞા છે. એક આહારસંજ્ઞા ઘટે અને આહારસંજ્ઞા કાબુમાં આવે તો પછી બાકીની ત્રણ સંજ્ઞાઓને કાબુમાં લેવા માટે વધારે પરિશ્રમ કરવાની જરૂર રહેતી નથી.

જે વ્યક્તિમાં આહારસંજ્ઞાનું પ્રબળપણું વર્તતું હોય તેને **મૈથુન**

સંજ્ઞા પ્રાયઃ જોરદાર હોય છે. અને આહાર તથા મૈથુન સંજ્ઞાનું જ્યાં પ્રબળપણું હોય ત્યાં પરિગ્રહ સંજ્ઞાનું જોર પણ અવશ્ય હોય જ. કારણ કે પરિગ્રહ અર્થાત્ ધન સિવાય મૈથુનસંજ્ઞા તથા અહાર સંજ્ઞાને પોષણ મળતું નથી. આહાર સંજ્ઞા તથા મૈથુનસંજ્ઞાના પોષણ માટે આજીવ ગમે તેવા પાપો કરીને પણ ધન મેળવવાનો પ્રયત્ન કરે છે.

ભોગ સુખનું સાધન ધન મેળવવા માટે મન, વાણી અને કાયાની દોડધામ તેનું નામ ભયસંજ્ઞા છે. મન વાણી અને કાયાની ચંચળતા તેનું નામ ભયસંજ્ઞા છે.

આહાર સંજ્ઞાની પ્રબળતાથી મૈથુનસંજ્ઞા વધે. મૈથુનસંજ્ઞાની પ્રબળતાથી પરિગ્રહ સંજ્ઞા વધે અને પરિગ્રહ સંજ્ઞા વધવાથી ભયસંજ્ઞા વૃદ્ધિ પામતી જાય તેમ તેમ કર્મબંધન પણ વૃદ્ધિ પામતું જાય.

આહારસંજ્ઞાનો ઘટાડો અને નાશ કરવા માટે મુખ્ય સાધન તપ છે. આહાર કરવો એ આત્માનો સ્વભાવ નથી. આત્માનો સ્વભાવ અનાહારી છે.

અનાદિ કાળથી આ સંસારી જીવને આહારની ભૂખ, વિષયની ભૂખ અને ધનની ભૂખ વળગેલી છે. તેને માટે જ આ અજ્ઞાની જીવે અત્યાર સુધી આંખો મીંચીને ખુબ દોટ મૂકી છે. પણ પરિણામે ભૂખ ભાંગવાને બદલે ભૂખ વધતી જ ગઈ છે.

એ ભૂખ ભાંગવાને માટે, એનો નાશ કરવા માટે ભગવાને દાન, શીળ, તપ અને ભાવનાના ચાર રસ્તા બતાવેલ છે. એ રસ્તે સુગમતાથી જઈ શકાય તેટલા માટે એ ચારે પ્રકારનું વિસ્તૃત વર્ણન આપવાનું મેં વિચાર્યું હતું.

તેમાંથી "ભાવના"નું પુસ્તક તથા "તપ અને યોગ"નું પુસ્તક એમ બે પુસ્તકો અમારા તરફથી પ્રગટ થઈ ચૂકયા છે. બાકીના બેનું

આ સંયુકત પુસ્તક પ્રગટ થાય છે. એ રીતે ધર્મના ચારે પ્રકારનું વર્ણન થઈ ગયું છે. શીલમાં બારવ્રતનું પણ વિસ્તૃત વર્ણન આપવા ધારેલું હતું. પણ તે હજુ તૈયાર થઈ શકેલ નથી. તેથી તે જુદા પુસ્તક રૂપે પ્રગટ કરીશું.

દાન શીળ સંબંધીનું મારૂં વિવેચન અનેક સૂત્રો તથા ગ્રંથો ઉપરથી તૈયાર કરવામાં આવેલ છે તેથી તે સર્વ ગ્રંથોના લેખકોનો આભાર માનું છું. તેમ જ એ વિષયને લગતા લેખો અન્ય મુનિઓ તથા ગૃહસ્થોના પણ ઉપયોગી હોઈ તેનો પણ આ પુસ્તકમાં સંગ્રહ કરવામાં આવ્યો છે. તે સર્વ લેખકોનો પણ આભાર માનું છું.

આ પ્રમાણેનો આ સંગ્રહ વાંચકોને સારી રીતે ઉપયોગી થઇ પડશે એમ આશા રાખું છું.

—શેઠ નગીનદાસ ગિરધરલાલ

# અનુક્રમણિકા


પૃષ્ઠ

| | | |
|---|---|---|
| પ્રસ્તાવના | ... | ૩ |
| અનુક્રમણિકા | ... | ૬ |
| માંગલિક નમસ્કાર | ... | ૯ |
| દાનશીળનું માહાત્મ્ય | ... | ૧૦ |
| મનુષ્ય ભવની દુર્લભતા | ... | ૧૧ |

**ભાગ ૧ લો**

| | | |
|---|---|---|
| મુખપૃષ્ટ | ... | ૨૩ |
| મંગળ નમસ્કાર | ... | ૨૪ |
| દાનનું સ્વરૂપ | ... | ૨૫ |
| દાનનું ફળ | ... | ૨૬ |
| ૧. **દાન** ( નગીનદાસ ગિ. શેઠ ) | ... | ૨૭ |

| | પૃષ્ટ | | પૃષ્ટ |
|---|---|---|---|
| ધર્મના પ્રકાર | ... ૨૭ | કીર્તિદાન | ... ૩૭ |
| દાન | ... ૨૮ | લૌકિક દાન | ... ૪૧ |
| દાન શા માટે ? | ... ૩૦ | ઉચિત દાન | ... ૪૧ |
| દાન શેનું કરવું ? | ... ૩૧ | અનુકંપા દાન | ... ૪૧ |
| દાનના પ્રકાર | ... ૩૨ | જ્ઞાનદાન | ... ૪૩ |
| જ્ઞાનદાન | ... ૩૩ | અભયદાન | ... ૪૩ |
| ધનદાન | ... ૩૪ | ધર્મદાન | ... ૪૫ |
| ભાવના પ્રમાણે દાન | ... ૩૫ | દાન કોને દેવું ? | ... ૪૮ |
| સૂત્ર પ્રમાણે દાનના દશ પ્રકાર | ... ૩૬ | દાનનું ફળ શું ? | ... ૫૦ |
| | | દાન આપતાં સંભાળવાનું | ... ૫૨ |

દિગંબર મત પ્રમાણે દાનના પ્રકારો ... ૫૨

| | | |
|---|---|---|
| ૨. **દાન** ( મુનિ શ્રી જયવિજયજી ) | ... | ૫૭ |
| ૩. **દાન અને ઉદારતા** ( આ. શ્રી વિજયરામચંદ્રસૂરિ ) | ... | ૬૪ |

**૪. અભયદાન** ( મુનિ શ્રી ગબ્બુલાલજી ) ... ૮૦
**૫. અભયદાન** ( મુનિશ્રી જયવિજયજી ) ... ૯૮
**૬. અનુકંપાદાન** ... ૧૦૮
**૭. સુપાત્રદાન** ... ૧૨૭
**૮. સાચું દાન** ( સ્વ. શ્રી. વિજયરામચંદ્ર સૂરિજી ) ... ૧૪૨

## ભાગ ૨ જો

મુખપૃષ્ટ ... ૧૪૯
જ્ઞાન અને ચારિત્ર ... ૧૫૦
**૧. શીળ** ( નગીનદાસ ગિ. શેઠ ) ... ૧૫૧
મનુષ્યોમાં વિકાસની ભિન્નતા ... ૧૫૧
બે વિકાસ શ્રેણિ ... ૧૫૨
ગૃહસ્થનો દેશવિરતિ ધર્મ ... ૧૫૨
નિયમની આવશ્યકતા ... ૧૫૪
ગૃહસ્થધર્મના બે પ્રકાર ... ૧૫૫
**સામાન્યગૃહસ્થધર્મ** ( માર્ગા. ૩૫ બોલ ) ... ૧૫૬
દિગંબર મતે શ્રાવકના **ચૌદ ગુણ** ... ૧૫૯
ગૃહસ્થનાં લક્ષણ ... ૧૬૩
**ગૃહસ્થનો વિશેષ ધર્મ** ... ૧૬૪
શ્રાવકના એકવીશ ગુણ ... ૧૬૪
દિગંબર મતે શ્રાવકના એકવીશ ગુણ ... ૧૬૬
શ્રાવકધર્મ પાળવાનું ફળ ... ૧૬૭
**શ્રાવકની અગિઆર પ્રતિમા** ... ૧૬૮
પહેલી દર્શન પ્રતિમા ... ૧૭૩
આઠ મૂળ ગુણ .... ૧૭૩
પાંચ લબ્ધિ ... ૧૭૭
સમ્યગ્દર્શનનું સ્વરૂપ ... ૧૭૮
છ લેશ્યા ... ૧૮૦

પૃષ્ટ

બીજી વ્રત પ્રતિમા ... ૧૮૨
ત્રીજી સામાયિક પ્રતિમા ... ૧૯૧
ચોથી પૌષધ પ્રતિમા ... ૧૯૨
પાંચમી રાત્રિભોજન ત્યાગ પ્રતિમા ... ૧૯૩
છઠ્ઠી સચિત્ત ત્યાગ પ્રતિમા ... ૧૯૪
સાતમી બ્રહ્મચર્ય પ્રતિમા ... ૧૯૫
આઠમી આરંભ ત્યાગ પ્રતિમા .... ૧૯૬
નવમી પરિગ્રહ ત્યાગ પ્રતિમા ... ૧૯૭
દશમી અનુમતિ ત્યાગ પ્રતિમા ... ૧૯૯
અગીઆરમી ઉદ્દિષ્ટ ત્યાગ પ્રતિમા .... ૨૦૦
૨. પંચલબ્ધિ (બ્ર. શ્રી મૂળશંકર દેસાઈ) ... ૨૦૪

**બ્ર. પં. શ્રી શીતળપ્રસાદજીના લેખો**

**૩. શ્રાવકની અગીઆર પ્રતિમા** ... ૨૧૯
**૪. દેશના લબ્ધિ** ... ૨૫૩
**૫. પ્રાયોગ્ય લબ્ધિ** ... ૨૮૦
**૬. કરણલબ્ધિ** ... ૨૮૬
**૭. સમ્યક્ત્વ** ... ૨૯૩
ઉપશમ સમ્યક્ત્વ ... ૨૯૩
ક્ષયોપશમ સમ્યક્ત્વ ... ૨૯૭
ક્ષાયિક સમ્યક્ત્વ ... ૨૯૯

પરિશિષ્ટ

પરિશિષ્ટ ૧. રાત્રિભોજન ત્યાગ (ઇંદ્રલાલ શાસ્ત્રી) ... ૩૧૬
૨. દાન. શીળ તપમાં ભાવની જરૂર
(આ. શ્રી. વિજયરામચંદ્ર સૂરિજી) ... ૩૨૩
૩. ભાવના (મુનિશ્રી જયવિજયજી) ... ૩૩૩

★

# માંગલિક નમસ્કાર

नमो अरिहंताणं

नमो सिद्धाणं

नमो आयरियाणं

नमो उवज्झायाणं

नमो लोए सव्व साहूणं

અરિહંત ભગવાન મોક્ષમાર્ગ બતાવે છે.
સિદ્ધના ગુણને જાણીને જીવ મોક્ષ માટે
પ્રયત્ન કરે છે.

આચાર્ય પાસેથી ભવ્ય જીવ આચારનું જ્ઞાન
પ્રાપ્ત કરીને તે પ્રમાણે આચરણ
કરે છે.

ઉપાધ્યાય પાસે ભવ્યાત્મા વિનયની
આરાધના કરે છે.

સાધુ મોક્ષમાર્ગની સાધનામાં સહાયક
હોય છે.

એ પ્રમાણે

એ પાંચેય પદ મોક્ષ પ્રાપ્તિના હેતુરૂપ છે.
તેથી હું એ પંચ પરમેષ્ઠીને નમસ્કાર કરૂં છું.

*

# દાનશીળનું મહાત્મ્ય

વસંતતિલકા

दानाय यस्य न धनं न वपुर्व्रताय.
नैवं श्रुतं च परमोपशमाय नित्यम् !
तज्जन्म केवलमलं मरणाय भूरि
संसारदुःखमृतिजातिनिबन्धनाय ॥

જેનું ધન દાનમાં વપરાતું નથી, જેનું શરીર વ્રતોના આરાધનમાં વપરાતું નથી અને જેનું શ્રુતજ્ઞાન પરમશાંતિ ઉપજાવતું નથી તેનો જન્મ ફક્ત સંસારના દુ;ખો ભોગવવાને માટે, જન્મમરણ વધારવાને માટે જ છે. અર્થાત્

જે માણુસ દાન કરતો નથી, વ્રતારાધન કરતો નથી અને કષાયને ઉપશમાવવામાં પોતાના જ્ઞાનનો ઉપયોગ કરતો નથી તે માણુસ તેનું ભવભ્રમણ વધારી સંસારના અનેક દુ:ખો ભોગવ્યા જ કરે છે.

—મુનીશ્રી ન્યાય વિજયજી મહારાજ.

*

# મનુષ્યભવની દુર્લભતા

ભગવાને કહ્યું છે કે મનુષ્યભવ મળવો બહુ દુર્લભ છે. ઘણા ઘણા પુણ્યે કરીને મનુષ્યભવની પ્રાપ્તિ થાય છે. માટે અત્યારે આ મનુષ્યભવ મળ્યો છે ત્યારે ધર્મારાધનથી આત્માનું કલ્યાણ કરી લેવું જોઇએ.

વળી મોક્ષની પ્રાપ્તિ મનુષ્યભવમાં જ થઈ શકે છે. માટે અત્યારે જ્યારે આવો દુર્લભ મનુષ્યભવ મળેલો છે ત્યારે મોક્ષના ઉપાયરૂપ ધર્મારાધન ઉત્કૃષ્ટ ભાવથી કરી લેવું જોઈએ.

પૂર્વાચાર્યોએ શાસ્ત્રીય કથાઓમાંથી મનુષ્યભવની દુર્લભતા બતાવનારા કથાનકો ચૂંટી કાઢેલા છે અને તે દરેક કથાનક અથવા દૃષ્ટાંતનો એક એક શ્લોક બનાવેલો છે. એમ મનુષ્યભવની દુર્લભતાના દશ દૃષ્ટાંત બનાવેલા છે.

તે દશ શ્લોકો તથા તેના અર્થ વિવરણરૂપે તે દશ દૃષ્ટાંતો અથવા કથાનકોને અત્રે આપેલા છે કે જેથી વાંચકને મનુષ્યભવની સમજ પડે.

विप्रः प्रार्थितवान् प्रसन्नमनसः श्री ब्रह्मदत्तात्पुरा,
क्षेत्रेस्मिन् भरतेखिले प्रतिगृहं मे भोजनं दापय ।
इत्थं लब्धवरोथ तेष्वपि कदाप्यश्नात्यहो द्विः स चेद्,
भ्रष्टो मर्त्य भवात्तथाप्य सुकृति भूयस्तमाप्नोति न ॥ १ ॥

## ૧

**ભાવાર્થ:**—બ્રહ્મરાજાનો પુત્ર બ્રહ્મદત્ત બે વરસની વયનો હતો ત્યારે તે રાજા મરણ પામ્યો. આથી રાજકાર્ય દીર્ઘ નામના મંત્રીને સોંપવામાં આવ્યું.

આ મંત્રી સાથે હંમેશના પરિચયથી બ્રહ્મરાજાની રાણી ચુલણીનો સ્નેહ સબંધ બંધાઈ ગયો અને તેઓ મરજી મુજબ વર્તવા લાગ્યા.

બ્રહ્મદત્ત કુંવર ઉંમર લાયક થતાં, તેને મંત્રી અને માતાના સંબંધની ખબર જાણવામાં આવી તેથી તેમનો આવો દુષ્ટ સંયોગ તોડી નખાવવા આડકતરી રીતે પ્રયાસ કર્યો, પણ આ બાબતની તેની

માતાને ખબર પડતાં તેણે પુત્રને મારી નાખવા માટે એક લાખનું મકાન બનાવરાવ્યું અને કુંવર પરણીને આવતાં તે નવા મકાનમાં તેને ઉતારો અપાવરાવ્યો, અને રાત્રે તે મકાનને આગ લગાડી દેવાની ગોઠવણ કરી રાખી.

આ દુષ્ટ બનાવની ખબર રાજાના જૂના મંત્રીના જાણવામાં આવી જવાથી તેણે છાની રીતે કુંવરને બહાર કાઢી લીધો અને બહારગામ રવાના કરી દીધો.

જંગલમાં ચાલ્યા જતા કુંવરને એક વટેમાર્ગુ બ્રાહ્મણ મળી ગયો, તેણે તેને મદદ કરી તેથી કુંવરે તેને પોતાને રાજ્ય મળ્યે બનતી મદદ કરવાનું વચન આપી રવાના કર્યો.

વખત જતાં બ્રહ્મદત્તને કાંપિલપુરનું રાજ્ય મળ્યું અને તે છ ખંડ પૃથ્વી સાધી ચક્રવર્તી થયો. જંગલમાં તેને મદદરૂપ થયેલ બ્રાહ્મણ ફરતો ફરતો તે ગામમાં આવ્યો અને બ્રહ્મદત્તને ઘણી મુશ્કેલીએ મળ્યો. પોતાને ઉપકાર કરનાર જાણી મરજી મુજબ માગી લેવાનું કહ્યું. વિચાર કરી માંગવાનું કહી, બ્રાહ્મણ ઘેર આવ્યો અને પોતાની સ્ત્રીને આ બાબત જણાવી.

સ્ત્રીએ વિચાર્યું કે, જો રાજા પાસે ગામગરાસ માગશે તો તેના વહીવટની ખટપટમાં પડી જશે અને પૈસાને અંગે નવી સ્ત્રી લાવી મારો ત્યાગ કરશે, આથી તેણીએ તે બ્રાહ્મણને એવી સૂચના કરી કે, આપણા કુટુંબને દરરોજ એક એક ઘેર ખાવાનું મળે અને એક એક મહોર દક્ષિણા મળે એવું માગી લ્યો, અને સ્ત્રીની મરજી મુજબ બ્રાહ્મણે તે પ્રમાણે માગવાથી રાજાને તેની બુદ્ધિ માટે ખેદ તો થયો છતાં કબૂલ રાખ્યું.

પહેલે દિવસે પોતાનેજ રસોડે તે બ્રાહ્મણ કુટુંબને જમવા આવવાનું કહેવામાં આવ્યું. ત્યાં જમી સોના મહોર લીધી. અને એ પ્રમાણે હરહંમેશ બીજી રાણીઓને ત્યાં જમવાનું અને મહોર લેવાનું ચાલુ રાખ્યું. પણ પહેલે દિવસે બ્રહ્મદત્તના પોતાના રસોડે જમવામાં

જે મીઠાશ આવી હતી તે ફરી બીજે ક્યાંય આવી નહિ અને હંમેશા તે દિવસ યાદ કર્યા કરે.

આ પ્રમાણે વરદાન પ્રાપ્ત કરેલ બ્રાહ્મણ કદાચ પહેલે દિવસે કરેલ ભોજન રાજાની કૃપાથી બીજી વાર મેળવે પણ જે કમનસીબ પ્રાણી મનુષ્યભવ પામી હારી જાય છે તે ફરી વાર તેને પ્રાપ્ત કરી શકતો નથી.

૨

स्तंभाना हि सहस्रमष्ट सहितं प्रत्येक मष्टोत्तरं,
कोणानां शतमेषु तानपि ज्यन् द्यूतेथ तत्संख्यया;
साम्राज्यं जनकात्सुः स लभते स्याच्चेदिदं दुर्घट,
भ्रष्टो मर्त्यभवात्तथाप्य सुकृती भूयस्तमाप्नोति न ॥ २ ॥

**ભાવાર્થ :**—એક રાજા વૃદ્ધ ઉમરનો થયો પણ મરણ પામે નહિ; તેનો મોટી ઉમરનો પુત્ર રાજા મરણ પામે તો ગાદી પર બેસવાને માટે તૈયાર થઈ રહ્યો હતો પણ રાજાને મોત આવતું નહિ, તેથી એક દિવસ પિતાને મારી નાખીને રાજ્ય લઈ લેવું એવો પુત્રને વિચાર થયો.

વૃદ્ધ રાજાને આ બાબતની ખબર પડવાથી તેણે એક યુક્તિ કરી. રાજસભામાં એકસો ને આઠ થાંભલા હતા. અને પ્રત્યેક થાંભલે એકસો ને આઠ હાંસો હતી. રાજાએ પુત્રને કહ્યું કે, ભાઈ! હું વૃદ્ધ થયો છું, મારાથી રાજ્ય કાર્ય બની શકતું નથી તેથી હવે મારે તેને રાજ્ય સોંપી દેવું છે, પણ આપણાં કુળનો એવો રીવાજ છે કે, પુત્રે રાજ્ય લેવા પહેલાં પિતા સાથે દ્યૂત રમવું અને દ્યૂતમાં એક વાર જીતે ત્યારે એક હાંસ જીતી ગણાય અને તેવી રીતે એકસો આઠ સ્તંભની હાંસો એકસો આઠવાર જીતે ત્યારે એક સ્તંભ જીત્યો ગણાય.

રમતાં રમતાં વચ્ચે એક વાર હારી જાય તો અગાઉ જીતેલ સર્વ જીત વ્યર્થ જાય અને નવે નામે પહેલી હાંસથી શરૂ કરવું પડે. આ

વાત પુત્રે કબૂલ કરી અને ધૂત રમવા માંડ્યું. આમ રમતાં રમતાં કેટલીક વાર જીતે અને વળી હારી જાય, પણ સંપૂર્ણ તો કોઈ કાળે થાય જ નહિ. આવી રીતે જીત મેળવી રાજ્ય લેવું દુર્ઘટ તો છે જ, પણ કદાપિ તેમ બની આવે, પણ જે કમનસીબ પ્રાણી મનુષ્યભવ પામી હારી જાય છે તે ફરી વાર તેને પ્રાપ્ત કરી શકતો નથી.

૩

वृद्धा कापि पुरा समस्तभरतक्षेत्रस्य धान्यावलिं,
पिंडीकृत्य च तत्र सर्वपकणान् क्षिप्त्वाढकेनोन्मितान्;
प्रत्येकं हि प्रथक्करोति किलसा सर्वाणि चान्नानिचेद,
भ्रष्टो मर्त्यभवा त्तथाप्य सुकृती भूयस्तमाप्नोति न ॥ ३ ॥

**ભાવાર્થ**:—એક રાજાએ ભરતક્ષેત્રમાં ઉત્પન્ન થતાં સર્વ પ્રકારનાં ધાન્યો કૌતુક માટે એકઠાં કરાવ્યા અને તેમાં એક પાલી સરસવના દાણા નખાવ્યા; પછી એક વૃદ્ધ ડોશીમાને બોલાવી તે ધાન્યના ઢગલામાંથી સરસવના સર્વ દાણા છૂટા પાડી આપવા આજ્ઞા કરી.

વૃદ્ધ ડોશીમા આ દાણા જૂદા પાડવાનું ક્યારે કરી શકે? છતાંય માનો કે, કાળે કરી તે જૂદા પાડે. પણ જે કમનશીબ પ્રાણી મનુષ્યભવ પામી હારી જાય છે. તે ફરીવાર તેને પ્રાપ્ત કરી શકતો નથી.

*

૪

सिद्धद्यूतकलाबलाद्धनिजनं जित्वाथ हेम्नां भरै-
श्चाणाक्येन नृपस्य कोशनिवहः पूर्णीकृतो हेलया ।
दैवा दाढ्य जनेन तेन स पुनर्जीयेत मंत्री क्वचित् ,
भ्रष्टो मत्यभवात्तथाप्य सुकृती भूयस्तमाप्नोति न ॥

**ભાવાર્થ**—ચાણાક્ય નામનો બ્રાહ્મણપુત્ર નંદ રાજાની સભામાં આવ્યો અને સિંહાસન ઉપર બેસી ગયો. રાજા તે વખતે ત્યાં નહિ હોવાથી દાસીએ તેને. તિરસ્કાર કરી બહાર કાઢી મૂકયો. આથી ચાણાક્યે

તે વખતે ઘોર પ્રતિજ્ઞા કરી કે જો હું ખરો ચાણાક્ય હોઉં તો નંદ રાજાને સમૂળો ઉન્મૂળ કરી નાખું.

રાજ્ય યોગ્ય કુંવરને શોધતાં એક વખત તે એક મયૂર પોષકની દીકરી પાસે ગયો, તેને ચંદ્રપાન કરવાનો દોહદ થયો હતો. ચાણાકયે જન્મતાં જ પુત્રને સોંપી દેવાની શરત કરી યુક્તિથી તેનો દોહદ પૂર્ણ કર્યો. તે એવી રીતે કે, એક છિદ્રયુકત તૃણનું ઘર કરાવ્યું અને એક માણસને ઉપરતું છિદ્ર ઢાંકવા માટે ઉપર બેસાડ્યો. એક થાળમાં ખીર ભરી છિદ્ર નીચે તે થાળ મુકયો અને પુત્રીને ચંદ્રનું પાન કરવા કહ્યું. સ્ત્રી પાન કરતી જાય છે અને છાપરા ઉપર બેઠેલો માણસ છિદ્ર ઢાંકતો જાય છે. આવી રીતે તેનો દોહદ પૂરો કર્યો.

સંપૂર્ણ કાળે પુત્રનો જન્મ થયો ને તેનું નામ ચંદ્રગુપ્ત પાડ્યું. ચંદ્રગુપ્ત બાળવયથી જ રાજા થવાના લક્ષણ બતાવવા લાગ્યો. નાના બાળકોની સભાઓ કરી તેમાં પોતે રાજા થાય, ન્યાય ચૂકવે, ગામગરાસ ભેટ આપે, સજાઓ કરે અને યુદ્ધ પણ કરે. ચાણાકય અને ચંદ્રગુપ્ત અનેક સિદ્ધિઓ સાધી પાડલીપુરને ઘેરો નાખીને પડ્યા.

નંદરાજા લડવા આવ્યો અને ચાણાકયના સૈન્યમાં ભંગાણ પડ્યું. ચાણાકય ભાગ્યો અને તેને મારવા મારા મોકલ્યા ચંદ્રગુપ્તને કુવામાં સંતાડી પોતે બાવાનો વેશ કરી કાંઠે બેઠો અને મારાઓને કહ્યું કે ચંદ્રગુપ્ત અંદર સંતાઈ ગયો છે. મારાઓ હથીયાર બહાર મૂકી અંદર ઉતરવા ગયા કે લઘુ લાઘવી કળાથી તેઓનાં શસ્ત્રથી જ તેઓને મારી નાખ્યા.

આવી રીતે ચંદ્રગુપ્તને બચાવ્યો અને પોતે પણ બચ્યો. ચાણાકય નીતિશાસ્ત્રમાં બહુ હુશિયાર હતો અને યુક્તિ કેમ કરવી, જાળ કેમ પાથરવી અને ગમે તેવા પ્રતિકૂળ સંયોગોમાં પણ પોનાનું કાર્ય કેવી રીતે સાધવું એ તે બહુ સારી રીતે સમજતો હતો.

એક વાર તેણે પર્વત નામના રાજાને પોતાનો કરી નંદરાજા

ઉપર ફરી આક્રમણ કર્યું. પણ આ વખતે પાડલીપુર ઉપર સીધો ઘેરો ન ઘાલતાં આસપાસનાં ગામોને સર કરવા માંડ્યાં. આથી નંદરાજા માર્યો ગયો અને ચંદ્રગુપ્ત સિંહાસનારૂઢ થયો, પર્વત રાજા વિષ કન્યાના સંયોગથી મરી ગયો અને તેથી વચ્ચેથી ફાંસ ગઈ. પાડલીપુરના લોકોને કર બહુ આપવો પડયો તેથી પ્રજા અસંતોષી બની ગઈ અને ચંદ્રગુપ્તની પાસે ફરીયાદ કરવા આવી.

ચાણાકયે વિચાર્યું કે, લોકો અસંતોષી બનશે તો ઉચાળા ભરી ચાલ્યા જશે, આથી તેણે લોકોને કર રહિત કર્યા. પૈસા પ્રાપ્ત કરવાનો એક બીજો ઉપાય ચિંતવતાં તેણે દેવ પાસેથી અજેય પાસા મેળવ્યા. ગામના આગેવાન શેઠીયાઓને બોલાવી તેઓ સાથે ધૂત રમવા માંડયું અને તેમાં પોતે મોટી બીટ મૂકે અને જીતે તો પ્રમાણમાં બહુ ઓછી વસ્તુ લે.

આવી રીતે હોડ કરતાં પણ સર્વ લોકો તેની સાથે રમતાં હારી જતા પણ ચાણાકય કોઈ દિવસ હારતો નહિ. આવી રીતે સિદ્ધની પાસેથી મેળવેલ જુગાર રમવાના પાસાના ઉપયોગથી અનેક લોકોને જીતીને ચાણાકયે રમત માત્રમાં રાજાનો ભંડાર સોનાથી ભરી દીધો. કદાચ દૈવ કૃપાથી ગામના શેઠીયા લોકો તે મંત્રીને જીતી લે, પણ જે કમનશીબ પ્રાણી મનુષ્યભવ હારી જાય છે તે ફરી વાર તેને પ્રાપ્ત કરી શકતો નથી.

૫

रत्नान्याढय सुतैर्हितीर्य वणिजां देशांतरादीयुखां,
पश्चात्तापवशेन तानि पुनरादातुं कृतोपक्रमैः ।
लभ्यते निखिलानि दुर्घटमिदं दैवाद् घटेत्तत्कवच्चित्,
भ्रष्टो मर्त्यभवात्तथाप्यसुकृती भूयस्तमाप्नोंति न ॥५॥

**ભાવાર્થ**:—વસંતપુર નગરમાં ધન્નો નામે એક શેઠ રહેતો હતો. તેને પાંચ પુત્રો હતા. આ શેઠ રત્નની પરીક્ષામાં બહુ કાબેલ હોવાથી 'તેને રત્ન પરીક્ષક'ના નામથી સર્વ ઓળખતા હતા.

શેઠની એવી એક પ્રકૃતિ પડી હતી કે બહુ મૂલ્યવાળાં જે જે રત્નો આવે તે પોતે ખરીદી લઈ સંગ્રહી રાખે, પણ વેચે નહિ. પુત્રો વારંવાર કહે કે, બમણા તમણા દામ આવે છે છતાં શા માટે વેચતા નથી? આ પ્રમાણે વારંવાર કહ્યા કરે પણ શેઠ તો વેચવાની વાત કરે જ નહિ.

એક વખત શેઠ બહારગામ ગયા અને કેટલાક દિવસ પછી પાછા આવ્યા ત્યારે માલુમ પડયું કે, પોતાના પુત્રોએ સર્વ રત્નો પરદેશી માણસોને વેચી નાખ્યાં છે. આથી શેઠે છોકરાઓને ઘર બહાર કાઢી મૂકયા અને વેચેલા રત્નો પાછા લઈને આવવાનું કહ્યું.

છોકરાઓ બહાર નીકળી ચાલ્યા, પણ વેચેલા એ જ રત્નો પાછા કેવી રીતે મેળવી શકે? પણ કદાચ દૈવની સહાયથી તે જ રત્નો મેળવી શકે, પણ જે કમનશીબ પ્રાણી મનુષ્યભવ હારી જાય તે ફરીવાર તેને પ્રાપ્ત કરી શકતો નથી.

૬

स्वप्ने कार्पटिकेन रात्रि विगमे श्री मूलदेवेन च
प्रेक्ष्येंदुं सकल कुनिर्णयवशादल्पं फलं प्राप्य च ।
स्वप्नस्तेन पुनः स तत्र शयितेना लोकयते कुत्रचित्,
भ्रष्टो मर्त्यभवत्तथाप्वा सुकृतो भूनस्तमाप्नोति न ।।६।।

**ભાવાર્થ**:—ઉજ્જયિણી નગરીમાં એક મૂળદેવ નામનો રાજ-પુત્ર રહેતો હતો અને તે દેવદત્તા વેશ્યા ઉપર રાગાસકત હતો. આથી ઘરના લોકોની ઇતરાજીથી તે પરદેશ ચાલ્યો ગયો. રસ્તામાં અનેક પ્રકારના સૃષ્ટિ વૈભવ જોતો તે એક વખત એક મઠમાં રાત્રે સુતો હતો તેવામાં તેણે સ્વપ્નમાં જોયું કે, ચંદ્ર પોતાના મોઢામાં પ્રવેશ કરે છે. આ જોઈ જાગી ગયો અને શાસ્ત્રનો જાણ હોવાથી મઠમાંથી બહાર નીકળી ફળ ફૂલાદિક લઇ શાસ્ત્રોકત વિધિ પ્રમાણે સ્વપ્ન પાઠક પાસે તે મૂકી, તેને સ્વપ્ન વિચાર પૂછયો. આથી સ્વપ્ન પાઠકે કહ્યું કે, 'તમને રાજ્ય મળશે.'

મૂળદેવે સ્વપ્ન પાઠકનું વચન માન્ય કર્યું, અને ગામમાંથી સીધું-સામાન લાવી ભોજન તૈયાર કર્યું, તેવામાં એક માસના ઉપવાસી સાધુ ત્યાં પધારતાં તેણે ઉલ્લાસથી ભોજન વહોરાવ્યું. આથી દેવ તુષ્ટમાન થતાં, હજાર હાથી બંધાય તેવું રાજ્ય દેવદત્તા ગણિકા સહિત એક વચનમાં માગી લીધું. સાત દિવસ પછી, એક અપુત્ર રાજા મરણ પામતાં તે ગામમાં પ્રવેશ કરતાં પંચદિવ્ય પ્રગટ થયા અને મૂળદેવને રાજ્ય મળ્યું.

આ વખતે એક ગોંસાઇના ચેલાને પણ મૂળદેવના જેવું જ સ્વપ્ન આવતાં, તેણે જાગી ગુરુને વાત કરી. તેથી ગુરુએ કહ્યું કે, આજે તને ઘી-ખાંડ સહિત ભોજન મળશે અને બહાર જતાં તે પ્રમાણે ભોજન મળ્યું.

બંનેને એક જ જાતનું સ્વપ્ન આવેલ અને ફળ જૂદું મળ્યું તેથી ગોંસાઈના શિષ્યને આ હકીકત જાણી ખેદ થયો. આથી તે દરરોજ મઠમાં જઈ સુવે અને ફરી વાર તેવું સ્વપ્ન જોવાની ઇચ્છા રાખવા લાગ્યો, પણ તે સ્વપ્ન દેખાયું નહિ, કદાચ દૈવયોગથી તેવું સ્વપ્ન ફરી વાર આવે, પણ જે કમનશીબ પ્રાણી મનુષ્યભવ હારી જાય છે, તે ફરીવાર તેને પ્રાપ્ત કરી શકતો નથી.

૭

राधाया वदनादधः क्रमवशाच्चक्राणि चत्वार्यपि,
भ्राम्यन्तीह विपर्ययेणि तदधो धन्वी स्थितोऽवाङ्मुखः
तस्या वाम कनीनिकामिषु मुखेनेवाशु विध्यत्य हो,
भ्रष्टो मर्त्यभवत्तथाप्य सुकृती भूयस्तलाप्नोति न ॥ ७ ॥

**ભાવાર્થ**:—ઇંદ્રપુર નગરમાં ઇન્દ્રદત્ત રાજા વસે છે. તેને બાવીશ રાણીઓથી થયેલા બાવીશ પુત્રો છે. છતાં રાજા પોતાના મંત્રીની પુત્રીને પરણ્યો ને ત્રેવીસમી રાણી કરી, પણ થોડા વખતમાં તે ત્રેવીસમી રાણી સાથે અણબનાવ થતાં તે પોતાના પિતાના ઘેર ચાલી ગઈ.

એક દિવસ રાજા બહાર ફરવા નીકળેલ છે તે વખતે આ મંત્રીની પુત્રીને ગોખમાં બેઠેલી જોઈ તેના પર આસક્ત થયો, પણ તેને ઓળખી નહિ. રાજા તેના હાવભાવથી ઉપર ગયો ને રાત્રિ ત્યાં જ રહ્યો અને તેના સંયોગ બળથી તે જ રાત્રે તે મંત્રી પુત્રીને ગર્ભ રહ્યો, મંત્રીએ આ બાબતનું લખાણ કરી રાખ્યું.

વખત આવ્યે તે પુત્રીને પુત્ર અવતર્યો. તેને કળાચાર્ય પાસે ભણવા મૂકયો, તેથી તે વિદ્વાન અને ધનુર્વિદ્યામાં નિપુણ થયો. મંત્રી પુત્રીના પુત્રનું નામ સુરેન્દ્રદત્ત પાડવામાં આવ્યું હતું.

હવે મથુરા નગરીના જીતશત્રુ રાજાની નિર્વૃત્તિ નામની પુત્રી રૂપયૌવનસંપન્ન થઈ છે, તે એક દિવસ શણગાર સજી પિતા પાસે આવી ત્યારે સ્વયંવરથી વર વરવા પિતાએ ઇચ્છા બતાવી, ત્યારે પુત્રીએ પણ રાધાવેધ સાધનારને પરણવાની ઇચ્છા બતાવી.

ઊંચા કુટુંબોમાં ઇચ્છાવર વરવાનો નિયમ પૂર્વ કાળમાં હતો, જેથી રાજાએ સર્વ દેશોમાંથી રાજપુત્રોને બોલાવ્યા. ઇંદ્રદત્ત રાજા પણ પુત્રો સહિત આવ્યો. મંત્રી તથા સુરેન્દ્રદત્ત પણ સાથે છે. સ્વયંવર મંડપની રચના અદ્‌ભુત કરી હતી. મંડપની વચ્ચે સ્તંભ ઉભો કર્યો હતો, તેની ઉપર ચાર ચાર ચક્ર મંડાવ્યા. એક એક ચક્રમાં બહુઆરા કર્યા અને દરેક ચક્રને એવી રીતે સંચ કરી ગોઠવ્યું કે એક જમણી બાજુ ફરે અને એક ડાબી બાજુ ફરે.

એ સ્તંભની ઉપર એક પુતળી માંડી અને તેનું મુખ અધો કરાવ્યું નીચે મોટી તેલની કઢાઈ માંડી. તેની બાજુમાં તે કન્યા પંચવર્ણી ફૂલની માળા હાથમાં લઈને ઊભી રહી. નીચે કઢાઈમાં નજર નાખી ઉપર આઠ ચક્રમાં પસાર કરી રાધાની ડાબી આંખને વીંધે એવી રીતે રાજપુત્ર બાણ મારે તેને વરવું એવી તેની પ્રતિજ્ઞા હતી.

રાજપુત્રોએ કાર્ય શરૂ કર્યું. કેટલાક તો પોતાની જગ્યા પરથી ઊઠયા જ નહિ, કેટલાક કઢાઈ સુધી જઈને પાછા આવ્યા, કેટલાક

ધનુષ્ય પડતું મુકી પાછા વળ્યા, એવી રીતે સર્વ નષ્ટ ભ્રષ્ટ થયા. ઇન્દ્રદત્ત રાજાના બાવીસે પુત્રોના પણ એ જ હાલ થયા ત્યારે તે રાજા બહુ ખિન્ન થઈ ગયો.

મંત્રીએ પછી ત્રેવીશમા પુત્રની હકીકત કહી રાજાને જાગ્રત કર્યો. રાજાને તે બધી બાબત યાદ આવી, અને ત્યાં બેઠેલ સુરેન્દ્રદત્તને કાર્ય કરવા રાજાએ આજ્ઞા કરી, તેથી તે ઊઠયો, ચાલ્યો, ધનુષ્ય હાથમાં લીધું, નીચી દૃષ્ટિ કરી, ધનુષ્ય વાળ્યું, બાણનો યોગ કર્યો અને સર્વ ચંદ્રો જ્યારે અમુક સ્થિતિમાં આવ્યા ત્યારે બાણ છોડ્યું, જેણે આઠ ચક્રોની વચ્ચે થઈ કોઈ પણ આરાનો સ્પર્શ કર્યા વગર રાધાની ડાબી આંખને વીંધી.

કુંવરીએ તુરત જ કુંવરના ગળામાં વરમાળા આરોપણ કરી. આ ઉપર વિચાર કરતાં કહેવામાં આવે છે કે, રાધાના મુખ નીચે આઠ ચક્રો અનુક્રમે એકબીજાની વિરુદ્ધ દિશામાં ભ્રમણ કરે છે અને તેની નીચે ધનુર્ધર પુરુષ નીચું મુખ કરીને ઉભો રહ્યો છે, કદાચ કોઈ ભાગ્યવંત નિપુણ તે પુતળીની ડાબી આંખ બાણથી વીંધી શકે, પણ જે કમનશીબ પ્રાણી મનુષ્યભવ હારી જાય છે તે ફરીવાર તેને પ્રાપ્ત કરી શકતો નથી.

૮

दृष्टवा कोपि हि कच्छपो हृदमुखे सेवालबंधच्युते,
पूर्णेन्दु मुदितः कुटुंबमिह तं द्रष्टुं समानीतवान्;
सेवाले मिलिते कदापि च पुनश्चंद्रं समालोकते,
भ्रष्टो मर्त्यभवात्तथाप्य सुकृती भूयस्तमाप्नोति न ॥ ८ ॥

**ભાવાર્થ**—એક બહુ મોટો દ્રહ હતો, તેમાં એક કાચબો રહેતો હતો. તેણે એક વખત ઉપરની સેવાળ તૂટવાથી આસો શુદ ૧૫ ની રાત્રે આકાશ મંડપમાં સકળ કલાસંપૂર્ણ, નયનાનંદકારી, સમગ્ર નક્ષત્રે બિરાજમાન ચંદ્રમા દીઠો. આથી તેને બહુ આનંદ થયો.

આ કુદરતી દેખાવ પોતાના કુટુંબીઓને બતાવવા માટે તે ડૂબકી મારી પાણીમાં ગયો અને કુટુંબને લઇને ઉપર આવ્યો ત્યાં તો સેવાળ ભેગી થઈ ગઈ હતી. આથી ચંદ્રદર્શન કર્યા વિના જ તેના કુટુંબને પાછું ફરવું પડ્યું.

હવે પૂર્ણિમાની રાત્રિ, સેવાળનું જૂદા પડવું અને પોતાની હાજરી; એ સર્વયોગ ફરીવાર મળવા મુશ્કેલ છે, છતાં કદાચ તેમ બને પણ જે કમનશીબ પ્રાણી મનુષ્યભવ પામી હારી જાય છે તે ફરી વાર તેને પ્રાપ્ત કરી શકતો નથી.

૯

शम्या पूर्वपयोनिधौ निपतिता भ्रष्टं युगं पश्चिमां,
भोधौ दुर्धरवीचिमिश्च सुचिरात्संयोजितं तद्द्वयम् ।
सा शम्या प्रविशेद्युगस्य विवरे तस्य स्वयं कवापिचेत्,
भ्रष्टो मर्त्यभवात्तथाप्य सुकृतो भूयस्तमाप्नोति न ॥ ९ ॥

**ભાવાર્થ :** બળદની ડોક પર નાખેલું ધોંસરૂં તે યુગ અને તેમાં જોતર બાંધવા માટે નાખેલી ખલી તે શમી કહેવાય છે.

અસંખ્યાતા દ્વીપ સમુદ્ર મૂકયા પછી છેલ્લો સ્વયંભૂ રમરણ સમુદ્ર અર્ધ રાજ પ્રમાણે આવે છે, તેને પશ્ચિમ છેડે યુગ હોય અને બીજી બાજુના પૂર્વ છેડે શમી હોય, સમુદ્રમાં મહાન જળતરંગને લઈ, એ બંનેનો યોગ જેમ થાય નહિ, તેમ જે કમનશીબ પ્રાણી મનુષ્યભવ હારી જાય છે. તે ફરી વાર પ્રાપ્ત કરી શકતો નથી.

૧૦

चूर्णीकृत्य पराक्रमान् मणिमयं स्तंभं सुरः क्रीडया,
भेरौ सन्नलिका समीरवशतः क्षिप्त्वा रजो दिक्षु चेत ।
स्तंभं तैः परमाणुभिः सुमिलितैः कुर्यात्स चेतपूर्ववत्,
भ्रष्टो मर्त्यभवात्तथाप्य सुकृतो भूयस्तमाप्नोति न ॥ १० ॥


**ભાવાર્થ:**—દેવોએ ક્રીડા કરતાં કરતાં એક પાષાણના સ્તંભના વજ્રવડે ચૂરેચૂરા કરી નાખ્યા અને પછી મેરૂ પર્વત ઉપર ઊભા રહી એક નળીમાં તે સર્વ પરમાણું એકઠાં કરી ફુંક મારી ચારે દિશામાં ઉડાડી દીધા.

હવે તે પરમાણુઓનો બનાવેલો સ્તંભ ફરી વાર તે કદી તૈયાર કરે પણ જે કમનશીબ પ્રાણી મનુષ્યભવ પામી હારી જાય છે. તે ફરી વાર તેને પ્રાપ્ત કરી શકતો નથી. ॥ ૧૦ ॥

આ પ્રમાણે દરેક દષ્ટાંત મનન કરી સમજવા જેવું છે. મનુષ્યભવની દુર્લભતા બહુ વિચારવા યોગ્ય છે. દૃષ્ટાંતની સત્યતા કરતાં તેમાંથી પ્રકાશ થતો ભાવ બહુ જાણવા લાયક છે.

દેવકૃત મંત્ર, ચમત્કાર કે બીજી બાબત સ્થૂળવાદના આ જમાનામાં ગળે ન ઉતરે તો તેની સામે વિચાર કરવાની અગત્ય નથી, પરંતુ દરેક દૃષ્ટાંતમાં એક અદ્‌ભુત ભાવ છે અને તે એ છે કે, આવો મનુષ્યભવ મહાકષ્ટે મળ્યો છે, તે ફરી મળવો મુશ્કેલ છે. ધર્મસામગ્રી મુખ્યત્વે મનુષ્યભવમાં જ મળી શકે છે. માટે કષાયને તજી, પાંચે ઇન્દ્રિયોના ત્રેવીશ વિષયોને ખાસ કરીને જીતી લઈ તેના ઉપર વિજય મેળવવો એમાં જ શ્રેય અને આત્મકલ્યાણ છે.

અસ્તુ



દાન અને શીળ—ભાગ ૧

# દાન

જુદા જુદા લેખોનો સંગ્રહ

*

દાનના પ્રકાર
તેનું સ્વરૂપ
દાનના પાત્ર
દાનના ફળ

*

લેખક - સંપાદક

નગીનદાસ ગિરધરલાલ શેઠ

# મંગળ નમસ્કાર

## વસંતતિલકા

जीयाज्जिनो जगति नाभिनरेन्द्रसूनुः
श्रेयो नृपश्च कुरुगोत्रगृह प्रदीपः ।
याभ्यां वभूवतुरिह व्रतदानतीर्थे
सारक्रमे परमधर्मरथस्य चक्रे ॥

શ્રી નાભિરાજાના પુત્ર શ્રી ઋષભદેવ ભગવાન આ લોકમાં સદા જયવંત રહો. તથા કુરુગોત્ર રૂપી ગૃહનો પ્રકાશ કરવાવાળા શ્રી શ્રેયાંસ રાજા પણ આ લોકમાં સદા જયવંત રહો. એ બન્ને મહાત્માઓની કૃપાથી પરમધર્મ રૂપી રથનાં ચક્ર (પૈડાં) જેવાં સાર કર્મકર સહિત વ્રત તીર્થ તથા દાન તીર્થની ઉત્પત્તિ થઈ તેથી તે બન્નેને નમસ્કાર હો.

ચોથા આરાની શરૂઆતમાં સૌથી પહેલાં વ્રત તીર્થની પ્રવૃત્તિ ભગવાન ઋષભદેવે કરી હતી તથા ભગવાનને ઈક્ષુ રસનું દાન દઈ શ્રેયાંસ રાજાએ સૌથી પહેલાં દાનની પ્રવૃત્તિ કરી હતી. તેથી આ દાનના અધિકારમાં સૌથી પહેલાં એ બન્ને મહાત્માઓનું સ્મરણ કરવામાં આવેલ છે.

—આચાર્યશ્રી પદ્મનંદી મહારાજ

★

# દાનનું સ્વરૂપ

વસંતતિલકા

कान्तात्मजद्रविण मुख्य पदार्थ सार्थ
प्रोत्थार्प्ति घोर घन मोह महा समुद्रे ।
पोतायते गृहिणी सर्वगुणाधिकत्वात्
दानं परं परमसात्विक भाव युक्तम् ॥

સ્ત્રી, પુત્ર, ધન આદિ મુખ્ય પદાર્થોના સમૂહથી ઉત્પન્ન થયેલા ઘોર પ્રચૂર મોહવાળા ગૃહસ્થાશ્રમ રૂપી સમુદ્રને પાર કરવા માટે સર્વ ગુણોમાં ઉત્કૃષ્ટ એવું સાત્વિક ભાવથી દીધેલું દાન જ જહાજ (સ્ટીમર) રૂપ થાય છે.

ધનકુટુંબ આદિમાં ઉગ્ર મોહવાળો ગૃહસ્થાશ્રમ જીવને સંસાર સમુદ્રમાં ડુબાડે છે (ભવભ્રમણ વધારે છે) પણ ગૃહસ્થાશ્રમીનું સુપાત્રદાન તેને ડૂબવા દેતું નથી. તેથી ભવ્ય જીવોને સર્વ ગુણોમાં મુખ્ય એવું દાન દઈને ગૃહસ્થાશ્રમ સફળ કરવો જોઈએ.

कि ते गुणाः किमिह तत्सुखमस्ति लोके
सा किं विभूतिरथ या न वशं प्रयाति ।
दानव्रतादिजनितो यदि मानवस्य
धर्मों जगत्त्रयवशीकरणैकमन्त्रः ॥

જગતને વશ કરવાવાળા મંત્રરૂપ તથા દાનવ્રત આદિથી ઉત્પન્ન થયેલો ધર્મ જેની પાસે મોજુદ છે તેની પાસે સર્વોત્તમ ગુણો, સુખ તથા ઐશ્વર્ય સર્વ આપોઆપ આવીને તેને આધીન થઈ જાય છે. માટે ઉત્તમ ગુણોના અભિલાષી ગૃહસ્થે દાનવ્રતરૂપ ધર્મનું અવશ્ય સેવન કરવું જોઈએ.

—પદ્મનંદી પંચવિંશતિકા

# દાનનું ફળ

दुल्लहा हु मुहादाई
मुहाजीवी वि दुल्लहा ।
मुहादाई मुहाजीवी
दो वी गच्छंति सुग्गइं ॥

બદલાની આશા વિના નિઃસ્વાર્થ બુદ્ધિથી દાનદેવાવાળા દુર્લભ છે. નિઃસ્પૃહ ભાવથી દાન લેનારા પણ દુર્લભ છે. નિઃસ્વાર્થભાવથી દાન દેવાવાળા તેમજ નિઃસ્પૃહભાવથી દાન લેવાવાળાં એ બન્ને સુગતિ પ્રાપ્ત કરે છે.

—શ્રી દશવૈકાલિક સૂત્ર. ૫–૧–૧૦૦

धम्म सरूवे परिणयइ, चाउ वि पत्तहं दिण्णु ।
साइयजलु सिप्पिहिं गयउ मुत्तिउ होइ रवण्णु ॥

છીપમાં સ્વાતિ–જળ પડીને તે રમણીય મોતી બની જાય છે તેમ સુપાત્રને દીધેલું દાન ધર્મરૂપે પરિણમે છે.

—સાવયધમ્મ દોહા ગાથા. ૯૧.

# ૧

# દાન

## ધર્મના પ્રકાર

સર્વજ્ઞ શ્રી તીર્થંકર ભગવાનને જ્ઞાન–દર્શન, ચારિત્ર એ રત્નત્રયને ધર્મ કહેલ છે. અને તેથી શ્રી ઉમાસ્વાતિ સ્વામીએ તેમના તત્ત્વાર્થાધિગમ સૂત્રમાં શરૂઆતમાં જ કહ્યું છે કે **सम्यग्दर्शन ज्ञानचारित्राणि मोक्षमार्गः** એટલે સમ્યગ્ દર્શન, જ્ઞાન અને ચારિત્ર એ જ મોક્ષ માર્ગ છે. એટલે એ જ ધર્મ છે.

શ્રી દશવૈકાલિક સૂત્રના પહેલા અધ્યયનની પહેલી ગાથામાં કહ્યું છે કે—

> धम्मो मंगलमुक्किट्ठं अहिंसा संजमो, तवो ।
> देवावि तं नमंसंति, जस्स धम्मे सयामणों ॥

અર્થ—અહિંસા, સંયમ અને તપ રૂપી ધર્મ ઉત્કૃષ્ટ મંગળ છે, જેઓ એ ધર્મમાં રત રહે છે તેમને દેવો પણ નમન કરે છે.

એટલે અહિંસા, સંયમ અને તપ એમ ધર્મના ત્રણ પ્રકાર પણ કહ્યા છે, પરંતુ એ ત્રણેય ચારિત્રના ભાગ ગણી શકાય. કારણ કે ચારિત્રમાં અહિંસા, સંયમ અને તપ કેળવવાના છે. ચારિત્રના પાંચ મહાવ્રતમાં પહેલું વ્રત અહિંસાનું છે અને મુમુક્ષુ જીવે સર્વ પ્રવૃત્તિ–અહિંસામય (યતનામય) કરવાની છે. તેથી વળી ધર્મને એક જ શબ્દમાં વર્ણવતાં ધર્મને અહિંસા તરીકે ઓળખાવેલ છે. **अहिंसा परमो धर्मः** અહિંસા એ પરમ ધર્મ છે એવું સૂત્ર પણ કહેવામાં આવે છે. પણ તે અર્ધ સત્ય કહેવાય. કારણ તે અપેક્ષાએ જ સત્ય છે, અને ખાસ કરીને વૈદિક ધર્મીઓ એ સૂત્ર ઉચ્ચારે છે.

ભગવાને ચારિત્રના બે પ્રકાર કહ્યા છે—(૧) સર્વવિરતિ અને (૨) દેશવિરતિ. સાધુઓનું સર્વવિરતિ ચારિત્ર છે. પરંતુ જે મનુષ્યો સંયમ લેવા જેટલી ઉચ્ચ કોટિએ પહોંચેલા નથી તેમને માટે દેશવિરતિ ચારિત્ર છે. અને તેમાં શ્રાવકના બાર વ્રતનો સમાવેશ થાય છે.

ગૃહસ્થ શ્રાવકોને મોક્ષમાર્ગમાં આગળ વધવાની તાલિમ આપવા માટે ધર્મના જૂદી રીતે ચાર પ્રકાર પણ બતાવેલા છે. તે આ પ્રમાણે—

दानं शीलं च तवो भावो, एवं चउव्विहो धम्मो ।
सव्वे जिणेहिं भणिओ, तहा दुहा सुतचरित्ते हिं ॥

અર્થ—દાન, શીળ, તપ અને ભાવના એ ચાર પ્રકારનો ધર્મ સર્વ જિનેશ્વરોએ કહેલો છે, તેમ જ શ્રુત અને ચારિત્ર એમ બે પ્રકારથી પણ ધર્મ કહેલ છે. (સપ્તતિ શત સ્થાન પ્રકરણ ગાથા ૯૬)

અનાદિ કાળથી મનુષ્યનો જીવ સાંસારિક પદાર્થોના ભોગોપભોગમાં રાચી રહેલો છે તેને ત્યાગમાર્ગે લઈ જવાને અને ત્યાગની તાલિમ આપવાને પહેલો પ્રકાર દાનનો બતાવેલો છે. દાનથી મનને કુણું બનાવી શીળ–ચારિત્રમાં આગળ વધવાનું છે. અહીંયા ચારિત્ર એટલે ગૃહસ્થ જીવન સમજવાનું છે. કારણ અહીંયા ગૃહસ્થ-ધર્મની વાત થાય છે. ચારિત્રમાં આગળ વધી, પૂર્વકર્મોને બાળવા માટે તપ આદરવાનો છે. અને દાન, શીળ અને તપને આચરતાં મનની ભાવના હમેશાં ઉચ્ચ રાખવાની છે, કે જેથી સર્વવિરતિ ચારિત્ર લેવાની લાયકાત આવી જાય.

આ પ્રમાણે ગૃહસ્થને માટે દાન એ ધર્મનો પહેલો પ્રકાર છે, તેથી આપણે દાન વિષે વિશેષ વિચાર કરીએ.

## દાન

ગૃહસ્થ માટે ધર્મના ચાર પ્રકારમાં દાનને પહેલું સ્થાન આપવામાં આવ્યું છે એટલે દાનને ધર્મનું પ્રવેશદ્વાર ગણવામાં આવ્યું છે એમ કહી શકાય.

दीयते इति दानः અથવા दीयते तद्दानम् એટલે કે દેવું તેનું નામ દાન. અર્થાત્ આપણી પાસે જે હોય તેમાંથી વધતું ઓછું કાંઈ પણ અન્યને આપવું તેનું નામ દાન. આપવું એટલે પોતાની વસ્તુનો ત્યાગ કરવો, આ ટુંકી વ્યાખ્યા છે. કોઈ પણ જાતના બદલાની આશા વિના, મૂર્છા–આસક્તિ વિના નિઃસ્વાર્થ ભાવથી કરેલું દાન એ જ સાચું દાન છે. એ જ ધર્મ છે. શ્રી દશવૈકાલિક સૂત્રમાં કહ્યું છે કે—

दुल्लहा हु मुहादाई, मुहाजोवी, वि दुल्लहा ।
मुहादाई मुहाजीवी, दोवि गच्छंति सुग्गई ॥

અર્થ—નિઃસ્વાર્થ ભાવથી દાન દેનાર દુર્લભ છે તેમ જ નિઃસ્પૃહ ભાવથી દાન લેનાર પણ દુર્લભ છે, નિઃસ્વાર્થે દેનાર અને નિઃસ્પૃહ ભાવે લેનાર બન્ને સારી ગતિમાં જાય છે.

મુક્તિ એ ધર્મનો હેતુ છે. આપણું અંતિમ લક્ષ્ય છે. સંસારમાંથી મુક્ત થવાને સંપૂર્ણ ત્યાગની જરૂર છે. પરંતુ અનેક જન્મોના અધ્યવસાયથી જીવ એકદમ સંપૂર્ણ ત્યાગી બની શકતો નથી. તેથી ત્યાગમાં પ્રવૃત્ત થવા માટે દાનનો રસ્તો બતાવવામાં આવ્યો છે. દાનથી ત્યાગ ભાવના ખીલે છે. માટે દાનને પ્રવેશદ્વાર ગણવામાં આવેલ છે.

જીવને સંસારમાં રખડાવનાર ચાર કષાયો છે—ક્રોધ, માન, માયા અને લોભ. તેમાં લોભને જીતવા માટે દાન કરવાનું બતાવેલું છે. કારણ દાનથી ધનનો મોહ ઓછો થાય છે અને ઉદારતા વધે છે. નિઃસ્પૃહ રીતે દાન કરવાથી લોભને જીતાય છે. એટલે

## લોભનો ત્યાગ
## એ જ સાચું દાન છે.

અથવા લોભવૃત્તિ અને મોહભાવ રાખ્યા વિના આપેલું હોય તે જ ખરૂં દાન છે.

દાનથી ત્યાગ અને અપરિગ્રહની તાલિમ મળે છે. અને એ તાલિમથી જીવને અધ્યાત્મમાં (આધ્યાત્મિક રીતે) ઊંચે ચડવાની શક્તિ પ્રાપ્ત થાય છે.

## દાન શા માટે ?

દાનની વાત થતાં જ મનુષ્યને પહેલો વિચાર એ આવે છે કે આ બધું મારૂં મેળવેલું છે, આ બધું મારી મહેનતથી મેં મેળવેલું છે, આ સર્વનો હું માલિક છું. ત્યારે આ મારી મહેનતના ફળ તરીકે મળેલ ધન હું બીજા કોઈને શા માટે આપું ? સૌએ પોતાની મેળે કમાઈને પોતાનો જીવનનિર્વાહ ચલાવવો જોઈએ. બીજાની મદદ ઉપર કોઈએ નભવું ન જોઈએ વગેરે વિચારો આવે છે.

ત્યારે મનુષ્ય મુખ્ય વાત જ ભૂલી જાય છે કે મનુષ્ય તેના જન્મથી માંડીને તેના મૃત્યુ સુધી કોઈને કોઈ રીતે બીજાની સહાય લેતો જ આવ્યો છે. અન્યની સહાય લીધા વિના મનુષ્ય પોતાનું જીવન ટકાવી શકે જ નહિ, ટકાવી શકતો નથી. આ સંબંધમાં સ્વ. શ્રી. વા. મો. શાહે લખેલ છે તે યથાર્થ હોવાથી અત્રે ઉતારી લઉં છું.

મનુષ્ય જન્મે છે તે વખતથી જ એને 'સહાય', 'દયા', 'દાનની' ગરજ પડે છે. **કુદરત** એને હવા અને પ્રકાશની સહાય આપે છે. **માતા** એને દુધનું દાન કરે છે, એનું લાલનપાલન કરે છે. **પિતા** એને વસ્ત્રાદિ પૂરાં પાડી દયા બતાવે છે. સ્વજનો એને બોલતાં ચાલતાં શીખવે છે. માબાપ તથા ગુરૂજન તેને વિદ્યાદાન, જ્ઞાનદાન આપે છે. સહાય, દયા, દાન વગર માણુસ જીવી શકે જ નહિ.

જે તત્ત્વ માણુસ બીજાઓ પાસેથી **મેળવીને જ** જીવી શકે છે તે તત્ત્વ બીજાને **આપ્યા વગર** જીવવું એ શું માણુસાઈ છે ? એક ક્ષણુ પણુ બીજાની મદદ વગર જીવી ન શકે એવો ઉપકૃત અન્ય મનુષ્ય પ્રત્યે અનુદાર રહે, માત્ર પોતાની ઇચ્છાઓની તૃપ્તિમાં જ રચ્યોપચ્યો રહે એ શું ઓછું અસહ્ય છે ? ઓછી પાશવવૃત્તિ છે ?

**મનુષ્યપણાનું** પહેલામાં પહેલું કોઈ લક્ષણ હોય, તો તે ધર્મનો પહેલામાં પહેલો મૂળ સિદ્ધાંત 'દાન' અથવા કાર્યમાં મૂકાતી 'દયા' અથવા વ્યવહારમાં મૂકાતી સહૃદયતા જ છે. જ્યાં આવી સહૃદયતા નથી, જ્યાં આવી આર્દ્રતા નથી, જ્યાં હૃદયનું ઔદાર્ય નથી, જ્યાં દાન નથી ત્યાં ધર્મનો અંશ નથી, ત્યાં મનુષ્યત્વનો છાંટો પણ નથી એમ ખુલ્લે અવાજે કહેવું જોઈએ.

જ્યાં પાયો નથી ત્યાં ઈમારતની વાત જ શી કરવી? જ્યાં હૃદય જ નથી ત્યાં હૃદયભૂમિએ જ વસતા દેવના દર્શનની આશા શી કરવી? જ્યાં સ્વાર્થની જ સંકુચિત હદ લોખંડી સાંકળોથી બંધાયેલી છે ત્યાં અમર્યાદિત દેવનો નિવાસ કેવી રીતે થઈ શકે? જ્યાં પાશવવૃત્તિઓનું જ રટણ થયા કરે છે ત્યાં દૈવી પ્રકૃતિ દેખા શી રીતે દઈ શકે? ટૂંકામાં, જ્યાં આર્દ્રતા, દયા, લાગણી, સહાય કરવાનો ઉમંગ, એક અથવા બીજા રૂપમાં ઉલ્લાસથી થતું દાન નથી ત્યાં ધર્મ કે મનુષ્યત્વ સંભવે જ નહિ.

શ્રી ઉમાસ્વાતિ સ્વામીએ પણ કહ્યું છે કે परस्परोपग्रहो जीवानाम् જીવોનો પરસ્પર ઉપકાર થતો રહે છે, મનુષ્યો એક બીજાને સહાયક થતા રહે છે. મનુષ્ય જીવન એકબીજાની સહાય ઉપર અવલંબે છે. માટે દરેક માણસે બીજાને સહાયક થવું જોઈએ. સહાયક થવું એટલે દાન દેવું એ દરેકનું કર્તવ્ય છે.

આ ઉપરથી સમજી શકાશે કે દાન કરવું એ મનુષ્ય માત્રની આવશ્યક ફરજ છે.

## દાન શેનું કરવું?

આજે ઘણાખરા માણસોમાં એક ખોટી માન્યતા પેસી ગઈ છે કે દાન તો પૈસા કે નાણાંનું જ હોય અને તેથી દાન તો ધનવાન માણસ જ કરી શકે, આ તદ્દન ખોટી માન્યતા છે. સામા માણસને જે વસ્તુની જરૂરિઆત હોય તે વસ્તુ તેને પૂરી પાડવી તે જ

દાન છે. માણસની જરૂરિઆત અનેક જાતની જૂદી જૂદી હોય છે. કે જેમાંની ઘણી જરૂરિઆતમાં ધનની જરૂર જ ન હોય. એટલે સામાન્ય માણસ પણ એવા ઘણા પ્રકારના દાન કરી શકે છે.

ધન સિવાય પણ માણસ તનથી, મનથી તેમ જ વચનથી અનેક રીતે સામા મનુષ્યને સહાય કરી શકે છે, મનુષ્યની સેવા કરી શકે છે. મનુષ્યને યોગ્ય સલાહ આપી શકે છે. અને એ સહાય, સેવા, સલાહ, વગેરે જૂદા જૂદા શબ્દો દાનના પર્યાય જેવા જ છે.

## દાનના પ્રકાર

દરેક માણસ ત્રણ પ્રકારે દાન કરી શકે છે—( ૧ ) તનથી, ( ૨ ) ધનથી અને ( ૩ ) વચનથી.

તનથી થતા દાનને આપણે **શ્રમદાન** અથવા **સેવા** એવું નામ આપી શકીએ, વચનથી થતા દાનને આપણે **જ્ઞાનદાન**નું નામ આપી શકીએ. અને ધનથી કરવામાં આવતા દાનને **ધનદાન** એવું નામ આપી શકીએ, એટલે મનુષ્યની **શક્તિ પ્રમાણે ત્રણ પ્રકારના દાન** થાય—

( ૧ ) **શ્રમદાન**, ( ૨ ) **જ્ઞાનદાન**, ( ૩ ) **ધનદાન**.

## શ્રમદાન

દાનના આ પ્રકારમાં રોગીની સેવા, અતિથિ સેવા, ભૂલેલાને માર્ગ બતાવવો વગેરે મનુષ્ય અન્ય મનુષ્યની પોતાના શરીર મારફત અનેક જાતની સેવા કરી શકે તે સર્વનો સમાવેશ થાય છે.

રોગીની સેવામાં ફક્ત ઘરના માણસ કે કુટુંબીની માંદગીમાં સેવા કરવી એટલો જ અર્થ નથી થતો. પરંતુ બીજો કોઈ પણ મનુષ્ય માંદો હોય અને તેને સેવાની જરૂર હોય તેની પણ સેવા કરવી જોઈએ. એટલું જ નહિ પણ રસ્તામાં ચાલ્યા જતાં કોઈ માણસ

કોઇ પણ દરદથી પીડાતો હોય, કોઈ પણ દરદને લીધે દુઃખી હોય, પડીને બેભાન થઈ ગયો હોય વગેરે કોઈ પણ જાતના દુઃખદરદમાં સહાય કરવી તે પણ શ્રમદાન જ છે.

અતિથિ ઘેર આવેલ હોય તેને ભોજનપાણી તથા સુવાની સગવડ આપવી એટલેથી જ અતિથિ સેવા પતી જતી નથી. :પરંતુ અતિથિ અજાણ્યો હોય તેને રસ્તાની માહિતી આપવી, એટલું જ નહિ પણ જરૂર પ્રમાણે તેની સાથે જઇને તેને મકાન, રસ્તો બતાવવો, તેમ જ તેનું બીજું જે કાંઈ કામ હોય તે કરી આપવું તે સર્વનો અતિથિ સેવામાં સમાવેશ થાય છે.

તે જ પ્રમાણે રસ્તે જતાં કોઇ અજાણ્યો અમુક રસ્તો કે મકાન ક્યાં આવ્યું તે પૂછે તો તેની સાથે જઈ તેને તે રસ્તો કે મકાન બતાવવું તે શ્રમદાન છે.

એ પ્રમાણે કોઇ પણ મનુષ્યને જરૂર હોય તે પ્રમાણેની તેને જાતમહેનતથી સહાય આપવી તે શ્રમદાન છે.:

## જ્ઞાનદાન

કોઈને પણ વિદ્યા ભણાવવી, જ્ઞાન આપવું તે જ્ઞાનદાન છે. જ્ઞાન પણ બે પ્રકારના છે—(૧) સાંસારિક અથવા વ્યવહારિક અને (૨) :ધાર્મિક.

નિશાળ, વિદ્યાપીઠ (કૉલેજ)માંનું જ્ઞાન તે સંસારિક અથવા **વ્યવહારિક જ્ઞાન** છે. અને ધર્મતત્ત્વોનું, સિદ્ધાંતોનું, આધ્યાત્મિક જ્ઞાન આપવું તે **ધાર્મિકજ્ઞાન** છે.

સંસારના અનેક જાતના વ્યવહારોનું જ્ઞાન કે વ્યવહારમાં ઉપયોગી થતું જ્ઞાન તે વ્યવહાર જ્ઞાન છે. અત્યારની નિશાળોમાં તથા જૂદી જૂદી કોલેજો જેવી કે આર્ટસ કોલેજ, લૉ કોલેજ, સાયન્સ-કૉલેજ, એન્જીનીઅરીંગ કોલેજ, મેડીકલ કોલેજ વગેરે કોલેજોમાં અપાતું જ્ઞાન તે વ્યવહાર જ્ઞાન છે.

ગુરુ, શિક્ષક કે અધ્યાપક તરીકે શિખડાવવું તે જ્ઞાનદાન છે. એટલે વ્યવહારિક જ્ઞાન આપવું તે જ્ઞાનદાન છે.

જ્ઞાનદાતાને સહાય કરવી, વિદ્યાર્થીને છાત્રવૃત્તિ ( સ્કૉલરશીપ ) આપવી, પાઠ્યપુસ્તકો આપવા, વિદ્યાર્થીને ભણવામાં જે કંઈ મુશ્કેલી નડતી હોય તે દૂર કરવી, તેનો અભ્યાસ વધે તેવી સગવડ કરી આપવી વગેરે વ્યવહાર જ્ઞાનદાનના પ્રકારો છે.

વ્યવહાર જ્ઞાનદાન પૌદ્ગલિક સુખ આપી શકે ત્યારે ધર્મજ્ઞાનનું દાન પારમાર્થિક લાભ આપે છે, આત્મિક સુખ આપે છે, આત્માનું કલ્યાણકારી બને છે. એટલે વ્યવહાર જ્ઞાનદાનનું ફળ બહુ સામાન્ય કે નજીવું છે પણ ધર્મજ્ઞાન દાનનું ઘણું ઉત્કૃષ્ટ ફળ મળે છે.

ધર્મજ્ઞાન દાનની વિગત આગળ ધર્મદાનના મથાળા નીચે આપી છે.

આ ઉપરાંત મુશ્કેલીમાં આવી પડનાર માણસને તેની મુશ્કેલી ટળે તેની સલાહસૂચના આપવી, બેકારને યોગ્ય ધંધે ચડવા માટે સલાહસૂચના આપવી, પોતાની ભલામણથી કોઈનું ભલું થતું હોય, ધંધે નોકરીએ ચડી શકતો હોય તો તેવી ભલામણ કરવી વગેરે **વ્યવહારિક જ્ઞાનદાન**ના પ્રકાર છે.

તેમજ કુમાર્ગે વળી ગયેલાને ઉપદેશથી સમજાવીને સન્માર્ગે લાવવો, અજ્ઞાનથી અપરાધી બનેલાને સમજણ આપી સન્માર્ગે ચડાવવો, માનસિક વ્યાધિથી પીડિતને કર્મનો સિદ્ધાંત સમજાવી તેના મનને શાંતિ આપવી, ધર્મમાં શિથિલ થયેલાને બોધ આપી ધર્મમાં દૃઢ કરવા વગેરે **ધાર્મિક જ્ઞાનદાન**ના પ્રકાર છે.

## ધનદાન

ધનથી તેમ જ ધનથી ખરીદ કરી શકાય તેવી વસ્તુ કે વસ્તુઓનું દાન કરવું તે ધનદાન છે એટલે અન્ન, પાણી, વસ્ત્ર, દવા, ફરનીચર, મકાન વગેરે દાનનો ધનદાનમાં સમાવેશ થાય છે.

કરજદારને જોઈતી ધનની મદદ આપી કરજમુક્ત કરાવવો, બંધન પામેલાને જરૂરી દંડ માટેનું નાણું આપી બંધનમુકત કરાવવો, બેકારને જોઈતી ધનની મદદ આપી તેને ધંધે લગાડવો, અન્યાયથી પીડાતા માણસોનું ધનવડે રક્ષણ કરવું વગેરે ધનદાનના પ્રકાર છે.

દવાખાના, સેનેટોરીઅમ, આરોગ્યભુવન, સ્થાનક વગેરેનું દાન કરવું તે પણ ધનદાન છે.

ધનવાનોએ, લક્ષ્મીવાનોએ ખાસ સમજવા જેવી અને ધ્યાનમાં રાખવા જેવી વાત એ છે કે ધન મેળવવામાં જ અનેક જાતના પાપ કરવા પડ્યા છે તેથી આત્મા ભારે થયો છે. ઉપરાંત ધન ઉપર મોહ રાખી લોભ અને પરિગ્રહનો આશ્રય કરી ધનને સંગ્રહી રાખવાથી પણ તે કાયમ તમારી પાસે રહેવાની ખાત્રી નથી.

કારણ કે ધનનો અગ્નિથી નાશ થવાનો સંભવ છે, ચોરાઈ જવાનો સંભવ છે. વ્યાપારમાં નુકસાન થવાનો સંભવ છે. લેણું ડૂબી જવાનો સંભવ છે, એમ અનેક રીતે લક્ષ્મીનો નાશ થવાનો સંભવ છે. ત્યારે લોભ અને પરિગ્રહને વધારી લક્ષ્મીનો સંગ્રહ કરી આત્માને શા માટે વધારે ભારે કરવો ? આત્મા ભારે થવાથી આવતા ભવમાં દુઃખમય જીવન મળવાનું તે ચોક્કસ છે.

ત્યારે વધારાના ધનનું સત્પાત્રે દાન દેવાથી, નિઃસ્પૃહતાથી દાન દેવાથી અશુભ કર્મની નિર્જરા થાય છે અને મોક્ષની નજીક પહોંચાય છે, તેમ જ આવતા ભવમાં સુખમય સંજોગો પ્રાપ્ત થાય છે. માટે સાચી સમજ એ જ કહેવાય કે બની શકે તેટલું નિઃસ્પૃહતાથી સત્પાત્રને દાન કરવું.

## ભાવના પ્રમાણે
## ત્રણ પ્રકારનાં દાન

કહ્યું છે કે—**मनः एव मनुष्याणां कारणं बंध मोक्षयोः** માણસનું મન જ તેના બંધ અથવા મોક્ષનું કારણ છે. એટલે માણસના

મનની વૃત્તિ અથવા ભાવના પ્રમાણે દાનના જૂદા જૂદા પ્રકાર પડી જાય છે. તેને આપણે મુખ્યત્વે ત્રણ ભાગમાં વહેંચી શકીએ.

( ૧ ) સાંસારિક ભાવનાવાળા દાન.

( ૨ ) દયાભાવવાળા દાન.

( ૩ ) નિસ્પૃહભાવનાવાળા દાન.

આ ત્રણે ભાવનાના દાનને આપણે જૂદા જૂદા પ્રકારમાં વહેંચી શકીએ છીએ. આ ત્રણે જાતના દાનને નીચે પ્રમાણેના પેટાવિભાગમાં વહેંચી શકાય છે.

**૧. સાંસારિક ભાવવાળા દાન—**

( ૧ ) કીર્તિદાન.
( ૨ ) લૌકિકદાન.
( ૩ ) ઉચિતદાન.

**૨. દયા ભાવવાળા દાન—**

( ૧ ) અનુકંપાદાન.
( જીવદયા )
( ૨ ) જ્ઞાનદાન.

**૩. નિઃસ્પૃહભાવવાળા દાન—**

( ૧ ) અભયદાન.
( ૨ ) ધર્મદાન

**૪. પાત્રાનુસાર દાન—**

( ૧ ) સુપાત્રદાન.
( ૨ ) કુપાત્રદાન.
( ૩ ) અપાત્રદાન.

આ પ્રમાણે ભાવના અનુસાર દાનના દશ પ્રકાર થાય છે.

## સૂત્ર પ્રમાણે દયાના દશ પ્રકાર

**સ્થાનાંગ સૂત્ર**માં દાનના દશ ભેદ બતાવ્યા છે તે આ પ્રણાણે છે—

( ૧ ) **અનુકંપાદાન**—બીજાને દુઃખી અનાથ કે પીડિત જોઈને અનુકંપાથી, દયાથી કે કૃપાથી દેવાતું દાન.

( ૨ ) **સંગ્રહદાન**—આપત્તિમાં કે અભ્યુદયમાં સહાય કરવા માટે અપાતું દાન.

( ૩ ) **ભયદાન**—રાજા કે પોલીસ વગેરે અધિકારીના ડરથી આપવું પડતું દાન.

( ૪ ) **કારુણ્યદાન**—શોકથી એટલે માતાપિતા પુત્રાદિ કુટુંબીજનના વિયોગને કારણે તેમની પાછળ દેવામાં આવતું દાન.

( ૫ ) **લજ્જાદાન**—ઇચ્છા ન હોવા છતાં સમાજની કે સંબંધી માણુસોની શરમને ખાતર આપવું પડતું દાન.

( ૬ ) **ગૌરવદાન**—પોતાની યશ, કીર્તિ, પ્રતિષ્ઠા માટે ગર્વથી અપાતું દાન.

( ૭ ) **અધર્મદાન**—અધર્મી જનોને દાન આપવું તે.

( ૮ ) **ધર્મદાન**—સુપાત્રને દાન આપવું તે.

( ૯ ) **આશાદાન**—સારા ફળની આશાથી દાન આપવું તે.

(૧૦) **પ્રત્યુપકાર દાન**—પોતાના ઉપર કોઈએ કરેલા ઉપકારનો બદલો વાળવા માટે દાન આપવું તે.

આમાંથી અનુકંપાદાન તથા ધર્મદાન ઉપરના બીજા તથા ત્રીજા ભાવવાળા વિભાગમાં આવી જાય છે. ગૌરવદાન એ ઉપર આપેલા કીર્તિદાનનું બીજું નામ છે. બાકીના સાત ઉપર બતાવેલા લૌકિકદાનના પ્રકારો છે.

હવે આપણે એ પ્રકારોને વિગતથી તપાસીએ.

## કીર્તિદાન

માન, પ્રતિષ્ઠા, કીર્તિ માટે અપાતું દાન તે કીર્તિદાન છે. અથવા ગૌરવદાન છે. **આજે લગભગ નવાણું ટકા કીર્તિદાન જ અપાય છે.** નામનાની ખાતર, માનપ્રતિષ્ઠાની ખાતર માણુસ લાખો રૂપીઆ આપી

દે છે ત્યારે તેજ માણસ દયાથી ગરીબને એક પૈસો પણ આપવાની ચોકૂખી ના પાડે છે કારણ કે ગરીબને આપવાથી સમાજને તેની ખબર પડતી નથી અને તેથી તેની કીર્તિ વધતી નથી. માટે કીર્તિ ન વધે એવું કે માનપ્રતિષ્ઠા ન વધે એવું દાન કોઈ કરતું નથી.

**ખેદની વાત એ છે કે આજે ઉપાશ્રયોમાં પણ અને તેમાંય સાધુ મુનિરાજોની રૂબરૂમાં કીર્તિદાનની જ ઘોષણા કરવામાં આવે છે.** ઉપાશ્રય માટે, દવાખાના માટે કે બીજા કોઈ કામ માટે મકાન બંધાવવું હોય તો અમુક રકમ આપે તે દાતાનું નામ તે મકાન સાથે જોડવામાં આવશે, અમુક રકમ આપવાથી તે મકાનમાંના એક ઓરડામાં તે દાતાના નામની તખતી ચોડવામાં આવશે વગેરે વગેરે રીતે **માણસોને કીર્તિદાન તરફ વાળવામાં આવે છે. છતાં ખેદની વાત એ છે કે સાધુ મુનિરાજો એટલું પણ સમજાવતા નથી કે આ કીર્તિદાનનું દાતાના આત્માને કશું સારૂં ફળ મળવાનું નથી.**

માન, પ્રતિષ્ઠા, કીર્તિ, એ સાંસારિક ભાવના છે અને એ ભાવના સંસાર વધારનાર છે, સંસાર ઓછો કરનાર નથી. ત્યારે માણસનું લક્ષ્ય સંસારમુકત થવાનું છે અથવા હોવું જોઈએ. અને **સંસારમુક્ત થવામાં મદદરૂપ થાય તે દાન જ સાચું દાન ગણાય. કીર્તિદાન સંસાર વધારનાર હોઇ તે શુભફળ આપનાર એટલે આત્માને કલ્યાણકારી દાન નથી.**

વળી બીજી વાત એ છે કે આજે નીતિથી, પ્રામાણિકતાથી ધન કમાનાર તો ભાગ્યે જ મળશે. આજે ધનવાન દેખાતા દરેક માણસના જીવનની તપાસ કરશો તો માલુમ પડશે કે તે દરેક ધનવાન અનીતિથી, કાળાબજારથી, લુચ્ચાઇથી કમાયેલ હોય છે. બનાવટી માલ ઉપર જાણીતું નામ ચોડી દેવું, દેશી માલને પરદેશી કે વિલાયતી કારખાનાવાળાનું નામ આપવું, સારો માલ દેખાડી હલકો માલ આપવો

વજનમાં, માપમાં, ગણતરીમાં ઓછું આપવું, ખોટા લેખલો તૈયાર કરવા, દાણચોરી કરવી, દાણચોરીના ઉપાયો યોજવા વગેરે વગેરે અનીતિમય યુક્તિઓથી જ ઘણે ભાગે ધનવાન થયા હોય છે અને થાય છે. **અને એ અનીતિના પાપમાંથી છૂટવાને પોતાની કમાણીનો એકાદ ટુકડો, નાની સરખી રકમ દાનમાં આપે છે, પરંતુ આ રીતે અનીતિનું પાપ ધોવાતું નથી એ વાત એ લોકોને સાધુ મુનિરાજોએ સમજાવવાની ખાસ જરૂર છે.**

માર્ગાનુસારીના ગુણમાં નીતિથી ધનોપાર્જન કરવાનું ખાસ કહેવામાં આવ્યું છે. પરંતુ આજે ઘણા લોકો કહે છે કે નીતિથી ધનોપાર્જન થઈ શકે જ નહિ માટે હમણાં તો ગમે તેમ ધનોપાર્જન કરી લો. પછી તેમાંથી થોડું ધર્માદામાં વાપરશું એટલે ધનોપાર્જનનું પાપ ધોવાઈ જશે અને વળી કીર્તિ પણ મળશે.

આ લોકો કર્મ—નશીબની વાત જ ભૂલી જાય છે કે તેમણે પૂર્વભવે સારૂં કર્મ કરેલ હશે તો નીતિથી ચાલતાં પણ ધનોપાર્જન થઈ શકશે. અને આ લોકોને શ્રી હરિભદ્રસૂરિએ એક દૃષ્ટાંતથી બહુ સારો જવાબ આપ્યો છે. સૂરજી કહે છે કે—

**ધર્માર્થં યસ્ય વિત્તેહા**
**તસ્યાનીહા ગરીયસી ।**
**પ્રક્ષાલનાદ્ધિ પંકસ્ય**
**દૂરાદસ્પર્શનં વરમ્ ॥**

અર્થ—ધર્માર્થે ધન મેળવવાની ઇચ્છા કરવી તેના કરતાં ઇચ્છા જ ન કરવી તે ઉત્તમ છે. કાદવનો મેલ લાગ્યા પછી તેને ધોઈને સાફ કરવાં કરતાં દૂરથી કાદવનો સ્પર્શ ન જ કરવો એ વધુ સારૂં છે.

રસ્તામાં કાદવકીચડ પડ્યો છે. મુસાફર વિચારે છે કે બાજુ ફરીને જતાં તો વખત લાગે તેના કરતાં કાદવ સોંસરા જઈને પછી પગ ધોઈ નાંખશું! આ લોકોની પણ તેના જેવી જ વાત છે. કાદવમાં

પડવાથી પગ જ બગડશે કે કપડાં પણ બગડશે અને કાદવ કેટલો ઊંડો છે તેની કાંઈ ખબર નથી તો તેવું જોખમ લેવા કરતાં બાજુમાં થઈને જવું શું ખોટું ? પહેલાં પગ બગાડીને પછી પગ ધોવા માટે પાણી તથા વખત શા માટે બગાડવો ?

અનીતિથી ધનોપાર્જન કરનાર ભૂલી જાય છે કે કમાયેલા ધનમાંથી થોડું ધન ધર્માદામાં આપતાં જે પુણ્ય થાય તેના કરતાં અનીતિનું પાપ ઘણું વધી જાય છે. એટલે તેઓ પુણ્યનો ફાયદો લેવાને બદલે નુકસાન જ વહોરે છે! તેનાં કરતાં નીતિથી ધનોપાર્જન કરવામાં જ સાચો ફાયદો થાય છે.

ઘણા લોકો વળી પોતાના મૃત્યુ પામેલા માબાપના નામથી કે કોઈ મરી ગયેલા કુટુંબીના નામથી દાન કરે છે. આ લોકો પણ એ જ પ્રમાણે ખોટી ભ્રમણામાં ભમે છે. મરી ગયેલાના નામથી આપેલા દાનનો લાભ મરી ગયેલાને તે મળતો જ નથી એ ચોક્કસ છે. અને પોતાના નામે આપેલું દાન કીર્તિદાન કહેવાય તેથી **માબાપના નામે દાન આપી તેઓ માબાપના ભક્ત પુત્ર તરીકે વિશેષ માનપ્રતિષ્ઠા અને કીર્તિ મેળવવાની યુક્તિ કરે છે. તેઓનું દાન પણ ઉપર પ્રમાણે જ સારૂં ફળદાયક થતું નથી. એટલું જ નહિ પણ તેઓ સમાજને તેમ જ પોતાના આત્માને છેતરવાનું નવું પાપ વહોરે છે.**

નીતિથી મેળવેલા ધનમાંથી આપેલું કીર્તિદાન પણ સારૂં ફળ આપનારૂં નથી તે ભૂલવું નહિ.

**વર્તમાનપત્રોમાં દાતાનું નામ છપાય. સંસ્થાના રિપોર્ટોમાં દાતાનું નામ છપાય, ઉપાશ્રય, ઇસ્પિતાલ, આરોગ્ય ભુવન વગેરેના નામમાં દાતાનું નામ જોડાય અથવા તેના મકાનમાં દાતાના નામની તકતીઓ ચોડાય, ધાર્મિક સંસ્થાના નામ સાથે દાતાનું નામ જોડાય એવી એવી**

**રીતે નામની ખ્યાતિ મેળવવા માટે કરેલાં સર્વ દાન કીર્તિદાન છે. અને તે સાંસારિક દાન હોઈ શુભ ફળદાયક નથી.**

## લૌકિકદાન

માનવ જાતની જેટલા પ્રકારની જરૂરિયાતો છે તેટલા ભેદ લૌકિક દાનના થઈ શકે છે. ભીખારીને અન્ન દેવું, પાણી દેવું, વસ્ત્ર દેવાં, મુશ્કેલીમાં પડેલાની મુશ્કેલી દૂર કરવાનો પ્રયત્ન કરવો વગેરે અનેક જાતની માનવીની જરૂરિયાત પૂરી પાડવાનો પ્રયત્ન કરવો વગેરે ફક્ત લૌકિક આચારને અનુસરીને કરવા તે લૌકિક દાન છે. તે ઉપરાંત વ્યવહારિક રીતરિવાજને અનુસરીને અથવા વ્યવહારિક સંબંધની શરમને લઈને જે દાન કરવામાં આવે તે લૌકિક દાન છે.

ઉપર બતાવેલા સંગ્રહદાન, ભયદાન, કારુણ્યદાન, લજ્જાદાન, અધર્મદાન, આશાદાન અને પ્રત્યુપકારદાન એ સાતેય દાન આ લૌકિક દાનના જ જૂદા જૂદા પ્રકારો છે.

## ઉચિતદાન

નોકરો, સગાસંબંધી, નાતજાત, કુટુંબકબીલા વગેરેને યથાયોગ્ય જરૂરીઆત પ્રમાણે આપવું કે ભેટ આપવી તે ઉચિતદાન છે. નોકર, સગા સંબંધી વિગેરે નિકટના સંબંધમાં આવનાર હોઈને તેમની જરૂરિઆત પૂરી પાડવી તે માણસની પહેલી ફરજ છે.

## અનુકંપાદાન

અનુકંપા, દયા, સહાયની લાગણીથી પ્રાણીઓનાં દુઃખ દૂર કરવા માટે જે દાન કરવામાં આવે તે અનુકંપા દાન છે. દુઃખી, ભૂખ્યા, દીન, અનાથ, અસહાય, નિર્બળ જીવોના દુઃખ દૂર કરવાના વિચારથી દાન આપવામાં આવે તે અનુકંપાદાન છે. અથવા તેનું બીજું નામ દયાદાન છે.

આજે દયાદાનને બદલે જીવદયાનું નામ બોલવામાં આવે છે. અને તેમાં ચકલાંને ચણ, પારેવાંને જાર, પશુને ઘાસ, વગેરે ઉપરાંત કસાઈખાનેથી પશુને છોડાવવા તેને જીવદયા કહેવામાં આવે છે. પરંતુ એમાં મનુષ્ય માટેની દયાને બાતલ રાખવામાં આવે છે!

સર્વ જીવોમાં મનુષ્ય જન્મ સૌથી ઉત્તમ છે. તે પ્રમાણે, પશુપક્ષી કરતાં પણ મનુષ્ય જીવનની મહત્તા વધારે છે. તેથી મનુષ્યતા દુઃખ દૂર કરવા માટેનું દયાદાન અથવા અનુકંપાદાન આજના કહેવાતા જીવદયાના દાન કરતાં ઘણું ઉત્તમ છે.

માનવજાતનાં જેટલાં દુઃખો તેટલાં અનુકંપાદાનના પ્રકાર કહી શકાય. અનુકંપાદાનનો શ્રેષ્ઠ દાખલો તીર્થંકર શ્રી શાંતિનાથ ભગવાનનો છે. તેમના આગલા ભવમાં એટલે મેઘરથ રાજાના ભવમાં પારેવાનો જીવ બચાવવા માટે પોતાના પ્રાણ આપવા પણ તૈયાર થઈ ગયા હતા, એ ઉત્કૃષ્ટ અનુકંપાનો દાખલો છે.

આજે દાન કેમ મેળવાય છે તે પણ જરા વિચારીએ. ધનવાન પાસેથી ધન મેળવવા માટે સંઘના ત્રણચાર આગેવાનો ધનવાન શેઠ પાસે જાય છે. તેની ખુશામત કરી તેના ગુણગાન કરે છે. તે એટલે સુધી કે ઘણીવાર તેના દોષને પણ ગુણ તરીકે ઓળખાવે છે. ખુશામત સૌને પ્રિય લાગે છે. ખુશામતથી શેઠને ખુશ કરી દાનની વાત કાઢે છે. કોઈ વાર તે જ વખતે જોઈતી રકમ મળી જાય છે. નહિતર વળી કોઈ મોટા મેળાવડાની યોજના કરવામાં આવે છે. ત્યાં ધનવાન શેઠને પ્રમુખપદે બોલાવી જાહેરમાં ખુશામતથી ગુણગાન કરવામાં આવે છે. અને એ રીતે તેની પાસેથી ધાર્યું દાન મેળવાય છે.

પરંતુ આવું દાન તે સાચું અનુકંપાદાન નથી. ભલેને તે રકમ દયાના કામ માટે આપવામાં આવી હોય પણ દાતાએ તે રકમ હૃદયની આર્દ્રતાથી આપી નથી. તેથી જો કે તેની ઇચ્છા તૃપ્ત થઈ. તો પણ તેને અનુકંપાનું સાચું ફળ મળી શકે નહિ. **હૃદયની**

**કોમળતાથી, સાચી દયાથી જે દાન આપવામાં આવે તે જ ખરું ફળદાયક છે.**

## જ્ઞાનદાન

જ્ઞાનદાનનું સ્વરૂપ ઉપર બતાવાઈ ગયું છે. જ્ઞાનદાનની ઘણી મહત્તા છે. વ્યવહારિક જ્ઞાનથી મનુષ્ય સંસારમાં સારી ઉંચી સ્થિતિએ આવે છે ત્યારે ધાર્મિક જ્ઞાનથી મનુષ્ય તેના આત્માનું કલ્યાણ કરી શકે છે.

શ્રી દશવૈકાલિક સૂત્ર ૪-૧માં કહ્યું છે કે—

पढमं नाणं तओ दया एवं चिट्ठइ सव्वसंजए ।
अन्नाणी किं काही ? किंवा नाहिइ सेयपावगं ? ॥

અર્થ—પ્રથમ જ્ઞાન અને પછી દયા એ સંયમી પુરૂષની સ્થિતિ છે. જે અજ્ઞાની છે તે શું કરવાનો હતો ? કારણ તે કલ્યાણકારી શું છે અને પાપકારી શું છે તે કેવી રીતે જાણે ?

ભગવાને કહ્યું છે કે पढमं नाणं तओ दया પહેલું જ્ઞાન અને પછી દયા. જીવના સર્વ દુઃખનું મૂળ અજ્ઞાન-મિથ્યાત્વ છે. અજ્ઞાન ટળે અને સમ્યગ્ જ્ઞાન આવે ત્યારે તે મોક્ષમાર્ગ તરફ, આત્મકલ્યાણના માર્ગ તરફ વળી શકે છે. અને જ્ઞાનથી આગળ વધતાં વધતાં સંપૂર્ણ જ્ઞાન મેળવી મોક્ષ પ્રાપ્ત કરી શકે છે. એટલે જ્ઞાનદાન ઘણું જ ઉપયોગી, ઘણું જ મહત્વપૂર્ણ છે.

## અભયદાન

શ્રી સૂત્રકૃતાંગ સૂત્ર ૬-૧૬માં કહ્યું છે કે—

दाणाण सेट्ठं अभयप्पयाणं

એટલે—સર્વ દાનોમાં અભયદાન શ્રેષ્ઠ છે.

પ્રાણીના પ્રાણની રક્ષા કરવી તેનું નામ અભયદાન છે.

બધા જીવોને વેદના થાય છે અને બધા જીવો મરણના ભયથી ડરનારા છે. પ્રાણીનું મરણ તદ્દન પાસે હોય, જે મરવાની તૈયારીમાંજ હોય તેને કોઈ આખીય પૃથ્વી દાનમાં આપી દે તો પણ તેને જેટલો સંતોષ નથી થતો તેટલો સંતોષ એટલે ઘણો વધારે સંતોષ તેના પોતાના બચી જવાથી તેને થાય છે. તેને અભયદાન મળવાથી ભારે મોટો સંતોષ થાય છે.

મૃત્યુના ભયથી કંપતા પ્રાણીઓ પોતાના કુળના આચારની પણ અવજ્ઞા કરે છે, કોઈની ગુલામી કરે છે, ગભરાઈને દીનતાપૂર્વક કરગરે છે, પડે છે, વેગથી ભાગે છે, મરણના ભયથી કાયર બની ગયેલા પ્રાણીઓ બચવા માટે શું શું નથી કરતા?

માટે જ એવા ભયભીતોનું રક્ષણ કરવું એ ઊત્તમ ધર્મ છે.

અભયદાનના સ્વરૂપ સંબંધી સમાજમાં ઘણી જ ગેરસમજુતી પ્રવર્તે છે. જીવદયાને આજે અભયદાન તરીકે ઓળખી લેવામાં આવે છે. કસાઈખાના અથવા કતલ ખાનામાંથી અમુક પ્રાણીઓને છોડાવવા તેને શ્રેષ્ઠ જીવદયાનું કાર્ય ગણવામાં આવે છે. અને તે જીવદયાને અભયદાન તરીકે સમજવામાં આવે છે. ત્યારે ખરી રીતે એ જાતનું દાન તે સામાન્ય અનુકંપા દાન છે.

અભય એટલે ભયરહિત. પ્રાણી માત્રને સૌથી મોટો ભય મૃત્યુનો છે. તેથી કસાઈખાનેથી મરતા જીવને છોડાવવામાં અભયદાન છે. પરંતુ સાચું અભયદાન એ છે કે જેથી પ્રાણીને **હમેશાંને માટે મૃત્યુનો ભય મટી જાય.** ત્યારે જ પ્રાણી (જીવ) ખરી રીતે અભય બની જાય.

માણસને જ્યારે આત્મજ્ઞાન થાય ત્યારે જ તેનામાંથી મૃત્યુનો ડર, ભય નીકળી જાય છે. જ્યારે માણસ આત્મરમણતામાં લાગી જાય છે ત્યારે તેને પછી મૃત્યુની કશી બીક રહેતી નથી. તે સાચો અભય બની જાય છે. અને એ જ સાચું અભયદાન છે.

સૂત્રકૃતાંગ સૂત્રમાં કહ્યું છે કે दाणाण सेट्ठं अभयप्पयाणं સર્વ દાનમાં અભયદાન શ્રેષ્ઠ છે: આ ઉપરથી જ વાંચક અભયદાનની મહત્તા સમજી શકશે. જે બીજાને અભય બનાવી શકે તે પોતે પણ અભય બનેલો જ હોય એમ આપણે સમજી શકીએ.

આ પ્રમાણે અભયદાન શ્રેષ્ઠ દાન છે.

## ધર્મદાન

ધર્મ એ કોઈ પૌદ્ગલિક વસ્તુ નથી કે જે હાથમાં લઈને આપી શકાય. ધર્મ એ તો આત્માની વસ્તુ છે. ધર્મ એ તો આત્માએ મન દ્વારા ગ્રહણ કરવાની વસ્તુ છે. એટલે કે સમજવાની વસ્તુ છે. તેથી ધર્મદાન એ ધર્મના જ્ઞાનથી આપી શકાય છે. તેથી ધર્મદાનમાં ધર્મ જ્ઞાનના દાનનો સમાવેશ થાય છે.

આત્માના સ્વરૂપને સમજાવનારૂં અને સ્વ-પરના સ્વભાવને ઓળખાવનારૂં જ્ઞાન ફક્ત એક ધર્મજ્ઞાન જ છે. તેથી ધર્મજ્ઞાનનો મહિમા, પ્રભાવ અપૂર્વ ગણાય છે. માટે સૌથી પહેલાં ધર્મજ્ઞાન ફેલાવ-વામાં અથવા ધર્મજ્ઞાનના દાનમાં ઉદ્યમવંત થવું જોઈએ.

બધા દાનોમાં સૌથા પહેલું જ્ઞાનદાન કહેવું છે. કારણ કે ભગવાને પણ पढमं नाणं तओ दया કહીને જ્ઞાનને પ્રાધાન્ય આપેલું છે. પહેલું જ્ઞાન પછી દયા એમ કહેલું છે.

જ્ઞાન લેનાર મનુષ્ય બંધ અને મોક્ષના સ્વરૂપને બરાબર જાણી શકે છે. તેમ જ પુણ્ય અને પાપને બરાબર ઓળખી શકે છે. એટલે તે પ્રમાણે પુણ્યકરણી અથવા શુભકરણી તરફ અનુરાગવાળો થાય છે.

જ્ઞાન પામેલો પ્રાણી પાપનો પરિહાર કરે છે. પુણ્યનું ઉપાર્જન કરવા ઉદ્યમ કરે છે અને જ્ઞાનરૂપ પ્રકાશની કૃપા વડે આ લોક અને પરલોક એમ બન્ને લોકમાં સુખી થાય છે.

જ્ઞાન દેવા છતાં પણ નિરંતર વધ્યા કરે છે. જેનું દાન દેવાય છે તે વસ્તુ ખૂટી જાય છે એવો સાધારણ નિયમ છે. પરંતુ જ્ઞાન તો જેમ વધારે દેવાય તેમ તેમ વધ્યા જ કરે છે. જ્ઞાનદાનની એ ખાસ ખૂબી છે.

## ધર્મદાન

સર્વોત્કૃષ્ટ ધર્મદાનના દાતા તો તીર્થંકર ભગવાન તથા ગણધર મહારાજ જ છે. તેથી જ તેમને मोक्षमार्गस्य नेतारम् મોક્ષમાર્ગના નેતા કહેવામાં આવે છે. ચક્રવર્તી વગેરે મોટા મોટા રાજાઓએ બીજી જાતનાં ઘણા મોટા દાન આપ્યા હતા. પણ તેનું અત્યારે નામનિશાન પણ રહેલું નથી. ત્યારે તીર્થંકર ભગવાને ધર્મોપદેશ રૂપી જે દાન આપેલું હતું તે ઉપદેશ આજે પણ સૂત્રોની અંદર ઉપલબ્ધ છે.

તીર્થંકરના ઉપદેશથી ઘણા જીવો તો તે જ ભવે મોક્ષ પામ્યા હતા. અને અત્યાર સુધીમાં તો અનેક જીવોએ તેનો લાભ લીધો છે, લઈ રહ્યા છે અને ભવિષ્યમાં પણ લેશે.

અભયદાનની શ્રેષ્ઠતા ધર્મના કારણે જ છે. માણસ ધર્મના સિદ્ધાંત સમજે, આત્મા અને કર્મનું સ્વરૂપ સમજે ત્યારે જ જીવ ભયમુક્ત બને. એટલે સર્વશ્રેષ્ઠ દાન તો ધર્મદાન જ છે. પરંતુ સાચું ધર્મદાન તો તીર્થંકર ભગવાન જ આપી શકે છે. ભગવાને બતાવેલા મોક્ષમાર્ગે ચાલનારા સાધુ મુનિરાજો આપણને ભગવાનનો ઉપદેશ સમજાવે છે તેથી તેઓ તેટલા પ્રમાણમાં ધર્મદાતા કહી શકાય. પરંતુ સાધુ મુનિરાજ કે શ્રાવક ગમે તે હોય પણ તે અધ્યાત્મ જ્ઞાની હોય તો જ અભયદાન

આપી શકે. કારણ કે તેઓ જ આત્માનું અને કર્મનું સ્વરૂપ યથાશક્તિ સમજાવી શકે.

અધ્યાપકે અથવા ઉપાધ્યાયે પોતે ભણેલા ગંભીર અર્થવાળા પુસ્તકો વંચાવવા, તેનું વિવેચન કરી બતાવવું અથવા તે પુસ્તકોના અર્થ વિષે શ્રોતાના મનનું સમાધાનુ કરી આપવું, જરૂર હોય તો તે પુસ્તકો ભણવા માટે આપવા વગેરે ધર્મજ્ઞાન દાનના પ્રકારો છે.

જ્ઞાન લેનારની અગવડતાઓ મટાડવી અને તેને જ્ઞાન લેવાની ઉચિત સગવડતા કરી આપવી એ ખાનદાનનું મોટામાં મોટું લક્ષણ છે. કારણ કે જે મનુષ્ય પોતે જ્ઞાન આપી ન શકે તે પણ જ્ઞાન લેનારને જોઈતી વસ્તુ પૂરી પાડી તેને ભણવામાં ઉત્સાહ પ્રેરે તે પણ પરમાર્થથી જ્ઞાનનો દાતા જ છે.

વળી ધાર્મિક પુસ્તકોનું પ્રકાશન કરી જિજ્ઞાસુ જનોમાં તેને વહેંચવા, ધર્મિષ્ઠ અને ધર્મના જિજ્ઞાસુ જનોમાં ધાર્મિક પુસ્તકોની લ્હાણી કરવી, પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓને ઇનામ આપવા વગેરે પણ ધર્મજ્ઞાનદાનના પ્રકારો છે.

ધર્મિષ્ઠ, ધર્મપરાયણ મનુષ્યોને સહાયક થાય એવું દાન વિશેષ ઇષ્ટ છે.

મોક્ષાર્થે પ્રવૃત્તિ કરનારા ત્યાગી સાધુસાધ્વીને વસ્ત્ર, પાત્ર, ઓઘો, રજોહરણ, ઔષધ, રહેઠાણ, સંથારા–પથારી, અન્ન, પાણી, સૂત્ર, શાસ્ત્ર, પુસ્તકો વગેરે પૂરા પાડવા તે પણ ધર્મદાનના પ્રકારો છે. કારણ કે તેથી સાધુસાધ્વીઓ સ્વાધ્યાય, ધ્યાન, તપ વગેરે સંયમ પોષક પ્રવૃત્તિઓને સુખપૂર્વક આચરી શકે છે. અન્નપાન વગેરેના સાધન વગરનો દેહ મોક્ષને અનુકૂળ કોઈ પ્રવૃત્તિ કરી શકતો નથી. માટે સાધુ સાધ્વીને

વસ્ત્રપાત્ર વગેરે જરૂરીઆતની વસ્તુનું દાન આપનાર ગૃહસ્થ સાધુ-સાધ્વીના સંયમ ધર્મને ઉત્તેજન આપે છે અને તેથી તે ગૃહસ્થ નિર્જરાનો ભાગી થાય છે અર્થાત્ તેના કર્મની નિર્જરા થાય છે એવો ધર્મદાનનો પ્રભાવ છે.

તેવી જ રીતે ધર્મારાધન કરનારા શ્રાવક શ્રાવિકાઓને ધર્મના ઉપકરણો જેવા કે મુહપત્તિ, ઓઘો, રજોહરણ, આસન, સૂત્રશાસ્ત્ર, તથા બીજા ધાર્મિક પુસ્તકો વગેરે જે કોઈ વસ્તુની ધર્મારાધનમાં જરૂર હોય તે પૂરી પાડવી તે પણ ધર્મદાન અને ધર્મજ્ઞાનદાનના પ્રકાર છે.

સાધર્મીને આયંબિલ કરાવવી, ઉપવાસનાં પારણાં કરાવવાં વગેરે પણ ધર્મદાનમાં આવી શકે કારણ કે એથી ધર્મની અનુમોદના કરવામાં આવે છે.

સાધુસાધ્વીને દાન આપતી વખતે ધ્યાનમાં રાખવું કે મીઠું, અગ્નિ, ઠંડું પાણી વગેરે સચેત વસ્તુનો સ્પર્શ થવા દેવો નહિ. તેમ જ એ ચીજો ખાસ સાધુના માટે જ બનાવેલી ન હોવી જોઈએ. અને સાધુને આપ્યા પછી બીજી બનાવવી પડે તેમ ન હોવું જોઈએ.

## દાન કોને દેવું ?

હવે દાન કોને દેવું તેનો પણ વિચાર કરવો જોઈએ. દાન લેનાર પાત્ર પ્રમાણે તો દાનના ત્રણ પ્રકાર થાય—**( ૧ ) સુપાત્ર ( ૨ ) કુપાત્ર, ( ૩ ) અપાત્ર.**

પાત્ર એટલે દાન લેનાર માણસ અથવા જીવ. જગતમાં માણસો પણ અનેક પ્રકારના હોય છે. વળી મનુષ્યની શકિત એટલી બધી પરિમિત હોય છે કે તે જરૂરિઆતવાળા જગતના સર્વ જીવોને દાન આપી શકે

નહિ તેથી તેણે દાન આપવામાં વિવેક રાખવો જોઈએ. અને તેની શકિત પ્રમાણે સારામાં સારી રીતે દાન કરવું જોઈએ.

તેથી તેને પહેલોજ એ વિચાર આવે છે કે દાન કોને દેવું? માણસો તો ઘણા પ્રકારના હોય છે પરંતુ સમુચ્ચયે તેમના ત્રણ વિભાગ પાડી શકાય—**(૧) સુપાત્ર (૨) કુપાત્ર** અને **(૩) અપાત્ર.** જે ઉપર જણાવી ગયા છીએ. **સુપાત્ર** એટલે સદાચારી, નીતિમાન, ધર્મિષ્ઠ અને **કુપાત્ર** તથા **અપાત્ર** એટલે દુરાચારી, અનાચારી અથવા અનીતિમાન અને અધર્મી.

સુપાત્ર કે કુપાત્ર દરેક માણુસ દુઃખી હોય છે. તો દુઃખી કુપાત્ર એટલે દુરાચારી દુઃખીઓ હોય તેના કરતાં સદાચારીને દાન માટે પસંદ કરવાનું કારણ એ છે કે જેમ રેતાળ ભૂમિમાં બીનું વાવેતર નિષ્ફળ જાય છે તેમ દુરાચારને આપેલું દાન નિષ્ફળ જાય છે. કારણ કે દુરાચારી માણસ તેને મળેલા દાન, સહાયનો ઉપયોગ દુરાચારના કામમાં જ કરે છે એટલે દુરાચારી પોતાનું પાપ વધાર્યે જાય છે તેથી દાન આપતી વખતે પાત્ર જોવાની ખાસ જરૂર છે.

**પરંતુ અહિંયા એક વાત સ્પષ્ટ કરવાની કે કુપાત્ર પણ રોગી કે ભૂખ્યો હોય તો તેના તરફ દયા લાવી તેને તે વખતે અન્ન કે દવા આપી તેની ભૂખ અને રોગ મટાડવા તેટલું દયા ભાવથી કરી શકાય અને તેમ કરવું યોગ્ય છે.** પરંતુ દુરાચારી તેને મળેલા દાનનો દુરૂપયોગ ન કરે એટલે કે પાપકારી કામ ન કરે તેવી રીતે દાન આપવું જોઈએ.

સુપાત્ર, કુપાત્ર અને અપાત્રની વિશેષ વિગત નીચે મુજબ છે.

**અપાત્ર**—કુલિંગી સાધુ, મંત્રાદિ કરવાવાળા ગૃહસ્થ અને હઠ

કરી, ભય બતાવી બળાત્કારે પૈસા કઢાવનારા—એ સર્વ અધર્મને માર્ગે જનારા હોઈ તેમને દાન આપવાથી અધર્મને ઉત્તેજન અપાય છે. એટલે એવા દાનથી પાપ લાગે છે અને તેવું ફળ નરક નિગોદનું પણ આવે છે. માટે એ તો સર્વથા ત્યાજ્ય છે.

**કુપાત્ર**—જિન લિંગ ધારી પણ દ્રવ્યલિંગી મુનિ તથા જૈનાભાસી શ્રાવક, બાહ્ય આચારવાળા પણ અશ્રદ્ધાળુ શ્રાવક એ કુપાત્ર છે. તેમને ગુરુબુદ્ધિથી દાન દેનાર મિથ્યાત્વને ઉત્તેજન આપનાર બને છે. અથવા પાપને અનુમોદન આપનાર બને છે. પરંતુ અનુકંપાથી તેને દાન આપી શકાય.

**સુપાત્રદાન** અપાત્ર અને કુપાત્રને સમજાવવાથી હવે સુપાત્રની કિંમત સમજાઈ જશે. સુપાત્ર માણસ તેને મળેલા દાનથી સત્કર્મની વૃદ્ધિ કરે છે એટલે દાતા સત્કર્મનો ભાગી થાય છે.

જૈન ધર્મ એ શ્રેષ્ઠ ધર્મ છે. એટલે જૈન ધર્મ પાળનાર માણસો એટલે જૈનોને આપણે સુપાત્ર ગણી શકીએ. તેમાં પણ સ્થિતિ અનુસાર ત્રણ ભેદ પાડી શકીએ—

(૧) પંચમહાવ્રતધારી સાધુ સાધ્વી.
(૨) અણુવ્રતધારી શ્રાવક શ્રાવિકા.
(૩) અવ્રતી પણ સદાચારી (સમકિતી) શ્રાવક શ્રાવિકા.

વાંચક જોઈ શકશે કે આચારની દૃષ્ટિએ અથવા આધ્યાત્મિક સ્થિતિ અનુસાર ઉપરના ભાગ પાડેલા છે. અને તે ક્રમાનુસાર સુપાત્રદાન પણ ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ એમ ત્રણ પ્રકારનાં છે. એટલે મહાવ્રતધારી સાધુ સાધ્વીને આપેલું સુપાત્રદાન અને ત્રીજે નંબરે અવ્રતીને આપેલું સુપાત્રદાન છે.

## દાનનું ફળ શું?

બધા દાનોમાં જ્ઞાનદાન, અનુકંપાદાન, અભયદાન, ધર્મદાન અને સુપાત્રદાન એ જ ખરી રીતે શુભ ફળ આપનારાં છે.

દાન આપનારની વૃત્તિ અથવા ભાવના ઉપર દાનના ફળનો ખાસ આધાર છે. અને તેથી જ આપણે ભાવના અનુસાર દાનના ભાગ પાડેલા હતા. દાન આપતી વખતે ત્રણ જાતની ભાવના થાય છે—

(૧) **વ્યવહારિક ભાવના.** સંસાર વ્યવહારના કામ માટેના કોઈ પણ દાન આપતાં વ્યવહારિક લાભનો ખ્યાલ રાખવામાં આવે છે. એટલે તે સ્વાર્થી ભાવના હોઈને તેનું ખાસ કોઈ શુભ ફળ મળતું નથી.

(૨) **દયા ભાવના**—દયા ભાવથી આપેલાં સર્વ દાન શુભ ફળદાયી છે. અને ભાવનાની ઉત્કૃષ્ટતા પ્રમાણે ફળની ઉત્કૃષ્ટતા હોય છે.

(૩) **નિસ્પૃહ ભાવના.** ફળની આકાંક્ષા રાખ્યા વિના ફક્ત આત્મકલ્યાણ માટે ભકિતભાવથી, ધર્મભાવનાથી અથવા મોક્ષમાર્ગની ભાવનાથી જે દાન કરવામાં આવે તે શ્રેષ્ઠ દાન છે અને તેનું ફળ પણ સર્વોત્તમ મળે છે.

આ ઉપરથી એમ સમજવાનું છે કે નિઃસ્પૃહ ભાવનાવાળો દાતા તે શ્રેષ્ઠ દાતા છે. તેનાથી હલકો બીજે નંબરે દયાભાવવાળો દાતા છે અને ત્રીજે નંબરે સાંસારિક અથવા વ્યવહારિક ભાવનાથી દાન કરવાવાળો આવે છે.

જે ભવ્ય આત્મા પોતાના નીતિપૂર્વક ઉપાર્જન કરેલા ધનનો દાન આપવામાં ઉપયોગ કરે છે તે દાન જ ફળ આપનારૂં થાય છે. અનીતિથી ઉપાર્જન કરેલા દાનમાંથી નાનો સરખો કે નજીવો ભાગ ભલે દાનમાં વાપરવામાં આવે પણ તેથી તેને તે દાન ફાયદાકારક નીવડતું નથી એટલે કે તેના દાનથી તેની અનીતિનું પાપ ધોવાઈ શકતું નથી.

ધર્માત્મા સમ્યગ્દષ્ટિ પુરુષનું દાન શ્રદ્ધા, ભકિત અને ભાવપૂર્વક કરવામાં આવે છે તેથી તે દાન ઉત્તમ ફળ આપનારૂં બને છે.

દાતા જૈન ધર્મી ભલે હોય પણ તે જો પાત્ર અપાત્રને

વિચાર કર્યા વિના માન, મોટાઈ કે કીર્તિને માટે તેમ જ મિથ્યા મતની વૃદ્ધિને માટે દાન આપે તો તે દાન સંસારનું જ કારણ બને છે. વિવેકજ્ઞાન વિના ઉત્તમ પાત્રમાં ઉત્તમ દાન થઈ શકતું નથી.

જે જે કારણથી જૈન ધર્મનો હ્રાસ થાય, દેવ, ગુરુ, ધર્મ તથા શાસ્ત્રના અવર્થવાદ બોલાય તથા ચારિત્રનો લોપ થાય તેવા કારણોમાં દાન દેવું ને સંસાર વૃદ્ધિનું જ કારણ છે.

## દાન આપતા સંભાળવાનું

દાન આપતી વખતે સત્કારપૂર્વક દાન આપવું. દાન લેનારને અપમાન લાગે તેવી રીતે બોલવું કે વર્તવું નહિ. દાન આપતાં મન બગાડવું નહિ, સંકોચવું નહિ. દાન પોતાને હાથે જ આપવું પણ દાન આપવા માટે બીજાને હુકમ કરવો નહિ. કારણકે તેથી અહંકારની ભાવના આવી જવાથી દાનનું ફળ ઓછું થઈ જાય છે. દાન આપ્યા પછી ફળની શંકા કરવી નહિ. કારણ શંકાથી સ્વાર્થભાવના આવી જાય છે તેથી પણ ફળ ઓછું થઈ જાય છે. અને લાભની આશાથી દાન આપવાથી જોઈએ તેવું શુભ ફળ મળતું નથી.

વળી દારૂ, મધ, માંસ, કામોદીપક વસ્તુઓ, હથિયાર, ઝેર વગેરે હિંસાકારી વસ્તુઓમાંથી કોઈ પણ વસ્તુનું દાન આપવું નહિ, કારણ કે હિંસાકારી વસ્તુનું દાન પાપફળદાયી છે.

## દિગંબર મત પ્રમાણે

### દાનના પ્રકાર

દિગંબર સંપ્રદાય માણસની જરૂરીઆત પ્રમાણે દાનના ચાર પ્રકાર પાડે છે—

( ૧ ) આહારદાન ( ૩ ) શાસ્ત્રદાન.

( ૨ ) ઔષધદાન ( ૪ ) અભયદાન.

## બીજી રીતે ચાર પ્રકાર

આમાં પણ મતભેદ છે. અને કેટલાકો ચાર પ્રકાર કહે છે તેની વિગત નીચે પ્રમાણે છે—

૧. **દયાદાન**—સર્વ પ્રાણીને અભયદાન આપવું તે. એટલે આ અભયદાન જ છે.

૨. **પાત્રદાન**—મુનિ આદિને દાન આપવું તે. એટલે આ ફક્ત સુપાત્રદાન છે.

૩. **સમક્રિયાદાન**—ગૃહસ્થને દાન આપવું તે. એટલે આ લૌકિક દાન છે.

૪. **અન્વયદાન**—પુત્રાદિકને ધન વગેરે આપવું તે. એટલે આ ઉચિતદાન છે.

આ ચારે ય દાનનું વિવેચન આગળ અપાઇ ગયું છે.

દિગંબરોમાં મુખ્યત્વે તો ઉપર પહેલા કહેલા ચાર પ્રકાર વિશેષ રીતે માન્ય હોય એમ લાગે છે. વળી તેમાં (૧) નિશ્ચય અને (૨) વ્યવહારથી એમ દરેકના બબ્બે વિભાગ પાડે છે.

## નિશ્ચયથી
### દાનના ચાર પ્રકાર

નિશ્ચયથી ચાર પ્રકારની વિગત તેઓ નીચે પ્રમાણે બતાવે છે—

(૧) **નિશ્ચય આહાર દાન**—વેદનીય કર્મનો નાશ કરીને પોતાના અને પરના આત્મામાં એવો અવ્યાબાધ ગુણ પ્રગટ કરવો કે તેથી ક્ષુધા લાગે જ નહિ. એટલે ભૂખને શમાવવા માટે આહારની આવશ્યકતા રહે નહિ. એ નિશ્ચય આહાર દાન છે.

(૨) **નિશ્ચય ઔષધિ દાન**—જન્મ જરા મૃત્યુ એ ત્રણ

રોગથી સ્વ-પરના આત્માને છોડાવીને અવિનાશી અખંડ સુખ પ્રાપ્ત કરાવવું એ નિશ્ચય ઔષધ દાન છે.

( ૩ ) **નિશ્ચય શાસ્ત્ર દાન**—સ્વ-પરના આત્મામાં સમ્યગ જ્ઞાનશક્તિનો વિકાસ કરવો તે નિશ્ચયશાસ્ત્ર દાન છે.

( ૪ ) **નિશ્ચય અભયદાન**—સ્વ-પરના આત્માને વિષય કષાયરૂપ પ્રબળ વૈરીઓથી બચાવવા તે નિશ્ચય અભયદાન છે.

## વ્યવહારથી
## દાનના ચાર પ્રકાર

વ્યવહારથી આહારદાન અને ઔષધિદાન તે લૌકિકદાનના ભાગ જેવા છે.

**આહારદાન**ના મુખ્યત્વે ત્રણ પ્રકાર પડે છે—(૧) જૈનેતરને, (૨) શ્રાવકને અને (૩) મુનિને આહારદાન.

**પહેલો પ્રકાર** અનુકંપાદાનમાં આવી જાય છે. **બીજા પ્રકાર**માં અનુકંપાદાન તથા સ્વામીવાત્સલ્યનો સમાવેશ થાય છે.

**ત્રીજો પ્રકાર** સુપાત્રદાનમાં આવી જાય છે. આ પ્રકાર ખાસ મહત્વનો છે કારણ કે તે મહાપુણ્યના લાભનું કારણ છે. સુપાત્રમુનિને આહાર દેવાનું ભાગ્ય બહુ થોડાને પ્રાપ્ત થાય છે. સુપાત્રમુનિને ભક્તિથી અપાયલા આહારદાનથી દાતાને સદ્‌ગતિ મળે છે, એટલું જ નહિ પણ મોક્ષમાર્ગમાં આગળ વધવાની તેને સરળતા અને સુલભતા પ્રાપ્ત થાય છે.

**ઔષધિદાન** સંબંધમાં ખાસ કહેવા જેવું એ છે કે હાલના વખતમાં ઘણા જૈનસંઘો તેમના તરફથી ઇસ્પિતાલો, દવાખાનાઓ ખોલે છે. અને તે સર્વ દવાખાનાં ફક્ત એલોપથી વૈદકશાસ્ત્રને અનુસરનારા જ હોય છે. એલોપથીમાં ઘણી ખરી દવાઓ

પ્રાણી હિંસાથી જ બનેલી હોય છે. અને તેવી સાવદ્ય દવાઓ સંઘના ધર્માદા દવાખાનામાં વપરાય છે. આ ઘણું ઘણું જ અઘટિત કાર્ય થાય છે. જૈનોના દવાખાનામાં હિંસાથી ઉત્પન્ન કરેલી સાવદ્ય દવાઓ વપરાય તે ઘણું જ શોચનીય છે.

જૈનોના દવાખાનામાં દેશી નિર્વદ્ય દવાઓ કેમ વાપરવામાં નથી આવતી અને દેશી વૈદ્યોને ત્યાં કેમ રાખવામાં નથી આવતા તે સમજાતું નથી.

ઉપરાંત હોમીયોપેથીની દવાઓ પણ નિર્વદ્ય હોય છે, સસ્તી હોય છે અને ઘણુખરું જલ્દી અસર કરનારી હોય છે. છતાં હોમીયોપેથીના ડૉકટરને જૈન દવાખાનામાં રોકવામાં નથી આવતા કે હોમીઓપેથીની દવા વાપરવામાં નથી આવતી એ પણ ઘણું જ શોચનીય છે.

વળી કેટલાક શહેરોમાં તો જૈનો પાસેથી જૈનો માટેના દવાખાના ખોલવા માટે નાણાં ઉઘરાવીને અને નામ પણ જૈન દવાખાનાનું રાખીને પોણાથી પણ વધારે પ્રમાણમાં તો જૈનેતરોને લાભ આપવામાં આવે છે.

એવા જૈન દવાખાનાઓની વ્યવસ્થા જ એવી હોય છે કે જૈનોને તેનો લાભ મળી શકતો નથી એટલે બહુ જ થોડા જૈનો લાભ લઈ શકે છે. આવી સ્થિતિ પણ જૈનોને માટે જરાય શોભાસ્પદ નથી.

દાન દેનારાઓએ પણ આવી રીતની ખોટી વ્યવસ્થા ન થાય તે માટે ધ્યાન રાખવું જોઈએ.

અસ્તુ.

**શાસ્ત્રદાન** એ ધર્મદાનનો એક પ્રકાર છે અને **અભયદાનની** વિગત આગળ અપાઈ ગઈ છે તે પ્રમાણે જ છે.

## ભાવ પ્રમાણે ચાર પ્રકાર

આ ઉપરાંત વળી દિગંબરો ભાવ પ્રમાણે દાનના ચાર ભાગ આ પ્રમાણે પાડે છે.

(૧) ભક્તિદાન. (૩) સમદાન.
(૨) કરૂણાદાન. (૪) કીર્તિદાન.

પહેલું ભકિતદાન એ સુપાત્રદાનનો જ પ્રકાર છે. કારણ કે પોતાનાથી અધિક ગુણવાળાને દાન કરવું તે ભક્તિદાન એમ વ્યાખ્યા કરવામાં આવી છે. ગુણીજનને ભક્તિભાવથી દાન કરવામાં આવે છે. એટલે ગુણીજનને સુપાત્ર ગણવામાં આવે છે. એટલે ભક્તિદાન એ સુપાત્ર દાનનું જ બીજું નામ છે.

બીજું કરૂણાદાન એ અનુકંપાદાનનું બીજું નામ છે. તેનું વિવેચન આગળ અપાઈ ગયું છે.

ત્રીજું સમદાન છે તે ઉચિત દાનનું બીજું નામ છે. અને ચોથું કીર્તિદાન છે. એ બંનેની વિગત પણ આગળ અપાઈ ગઈ છે,



# ૨

# દાન

લેખક

**મુનિશ્રી જયવિજયજી**

એરણની ચોરી કરે, સોયનું કરે દાન,
ઉંચે ચઢી નીરખતા, ક્યારે આવે વિમાન.

એ કહેવત પ્રમાણે અનીતિ તથા અસત્યના માર્ગે ચાલી કુડ, કપટ અને પ્રપંચોની બાજી ખેલી લાખો રૂપીઆ કમાનારા પાંચ પચીશ હજારનું ધર્મસ્થાનક બંધાવે કે નોકારશી સ્વામી વાત્સલ્યના જમણવારો કરે કે બીજા કોઈ ધર્માદા કાર્યમાં ખર્ચે તોપણ તેમને 'અહિંસા પરમો ધર્મ'ના અનુયાયી ગણી શકાય નહિ.

તત્ત્વજ્ઞાન અથવા પરમાર્થ માર્ગ પામવાની તીવ્ર ઇચ્છા કરનારને જિજ્ઞાસુ કે મુમુક્ષુ કહે છે. અને જે જિજ્ઞાસુ જીવ માર્ગની સન્મુખ થાય ત્યારે તેનામાં માર્ગાનુસારીના પાંત્રીશ ગુણો હોવા જ જોઈએ.

પ્રથમ ગુણસ્થાનમાં પરમાર્થ માર્ગ સન્મુખ થયેલ આત્મજ્ઞાન પામવાને પાત્ર થયેલ તત્ત્વજ્ઞાન પામવાની ભૂમિકામાં રહેલ, પરમાર્થના ઉમેદપણાની દશામાં આ ગુણસ્થાનક હોય છે, જેમાં પાંત્રીશ (૩૫) ગુણ પ્રગટ થાય છે.

તેમાં પ્રથમ ગુણ 'न्यायसंपन्न विभवः' ન્યાયથી જ પૈસો મેળવવો. બીજો ગુણ શિષ્ટાચાર પ્રશંસા એટલે સદ્‌ગુણો તથા સદાચરણ પ્રત્યે જ પ્રીત રાખવી. આ પાંત્રીશ ગુણોમાં ગૃહ વ્યવહાર, કુટુંબ વ્યવહાર, આહાર વ્યવહાર, દંપતી વ્યવહાર, લગ્ન તથા વિવાહ વ્યવહાર અને ધર્મ વ્યવહાર વગેરે આખા ગૃહસ્થાશ્રમના જીવનની રૂપરેખાનો ચિતાર આવી જાય છે.

હવે મૂળ દશાનો વિચાર કરીએ કે– ' **न्यायसंपन्न विभवः** ' એ તો એકડે એકની માફક પ્રથમ જ ગુણ છે. પાયા વિના જેમ મહેલ નિરર્થક છે, તેમ સત્ય અને ન્યાય વિના દાન પૂણ્ય સર્વ નિરર્થક છે અર્થાત્ મોક્ષ માર્ગ આપનાર નથી, પણ સંસાર ફળ આપનાર છે.

બીજ, ભૂમિ તથા વરસાદ એ ત્રણે પ્રકારની સંપૂર્ણતા હોય તો જ ફળની પણ વિશેષ વૃદ્ધિ થાય છે અને ત્રણમાં બીજ બળેલ હોય, વરસાદ ન હોય અથવા ભૂમિ ક્ષારયુક્ત હોય એમ એ ત્રણમાંથી એકની પણ ખામી હોય તો આ ફળનો અભાવ થાય છે અને ત્રણમાં જેટલી મંદતા હોય તેટલી ફળની ન્યૂનતા હોય છે.

તેજ દષ્ટાંતે દાન, પુન્ય, વગેરે ધર્મક્રિયાઓ કરવા છતાં આત્મોન્નતિ થતી જણાતી નથી, કર્માવરણોની ક્ષીણતા થતી જણાતી નથી, કષાય વિષયાદિ દોષો, આશા, તૃષ્ણા તથા માયાની મંદતા થતી નથી, તેનું કારણ અનીતિ અને અસત્ય દોષથી સત્ફળનો નાશ થતો જણાય છે. મણ દૂધપાકમાં જેમ અલ્પ ઝેર પડવાથી બધો દૂધપાક કડવો થાય છે, તેમ **સત્ક્રિયામાં અનીતિ તથા અસત્યરૂપ ઝેર પડવાથી ક્રિયા નિષ્ફળ થાય** છે.

**શાલિભદ્ર**નો પૂર્વ ભવનો જીવ પોતે રબારી કુળમાં ગરીબ સ્થિતિમાં હતો. પૂર્વના દિવસે પાડોશીના ઘરે મિષ્ટાન્ન જોઈ તે ઘેર માતા પાસે તેવા સ્વાદિષ્ટ ખોરાકને માટે રોવા લાગ્યો. ગરીબ માતા પાસે પૈસાનું સાધન ન હોવાથી છોકરાને તેવી હઠ ન કરવા સમજાવ્યો, પણ અજ્ઞ બાળક સમજ્યો નહિ અને વધારે રોવા તથા તોફાન કરવા લાગ્યો. એટલે પાડોશીને દયા આવતાં કોઈએ દૂધ, કોઈએ સાકર અને કોઈએ ચોખા આપવાથી તેની માતાએ ખીર બનાવી.

મહા મુશીબત અને રૂદનથી ખેદ કરી ખીર મેળવનાર બાળકને ખીર ઉપર તીવ્ર પ્રીતિ છતાં સંસ્કારબળને લઈ તેના અંતરમાં સ્વાભાવિક ગુરૂભક્તિની સ્ફુરણા થઈ કે, ' જો તપસ્વી સાધુ મહાત્મા આવે, તો

તેની ભક્તિ કરી તેને ભિક્ષા આપી ભોજન કરું.' "ભાવના સદૃશી સિદ્ધિ:" તે બાળકની નિર્મળ ભાવનાથી તરત માસોપવાસી સાધુ પ્રારણાર્થે તે ગરીબને ઘેર ભિક્ષા લેવા આવ્યા. દિવ્ય મૂર્તિ સાધુને દેખતાં જ તેના રોમેરોમમાં આનંદ વ્યાપી રહ્યો. તરત જ હર્ષથી ઉભા થઈ પ્રસન્ન ચિત્તથી મુનિના પવિત્ર ચરણમાં શિર નમાવી બે હાથ જોડી સપ્રેમ વંદન કરી ક્ષીરની ભિક્ષા આપવા તૈયાર થયો.

ધર્મશાસ્ત્રોમાં જણાવ્યું છે કે પૌદ્‌ગલિક પદાર્થો કરતાં પારમાર્થિક સન્નિમિત્તો ઉપર જેને ઉત્કૃષ્ટ પ્રેમ હોય તે પરમાર્થ નિમિત્તોને જોઈ પ્રસન્ન ચિત્તવાળો હોય છે, તેવા પરમાર્થ-નિમિત્ત પ્રત્યે પ્રેમ કરનાર પુણ્યાનુબંધી પુણ્ય બાંધે છે અને તે અલ્પભવી જ હોય છે.'

આ ફરમાન મુજબ તે ગોપબાળકની પણ તેવી જ પ્રીતિ અર્થાત્ ખેદ રૂદનથી કષ્ટે મેળવેલ ખીરમાં પોતાની તીવ્ર લાલસા છતાં સૌમ્યમૂર્તિ સાધુને નિરખતાં જ ક્ષીર પ્રત્યેની ઉત્કૃષ્ટ લાલસા મંદતાને પામી અને મહાત્મા પ્રત્યે પ્રીતિની ઉત્કૃષ્ટતા થઈ. એટલે તરત ક્ષીરના વાસણને ઉપાડી મુનિને આપવા પહેલાં ક્ષીર પ્રત્યેની પ્રિતિ જો કે મંદ થઈ છે, તથાપિ સર્વથા તે ક્ષીર પ્રત્યેનો મોહ ક્ષીણ થયો નથી, તેથી અર્ધી ક્ષીર મુનિને આપવાનો મનમાં સંકલ્પ થયો. એટલે ક્ષીરની અર્ધ ભાગની ખબર પડે માટે ક્ષીરની વચ્ચે, લીટો તાણ્યો, પરંતુ પરમાર્થ માર્ગના દાતા એવા સત્પુરૂષ પ્રત્યેની પ્રીતિમાં દેહાધ્યાસ બુદ્ધિ અને જગદાકાર વૃત્તિનો લય થઈ ગયેલ હતો, સંતમય વૃત્તિની એકાગ્રતા ન થાય તો પરાભક્તિ જ નથી અને તેવી સાચી ઉત્કૃષ્ટ ભકિત વિના મોક્ષ પણ નથી.

'અહા! મારે ગરીબને ઘેર જંગમ કલ્પવૃક્ષ! અહા! મારે ત્યાં સંત ભગવાનનાં પગલાં! આજે મારો દિવસ અને જન્મ સફળ થયો.' એવી ગુરૂભકિતની ઉત્કૃષ્ટ ધારામાં અંતઃકરણ ઉલ્લસિત થતાં પ્રેમભકિતના પ્રબળ વેગમાં પોતે ગુરૂમાં એકમય થઈ જવાથી 'આ મારી ક્ષીર છે

અને હું એને આપું છું તથા આ મારા ગુરુ છે અને ક્ષીર લે છે, આ સંત મહાત્માને આટલી ક્ષીર આપીશ અને આટલી મારા માટે રાખીશ, એવી દેહાધ્યાસ અને જગદાકારવૃત્તિ રૂપ દ્વંદ્વભાવનો ધ્વંસ થવાથી ગુરુના પાત્રમાં બધી ક્ષીર પડી ગઈ, ત્યાં સુધી પણ ક્ષીર પ્રત્યે લક્ષ્ય જ ન રહ્યું.

તેમ જ ગુરુ પણ સમયજ્ઞ મહાત્મા હતા. આ ગરીબના ઘરની બધી ક્ષીર પોતાના ઉદરનું પોષણ કરવા તેમને એક રોમમાં અણુમાત્ર પણ ભાવના ન હતી, પરંતુ ક્ષીરના દાનથી મહાત્માની ઉત્કૃષ્ટ સેવા ભક્તિએ ચડેલ અંતઃકરણને ક્ષીર થોડી નાખવા અથવા 'હવે નાખીશ નહિ' એવા શબ્દોથી સ્ખલના થતાં આત્મસિદ્ધિ થવામાં મારા શબ્દો તેના ઉત્કૃષ્ટ ભાવને સ્ખલિત કરી અંતરાયરૂપ થશે એમ જાણી નિરૂપાયે મહાત્માને મૌન ધારણ કરવાની આવશ્યકતા જણાઈ હતી.

આ ક્ષીરના અલ્પ દાનથી પણ તે આત્મા શાલિભદ્રનો જન્મ પામી ઋદ્ધિસંપન્ન થયા અને સર્વાર્થસિદ્ધ વિમાનમાં સુખ ભોગવી એક ભવમાં મોક્ષે જશે.

**અરિમર્દન** નામના રાજા એક સાધુ મહારાજને એક જ વસ્ત્ર વહોરાવવાથી તે જ ભવે અનંત કર્માવરણોનો લય કરી અવ્યાબાધ એવા પરમપદને પામ્યા. શાસ્ત્રમાં પણ ચિત્ત (નિર્મળ ભાવ) વિત્ત (ન્યાયસંપન્ન) પાત્ર (સદ્‌ગુરુ) એ ત્રણેના સમન્વય યોગથી જ સિદ્ધિ થવાનું જણાવ્યું છે.

**શંખરાજા** અને તેની રાણી મુનિને માત્ર દ્રાક્ષજળના દાનથી નવમે ભવે **નેમનાથ** તીર્થંકર અને રાજેમતીનો જન્મ પામી મોક્ષે ગયા.

**બલભદ્ર** મુનિને લુખ્ખો આહાર આપનાર સુતાર એકાવતારી થઈ મોક્ષે જશે.

આ ઉપરથી આપણને વિચારવાનું છે કે એક જ મહાત્માને માત્ર એક જ વખત આહાર, પાણી, વસ્ત્રાદિ સામાન્ય વસ્તુના દાનથી એક બે વા ત્રણ કે તે જ ભવે મોક્ષપદને પામ્યા તથા પામવાના હજારો દૃષ્ટાંતો શાસ્ત્રમાં મોજુદ છે. જ્યારે અત્યારે આપણે સેંકડો મુનિઓને હજારો ઉંચા ઉંચા સ્વાદિષ્ટ ખોરાકો, પાત્ર, વસ્ત્ર વગેરે હજારોના કિમતી દાન આપ્યા છે અને આપીએ છીએ; છતાં માગ્યા ઘરની ક્ષીર આપનાર અથવા શેર પાણી આપનાર જેટલી અંતર નિર્મળતા વા આત્મસિદ્ધિ થઈ વા થતી જણાય છે કે નહિ? અરે! તેના જેટલી નિર્મળતા કે શ્રેયતા થવી તો દૂર રહી; પરંતુ તેનાથી અલ્પાંશે પણ નિર્મળતા જણાય કે નહિ? જો તેમ ન જણાતું હોય તો શું સમજવું? તો ધીરા ભકતની કહેવત પ્રમાણે—

"કાંતો ગુરુ બાવળીઓ મળીયો, કાંતો જીવ તું પાપી;
ધર્મ પ્રયાસ અનંતા કરતાં, કર્મજાળ નવી કાપી રે."

આ પ્રમાણે કાં તો ગોપબાળકની ક્ષીર લેનાર નિષ્કામી પરોપાકરી સંત નહિ અને કાં તો ગોપાલક જેટલી ચિત્તની પ્રસન્નતા ઉત્કર્ષતા નિર્મળતા નથી, નહિ તો સેંકડો સાધુઓને હજારોનું દાન કરનાર તથા હજારો રૂપિયા ધર્મ માર્ગે ખરચનારાના આત્માની ઉત્કૃષ્ટતા, નિર્મળતા થયા વિના રહે જ કેમ?

કદાચ અહીં કોઈ બચાવ કરશે કે અમે આપેલ દાનની હમણા શું ખબર પડે? એ તો આવતા અથવા પછીના કોઈ ભવમાં તેનું ફળ જણાશે.' તો ઉત્તરમાં જણાવીશ કે, 'ફળની ઇચ્છા કરનારને દાનથી પરમાર્થ માર્ગ મળતો નથી, પણ સંસારની જ વૃદ્ધિ થાય છે. નિષ્કામ કર્મ એ જ મોક્ષનું પરમ સાધન છે. જેથી તમે આપેલ દાનનું ફળ ભવિષ્યમાં બે ચાર કે પચીશ ભવે તમને ભલે મળે, તમારા આપેલ દાનથી ભવિષ્યમાં તમને ધનાઢયપણું કે રાજાપણું

મળે તેની સાથે અમારે સંબંધ નથી અથવા ફળમાં અમે ભાગ લેવા ઇચ્છતા જ નથી. તમને ભવિષ્યમાં ફળ મળે કે ન મળે અથવા તરત મળે કે હજાર ભવ પછી મળે, તેનો અહીં સંબંધ નથી.

અહીં તો આટલું જ જણાવવાનું છે કે, તમે સાધુ મહાત્માઓની ભક્તિ કરી દાન પુન્યમાં હજારો વાપર્યા પહેલાં તમારા હૃદયમાં જે આશા તૃષ્ણા માયાદિ દોષો હતા, કષાય વિષયાદિનું જે બળ હતું, સ્ત્રી, ધન, કુટુંબ તથા દેહ પ્રત્યેનો જે મોહ હતો, તે હજારોનું દાન કરતાં તમારા હૃદયમાંથી ક્ષીણ કેટલા થયા? મોહ મૂર્છા કેટલી ઓછી થઈ? છળ પ્રપંચમાંથી કેટલાક મુકત થયા? અનીતિ અસત્યથી કેટલા છૂટયા? દયા, શાંતિ, પરોપકાર ઐક્યતા, નીતિ, સત્ય, ક્ષમા વગેરે સદ્‌ગુણોની કેટલી વૃદ્ધિ થઈ?

જો દોષ પ્રવૃત્તિનો નાશ અને સદ્‌ગુણોની વૃદ્ધિ દાન આપ્યા પહેલાંના કરતાં દાન આપ્યા પછી ન થઈ હોઈ તો તમે કરેલ પ્રવૃત્તિ તે વાસ્તવિક સાચી નથી, પણ તેમાં કાંઈક ઝેર પડી ગયું છે.

જૈન શાસ્ત્રમાંથી કોઈ પણ વિદ્વાન સાધુ કે શ્રાવક એવું સિદ્ધ કરી આપશે કે, કુડ કપટ, છળ પ્રપંચ, અનીતિ કે અસત્યના મહાપાપથી લાખો રૂપિયા કમાઈ હજારોનું દાન કરી ઉપાશ્રય ચણાવી, ધર્મશાળા કે પાઠશાળા બંધાવી, ઉજમણા કે મહોત્સવ કરી, દેવ ગુરુ ધર્મના નિમિત્તે કલેશ કુસંપ વધારી, વૈર વિરોધ બાંધી કોર્ટે હજારો રૂપિયા ખરચી, હજારોનું દાન કરી, અનીતિ વા અસત્ય પૈસાની કમાણીનુ દાન કરી કોઇ પણ મોક્ષે ગયો હોય તેવો એક પણ દાખલો જૈન શાસ્ત્રોમાં છે જ નહિ.

માટે અત્યારે લાખો રૂપિયાનું દાન સમાજમાં જે વર્ષોવર્ષ થાય છે, છતાં સમાજની હરેક પ્રકારે પડતી થવાનું કારણ એ જ છે કે, અનીતિ તથા અસત્યના લાખો રૂપિયા મેળવી હજારોનું દાન કરી

ધર્મની ભ્રષ્ટતા થઈ ગઈ છે. **સત્ય નીતિથી કમાયેલ પૈસાનું સત્પાત્રમાં નિષ્કામપણે અલ્પ પણ દાન કરવાથી જ આત્માની સિદ્ધિ છે, પણ અનીતિ, અસત્ય અને સકામ ભાવનાએ લાખો રૂપિયા દાન કરનારને પરમાર્થ માર્ગનો અંશ પણ મળી શકે તેમ નથી, એ વાત નિર્વિવાદ સત્ય છે.**

**શાસ્ત્રોમાં અનીતિ, અસત્ય તથા સકામપણાથી થતી ધર્મકરણીને આત્મઘાતી ક્રિયા કહી છે.**

આ લોક પરલોકની વાંછનાએ, ધન, ધાન્ય, સ્ત્રી, કુટુંબ કે રાજ્યની ઇચ્છાએ, પૌદ્ગલિક સુખની ઇચ્છાએ, માન પૂજા મેળવવાની લાલસાઓને ગરલ ક્રિયા તથા વિષ ક્રિયા (ગરલ વા ઝેરની માફક આત્માનો ઘાત કરનારી) કહી છે, જેથી પરમાર્થ માર્ગનો ઘાત થાય છે અને સંસારની વૃદ્ધિ થાય છે.

# ૩

# દાન અને ઉદારતા

પ્રવચનકાર :

**આચાર્યશ્રી વિજયરામચંદ્રસૂરિજી**

*

## ઉદારતા એ જ સદાચાર રૂપી વૃક્ષનું બીજ છે.

*

### માનવજીવનમાં ઉત્તમોત્તમતાની અને અધમાધમતાની પણ શકયતા

માનવજીવનની મહત્તા સદાચારને આભારી છે. સદાચારોનું સુન્દરમાં સુન્દર કોટિનું આચરણ એક માત્ર મનુષ્યથી જ શકય છે. સર્વોત્તમ કોટિના સદાચરણવાળું જીવન તો માત્ર માણસો જ જીવી શકે છે; નથી એવું જીવન નારકીના જીવો જીવી શકતા, નથી એવું જીવન તિર્યંચના જીવો જીવી શકતા કે નથી એવું જીવન દેવલોકના જીવો પણ જીવી શકતા! અને એથી જ તત્ત્વજ્ઞાની મહાપુરુષોએ આ મનુષ્યજન્મની મહત્તા ગાઈ છે.

અન્ય ગતિઓના જીવોનાં જીવનો કરતાં મનુષ્યગતિના જીવોનાં જીવનોની આ મોટામાં મોટી વિશિષ્ટતા છે, પરન્તુ આ મનુષ્યજન્મ એ મોટામાં મોટું ભયસ્થાન પણ છે. અધમાધમ આચરણોની પણ જે શકયતા આ મનુષ્યગતિમાં છે, તેવી શકયતા અન્ય ગતિઓમાં નથી. આ જીવન એવું છે કે આને અધમાધમ પ્રકારે પણ જીવી શકાય. આમ છતાં પણ, આ જીવનમાં ઉત્તમોત્તમ પ્રકારનાં સદાચરણથી જીવવાની શકયતા હોઈને જ તત્ત્વજ્ઞાનીઓએ આ જીવનની મહત્તા ગાઈ છે.

'મારૂં જીવન અધમાધમ કોટિનું પણ બની શકે છે.' એ વાતનો ખ્યાલ રાખીને, માણસે ખૂબ સાવચેત બની જવું જોઈએ અને 'મારૂં જીવન ઉત્તમોત્તમ કોટિનું પણ બની શકે છે' એ વાતનો ખ્યાલ રાખીને માણસે પોતાના જીવનને સર્વોત્તમ કોટિના ગણાય તેવા સદાચરણથી સમલંકૃત કરવાના પ્રયત્નમાં લાગી જવું જોઈએ. નારકો, તિર્યંચો અને દેવતાઓ પણ જે ન કરી શકે, તે મારાથી શકય છે એ વિચારથી આત્મામાં જોમ પેદા કરવું જોઈએ અને 'કેમ મારૂં જીવન સદાચરણમય બને' એ લક્ષ્યથી બધા પ્રયાસો કરવા જોઈએ.

જ્યાંથી વધુમાં વધુ નીચી ગતિમાં પહોંચી શકાય અને જ્યાંથી ઉત્તમોત્તમ સ્થાને પણ પહોંચી શકાય એવું આ મનુષ્યગતિનું જીવન છે. આ કાળમાં આ ક્ષેત્રમાંથી માણસો એટલે બધે નીચે કે એટલે બધે ઉંચે પહોંચી શકતા નથી, છતાં પણ ઉત્તમોત્તમ સ્થાને પહોંચવાના પ્રયાસો તો અન્ય ગતિઓના જીવો ન કરી શકે તેવા કરી શકે છે. આપણે આવા મનુષ્યજીવનને પામ્યા છીએ, એટલે જ આપણને તત્ત્વજ્ઞાની મહાપુરુષો એ જ એક પ્રેરણા કર્યા કરે છે કે આત્માને ઓળખો અને આત્માના ભલાને માટે સદાચરણશીલ બનવાનો થાય તેટલો પ્રયત્ન કરો.

## દાનેશ્વરી ઉદાર જ હોય એવો નિયમ નહિ

જેણે પોતાના જીવનને સુંદર પ્રકારે સદાચરણશીલ બનાવવું હોય તેણે સૌથી પહેલાં ઉદારતા ગુણને કેળવવો જોઈએ. ઉદારતા વિના સદાચારમય જીવન જીવી શકાય એ શકય નથી. સદાચાર રૂપ વૃક્ષ માટે ઉદારતા બીજની ગરજ સારે છે.

દાનેશ્વરીપણું એ જ ઉદારતા છે એમ નથી. દાનેશ્વરીપણું એ પણ ઉદારતાનું એક ફળ છે એમ કહી શકાય, પણ દાનેશ્વરી ઉદાર જ હોય એવો નિયમ નહિ. દાન ઘણું દેનારો પણ ઉદારતાથી દાન ન દેતો હોય અને કોઈને કોઈ પ્રકારની દુન્યવી સ્વાર્થથી દાન દેતો

હોય એ અશક્ય નથી. ઉદાર હોય તે શક્ય હોય તો દાનમાં ભંડારોના ભંડારો દઈ દે એમાં ના નહિ. પણ દાનમાં ભંડારોના ભંડારો દઈ દેનારો ય ઉદાર ન હોય એ શક્ય છે.

**ઉદારતા હૃદયની વિશાળતા માગે છે.** પોતાના સુખના ભોગે પણ પરાયા સુખની વાંછા અને તે પણ પોતાના કોઈ પણ પ્રકારના દુન્યવી સ્વાર્થ વિના જ, એ ઉદારતા છે. જેનામાં આવી ઉદારતા હોય, તે શક્ય હોય તો પરોપકાર માટે સર્વસ્વને તજવાની તૈયારી બતાવ્યા વિના રહે જ નહિ. આપી શકે તે જ ઉદાર એમ નહિ, પણ **નિઃસ્વાર્થપણે આપવાની વૃત્તિવાળો જ ઉદાર.**

**ઉદારતા અન્તઃકરણની વસ્તુ છે.** દાનાનિક એનું ફળ છે. દાન કરવા માટે સામગ્રી જોઈએ અને એ તો પુણ્યના યોગ વિના મળે નહિ. ત્યારે જેને પુણ્યના યોગે ઘણી સામગ્રી મળી હોય, તે જ ઉદાર બની શકે? ના, ઓછામાં ઓછી સામગ્રીવાળો પણ ઉદાર બની શકે. જે કોઈ બીજાને દઈ શકે નહિ તે ઉદાર નહિ એમ નથી, પરંતુ **જેને કશા પણ દુન્યવી સ્વાર્થ વિના દેવાનું મન થાય છે તે ઉદાર છે.**

## પોતાના જ સુખનો વિચાર કરનારમાં ઉદારતા આવે નહિ.

આવી સ્થૂલ ઉદારતાનું શિક્ષણ, એ આર્યદેશમાં નવાઈનો વિષય ગણાય નહિ. આર્ય દેશની સુન્દર સંસ્કૃતિમાં ઉછરેલાઓને તો ઉદારતાનું શિક્ષણ બાળપણમાંથી મળે. માતા, પિતા આદિ વડિલો તેમ જ શિક્ષણદાતાઓનું વર્તન જ એવું હોય કે બાળકો ઉપર ઉદારતાના સંસ્કારો સીંચાયા કરે. એને એમ થયા જ કરે કે આપણે તો દુઃખ વેઠી લઈને પણ બીજા દુઃખીઓના દુઃખને નિવારવાનો ઉપાય કરવો જોઈએ.

આર્ય દેશમાં વડિલોના આચરણ દ્વારા પણ એ સંસ્કારો મળે અને ભણતર પણ એવું હોય કે એના દ્વારા એ જ સંસ્કારો પોષાયા

કરે. વર્તમાનની તમારી રહેણી–કરણી અને અત્યારની શિક્ષણપદ્ધતિ લગભગ એવા પ્રકારની છે કે ગમે તેમ કરીને પણ મારે જ સુખી થવું, એવા સંસ્કારો બાળકોમાં રૂઢ થવા પામે !

**જે માણસ કેવળ પોતાના સુખનો જ વિચાર કરે, તેનામાં ઉદારતા આવે નહિ.** બીજાઓના સુખનો વિચાર આવ્યા વિના, ઉદારતા આવે જ શી રીતે? બીજા પણ સુખી થાય તો ઠીક, એવી ભાવના આવે તો 'બીજાઓ સુખી થાય એ માટે હું કાંઈક કરું' એવી ઉદારતાની થોડી પણ વૃત્તિ પ્રગટે.

આજે તો પોતાના સુખમાં મશગૂલ બન્યા રહેવાની વૃત્તિ કેળવાતી જાય છે અને એથી જે ઉદારતાને પ્રગટાવવાનું દ્વાર છે, તે બંધ થતું જાય છે. **ઉદારતા ત્યાગ માગે છે, જ્યારે આજે મોટે ભાગે વૃત્તિ ત્યાગની નથી, પણ ભોગની છે.** તમે ભોગમાં જ મશગૂલ હો અને બીજાઓના સુખનો વિચાર કરવા જેટલી તૈયારી પણ તમારામાં ન હોય, તો વ્યાખ્યાન સાંભળવા માત્રથી ઉદારતા થોડી જ આવી જવાની છે? અહીં તમારી પાસે મૂકાતી વાતોનો તમે વિચાર કરો અને નિર્ણય કરો કે કોઈના ય તરફ જોયા વિના મારે તો ઉદાર બનવું જ છે, તો તમને જરૂર લાભ થાય.

ભોગને બદલે ત્યાગના વિચારની પ્રધાનતા આવવી જોઈએ. એમ થવું જોઈએ કે 'જનાવરોમાં પણ પોતાના સુખનો વિચાર હોય છે, જ્યારે હું તો માણસ છું. મનુષ્ય થઈને હું મારા સુખનો જ વિચાર કરું તે વ્યાજબી નથી. મારા નિમિત્તે મારી પાસેનાં સાધનો દ્વારા બીજાઓના દુઃખનું નિવારણ થાય, બીજાઓના સુખમાં હું નિમિત્ત બનું, એમાં જ મારી માણસાઈ છે.'

## ઉદારતાના યોગે થતો ગુણવિકાસ

સાચી ઉદારતા ક્રમે કરીને માણસને એ કક્ષાએ પણ પહોંચાડે છે કે એને સારા ય જગતના જીવોનું દુઃખ જાય અને સૌ કોઈ સુખી

બને એવો વિચાર આવે. એવો વિચાર આવે એટલું જ નહિ પણ એ વિચારને અમલમાં મૂકવાનો પણ અદ્‌ભુત કોટિનો ઉત્સાહ પ્રગટે.

ઉદારતાના યોગે જેમ અન્ય જીવોના આલોક સંબંધી હિતનો વિચાર આવે છે, તેમ તેમના પરલોકસંબંધી હિતનો વિચાર પણ આવે છે અને એ વિચાર વધતે વધતે એ કક્ષાએ પહોંચે છે કે સારા ય સંસારના જીવો મુકિતને પામે. સારા ય સંસારના જીવો મુક્તિને પામો એટલો જ વિચાર નહિ, પણ એવી ય ભાવના પ્રગટે કે કયારે મારામાં એવી શકિત આવે, કે જેના યોગે હું સારા ય સંસારના સઘળા જીવોને અન્ય સર્વ વસ્તુઓની રસિકતાથી મુક્ત બનાવી દઉં અને એક માત્ર મોક્ષમાર્ગની જ રસિકતામાં મગ્ન બનાવી દઉં !

ઉદારતા ક્રમે કરી માણસને એટલી બધી ઉચ્ચ કક્ષાએ અને સર્વોત્તમ કક્ષાએ પણ પહોંચાડી દે છે, એ ઉદારતાની જેવી તેવી મહત્તા નથી. એટલી ઊંચી અગર સર્વોત્તમ કક્ષાએ પહોંચવાને માટે બીજા ઘણા ગુણોને અપનાવવા પડે છે, પરંતુ જો કેવળ પોતાના જ સુખનો વિચાર હોય અને બીજાઓના દુઃખનું નિવારણ કરવાનો કે તેમને સુખી કરવાનો વિચાર ન હોય, તો તેવા માણસમાં માણસને ઉચ્ચ અગર સર્વોત્તમ કક્ષાએ પહોંચાડનારા ગુણો પ્રગટી શકતા જ નથી. આ કારણે, માનવજીવનને સાર્થક કરવાને માટે, ઉદારતા એ સૌથી પ્રથમ આવશ્યક વસ્તુ છે.

## કોઈના ય સુખનો દ્વેષ નહિ

જેનામાં ઉદારતા ગુણ પ્રગટે છે, તે પોતે ગમે તેટલો દુઃખી હોય તે છતાં પણ, બીજાઓના સુખની તેને ઈર્ષા આવતી નથી. કોઈના ય સુખમાં પથરો આડે નાખવાની કે કોઈના ય સુખને લૂંટી લેવાની વૃત્તિ, એના અંતઃકરણમાં પ્રગટતી નથી. બીજાને સુખી જોઈને દુઃખી થાય એવું એનું હૈયું હોતું નથી, પણ બીજાને સુખી જોઈને પ્રસન્ન થાય એવું એનું હૈયું હોય છે.

તમે માગો તે છતાં ય સુખી માણસ કદાચ તમને તમારી માગેલી વસ્તુ ન આપે, તો પણ એના સુખ પ્રત્યે તમને દ્વેષ તો ન જ આવે, એની દયા જ આવે, બિચારો પૂર્વભવનું પુણ્ય ખલાસ કરી રહ્યો છે અને નવું પુણ્ય ઉપાર્જતો નથી તથા ભોગાદિકમાં જ રક્ત રહે છે, એટલે પોતાના સુખનો પોતે જ નાશ કરી રહ્યો છે, એવા વિચારથી એની દયા આવે. દીન, હીન આદિને આ આપતો નથી, તો પર ભવમાં પામશે શું ? એવી દયા આવે.

એના પુણ્યે એ પામ્યો છે અને તમારા પાપના ઉદયથી તમને મળતું નથી, તેમાં સુખી માણસના સુખનો દ્વેષ કરવાને કારણ શું છે ? પણ પોતાનું નહિ આપેલું અને બીજાએ પોતાના પુણ્યયોગે મેળવેલું સુખ પણ, જેઓમાં ઉદારતા નથી હોતી, તેમનાથી ખમી શકાતું નથી. સુખી માણસોના સુખ પ્રત્યેના દ્વેષમાંથી તો આજે અનેકવિધ અનર્થકારક ચળવળો ઊભી થવા પામી છે.

## કોઈના ય દુઃખને ટાળવાને મથવાનો સ્વભાવ

જેનામાં ઉદારતા ગુણ પ્રગટે છે, તે જેમ બીજાને સુખી જોઈને દુઃખી થતો નથી, તેમ તે બીજાને દુઃખી જોઈને દુઃખી થયા વિના પણ રહી શકતો નથી. પોતાના દુઃખ કરતાં પણ બીજાના દુઃખની અસર તેને ઝડપથી થાય છે, અને પોતાના દુઃખના નિવારણને ગૌણ બનાવીને પણ બીજાના દુઃખનું નિવારણ કરવાનું મન થઈ જાય છે.

આજે તમને આ વાત ઘણી કઠણ લાગવાનો સંભવ છે, પણ ઉદારતા ગુણને પામેલામાં તો એ વસ્તુ સ્વભાવરૂપ હોય છે. એ માણસ પોતાની પાસે જે કાંઈ શકિત–સામગ્રી હોય, તેનાથી બીજાઓના દુઃખનું નિવારણ કરવાનો પ્રયત્ન કરે છે. એની દયા વાતોડિયાની દયા હોતી નથી. વાતડાહ્યાઓ દયાની વાતો તો મોટી મોટી કરે, પણ દુઃખી માણસને જોઈને 'બિચારો દુઃખી છે' એમ કહીને ચાલતા થાય. બીજાનું દુઃખ એને અડે–આભડે નહિ. ઉદારતા ગુણ પ્રગટ્યો હોય તો એવું બને નહિ.

## ઉદારતામાંથી થતું સદાચારોનું સર્જન

જેનામાં ઉદારતા ગુણ પ્રગટે છે, તે જેમ બીજાના સુખથી આનંદ અનુભવે છે અને બીજાના દુઃખને પોતાનું દુઃખ બનાવી લે છે, તેમ તેને એમ પણ થાય છે કે કોઈનું સુખ જાય અને એથી મને સુખ મળે એવું સુખ મારે નહિ જોઈએ; કોઈના પણ દુઃખમાં હું નિમિત્ત બનું નહિ, તેની મારે કાળજી રાખવી જોઈએ. કોઈને ય હું દુઃખી તો કરું નહિ. પણ મારા નિમિત્તે કોઈ દુઃખી થાય એમ પણ બનવું જોઈએ નહિ. આવું હૃદય ઉદારતા ગુણને પામેલાનું બને છે.

મારા નિમિત્તે કોઈ જીવ દુઃખી થવો જોઈએ નહિ. આવી વૃત્તિ જેનામાં પ્રગટે, તેને ધર્મની જરૂર પડે જ. એને લાગે કે મારે સૂક્ષ્મમાં સૂક્ષ્મ જીવની હિંસાથી પણ બચવું જોઈએ. હિંસાના ત્યાગ માટે અસત્યનો ત્યાગ પણ કરવો પડે, ચોરીનો ત્યાગ પણ કરવો પડે. અબ્રહ્મ ત્યાગ પણ કરવો પડે, ધનાદિકની મૂર્ચ્છાનો પણ ત્યાગ કરવો પડે, રાત્રિભોજનાદિનો ત્યાગ પણ કરવો પડે અને ક્રોધ–માન–માયા-લોભ આદિ આંતરશત્રુઓનો ત્યાગ પણ કરવો પડે. વળી ઇંદ્રિયોનો નિગ્રહ સાધવા સાથે એને શરીરને પણ ખૂબ કસોટીમાં મૂકવું પડે.

એક ઉદારતા ગુણ આવે અને એ ગુણ સુવિકસિત બને, તો સંસારસુખનાં સઘળાં ય બાહ્ય સાધનોને તજવાની વૃત્તિ જન્મે. મન તથા ઇંદ્રિયો ઉપર કાબૂ મેળવવાનું મન થાય અને આ શરીરનો મોહ પણ પ્રયત્નપૂર્વક તજવા જેવો લાગે. માણસ પોતાની પાસે એવું કાંઈ રાખે નહિ, કે જેની રક્ષા માટે પણ પોતાની ઉદાર ભાવનાને હાનિ પહોંચે અને શરીરનું પ્રવર્તન પણ એવા પ્રકારે કરે કે એનો હિસ્સો બીજા જીવોના રક્ષણાદિમાં જ હોય.

## ઉદાર પરમાત્મા અને પરમાત્માના માર્ગને શોધે

ઉદારતા ગુણ જો સાચા સ્વરૂપમાં વિકસિત બને, તો આનાથી પણ વિશેષ સુંદર પરિણામ આવ્યા વિના રહે નહિ. એને એમ થાય કે મારે કોઈ પણ જીવની હિંસાદિમાં નિમિત્ત બનવું નથી, તો મારે

જીવોના પ્રકારને પણ જાણવા જ જોઈએ. જીવો શામાં છે અને શામાં નથી, એ જાણ્યા વિના કે એના જાણકારનો આશ્રય લીધા વિના હિંસાદિથી બચાય નહિ.

માટે એ જીવને જ્ઞાની પુરુષની શોધમાં પડવું પડે. એને એવા જ્ઞાની પુરુષનો આશ્રય લેવો પડે, કે જે જ્ઞાની પુરુષને આ ચર્મચક્ષુથી ન દેખાય એવા પણ દેહધારી જીવોનાં સઘળાં ય સ્થાનોનું જ્ઞાન હોય. વળી ઉદાર હૃદયના માણસને એમ પણ થાય કે મારે જીવવાને માટે ખાનપાન આદિની જરૂર પડે છે. એટલે જ અન્નની હિંસામાં અજાણતાં પણ નિમિત્ત બનવાથી હું પરિપૂર્ણપણે બચી શકતો નથી. પણ જો મારે આ શરીર ન હોય તો મને ખાનપાનની જરૂર પડે જ નહિ.

શરીરના બંધનમાં હું શાથી પડ્યો છું? કર્મોના યોગથી! કર્મોના યોગથી સર્વથા મુક્ત બની જાઉં, તો જ મારી ઉદાર ભાવના પૂરેપૂરી સફલ બને. અહીં પણ તેને જ્ઞાની પુરુષની જરૂર પડે, કેમ કે કર્મના યોગથી સર્વથા મુક્ત બનવાનો માર્ગ તો કર્મો કેમ બંધાય છે, કેમ ઉદયમાં આવે છે અને એ કર્મોને કેવા પ્રકારે આત્માથી અલગ પાડી શકાય છે, એ તો અનન્તજ્ઞાની જ સ્વતંત્રપણે બતાવી શકે, અંશ માત્રે ય રાગ ન હોય, અંશ માત્રે ય દ્વેષ ન હોય અને અંશ માત્રે ય અજ્ઞાન ન હોય, એવા જ્ઞાની પુરુષનો માર્ગ જ એવા ઉદાર હૃદયના માણસને જોઈએ. આમ એ પરમાત્માના વિષયમાં સુનિશ્ચિત બની જાય. જે વીતરાગ અને સર્વજ્ઞ ન હોય, તે પરમાત્મા જ ન કહેવાય.

આજે એવા વીતરાગ અને સર્વજ્ઞ પરમાત્મા સદેહે ન મળે, તો કયો ધર્મમાર્ગ એવા પરમાત્માએ ઉપદેશેલો છે, એની શોધ પણ એવા ઉદાર હૃદયનો બનેલો માનવી કરે. સાચો ધર્મમાર્ગ અગર મોક્ષમાર્ગ તે જ, કે જે શ્રી વીતરાગ અને સર્વજ્ઞે કહેલો હોય. આવું નક્કી કરીને, એવા માર્ગનું જ પાલન અને એનો જ પ્રચાર કરનારા સાધુસંતોની એ

શોધ કરે. આમ ઉદારતા-ગુણને પામીને તેના સુંદર વિકાસને પામેલો આત્મા કેટલી બધી પ્રગતિ સાધી શકે !

## ઉદારતા ગુણના ફળની પરાકાષ્ઠા

દુનિયામાં ધર્મમાર્ગ તરીકે ઓળખાતા સંખ્યાબંધ માર્ગોમાંથી સાચા મોક્ષમાર્ગને શોધી કાઢયો અને એની અરાધના પણ કરવા માંડી, તો ય ઉદારતાની ભાવના એ એક એવી વસ્તુ છે કે એને સંતોષ થાય જ નહિ. કોઈ પણ જીવની હિંસામાં પોતે નિમિત્ત ન બને એવું જીવન તો પોતે સંપાદન કર્યું, પણ તેથી શું ? જગતના જીવોનું દુઃખ કાંઈ એટલા માત્રથી વેડફાઈ જાય ? ત્યારે પોતે સુખી બની જાય અને જગતના જીવો આમ ને આમ દુઃખી રહી જાય, એ એને ખટકયા વિના રહે ?

એને તો એમ જ થાય કે—शिवमस्तु सर्व जगतः । સારા ય જગતનું કલ્યાણ થાઓ !' એ આવી ભાવના ભાવે એટલા માત્રથી જ કાંઈ સારાય જગતના જીવોનું કલ્યાણ થઈ જાય નહિ. એટલે એ વિચારે કે **જે કલ્યાણમાર્ગને હું પામ્યો તે કલ્યાણમાર્ગને જો સારાય જગતના જીવો પામે અને આરાધે, તો અવશ્ય તેમનું કલ્યાણ થાય. પછી એ ઉદાર હૃદયનો માણસ પોતાની જેટલી શકિત અને યોગ્યતા હોય, તેને અનુસરે, જગતના જીવોને પોતે જે કલ્યાણમાર્ગને પામ્યો છે. તે કલ્યાણમાર્ગ તરફ આકર્ષવાનો એ જ કલ્યાણમાર્ગના રસિક સૌને ય બનાવી દેવાનો પ્રયત્ન આરંભે.**

એટલું કરવા છતાંય એનું ઉદાર હૃદય જંપે નહિ. એ તો વધુ ને વધુ ઝંખે. એટલે પાછું હૈયું એ જ ભાવનામાં રમવા માંડે કે જો મારામાં તેવા પ્રકારની શક્તિ આવી જાય, તો હું સારા ય જગતના જીવોને આ મોક્ષમાર્ગના રસિક બનાવી દઉં. આ ભાવનામાં જીવવિશેષે તરતમતા હોય પણ **સાચા મોક્ષમાર્ગને પામેલા જીવમાં આવી**

**ભાવના પ્રગટ્યા વિના તો રહે જ નહિ.** આજ સુધીમાં આવા તો અનન્તા મહાપુરુષો થઈ ગયા છે.

તમે તમારા મગજને કસીને વિચારશો તો તમને જરૂર લાગશે કે ઉદારતા ગુણુની પ્રાપ્તિ દ્વારા આવું અનુપમ કોટિનું સુંદર પરિણામ પણ જરૂર આવી શકે. આ ભાવનાની ઉત્કટતા આવતાં, એવું પુણ્ય પેદા થાય છે કે એ આત્માનો વીતરાગ અને સર્વજ્ઞ બનીને મોક્ષમાર્ગની સ્વતંત્રપણે એટલે અન્ય કોઈ પણ જ્ઞાનીના આશ્રય વિના જ, પ્રરૂપણા કરી શકે છે. એથી એમના જીવનકાળમાં સંખ્યાબંધ જીવો મોક્ષમાર્ગને પામી જાય છે. પણ એ તારકોએ પ્રવર્તાવેલો મોક્ષમાર્ગ તો એવા તારકોની મુક્તિ થયા બાદ પણ સંખ્યાબંધ વર્ષો પર્યંત અને સંખ્યાતીત વર્ષો પર્યંત પણ વિદ્યમાન રહે છે અને ઘણા ઘણા જીવો એના દ્વારા પોતાના અને બીજાઓના કલ્યાણને સાધનાર બની શકે છે. ઉદારતા ગુણનાં ફળની આ પરાકાષ્ઠા છે.

## ભૂતકાળમાં ભૂખમરો કેમ નહોતો ?

ભૂતકાળમાં આપત્તિ નહોતી જ આવતી એમ નહિ, પણ તે વખતે માણસો ઘણા ઉદાર હતા, ન હોય છતાં બીજાનું લેવાનું મન નહિ અને જેની પાસે હોય તે પોતાની સંપત્તિનો બીજાઓને માટે છૂટથી ઉપયોગ કરે, એટલે આપત્તિ જણાય નહિ. આ દેશમાં જ્યાં સુધી એવી દશા હતી, ત્યાં સુધી દુકાળના વખતમાં પણ માણસોનો અને ઢોરોનો ભૂખમરો આવ્યો નહોતો. આજે સુકાળ વખતે ય ભૂખમરો ચાલે એવી દશા છે. કેમકે સૌને લેવું છે અને દેવું કોઈને નથી. એ સ્થિતિ વધી છે.

એક વેપારીને કોઈ બીજા વેપારીને વધારે વેપાર કરતો જોઈને તેની ઈર્ષ્યા આવે છે. કોઈ પોતાની મેળે રળે તે ય ખમાતું નથી. સત્તાઓ પણ વેપાર કરવા મંડી ગઈ છે. લગભગ આખા બજાર ભૂમ

પાડે છે. કહેવત છે કે– ' જ્યાં રાજા વેપારી, ત્યાં પ્રજા ભિખારી. ' આ બધું કેમ બને છે? કોઈ પણ ડાહ્યો માનવી પરિચિતના સુખ-દુઃખનો વિચાર કર્યા વિના અને શક્તિ મુજબ તેને જરૂરી મદદ કર્યા વિના સુખનો ભોગવટો કરે જ નહિ, પણ કૃપણુતા તો ડાહ્યાને ય ગાંડા બનાવનારી છે. આવી દશામાં શાન્તિ કેમ મળે અને શાન્તિ કેમ વ્યાપક બને, એ વિષે તમે ભણેલા-ગણેલા, ને બુદ્ધિશાળીઓએ વિચાર કર્યો છે કે નહિ?

## લક્ષ્મીની લાલસા માણસને કેટલો નીચો બનાવે છે?

આર્ય દેશના આર્ય ગૃહસ્થો ભલે પૂરા ત્યાગી ન હોય, ઘરબારી હોય, પણ એમની ભાવનામાં ત્યાગ જરૂર હોય, આજે ત્યાગની ભાવના ઓસરી ગઈ છે, એના પરિણામે આર્ય દેશમાં રૂઢ બની ગયેલા સારા સંસ્કારો ઉપર પણ પૂળો મૂકાઈ ગયો છે.

પહેલાં તો એવું કે, ઘરના વડિલ, બધા જમ્યા કે નહિ અને એમને શી શી તકલીફ છે તેની ચિન્તા કરે, સ્ત્રી પતિને અને પુત્રાદિ પણ માતા, પિતાદિને જમાડીને જમે. પોતાના સુખના ભોગે પણ બીજાને સુખી કરવાની ભાવનાની પ્રધાનતા હતી. કુટુંબ સાથે બેસીને જમે, ત્યાં ય એ દેખાઈ આવે. સૌ ઉદારતાની વાતો કરે. સંબંધી કે પડોશી દૂઃખી હોય, તો તેની ચિન્તા કરે અને શક્તિ મુજબ આપી આવે.

આજે તો ઘરમાં ચિન્તા પ્રાયઃ કમાઉ માટે રખાય છે અને તે પણ સ્વાર્થ સરે ત્યાં સુધી! કુટુંબની મર્યાદા ઘણે અંશે લોપાઈ જવા પામી છે. લક્ષ્મી તુચ્છ લાગ્યા વિના ઉદારતા આવે શી રીતે? જેનામાં લક્ષ્મીની મમતા ઘણી હોય, તે ઉદારતાનો ઉપદેશ સાંભળવાને માટે ય નાલાયક ઠરે છે.

લક્ષ્મી મેળવતાં પાપ, સાચવતાં સળગી મરવાનું, ભાઈ-ભાઈ વચ્ચે કજીયા કરવા પડે, છતાં ય મૂકીને જ મરવાનું, એ બધું સાચું, પણ લક્ષ્મી જેને પરમેશ્વર રૂપે ભાસતી હોય, તેને ગળે આ બધી વાતો

શી રીતે ઉતરે? એ તો કહેશે કે—'લક્ષ્મી વગર જગતમાં સ્થાન નથી. પરમેશ્વરને માનનારને કોઈ પૂછતું નથી,' એક લક્ષ્મીની લાલસા માણુસ જેવા માણુસને કેટલી બધી હદ સુધીનો પાપી, નિષ્ઠુર અને ક્રૂર આદિ બનાવી શકે છે, એની કલ્પના તો કરી જુઓ!

લક્ષ્મી તજવા જેવી લાગે, તો એને મેળવવાની લાલસા ઉપર કાબૂ આવે, જરૂર હોય છતાં મહેનત કરવાથી ય ન મળે તો અનીતિ કરવાનું મન થાય નહિ અને હોય તો તેનો સદુપયોગ કરી લેવાનું મન થાય. એવા કુટુંબમાં સૌ પરસ્પરના સુખની ચિંતા કરે ત્યાં લક્ષ્મી માટેના ઝઘડા હોય નહિ. લક્ષ્મીનો જેટલો ત્યાગ, એટલું સુખ વધારે.

## પરમાત્માનું નામ સાચા ભાવે ક્યારે લેવાય?

લક્ષ્મી તુચ્છ છે એવું હૃદયમાં વસી જાય, તો પરમાત્માનું નામ પણ સાચા ભાવે લઈ શકાય. લક્ષ્મી જ સુખનું સાચું સાધન છે, એવું જેના હૈયામાં વસ્યું છે. તેના હૈયામાં પરમાત્માનો વાસ સાચા રૂપમાં હોઈ શકે નહિ. પરમાત્માનું એ નામ લેતા હોય, તો પણ તે પરમાત્માને પોતાની લાલસા પૂરી કરી આપનારા ગુલામ બનાવવાને ઇચ્છે છે. એવો માણુસ સાચે ભાવે પરમાત્માનું નામ લઈ શકે નહિ. એ નિષ્કામ ભક્તિ કરી શકે નહિ.

આર્ય દેશમાં જન્મીને આર્ય તરીકે ગણાતાઓમાં પરમાત્માનું નામ સાચે ભાવે લેનારા ખૂટતા જાય છે, એ શોચનીય બીના છે. લક્ષ્મી તુચ્છ છે. ભોગ તુચ્છ છે, સંસારના સુખમાં કાંઈ બળ્યું નથી. સુખ તો પરમાત્મસ્વરૂપમાં છે, એ સ્વરૂપને પામવામાં જ સાર્થકતા છે, એ વગેરે જેના હૈયામાં બેઠું હોય, એ જ પરમાત્માનું નામ સાચે ભાવે લઈ શકે છે. પરમાત્મા પાસેથી પામવા લાયક કોઈ વસ્તુ હોય, તો તે એ તારકનું સ્વરૂપ છે. એ જેવા સ્વરૂપને પામ્યા, તેવા સ્વરૂપને હું પણ પામું, એવી ઇચ્છાથી પરમાત્માનું નામસ્મરણ આદિ કરાય.

પૈસાટકા વગેરે માટે જ પરમાત્માને ભજનાર વસ્તુતઃ પરમાત્માને

ભજતા નથી, પણ પૈસાટકા આદિને જ ભજે છે અને પરમાત્માને પોતાની એ ઇચ્છાને પૂરી પાડી આપનારા બનાવવાને ઇચ્છે છે. પરમાત્માએ જેનો ત્યાગ કર્યો, ત્યાગ કર્યો એટલું જ નહિ પણ જેના ત્યાગને ઉપદેશ્યો, તે વસ્તુઓની તેને સુખનું સાધન માનીને ઇચ્છા થાય અને ઉપરથી એ ઇચ્છાને પરમાત્મા પૂરી કરે એવી ભાવના આવે, એ શું સારૂં છે? માટે લક્ષ્મી તુચ્છ છે, ભોગ તુચ્છ છે, સંસારનું સુખ તજવા લાયક છે, અને એક પરમાત્મ-સ્વરૂપ જ મેળવવા લાયક છે, એ વિચારમાં ખૂબ ખૂબ સ્થિર બની જાવ અને તે પછીથી પરમાત્માનું નામ લેવા માંડો, તો પરમાત્માની ભક્તિ સાચા રૂપમાં આવે.

## સખાવતમાં નામનાનો મોહ

પરમાત્માના નામસ્મરણમાં અને ત્યાગીને હાથ જોડવામાં જો તમારો ભાવ સાચા પ્રકારનો હોય, તો તમને લક્ષ્મી અને ભોગાદિ તજવા યોગ્ય તો છે જ એમ લાગે છે, એવું નક્કી થાય છે. હૈયામાં ઉદારતા પ્રગટાવવાને માટે આ વસ્તુ બહુ જરૂરી છે. લક્ષ્મીને સારી, સંઘરવા લાયક અને એનાથી જ સુખ મળે એવું જે માનતો હોય, તેનામાં હૈયાની ઉદારતા આવે નહિ. એ પૈસા આપે પણ એનું દાન વસ્તુતઃ દાન ન હોય પણ સખાવત હોય.

સખાવત કરનારને નામના મેળવવાની લાલસા ઘણી હોય. સખાવત કરનારને જે નામના જોઈતી હોય, તે જો તેને ન મળે તો એ બીચારો હૈયામાં દુઃખ અનુભવે. સાચા ઉદારને એવી ઇચ્છા થાય નહિ અને કવચિત્ એવી ઇચ્છા થઈ જાય તો ય તેને નામના ન મળે એથી કાંઈ દાન દીધા બદલ દુઃખ થાય નહિ. સખાવતી માણસો પ્રાયઃ પૈસા થોડા ખરચે અને બદલો મોટો લેવાને ઇચ્છે! દાન જેમ બને તેમ થોડું અને નામના જેમ બને તેમ મોટી. આવી ગણત્રી હોય છે. આજે દાન તરીકે દાન કરનાર થોડા છે, બાકી તો સખાવતો

ચાલે છે. **નામ છપાય, પોતાના નામના પથ્થરો મૂકાય, કીર્તિ મળે, એ જ હેતુપૂર્વક મોટે ભાગે સખાવત થાય છે** અને એવું કાંઈક મળે એટલે સખાવતનું ફળ મળી ગયું એવો સંતોષ અનુભવાય છે. એણે આપેલા પૈસાથી કેટલા જીવોને કેવા પ્રકારનો લાભ થયો એ એ ન જુએ, પણ મારું નામ ક્યાં ક્યાં ગવાયું અને ક્યાં ક્યાં ન ગવાયું એ એ જુએ '

## લક્ષ્મી અને ઝેર

ઝેર જેમ મારક છે, તેમ લક્ષ્મી પણ મારક છે. ઝેર મારક હોવા છતાં પણ, વૈદ્યના હાથમાં આવેલું ઝેર ભયંકર રોગને મટાડનારું પણ બને છે. વૈદ્યે તૈયાર કરી આપેલા ઝેરથી રોગ મટે, છતાં ઝેર પોતે તો મારનારું જ કહેવાય. તેમ લક્ષ્મી ખરાબ છે, પણ માણસ સારો બની જાય તો એનાથી સારાં કામો કરી શકે છે. અમુક માણસોએ પોતાની લક્ષ્મીનો વ્યય કરીને ઘણાં સારાં કામો કર્યાં, એમ કોઈ કહે તો સમજી લેવું કે એ પ્રતાપ લક્ષ્મીનો નથી, પણ એના વ્યયથી સારાં કામ કરનારા માણસના સારા હૈયાનો એ પ્રતાપ છે.

જેમ વૈદ્ય કે ડૉકટર ઝેરને પણ એવું બનાવી દઈને આપે કે એ ઝેર મારવાને બદલે જીવાડનાર બને અને રોગ કાઢી નાખે, તેમ સારા માણસના હાથમાં આવી ગયેલી લક્ષ્મી અનેક રીતે ઉપકારક બની જાય એ શક્ય છે.

લક્ષ્મીને જે તુચ્છ માને, તેને લક્ષ્મીને મેળવવાને માટે કરવું પડતું પાપ કરવું ગમે નહિ; લક્ષ્મી આવી મળે તો એ નાચેકૂદે નહિ અને લક્ષ્મી જાય તો એ રોવા બેસે નહિ; એટલું જ નહિ, પણ જ્યારે એ લક્ષ્મીને મૂકી દેવી પડે, ત્યારે એ મુંઝાય નહિ. જેમને લક્ષ્મી તુચ્છ નથી લાગી, તેઓ પોતાની લક્ષ્મીને તો ઉદારતાથી ખર્ચી શકતા નથી, પણ પારકી લક્ષ્મી તેમને વાપરવાને માટે મળી હોય તો પણ તેઓ તેનો જોઈએ તેવો સારો વ્યય કરી શકતા નથી.

## ઉદારતાના અભાવે
## કુટુંબમાં શું બને છે?

ઉદારતાનો અભાવ થઈ જવાથી આજની કૌટુમ્બિક સમસ્યા ગણુ વિકટ બની જવા પામી છે. કુટુમ્બમાંથી એકબીજાને મદદ રૂપ થવાની વૃત્તિ નાશ પામતી જાય છે અને લગભગ દરેકમાં પોતપોતાનો સ્વાર્થ સાધવાની વૃત્તિ પ્રધાન બનતી જાય છે.

આજે કુટુમ્બમાં મા અને દીકરા વચ્ચે અથવા બાપ અને દીકરા વચ્ચે પણ તકરારો થવા માંડી છે અને એ તકરારોનું કારણ જો તપાસવામાં આવે, તો લાગે કે એકને ઉપકારનો બદલો લેવો છે અને એકને પોતે રળાઉ થયો એટલે કોઈના ય ઉપકારને ગણકારવો નથી.

આજે છોકરાઓ મા-બાપના ઉપકારને માનતા નથી અને છોકરાઓ તરફની આશામાંથી મા-બાપ છુટી શકતા નથી. મા-બાપનો છોકરાઓ ઉપરનો મોહ જતો નથી, કેમ કે મમત્વ છે, આશા છે. છોકરો પેટમાં હોય ત્યાં તો જન્મોત્સવની તૈયારી કરે એવાં ય મા-બાપો છે. મોહમાં પડેલાં અને આશાના તંતુએ જીવનારા માતા-પિતાને કેટલાક છોકરાઓએ તો ગુલામ જેવાં બનાવી દીધાં છે.

આજે કેટલાંય મા-બાપો હૈયામાં વેદના અનુભવે છે, કેમકે છોકરાઓ તરફથી કંઈ કંઈ આશા રાખેલી અને અનુભવ થાય છે એથી ઊલટો! પણ પાછી આશા આવે છે અને એ મોહને જીવતો રાખે છે. જો મોહ ન હોત તો મા-દીકરા અને બાપ-દીકરા વચ્ચે શું થાત તે કહેવાય નહિ.

પણ આમાં મા-બાપનો દોષ ઓછો નથી. મા-બાપે છોકરાઓને જેવા પ્રકારે કેળવવા જોઈએ તેવા પ્રકારે કેળવવાની કાળજી રાખી નહિ અને છોકરાઓ ઉલ્લંઠ બને એવી રીતે કેળવાય છે એમ જાણવા છતાં પણ, મોહ અને સ્વાર્થથી એ વાતની ઉપેક્ષા કરી.

મા-બાપે છોકરાઓને મોક્ષમાર્ગના રસિયા બનાવવા તરફ લક્ષ્ય આપ્યું હોત, તો તેમને સંસારની કેળવણી આવા ઉલ્લંઠ બનાવી

શકત નહિ. મોક્ષમાર્ગનો રસિક બનનારો સાધુ જ બને એવો નિયમ નથી. સાધુ બને તો સારૂં, નહિ તો ઉત્તમ ગૃહસ્થ બને.

## ઉદારતા આવે તો–

આજે જે સત્તાધીશો અને સંપત્તિવાળાઓ ઉન્મત્ત અને બીજાઓની પરવા વિનાના બની ગયા છે, તેઓમાં જો ઉદારતાની વૃત્તિ પ્રગટેલી હોત તો તેઓ પોતાની સત્તા અને સંપત્તિથી બીજા ઘણાંઓનું ભલું કરી શકત અને પોતે પણ સુખનો અને શાન્તિનો અનુભવ કરી શકત.

ઉદારતા ગુણ પોતાની ચિન્તાના ભોગે પણ બીજાઓના ભલાની ચિન્તા કરાવે છે અને એ ચિન્તા પણ દુઃખદ નહિ પણ સુખદ બને છે. ઉદારતા, એ એવી વસ્તુ છે કે એ દરેક સ્થળે જોઈએ. જેને સુખ જોઈતું હોય, તેણે હૈયાને ઉદાર બનાવવું જોઈએ. બીજાની મદદની અપેક્ષા ન રહે અને કદાચ અપેક્ષા રહે છતાં પણ બીજો મદદ કરે નહિ, એવા સંયોગોમાં પણ ઉદાર માણસ દુર્ધ્યાનના દુઃખથી બચી શકે છે અને દયાના ભાવથી સુખી બની શકે છે.

દુઃખી માણસનું ઉદાર માણસ અપમાન કરે નહિ, કેમકે એ એવો ઉદાર હોય છે કે દુઃખી માણસનું અપમાન કરવાનું પણ એને મન થતું નથી. ઉદારતા આવે, એટલે દુઃખમાં પણ દીનતા પીડી શકે નહિ અને સુખમાં પણ ઉન્માદ પીડી શકે નહિ. ઉદાર માણસ બીજાના સુખનો વિચાર કરનારો બને છે અને ધીમે ધીમે તે એવો બને છે કે સૌના યોગે મારે સહવું પડે તેમાં વાંધો નહિ, પણ મારા યોગે કોઈને ય સહવાનો વખત આવવો જોઈએ નહિ.

આથી તે હિંસા, અસત્ય, ચોરી, અનાચાર, ધનાદિકનો અતિ લોભ તથા ક્રોધાદિ કરતો નથી. ઉદાર માણસનો પ્રયાસ પાપથી રહિતપણે અને તેમ છતાં પણ ગૌરવભેર જીવવાને માટેનો હોય છે.

# ૪

# અભયદાન

લેખક :

**મુનિશ્રી ગબ્બુલાલજી મહારાજ**

*

ઉપાશ્રયમાં ગુરુદેવ બિરાજી રહ્યા છે. મુખારવિન્દ સૂર્યોદય સમયના કમળસમું પ્રફુલ્લિત અને સૌમ્ય છે. ગુરુ મહારાજ કોઈ ધ્યાનમાં તો નહિ; પરંતુ તત્ત્વચિંતનમાં મગ્ન બનીને બેઠા છે. આસપાસનું વાતાવરણ ઘણું જ શુભ છે. એમાં આવનારને ત્યાંના પરમાણુ શુભાધ્યવસાયથી પ્રભાવિત કરી દે છે. આવનાર વ્યક્તિ કાં તો ગુરુદેવને વિધિવંદન કરવા લાગે છે, કાં અરિહંત–સિદ્ધના સ્મરણમાં રત બની જાય છે.

અલ્પસમયના એ સંસર્ગથી માણસ પોતાની દિનચર્યા–પોતાનું જીવન પુણ્યથી ભરેલ બનાવી દે છે, મહાપાપની કુમાર્ગી વૃત્તિ છોડીને નિયમિત જીવનનિર્વાહ અર્થે નિયમોપનિયમ ધારણ કરવા પ્રવૃત્ત થાય છે. આવો ભવ્ય છે એ વાતાવરણનો પ્રભાવ! ખરેખર એ સત્ય છે કે :
" साधूनां दर्शनं पुण्यं, तीर्थभूमादि साधवः ।"

એક જિજ્ઞાસુ આવે છે. સાદાં અને સ્વચ્છ વસ્ત્રો ધારણ કરેલાં છે. પગરખાં એક બાજુએ કાઢે છે–જ્યાં રાખવાથી ચિત્તની વ્યાકુળતા પણ ન ઉદ્દ્ભવે તેમ ધર્મસ્થાનકના નિયમોનો પણ ભંગ ન થાય. એ પછી જેવા ગુરુદેવના દર્શન થાય છે કે પ્રથમ ઉતરીય વસ્ત્રથી મ્હોંની યતના કરે છે. કારણ કે, એ જાણે છે–યત્ના એ ધર્મની માતા છે—
" जयणा धम्मस्स जणणी "

બાદ બંને હાથ જોડી, ગુરુ–સન્મુખ આવીને વિધિવંદન કરે છે. વંદન શું, કહો અભિમાન અને અવિનયભાવના ચૂરેચૂરા કરે છે–નમ્ર

બને છે. બીજા સાધુ-સાધ્વીઓને વંદન કર્યા બાદ પર્ષદાને બંને હાથ જોડીને શીષ નમાવી વિનય કરે છે અને કોઈને વિઘ્નરૂપ ન થાય, તેમ અવિવેક ન થાય તેવા સ્થાને, ગુરુદેવ પાસે નમ્ર થઈને બેસી જાય છે.

જ્યારે થોડા માણસો રહે છે ત્યારે એ જિજ્ઞાસુ શ્રાવક ઊઠીને વિશેષ વંદન કરીને નિવેદન કરે છે કે, 'ગુરુદેવ! આજ હું સ્વાધ્યાય કરી રહ્યો હતો ત્યારે મને અજબ પ્રેરણા થઈ કે—

दाणाण सेठं, अभयप्पयाणं, सच्चेसु वा अणवज्जं वयंति ।
तवेसु वा उत्तमं बंभचेरं, लोगुत्तमे समणे नायपुत्ते ॥

આ ગાથા વારંવાર બોલું છું ત્યારે મને અલૌકિક આનંદ ઉદ્ભવે છે અને અંતર-પ્રેરણા થાય છે કે એને બરાબર સમજી એના પરમાર્થ-આરાધનમાં જ કલ્યાણ છે. ગુરુદેવ! મેં સમજવાની ઘણી કોશીષ કરી પરંતુ સમાધાન થતું નથી, તો કૃપા કરીને એનું રહસ્ય સમજાવીને આપના આ સેવકને કૃતકૃત્ય કરો."

ગુરુદેવ બોલ્યા: 'ભાઈ, તારી જિજ્ઞાસુવૃત્તિને ધન્ય છે. કારણ કે એ શ્રુતિનો પરમાર્થ જાણવા ઇચ્છે છે. આ શ્રુતિ-ગાથાનો પૂરો અર્થ સમજાવવો મારા માટે અસંભવ તો નહિ, પણ અશકય જરૂર છે. મહાત્માઓની પેલી ઉક્તિ મને યાદ આવે છે કે—

मोह क्षयादनुभवन्न अविनाथ मृर्त्यो
नूनं गुणान् गणपितु न तवक्षमेत ।

(कल्याण मंदिर)

અર્થાત્ હે નાથ! જેનો મોહ ક્ષય થવાથી જેણે આપનો તથા આપના ગુણોનો સાક્ષાત્ અનુભવ કર્યો છે એને માટે પણ, એ કહેવાની સદાને માટે અક્ષમતા બતાવાએલ છે તો પછી મારા જેવી મોહાચ્છાદિત માણસની તો વાત જ શું કરવી! તો પણ મારા ગુરુદેવ પાસેથી મને જે મળ્યું છે તેમાંથી કંઈક કહું છું.

જિનેશ્વર ભગવાને એ નિશ્ચિત જોયું છે અને અનુભવ્યું છે કે જગતના પ્રાણી સુખની અભિલાષા કરે છે, દુ:ખની નહિ. સદા જીવવું અભિલાષે છે, મરવું નહિ. સુખ પણ ઇચ્છે છે–અનંત, અક્ષય અને અવ્યાબાધ, જીવિત પણ ચાહે છે–સાદિ અનંત અનંત સમાધિ, અનંત જ્ઞાન અનંત દર્શન સહિત.

"सव्वे जीवावि इच्छंति, जीविउं न मरिज्जिउं

दशवैकालिक सूत्र

सव्वे पाणापियावए, सुहसाया, दुहपडिकुला,

अप्पिय वहापिय जीविणो" (आचारांग सूत्र)

અર્થાત્ સર્વ જીવ જીવવું ઇચ્છે છે, મરવું નહિ, સર્વ જીવોને પ્રાણ વહાલો છે, સુખ સાતા અનુકૂળ છે. દુ:ખ અશાતા પ્રતિકૂળ છે, પ્રાણવધ અપ્રિય માને છે, જીવિત પ્રિય માને છે, જે જીવોની ઉપરોક્ત ઇચ્છા ફલીભૂત થઈ છે તેઓ સિદ્ધ સ્વરૂપ–પરમાત્મા બની ગયા છે. તેમની જે શબ્દોમાં પ્રાર્થના કરવામાં આવી છે તે આ પ્રમાણે છે:—

अणुत्तरग्गं परमं महेसी, असेसकम्मं स विसोहइत्ता,

सिद्धिं गते साइमणंतपत्ते, नाणेण सीलेण य दंसणेण

(સૂત્રકૃતાંગ સૂત્ર)

અર્થાત્ અંતિમ કોટિના ઉત્કૃષ્ટ મહાન પુરુષો જેમણે કર્મ રજથી રહિત થઈ આત્માની અત્યંત વિશુદ્ધિ કરીને સંપૂર્ણ જ્ઞાન દર્શન અને શીલ સાધી અનંત સિદ્ધ ગતિને (આત્મસ્વભાવમાં જ રમણતા) પામ્યા છે, તેઓ અમારા આદર્શ રહે. અને આ ઉદ્દેશથી અમારી મનસા–વાચા–કર્મણા પ્રાર્થના છે, પ્રણામ છે.

શ્રાવક પ્રશ્ન કરે છે: "ગુરુદેવ ! આ ગાથાનાં મહર્ષિપદથી પણ બોધ થઈ જાય છે એ દર્શાવતાં: 'अणुत्तरग्गं परमं असेसकम्मं' એ ત્રણ વિશેષણ આપેલ છે, તો શું એથી કોઈ વિશેષ તત્ત્વનિરૂપણ કરવાનો ઉદ્દેશ છે?"

"હા" ગુરુદેવ સમાધાન કરે છે "કામ, ક્રોધ, મદ, મોહ,

લોભ અને મત્સર એ છ શત્રુ આત્માના ગુણ અને સુખનો વિપ્લવ કરવાવાળા કહ્યા છે. ભૌતિક પદાર્થનું જ્ઞાન અને ઇન્દ્રિયજન્ય સુખેચ્છાથી જે આ શત્રુઓને વશ નથી તેમને 'ઋષિ' કહ્યા છે.

જે સમ્યક્ જ્ઞાન સહિત આત્મીય જ્ઞાન, ઇન્દ્રિયતાતીત સુખ એ શત્રુઓ જીતે છે તે મહર્ષિ કહેવાય છે. તેમાં સમ્યગ્દષ્ટિ શ્રમણોપાસક તથા મહાવ્રતધારી મુનિઓનો સમાવેશ થાય છે, જેમણે આ શત્રુઓનો આત્યંતિક નાશ કર્યો હોય છે તેઓ 'अणुत्तरग्गं परमं महेसी' કહેવાય છે.

" कोहं च माणं च तहेव माया,
लोभं चउत्थं अज्झत्थ दोसा,
एयाणीवंता अरहा महेसी,
ण कुवइ पाव ण कारवेइ ।"

આ શબ્દમાં असेसकम्मं થી સમજવું જોઈએ કે દ્રવ્યકર્મ, ત્રતાગત કર્મ અથવા કર્મયોગ્ય પુદ્ગલવર્ગણા ( કર્મદલીક ) ભાવકર્મ રાગદ્વેષનો કર્મ ઔદારિકાદિ શરીરના અંગ અને અંગોપાંગ એનો આત્યંતિક અભાવ સમજવો જોઈએ.

સર્વ જીવના અહિં બે વિભાગ કરવા રહે:–એક દેહાધ્યાસી–દેહ, ઇન્દ્રિયો, મન, શ્વાસોશ્વાસ વગેરેને આત્મામા નવાવાળા, જેઓ આ જીવનમાં જીવવા ઇચ્છે છે અને દેહાદિકના પરિવર્તન રૂપ–મૃત્યુરૂપ મરણ નથી ઇચ્છતા. સુખ પણ ઇન્દ્રિયાર્થ શબ્દાદિક ભોગોપભોગ પૌદ્ગલિક સુખ જ ઇચ્છે છે.

બીજા દેહાદિક કર્મથી રહિત, આત્મજ્ઞાતા, આત્મદ્રષ્ટા, આત્માનુવર્તી આ ભાવ–પ્રાણમાં જ નિરંતર લીન રહેવા રૂપે જીવવા ઇચ્છે છે. એનાથી અભાવરૂપ મૃત્યુ નથી ઇચ્છતા, સુખને અંગે ઉપર જણાવાઈ ગયું.

એ તો નિશ્ચિત થયું કે સૌ સુખની અભિલાષા કરે છે–દુઃખની નહિ, હવે એ વિચારવાનું કે સુખ પામવાનું કારણ અને દુઃખ ટાળવાનું

કારણ શું છે, એ બતાવવામાં આવે છે. એના બે માર્ગ બતાવેલ છે :- એક વ્યવહાર માર્ગ, બીજો નિશ્ચય માર્ગ.

વ્યવહાર માર્ગનો આ અર્થ સમજવો જોઈએ કે વ્યવહાર માર્ગ પર ચાલવાવાળાને માલુમ થાય છે કે હું આ કરી રહ્યો છું. અને બીજાને પણ માલુમ થાય છે કે હું આ કરી રહ્યો છું.

નિશ્ચિત માર્ગના આચરણવાળા સ્વકર્તવ્યમાં ઉપયોગી હોય તો માલુમ થાય છે કે હું આ કરી રહ્યો છું. નિશ્ચિત માર્ગાનુગામીનું આચરણ વીતરાગ કેવળીના સિવાય અન્ય છદ્મસ્થગમ્ય નથી હોઈ શકતું. અનુયોગ દ્વારાના જૈનાગમમાં બે પ્રમાણ બતાવ્યા છે, ( ૧ ) પ્રદેશ પ્રમાણ, ( ૨ ) વિભાગ પ્રમાણ.

પ્રદેશ પ્રમાણ એ સૂક્ષ્માતિસૂક્ષ્મ વિષય, નિશ્ચયરૂપ હોવાથી કેવળીગમ્ય જ છે, છદ્મસ્થગમ્ય નહિ. વિભાગ પ્રમાણ એ સ્થૂળ વિષય હોવાથી છદ્મસ્થગમ્ય પણ છે અને વ્યવહારનય થઈ જાય છે. દાન, શીલ, તપ, ભાવના એ ધર્મના ભેદ કથંચિત વ્યવહારમાં ગણવામાં આવે છે, જ્ઞાન, દર્શન, ચારિત્ર એ ધર્મના ભેદ કથંચિત નિશ્ચયમાં ગણવામાં આવે છે.

દાનનો અર્થ છે—'દેવું.'

શીલનો અર્થ—'વીર્યનું રક્ષણ કરવું.'

તપનો અર્થ છે—'તપાવવું.' અને

ભાવનો અર્થ છે—'મૂળસ્વરૂપ તથા સત્ય બતાવવું.'

જ્ઞાનનો અર્થ છે–'જાણવું.'

દર્શનનો અર્થ છે–'શ્રદ્ધા રાખવી.'

ચારિત્રનો અર્થ છે–'ખાલી કરવું તથા ભરવું–( દુર્ગુણો તજવા અને સદ્ગુણો મેળવવા.'

તપનો અર્થ થાય છે-'તપાવવું' આ દ્વારા સુખ મળે છે અને દુઃખ ટળે છે.

હવે આ અંગે કંઈક વિશેષ કહું-"दाणाण सेट्ठं अभयप्पयाणं" એ પદમાં 'દાન' શબ્દ બહુવચની આપેલ છે, એનાથી શાસ્ત્રકારોએ દાનના અનેક પ્રકાર બતાવ્યા છેઃ-અન્નદાન, વસ્ત્રદાન, પાત્રદાન, મકાનદાન, ઔષધદાન, ગોદાન, ભૂમિદાન, જ્ઞાનદાન, વિદ્યાદાન, જીવિતદાન, અભયદાન વગેરે.

सेट्ठं એ પદથી શ્રેષ્ઠતા બતાવાઈ છે.

अभयप्पयाणं એ પદથી બતાવેલ છે કે ભયગ્રસ્તજીવને અભય દેવું-ભયાકુલતાવાળા જીવે અનુકુલતા પ્રાપ્ત કરવી એ અભયદાન છે. અભયદાનને શ્રેષ્ઠ બતાવેલ છે.

જો કે, શાસ્ત્રોમાં ભય અનેક પ્રકારના બતાવ્યા છે. જેમકે ઈહિલોકભય, પરલોકભય, આદાનભય, અકસ્માતભય, આજીવિકાભય, અપયશભય અને મરણભય. મરણના સિવાય બધા ભયને જીવ સહી શકે છે અને તેથી પોતાનું ઓછું નુકસાન માને છે. પરંતુ મરણભય તો ભયંકર છે, અસહ્ય છે, અપ્રિય છે, અનીચ્છનીય છે અને એથી પોતાનું મોટું નુકસાન માને છે.

આથી જીવમાત્રને અભય જ પ્રિય છે, ઇચ્છનીય છે એ હેતુને લક્ષમાં રાખીને અભયદાન-દાતાને મહાન લાભ બતાવ્યો છે. અભયદાનીને મોટી કર્મનિર્જરા થાય છે અને ખૂબ પુણ્યોપાર્જન થાય છે. આના પરિણામે અરિહંત ભગવાનને માટે મોક્ષાર્થી આ વિશેષણો સાથે નમસ્કાર કરતાં કહે છે કે—

'अभयदयाणं चक्खुदयाणं मग्गदयाणं सरणदयाणं जीवदयाणं' ઇત્યાદિ દાનના ખાસ લક્ષણ બતાવ્યા છે એ ખૂબ ધ્યાનમાં રાખવા જોઈએ.

"स्वपरानुग्रहार्थं अर्थोनं दीयते इति दानम्" 'સ્વ'- આત્મા-

દેવાવાળા દાતાનું 'પર' સ્વથી પર. બીજા લેવાવાળા યાચકનું 'અનુગ્રહ.' રક્ષા, દયા, કરુણા, કૃપા, અભય એ બધા એકાર્થવાચી શબ્દ છે. આ દૃષ્ટિથી જેનો જે અર્થી છે તેને તે દેવું એ દાન કહેવાય છે. દાતાઓના ચાર વિભાગ કરવામાં આવ્યા છે તે નીચે મુજબ છે :—

૧ સ્વઅનુગ્રહ કરે છે, પર અનુગ્રહ પણ કરે છે.

સ્વઅનુગ્રહ કરે છે, બીજાનો નહિ.

બીજાનો અનુગ્રહ કરે છે, પોતાનો નહિ.

પોતાનો પણ નહિ, બીજાનો પણ નહિ.

આમાંનો પ્રથમ પ્રકારવાળો સમ્યગ્દૃષ્ટિ (વિવેકી) શ્રાવક, સાધુ વગેરે સમજવો જોઈએ.

બીજા પ્રકારનો ધારણ કરનાર દેહાધ્યાસથી મુક્ત નિરંતર આત્મચિંતન યુકત અપ્રમત્ત સાધુ–સાધ્વી.

ત્રીજા પ્રકારવાળો પરમશ્રુતજ્ઞાની કેવળજ્ઞાની, તીર્થંકર ભગવાન,

ચોથો અભયાત્મા તથા અજ્ઞાની પાપમાં રત સ્વાર્થી જીવ"

"ગુરુદેવ! આનું વિશેષ સ્પષ્ટીકરણ કરવાની કૃપા કરશો તો અમને અબુધોને બોધ થશે અને અમે કર્તવ્યપરાયણ પણ થશું."

શિષ્યની જિજ્ઞાસાથી ગુરૂદેવે ફરમાવ્યું—"સંસારમાં પરિભ્રમણ કરવાવાળો જીવ, પરિભ્રમણ કરે છે એનું કારણ અજ્ઞાન અને મોહ–મમત્વના બંધન જ છે. જીવાત્મા જ્યાંસુધી આ બંધનોથી બદ્ધ છે, ત્યાંસુધી નિજાત્માનું નિરુપમ, અચલ, શાશ્વત, પરમાનંદસ્વરૂપ, એટલે પોતાનું સ્થાન પ્રાપ્ત નથી કરી શકતો. અને આ પ્રાપ્ત થયા વિના ભવચક્ર અથવા જન્મ જરા મરણ ભય શોક રૂપ મટી નથી શકતું.

આ હેતુને માટે દાનધર્મ અને જ્ઞાનધર્મને પ્રથમ સ્થાન મળ્યું છે. અર્થ લેવાવાળા યાચક બે જાતના હોય છે—એક ભૌતિક જીવનની જરૂરિયાતવાળા અન્નાદિક પદાર્થના વગર પ્રાયઃ આર્તધ્યાન–રૌદ્રધ્યાન

કરે છે. અને એ પાપ છે. પાપનું પરિણામ દુર્ગતિ છે. દુર્ગતિમાં ખાસ કરીને શરીરાદિક દુઃખની ઉપલબ્ધિ છે. દુઃખી જીવ દુર્બોધિ હોવાથી ધર્મકર્મને કેવી રીતે સમજે? આ થયો સિદ્ધાંત.

જીવોના કેટલાક ભેદ હોય છે. તેમાંથી સંજ્ઞી પંચેન્દ્રી જીવ જેઓ કંઈક શારીરાદિક ભૌતિક વિજ્ઞાનના બળથી અન્નાદિક પદાર્થ યાચે છે, તેઓ અહીં તહીં ભમે છે, કારણીય શબ્દોદ્વારા પોતાનું દુઃખ વ્યકત કરે છે. અથવા ભયંકર આઘાત–પ્રત્યાઘાતથી ભયભ્રાંત દશા દર્શાવે છે. વિકલ મુખમુદ્રા તથા શરીરપ્રકંપન અતિસ્વેદ મૂર્છા અથવા નિર્ભય સ્થાનની પ્રાપ્તિને માટે દોડાદોડ કરીને કે કોઈ વિશેષ શકિતશાળી દયાળુની નિકટમાં આવી શરણ સ્વીકારીને અભયની યાચના કરે છે.

ત્યારે સમજદાર દાની તેને જોઈને પોતે પણ વેદનાવાળા થઈ જાય છે. વેદનાનો અર્થ અહીં 'જ્ઞાન' સમજવો. પોતાના જ્ઞાન દ્વારા દુઃખીઓનું દુઃખ સમજવું અને દુઃખ દૂર કરવાના પ્રયત્નમાં લાગી જવું.

શાસ્ત્રકારોએ કહ્યું છે કે મોક્ષાર્થી સ્વપરના શરીરાદિક દુઃખને જાણે અને તેનું નિવારણ કરવાનો યથાશકિત પ્રયાસ કરે. કહ્યું પણ છે કે—"खेयन्ने से कुसले" અર્થાત્ से ખેદજ્ઞ 'स' મોક્ષાર્થી ખેદ, દુઃખ દુઃખને 'ज्ञ' જાણવું, 'कुसले' સુખને પ્રાપ્ત કરવાવાળો તથા કોઈના દુઃખને નિવારવા વાળો.

જ્યારે દુઃખીઓનુ દુઃખ માલુમ થાય છે ત્યારે કોઈના શુદ્ધભાવ અને શુભભાવ જાગૃત થાય છે, તેનાથી હેય-ઉપાદેયનું વિશેષ જ્ઞાન થાય છે. ભાવોને આધીન થઈને, ચૈતન્ય એ ભાવોને પરિણત કરવાની પ્રવૃત્તિમાં લાગી જાય છે.

એ જાણી લે છે કે મારી પાસે અન્ન–વસ્ત્ર વગેરેની સંગ્રહિત સામગ્રી છે. એ પરિગ્રહના રૂપે હોઈને હું એથી બંધાએલો છું. આ દુઃખોના કારણ પરિગ્રહ મમત્વ–મૂર્ચ્છાના ત્યાગથી મારા આત્માને બંધન મુકત કરી મારે અકષાયભાવની વૃદ્ધિ કરવી છે.

આ થયો 'સ્વ' અનુગ્રહ–પોતાના આત્માની દયા–રક્ષા. અર્થીયાચકને અનુકૂળ યાચનીય પદાર્થ મળી જવાથી તેના પરિણામ અતિરૂપ રૌદ્રરૂપ થઈ રહ્યા હતા તેને દાતાની મદદથી સંતોષ થઈ આવે છે અને અતિ રૌદ્રતું પરિણામ નથી રહેતું એથી લેવાવાળા યાચકની પણ દાતાએ અનુગ્રહ દયા રક્ષા કરી. આ હેતુથી કહ્યું છે કે, **स्वपरानुग्रहीर्थे, अर्थीनं दीयते इति दानम्.**"

બીજો યાચક આધ્યાત્મિક વિકાસને ચાહવાવાળો અજ્ઞાન, મિથ્યાત્ત્વ, કષાય વગેરે આવરણોથી આવૃત હોવાથી શરીરાદિ દુઃખથી અનંતગણુા દુઃખે દુઃખી થઈ ને ખૂબ વ્યાકુળ થાય છે, એ દુઃખ અવર્ણીય છે, અકથનીય છે. આ પ્રકારના દુઃખથી દુઃખિત થઈને આધ્યત્મિક સુખની શોધમાં જ પ્રવૃત્ત રહે છે, એને શોધે છે ને પામે છે. તેના પુણ્યોદયથી સત્ પુરૂષનો સમાગમ થઈ જાય છે.

એ સત્ પુરૂષો સર્વના નિષ્કારણ હૈતૈષિ હોય જ છે, તેઓ તેના અજ્ઞાનાદિનો પડદો ચીરવાનો પ્રયત્ય કરે છે અને વાસ્તવિક જ્ઞાનદાન આપે છે. કહ્યું પણ છે કે—

**तोनाणदंसणसमणो, हियनिस्सेसाय सव्व जीवाणं ।**
**तेसिविमोक्खणट्ठाए, भासई मुणिवरो विजयमोहो ॥**

અર્થાત્ બંધનાદિના કારણોને જાણીને જ્ઞાન દર્શનથી યુક્ત થતાં, સર્વ જીવોના હિત અને નિશ્ચય (કલ્યાણ)ને માટે અને એ જીવોને બધનોથી મુક્ત કરવાને માટે તેમને સત્ સ્વરૂપ ભાષણ કરે છે.

એમ કરવાથી પોતે નવીન કર્મોથી નિર્લેપ જ રહે છે, કારણ કે ઉપરોક્ત જ્ઞાની સત્ પુરુષ 'વિગતમોહી' છે પરમકૃપાળુ તીર્થંકર દેવ વગેરે મહાપુરુષોના આ મૌલિક ભાવ છે. એ જ ભાવ વર્તમાન જ્ઞાનિઓના છે અને ભવિષ્યના જ્ઞાનિઓના ભાવ પણ તે જ હશે. મોક્ષમાર્ગના વિષયમાં કદી કોઈ જ્ઞાનીના બેમત થતા નથી કહ્યું પણ છે કે—

रागं च दोसं च तहेव मोहं, उद्धतुकामेण समूल जालें ।
जे जे उवायापडि—वज्जियत्वा, तेक्किइस्सामिअहाणु पुव्वी ॥

અર્થાત્ રાગદ્વેષ તથા મોહની જાળમાં ચેતનના મૂળગુણો દબાયેલા હોય છે અને જડમૂળથી ઉખાડવાની ઇચ્છાથી જે જે ઉપાયો બતાવ્યા છે તે જ અનુક્રમથી કહું છું. આ જ્ઞાનીઓનો ઉત્તમમાં ઉત્તમ સિદ્ધાંત છે.

આત્મગુણના ઇચ્છુકને જ્યારે ઉપરોક્ત જ્ઞાનદાન મળે છે ત્યારે તે નિર્ભય થઈ જાય છે અને તે થોડા જ સમય બાદ પરમાત્મા–સિદ્ધ–બુદ્ધ–મુક્ત થઈ જાય છે. આ હેતુને ધ્યાનમાં રાખીને 'स्वपरानुग्रहार्थमषिनेहियते इति दानम्' એમ કહેવાએલ છે.

એથી ઉપદેશ લેવાવાળાઓનું હિત થયું, અજ્ઞાનનો નાશ અને આત્માનો પરમ વિકાસ થયો. ઉપદેશકને પણ અનંતાનંત કર્મનિર્જરા થાય છે એ જ તેમનો હિત અનુગ્રહ છે.

જ્ઞાનેચ્છુને જ્યારે મૂળ તત્ત્વ મળે છે ત્યારે તે આ નિશ્ચિતરુપથી નિર્ભય થઈ જાય છે. તેઓ કાયાને અને માયાને સર્વત્ર સર્વદા અનિત્ય, અશાશ્વત જ માને છે.

નિત્ય અને શાશ્વત તો આત્મા અને આત્માના ગુણને જ માને છે. હરઘડીએ તેમનું એ જ રટણ રહે છે: 'एस अठे सेस अणठे ।' આના પરિબળથી તે પોતાનું આ અટલ જીવનસૂત્ર બનાવી લે છે: "जीवी आसथव विष्पनुक्का" મોંઘા દેહમાં જીવવાની આશાથી અને અને દ્રવ્ય દશ પ્રાણોના પરિવર્તન રૂપ મૃત્યુથી જરા પણ ભય નહિ હોવાથી સર્વદા નિર્ભય રહે છે.

ઠાણાંગ સૂત્રના દશમા સ્થાનમાં દસ પ્રકારના દાનોનું કથન છે. તેમાંથી આઠમા દાનને ધર્મદાન જ કહેલ છે. તેમાં અભયદાન અને સુપાત્રદાનનો પણ સમાવેશ થાય છે. આથી પણ પ્રતીતિ

મળે છે કે અભયદાનના દેવાવાળાને ધર્મલાભ પણ થાય છે. આનાથી પણ અભયદાનની શ્રેષ્ટતા બતાવેલી છે.

કાયા અને માયાના મૂળ સ્વરૂપને સમજવાવાળાઓએ તક મળતાં કાયા અને માયા પર જે મમત્વ તથા તેથી નિર્મમત્વ આત્મીય અસલી સ્વરૂપને પ્રાપ્ત કરી લીધું તેમણે મરણના સંયોગોમાં રાગદ્વેષ મોહને ન થવા દીધો, તેઓ સદાને માટે સિદ્ધ બુદ્ધ અને મુક્ત બની ગયા છે. એના થોડા દાખલા આપણને યાદ રહે એ હેતુથી અહીં કેટલાક નામ માત્ર અપાયેલ છે.

ગજસુકુમાર મહામુનિ, સુકોશલસ્વામી, સુકુમાર મહામુનિ, ખંધક ઋષિ, સ્કંધ ઋષિ, તેમના પાંચસો શિષ્ય, અરણિક મુનિ વગેરે અનંત મહામુનિઓએ સ્વ–પરનું હિત કરીને અભયદાનને ચરિતાર્થ કર્યું છે. આથી અભયદાનની પરમ શ્રેષ્ટતા પણ સાબીત થાય છે.

કેટલાક અભયદાનનો એવો અર્થ કરે છે કે, અભયદાન એટલે ભય નહિ દેવો, અર્થાત્ કોઈને પણ ભય ન પહોંચાડવો–આ અભયદાનનો અર્થ છે!

"ગુરુદેવ! શું આ અર્થ બરાબર થાય છે?" શિષ્ય શંકા કરે છે.

ત્યારે ગુરુદેવ કહે છે કે, એ અર્થ બરાબર નથી. આ અર્થ તો "ભયઅદાન" એવું સૂત્ર જો બોલાય તો ઉપરનો અર્થ બંધબેસતો થાય, અહીં એમ તો બોલાતું નથી. અહીં તો 'અભયદાન' બોલાય છે, જેમ સુપાત્રદાનનો અર્થ સુપાત્ર યાચકને અન્નાદિક દેવું "પણ ત્યાં સુપાત્રને અંતરાય ન દેવો એવો અર્થ કેમ નથી કરતા?" એમ પ્રશ્ન કરાય છે ત્યારે વાદી કહે છે કે સુપાત્રને અન્નાદિકના વગર પોતાના તપ સંયમમાં ગ્લાનિ થવાથી તે અન્નાદિકની યાચના કરે છે, તેમને તેમના યોગ્ય અન્નાદિક દેવાથી જ સુપાત્રદાનનો અર્થ સરે છે.

કોઈ દાતારને ત્યાં સુપાત્ર મુનિ અન્નાદિક લેવા આવેલ છે. ત્યારે દાતાર તેમને અન્નાદિક તો કંઈ પણ ન દે અને માત્ર એમ જ કહી દે કે "હું આપને અંતરાય નહિ આપું" તો એને, સુપાત્રદાન દેવા બાદ જે નિર્જરા રુપ ધર્મ થાય છે, તે નથી થતો. કારણ કે, ઉક્ત ધર્મ તો અન્નાદિક દેવાથી જ થાય છે.

જેમ સુપાત્રમુનિ, ક્ષુધાદિકના પ્રસંગમાં તેમનાં તપ-સંયમમાં વિઘ્ન થવાથી, અન્ન યાચે છે, તેમ જ મરણાદિના ભયથી અને રોગ થવાથી તે તેમની નિવૃત્તિને માટે પ્રાણોની નિર્ભયતા યાચે છે, ત્યારે દાતા તેમને યથાશક્તિ અભય કરે છે અને કરાવે છે. અહીં એક શાસ્ત્રીય ઉદાહરણ આપવાથી આ વાત સ્પષ્ટ થઈ જશે.

સંયતિ કપિલપૂરનો રાજા હતો. તે શિકારનો શોખીન હતો. એક દિવસ તે કેશરીવનમાં રાજ-પરિવાર અને સેના સાથે મૃગયા અર્થે ગયો અને ત્યાં એક હરણના ટોળાંને ઘેરી લીધું. એક મૃગને તીર માર્યું. મૃગ બળવાન હોવાથી તીર સાથે દોડતું દોડતું એક વૃક્ષ નીચે ગર્દભાળી નામના મહામુનિ સ્વાધ્યાય-ધ્યાનમાં તલ્લીન થઈ બેઠા હતા ત્યાં આવીને પડ્યું.

રાજાએ મૃગની પાછળ પાછળ ઘોડો દોડાવ્યો. તે પણ ત્યાં જ આવ્યો જ્યાં મુનિરાજ અને મૃગ હતા. મુનિને જોઈને રાજાને થયું કે "આ મૃગ મુનિને આશ્રયે રહેવાવાળું છે, અરેરે મેં આને તીર મારીને ખૂબ જુલમ કર્યો."

રાજાને પોતે કરેલા હિંસાદિક જુલમથી, મોટો ભય ઉત્પન્ન થયો. તે વિચારવા લાગ્યો કે જો આ મુનિ કોપાયમાન થશે તો મારા સાથે કરોડોને ભસ્મ કરી દેશે. પછી તે સંયતિ રાજા ભય ભ્રાન્ત થઈને ધ્રૂજતો ધ્રૂજતો પોતાનો પરિચય આપે છે અને અભયદાન માગે છે.

મુનિશ્રી ગર્દભાળી અણગારે, અભયદાનની શ્રેષ્ઠતાથી આકર્ષાઈને રાજાને અભયદાન દેવાને માટે અને સાથે સાથે રાજા સંયતિથી

જંગલના બધા જીવો જે ભયવાન બનેલા છે તેમને અભયદાન દેવરાવવાને માટે, પોતાના સ્વાધ્યાય-ધ્યાનની ચાલી રહેલી ધારાને બંધ કરીને, અભયદાન આપ્યું અને રાજાને અભયદાનની વાસ્તવિકતાની સાથે મૂળ જ્ઞાનદાન પણ આપ્યું તેમજ બધા જીવોને રાજા પાસેથી અભયદાન અપાવ્યું.

*આના પ્રમાણને માટે ઉત્તરાધ્યાનના ૧૮મા અધ્યાયમાં આ* મુજબ સૂત્ર છે.

"अभओ पत्थिवा! तुब्भं, अभयदाया भवाहि य,।
अणिच्चे जीवलोगम्मि, किं हिंसाए पसज्जसि ?" ॥ ११ ॥

**અર્થાત્** મુનિશ્રી ગર્દભાળી મહારાજ મૃદુ ભાષાથી સંયતિ રાજાને કહે છે કે, "હે રાજન્! તારા વિચારોમાં તું એમ માની રહ્યો છે કે, આ મુનિ મારી નાખશે. એથી તું ભયભ્રાન્ત થઈ રહ્યો છે. તને તારા પ્રાણ વહાલા છે. હું તને અભયદાન આપું છું તેવી રીતે આ જંગલી જીવો અભય-દાન ઈચ્છે છે. તો તું પણ તેમને અભયદાન આપ. આ અનિત્ય સંસારમાં હિંસાથી શું મળે છે?

जया सव्वं परिच्चज्ज, गंतव्वमवसस्स ते
अणिच्चे जीवलोगम्मि, किं रज्जम्मि प सज्जसि ॥ १२ ॥

અર્થાત્ હે રાજન્! તું એ નથી જાણતો કે તારે સર્વ છોડીને અહીંથી અવશ્ય જવું પડશે? તો પછી આ અનિત્ય સંસારમાં રાજ્યમાં શા માટે આસક્ત થાય છે?

जिवियं चेवं रुपं च, विज्जुसंपायचंचलं।
जत्थ तं मुज्झासि रायं, पेच्चत्थं नावबुज्झसे ॥ १३ ॥

હે રાજન્! વિદ્યુત્‌સમું ચંચળ-ચપળ આ આયુષ્ય અને શરીરનું રૂપ સૌંદર્ય, એમાં તું શાથી મોહિત થઈ રહ્યો છે? એના મોહમાં તું તારા પરલોકને કેમ નથી વિચારતો-એટલે કે, પરલોક માટેની

ઉત્તમ સાધના તું કેમ નથી કરતો ? ઈહલોકની આ બધી રિદ્ધિ-સિદ્ધિ તો વિદ્યુત્‌ના ચમકાર જેવી છે. જેમ વીજળીનો પ્રકાશ ક્ષણમાત્ર રહીને પાછો અંધકાર જ રહી જાય છે તેવી રીતે જ આ આયુષ્ય રૂપ સૌંદર્ય પણ ! આ માટે પરલોકનું જ્ઞાન મેળવવું અને વાસ્તવિક સુખને માટે સાધના કરવી-એવું કંઈ તું કેમ નથી કરતો ?

दाराणि य सु या चेव, भित्ता य तह बंधवा ।
जीवंतमणुजीवंती, मयं न्व नाणुयंयंति य ॥ १४ ॥

અર્થાત્ સ્ત્રીઓ, રાજરાણીઓ, પુત્ર-મિત્ર-બાંધવ-સગા-સંબંધીઓ બધા સ્વાર્થવૃત્તિવાળા હોવાથી, જ્યાં સુધી તેમના અનુકૂળ એવા સ્વાર્થને પૂર્તિ-પોષણ મળે છે ત્યાં સુધી તેઓ અનુજીવિ બનીને સાથે રહે છે, દ્રવ્યાદિકનો ભોગોપભોગ કરે છે, મોજ મજા ઉડાવે છે, પરંતુ મૃત્યુરૂપી દુઃખ આવતાં કોઈ સાથે નથી આવતું, તેમ નથી દુઃખથી બચાવી શકતું.

આ બધા કૃતઘ્ની હોવાથી આદર નથી કરતા, સ્ત્રી-પુત્રાદિકની આવી વાત છે તો ગૃહાદિક, રાજમહેલાદિક સ્થાવર સંપત્તિ તો કેમ સાથ દઈ શકે ? ચેતન પણ તને સાથ નથી દેતું તો જડ તો ક્યાંથી સાથ આપશે ? આ માટે, આ બધા પર રાગ ન કરતાં પોતાના આત્માર્થે વીતરાગતાનું સેવન કર !

नीहरंतिमयंपुत्ता, पितरं परमदुक्खिया ।
पित्तरो वि तहा पुत्ते, बंधूरा यं तवं चरे ॥ १५ ॥

હે રાજન્ ! પિતા જ્યારે અવસાન પામે છે ત્યારે તેને શોકાકુળ પુત્ર ઘરની બહાર કાઢે છે, તેવી જ રીતે મૃતપુત્રને પિતા પણ ઘરની બહાર કાઢે છે, આ પ્રમાણે ભાઈ ભાઈને, સગાસંબંધી વગેરેને કાઢી નાખે છે. તેમને કોઈ પણ ઘરમાં નથી રાખતું એમ સમજીને સર્વકર્મનો નાશ કરવાવાળા તપ સંયમની આરાધના કર !

तओ तेणज्जिए दव्वे, दारे यपरिरक्खिए ।
कीलंतिऽन्ने नरा रायं, हठतुठमलंमिकया ॥ १६ ॥

હે રાજન્! અનેક પરિશ્રમો ઉઠાવીને, સાથે ભૂખ, તૃષા, શીત-ઉષ્ણ, માનાપમાન વગેરે અનેક કષ્ટો સહીને જે દ્રવ્ય-ઉપાર્જન કર્યું છે અને સ્ત્રીઓને પણ રાખેલ છે, તેનું ચોર વગેરેથી રક્ષણ પણ કર્યું છે, તે ધન અને સ્ત્રીઓનો મરવા પછી અન્ય મનુષ્યો ખુશીથી ભોગોપભોગ કરે છે અને અનેક પ્રકારના અલંકારોથી અલંકૃત થઈને અનેક પ્રકારની ક્રીડાઓ કરે છે અને એનાથી એ લોકો હર્ષ-સંતોષ માને છે! એ સમજીને, હે રાજન! તપસંયમનું આચરણ કર.

तेणावि जं कयं कम्मं, सुहं वा जइ वादुहं ।
कम्मुणा तेण संजुत्तो, गच्छइ उ परंभवं ॥ १७ ॥

અર્થાત્ હે રાજન્! નાશવાન જ્ઞાની દુનિયાને છોડીને આ જીવાત્મા પરલોકમાં જાય છે ત્યારે તેની સાથે, તેણે કરેલાં શુભ કે અશુભ કર્મના સિવાય કંઈ સાથે નથી આવતું. મોત પછી પરભવમાં જીવ શુભાશુભ કર્મની સાથે જ જાય છે. આના સિવાય બીજો પદાર્થ કિંચિત્ પણ સાથે નથી જતો.

सोउण तस्स सो धम्मं, अणगारस्स अंतिए
महया संवेगनिव्वेदं, समावन्नो नराहिवो ॥ १८ ॥

અર્થાત્ તે ગર્દભાળી અણગારની પાસેથી ધર્મનું શ્રવણ કરીને રાજા સંયતિને મહાન સંવેગ-સર્વદુ:ખોના કારણભૂત બંધનોથી મુક્ત થવાની અભિલાષા ઉત્પન્ન થઈ અને તે મહાન નિર્વેદ-સંસારના કામભોગોથી નિવૃત્તિરૂપ અરુચિ સહિત ઉદ્વિગ્નતાવાળો થયો. અર્થાત્ તેને પરમ નિર્વેદ થયેલો છે. સંયતિ રાજા મહામુનિ ગર્દભળીને કહે છે કે ' હે નાથ! આપના વચનામૃતથી સ્વ-પરનું સ્વરૂપ સમજીને હું બધા જીવોને અભયદાન આપું છું અને સર્વ રાજ્ય-રિદ્ધિનો ત્યાગ કરીને

આપના પાસે સંયમ અંગીકાર કરૂં છું." આમ રાજા સંયતિ સર્વ જીવોને અભયદાન આપીને, સંયમ પાળીને મોક્ષે ગયો.

*

આવાં આવાં અનેક ઉદાહરણ આપી શકાય છે. મુનિદેવે પછી એ જિજ્ઞાસુ શ્રાવકને બતાવ્યું :—"અભયદાનની શ્રેષ્ઠતા એટલા માટે બતાવી છે કે તે મોક્ષનું કારણ છે. જૈનેતર ધર્મોમાં પણ આનું મહત્ત્વ બતાવતા પુરાણોમાં જે કહ્યું છે તે વિષયમાં થોડા શ્લોકો અહીં આપેલ છે :—

'दियते म्रियमाणस्य कोटिन जीवित—मेववा, ।
धनकोटिन गृष्हीयात, जीवो जीवितुमिच्छति ' ॥ १ ॥

અર્થાત મરતા જીવને કોઈ કહે કે, "બોલ તારી શું ઇચ્છા છે? હું તને એક કરોડની મિલ્કત અને જીવિતદાન એ બે આપું છું તેમાંથી તું શું લેવા ચાહે છે?" ત્યારે મરણથી ભયાકુળ થઈ રહેલો તે તુરત નિઃસંકોચ બોલી દે છે કે મને કરોડોનું ધન નથી જોઈતું પણ મને જીવતદાન જોઈએ છે–અને અભયદાન આપો !

'यः स्वभावात् सुखे विभ्यो, भुतेभ्योदीय ते सदा,
अभयं दुःख दुःख भोंत्येभ्यो, उभयदानत दुच्यते ' ॥ २ ॥

અર્થાત્ જીવનો સ્વભાવ જ સુખની શોધ કરવાનો છે, એ સુખ જ ચાહે છે. એટલા માટે દુઃખથી–મરણથી દુઃખિત હોય તેને 'અભય' કરવો તેને અભયદાન કહે છે.

'नहीं भूयस्तमों धर्म, स्तस्माद न्योस्ति, भूतले ।
प्राणीनो भयभीताना, मभय यत्प्रदीयते ' ॥ ३ ॥

અર્થાત્ ભયભીત પ્રાણીને અભય–પ્રદાન કરવું એના જેવો બીજો કોઈ ધર્મ આ જગતમાં નથી.

द्रव्यधेनुधरादीनां, दातारा सुलभाभुवि, ।
दुर्लभ पुरुषो लोके, यः प्राणी स्वमवपदः ' ॥ ४ ॥

અર્થાત્ ધનાદિક દ્રવ્યના દાતા, ભૂમિ (જમીન) દાનના દાતા-જગતમાં ઘણા હોય છે, તથા એ સુલભ છે. પરંતુ આ લોકમાં મરણ ભયથી મુકત કરવાવાળા તથા અભયદાન દેવાવાળા પુરૂષો દુર્લભ છે.

' महतामपिदानानां कालेन क्षीयते फलम् ।
भीता भयप्रदानस्य क्षयस्वन विद्यते ' ॥ ५ ॥

અર્થાત્ અન્ન, વસ્ત્ર, ઔષધ, મકાન, ગાય, ભૂમિ વગેરેનું જેણે મોટું દાન કર્યું હોય તેનું (શુભ પુણ્ય) ફળ હોય પણ છે, તે ફળ કયારેક ક્ષય પણ પામે છે, પરંતુ અભયદાનનું ફળ કદી ક્ષય નથી પામતું. કારણ કે અભયદાનનું ઉત્કૃષ્ટ મોક્ષફળ છે.

दत्तमिष्टं तपस्तप्तं, तीर्थसेवा तथा श्रुतम् ' ।
सर्वाण्यभयदासस्य, कलानार्हन्तिवोऽसीम् ' ॥ ६ ॥

અર્થાત્ આ વસ્તુનું દાન ચાન્દ્રાયણાદિક તપ તીર્થસેવા તથા શાસ્ત્રશ્રવણ–આ બધાનું ફળ છે. તે અભયદાનના ફળથી સોળમી કળા જેટલુ જ કહેવાયું છે. એટલે અભયદાન બધા દાનોથી મહાન છે.

' एकतः कतवः सर्वे, समग्र वरदक्षिणाः ।
एकतो भयभीतस्य, प्राणीनः प्राण रक्षणमः ' ॥ ७ ॥

અર્થાત્ એક વ્યક્તિ પુરાણ-કથિત બધા પ્રકારના યજ્ઞ કરીને બધી જાતની ઊંચી દક્ષિણા દઈ જે ફળ પ્રાપ્ત કરે છે અને બીજી એક વ્યકિત ફકત એક જીવને અભયદાન દે છે. તો તેમાં પહેલી વ્યકિતને બદલે બીજી વ્યકિત મોટું ફળ મેળવે છે.

' सर्वे वेदान् तत्कुर्युः सर्वयज्ञायथोदिता : ।
सर्वे तीर्थाभिषेकाश्च, तत्कुर्या प्राणीनां दया ॥ ८ ॥

અર્થાત્ એક વ્યક્તિ બધા વેદવિહિત કાર્ય નથી કરી શકતી. બધા પ્રકારના વિહિત યજ્ઞ પણ નથી કરી શકતી, બધા તીર્થોનો અભિષેક પણ નથી કરી શકતી, અને આ બધાં કાર્યોના ફળથી પ્રાણીઓની દયા (અભયદાન) કરી શકે છે.

*

આ રીતે અભયદાનની શ્રેષ્ઠતા બતાવવાને માટે અનેક પ્રકારના પ્રમાણભૂત ગ્રંથોમાંથી શ્લોકો આપી શકાય છે. અહીં એટલું કહીને આગળના ત્રણ પદો પર વિચાર કરવામાં આવે છે.

મુમુક્ષુ જીવોએ એટલી સાવધાની જરૂર રાખવી જોઈએ કે જીવનમાં મન-વચન-કાયાથી કોઈપણ પ્રાણીને મરણભય થાય એવી પ્રવૃત્તિ તેનાથી થવી ન જોઈએ. તેમ જ યથાશક્તિ અભયદાન દેવું, દેવરાવવું, દેતા હોય તેને અનુમોદન કરવું જોઈએ. જીવનમાં આ ધર્મની મોટી જરૂર છે-જીવનને એનાથી સફળ બનાવવું.



## ૫

# અભયદાન

લેખક :
**મુનિશ્રી જયવિજયજી**

*

जीवानां रक्षणं श्रेष्ठ जीवा जीवितकांक्षिणः ।
तस्मात्समस्त दानेभ्योऽभयदानं प्रशस्यते ॥

દરેક જીવાત્મા પોતાના જીવનની અને સુખની ઇચ્છા કરે છે. તેથી જીવોનું રક્ષણ કરવું, ભય અને દુઃખથી જીવોને મુક્ત કરવા તે શ્રેષ્ઠ છે.

ભય એટલે ત્રાસ અને દુઃખ, અશાંતિ, કિલામણા વગેરેથી મુક્ત કરવા તેને **અભયદાન** કહે છે.

મહાત્મા તુલસીદાસજી કહી ગયા છે કે—

**દયા ધર્મ કો મૂલ હૈ,**
**પાપ મૂલ અભિમાન.**

ધર્મનું મૂળ દયા છે, ત્રાસથી દુઃખી થતા જીવાત્માને ભયથી મુક્ત કરવાથી દીર્ઘાયુ, સૌંદર્ય, આરોગ્યતા, ગંભીરતા વગેરે ઉત્તમ ગુણોની પ્રાપ્તિ થાય છે.

નીતિ શાસ્ત્રકાર પણ કહે છે કે—

" त्यजेद्धर्म दयाहीनं क्रियाहीनं गुरुं त्यजेत् "

ક્રિયા એટલે સદાચાર–સચ્ચારિત્ર–તે વિનાનો ગુરુ ત્યાગવા યોગ્ય છે, તેમ દયાવિહીન ધર્મ પણ ત્યાગવા યોગ્ય છે. જે ધર્મમાં અથવા

ધર્મના નામે કષાય કે ક્લેશની વૃદ્ધિ થતી હોય, બીજા જીવોને ત્રાસ થતો હોય, જીવાત્માઓના સુખ તથા શાંતિનો લય થતો હોય, જીવોને રીબાવવાનું કે દુઃખી થવાનું થતું હોય તો તે ધર્મ નથી, પણ અધર્મ છે, માટે તે ત્યાગવા યોગ્ય છે.

કોઈ પણ જીવને દુઃખ આપનાર, પોતાના સ્વાર્થને માટે બીજાનું અશ્રેય કરનાર, બીજાને ત્રાસ આપનાર, તેનો ઘાત કરનાર એવા મનુષ્યાત્માનું હૃદય નિષ્ઠુર, કઠોર હોય છે. તેવા પાપી હૃદયને સદ્બોધ કે સદ્જ્ઞાનની પ્રાપ્તિ થતી નથી, તે પરમાત્માપદને પામી શકતો નથી. પરંતુ જે આત્મા બીજાને દુઃખ–મુક્ત કરવા પોતાના તન, મન, ધન સર્વસ્વનો ભોગ આપી તેને સુખી કરે છે, તે આત્માનું હૃદય કોમળ હોય છે, જેથી તે સદ્બોધ કે સદ્જ્ઞાનને પામી શકે છે. એક મહાત્માએ પણ કહ્યું છે કે—

" परप्राणैर्निजप्राणान् सर्वे रक्षंति जंतवः ।
निजप्राणैःपरप्राणान् यो रक्षति स उत्तमः " ॥

પારકા જીવોને દુઃખ આપી તથા કષ્ટ સંકટમાં નાંખી, તેને મારી કુટી ઘાત કરી, બીજાના પ્રાણોનો સંહાર કરી પોતાનું રક્ષણ કરનારા તો અનંત જીવો આ વિશ્વમાં ભર્યા છે, પણ પોતાના પ્રાણ વડે પારકાનું રક્ષણ કરનાર જગતમાં કોઈ વિરલા જ છે. અને તે જ ઉત્તમ નર કહેવાય છે. દયા વિના દાન, ભિક્ષા, પૂજન, સામાયિક, વ્રત, ધ્યાન, તપ, જપ એ બધાં જળતરંગવત્ (નિષ્ફળ) કહ્યાં છે. વેદાંતશાસ્ત્રમાં પણ કહ્યું કે—

" यो दध्यात्कांचनं मेरुं कृत्स्नां चैव वसुंधराम् ।
एकस्य जीवितं दध्यात् न च तुल्यं युधिष्ठिर ! ॥

" હે યુધિષ્ઠિર! એક જીવાત્મા સુવર્ણનો મેરૂ અથવા સમસ્ત પૃથ્વીનું દાન આપે અને અન્ય જીવાત્મા એક જીવને અભય (જીવિત) દાન આપે, તો તે સુવર્ણ તથા પૃથ્વીના દાન કરતાં અધિક છે.

અભયદાન એ ધર્મનું મૂળ અથવા બીજ છે. બીજ વિના ફળની પ્રાપ્તિ અને મૂળ વિના વૃક્ષની પ્રાપ્તિ હોતી નથી, તેમ અભય (દયા) વિના ધર્મની પ્રાપ્તિ પણ થતી નથી. ધર્મ કરનાર મનુષ્ય જો દયાહીન બને, તો તેના હૃદયમાંથી ધર્મભાવનાનો લોપ થાય છે. એક ગ્રન્થમાં કહ્યું છે કે—

" कृपानदीमहातीरे सर्वे धर्मास्तृणांकुराः ।
तस्यां शोषमुपेतायां कियन्नंदंति ते चिरम् " ॥

જ્યાંસુધી નદીમાં જળનો પ્રવાહ વહેતો હોય છે, ત્યાંસુધી નદીના તટ (કાંઠા) ઉપર વિવિધ જાતના તૃણાંકુરો લીલા નવપલ્લવિત હોય છે, નદીમાં વહેતા જળનો અભાવ થવાથી તટ ઉપરના નવપલ્લવિત તૃણાંકુરો શુષ્કતાને પામી બળી જાય છે, તેમ મનુષ્યાત્માની હૃદયરૂપ નદીમાં કૃપા (દયા) રૂપ જળનો પ્રવાહ વહન થતો હોય, ત્યાંસુધી જ તેના અંતઃકરણરૂપ તટપર વિવિધ જાતની સદ્ભાવના તથા સદ્ગુણરૂપ ધર્માંકુરો પ્રફુલ્લિત હોય છે. અર્થાત્ ટકી શકે છે. પણ જ્યારે તેના હૃદયમાંથી દયારૂપ નીર નાશ પામે છે, ત્યારે તેના નિર્દય હૃદયમાં ધર્મભાવનાનો નાશ થઈ ક્લેશ કષાયરૂપ અધર્મ-ભાવના ઉત્પન્ન થાય છે.

આ પ્રકારે ધર્મશાસ્ત્રોમાં પૂર્વાચાર્યોએ અનેક પ્રકારના દાખલા દલીલો આપી શાસ્ત્રોમાં અભયદાનની વ્યાખ્યા કરી બતાવી છે. પણ શાસ્ત્રની વ્યાખ્યાને શબ્દાર્થમાં અથવા મંદબુદ્ધિથી ઉકેલતાં અર્થનો અનર્થ થઈ જાય છે. અને શાસ્ત્રના આશયને સમજ્યા વિના પ્રતિપાદન કરેલા વિષયની અપૂર્વતા કે મહત્તા સમજાતી નથી. દુનિયાદારીના સમાન્ય વ્યવહારોની પ્રવૃત્તિઓમાં પણ કોઈ વાતના ભાવાર્થને તથા તેમાં રહેલા રહસ્યને સમજ્યા વિના માત્ર શબ્દાર્થથી તેને સમજવા જતાં અર્થનો અનર્થ થવા પામે છે.

એક શેઠને ત્યાં બુદ્ધિહીન જડ નોકર રહ્યો હતો. એક વખતે સાંજના શેઠજીએ જમી પોતાના નોકરને કહ્યું કે—' રાત પડવા આવી

છે, અને તે અંધારી છે, તેમ મારે ફરવા જવાનું છે, માટે ફાનસ સાફ કરી તેને સળગાવી લાવ.

અક્કલહીન નોકરે રૂપેરી કમાનવાળા બે ચાર રૂ. ની કીંમતના ફાનસને રાખથી ઉટકી (માંજી) સાફ કરી ચુલામાં ભડકો બળતો હતો, તેમાં લાવીને મૂકી દીધું અને 'સળગી (બળી) રહે એટલે શેઠ પાસે લઈ જાઉં,' એમ મનમાં વિચાર કરી પા કલાક બેસી રહ્યો.

ફાનસ આવ્યું નહિ, એટલે શેઠે મૂર્ખ નોકરને હાંક મારી કહ્યું—'અલ્યા ! મારે મોડું થાય છે, માટે જલદી ફાનસને સળગાવી લાવ. આટલી બધી વાર કેમ થઈ? તને સળગાવતાં આવડે છે કે નહિ ?

નોકરે કહ્યું—'સાહેબ ! ફાનસ સળગાવતા કેમ ન આવડે ? હમણા સળગાવી લાવું છું. ફાનસ સળગાવવામાં શું મોટી વાત કે કળા હતી ?

પોતાના નોકરની આવી અનર્થકારક પ્રવૃત્તિ જોઈ શેઠ મનમાં વિચાર કરી બોલ્યા કે :—

**"ભાવાર્થ સમજે નહિ, કરે કાંઈનું કાંઈ;**
**ફાનસ સળગાવવા કહ્યું. તો નાખ્યું ભડકા માંહિ."**

સામાન્ય વિષયમાં આશય સમજ્યા વિના ઉલટું થઈ જાય છે, તો પછી મહાન્ જ્ઞાની પુરૂષોના તત્ત્વગંભીર શસ્ત્રોનું આંતરિક જ્ઞાન પામ્યા વિના, આત્મસ્વરૂપ પ્રગટ કર્યા વિના, દેહાધ્યાસબુદ્ધિ તથા જગદાકાર વૃત્તિનો લય કર્યા વિના માત્ર શબ્દાર્થથી જ અર્થ કરવા જતાં અનર્થની વૃદ્ધિ થાય, તો તેમાં કાંઈ આશ્ચર્ય નથી.

અભયદાન માટે પણ અમુક વિરલા પુરૂષોને બાદ કરીને વિચાર કરવા બેસીએ તો શાસ્ત્રના હેતુથી હજારો કોશ દૂર પ્રવૃત્તિ થતી જણાય છે. શાસ્ત્રમાં કહ્યું છે કે—'એક જીવને અભય આપનાર **મહાપદને** પામે છે, મહાપુન્ય ઉપાર્જન કરે છે અને **તીર્થંકરગોત્ર** બાંધે છે' તે વાત સત્ય છે.

પણ અભયદાન આપવું તે શું ? અને તે કેવી રીતે ? ચંડાલ તથા મચ્છીમારોને પાંચ પચીશ રૂપિયા આપી બે ચાર બકરાં કે માછલાં બચાવવાં ? તે અભયદાન કહેવાતું હોય તો તેવી કરણી કરનાર લાખો મનુષ્યો છે, અને તે બધા તીર્થંકર ( પરમાત્મા ) પદને પામે તો તે પદની મહત્તા જ નથી.

પાંચ પચીશ રૂપિયા આપી બે ચાર બકરાંને છોડાવવાથી અભયદાન કહેવાતું હોય તો તેવા બોધથી જનસમાજમાં આત્મિકધર્મની ઉન્નતિ નથી, પણ હાનિ છે, જનસમાજમાં અનર્થ ઉત્પન્ન થવાનો સંભવ છે. લોકો એમ જાણશે કે – ' ગમે તેવા મહાપાપ કરીને અનીતિ અસત્ય તથા કિલષ્ટ કર્મોથી કમાણી કરી બે ચાર બકરાં, માછલાં કે કુકડાને બચાવશું એટલે મહત્પુણ્યની પ્રાપ્તિ થઈ જશે, ' એમ ઉન્માર્ગે જવાનો સંભવ રહે છે.

મહાપુરૂષોના વાકયોનો અંતર્ગત આશય જાણ્યા વિના શબ્દાર્થથી તેનો અર્થ સમજવા જતાં ઘણી વાર અનર્થ થતા જોવામાં આવે છે. દાખલા તરીકે વેદાંતમાં **સપ્તાહ** નામનું પુસ્તક છે. તેમાં ગમે તેવા અપૂર્વ ભાવ હશે, પણ તેને વાંચનાર શબ્દજ્ઞાનીઓ એમ જણાવે છે કે—' ગમે તેવાં પાપકૃત્ય કરનાર એક વખત બ્રાહ્મણ પાસે- સપ્તાહનું શ્રવણ કરે, તો તેને મુકિત મળે. ' સંપ્રદાયમોહના અજ્ઞાન–આવરણને લઈ સત્ય સમજવામાં લોકોનું વિચારબળ કેટલું ક્ષીણ થવા પામ્યું છે તે આ વાત પરથી સ્પષ્ટ સમજાય છે. **પરીક્ષિત** રાજાને **શુકદેવજી**એ સદ્બોધ આપી તેનો સાત દિવસમાં મોક્ષ કર્યો છે. તે વાતની નકલ કરી કોઈ વિદ્વાન મહર્ષિએ શુકદેવજીના બોધના નામથી સપ્તાહ વાંચવાને બતાવ્યું, અસ્તુ.

મહાપુરૂષના વચનથી સંસ્કારી આત્માનું શ્રેય થાય એ વાત સંભવિત છે, પણ તે વાંચનાર બ્રાહ્મણ શુકદેવજીની દશાને કે તેની દશાના શતાંશપણાને પામ્યો છે કે માત્ર આજીવિકાના પોષણ અર્થે પોતાનું પેટ ભરવાનો ધંધો લઈ બેઠો છે ? તેમ જ શ્રવણ કરનાર

પરીક્ષિત રાજા જેવી જિજ્ઞાસા તથા પાત્રતા ધરાવે છે કે માત્ર કુલાચારની પ્રવૃત્તિથી ધર્મ માની માતાગ્રહનું પોષણ કરે છે? આ બાબતનો વિચાર ન હોવાથી ગમે તેવા કૃત્યો કર્યાં હોય અથવા કરતાં હોઈએ; પરંતુ 'સપ્તાહના શ્રવણમાત્રથી અમારો મોક્ષ થશે' એમ માની સત્ય પામવાથી વિમુખ રહે છે.

બકરા, ગાય, ભેંસ તથા પાડા વગેરે મારનાર ચંડાલોને મ્હોંમાગ્યા પૈસા એકના દશગણા આપી તથા બકરીઇદના વખતમાં મ્હોંમાગ્યા રૂપિયા આપી બે ચાર કે દશ ઘેટાં બકરાં છોડાવવાથી અભયદાન થતું નથી, પણ હિંસાદાન જેવું થાય છે. અર્થાત્ હિંસાની વૃદ્ધિને ઉત્તેજન આપવાં જેવું બને છે. કારણ કે પાંચ રૂપિયાની કીંમતના બકરાને દયાની લાગણીથી ઉશ્કેરાઈ જવાનો ભાવ કરનારા દશ પંદર રૂપિયા આપી તેને છોડાવે, તે ચંડાલના ધંધાને ઉત્તેજન આપવા જેવું થાય છે.

તે કારણથી તથા દયાના વેગમાં ઉશ્કેરાઈ બે ચાર બકરાંને છોડાવી પાંજરાપોળમાં દાખલ કરી દેવાથી 'જીવ બચ બ્યાનો ધર્મ થયો' એમ માનનાર પોતાની મોટી ભૂલ કરે છે. નિર્દય મનુષ્યની શસ્ત્રધારાથી મરણાંત કષ્ટમાં પડેલ પ્રાણીનું રક્ષણ કરવું; તેને મરણના ભયમાંથી મુકત કરવો તે જીવ પોતાનો થયો ગણાય.

કોઈપણ દયાળુને શરણે જનાર તે શરણાગત પ્રાણીને મરતાં સુધી સાચવી રાખે, તેને દુઃખ કે કષ્ટ આવવા ન દે, તે જ શરણે આવવાની સાર્થકતા છે. તેમ ભયમાંથી મુકત કરેલ જીવને આપણે પોતાના કુટુંબીજનની માફક તેને સાચવવો જોઈએ. ભવિષ્યમાં તેને જરા પણ આપત્તિ કે દુઃખ ન આવે, તેમ તેનું રક્ષણ કરવું જોઈએ.

છતાં તેમ ન થતાં ચંડાળ પાસેથી છોડાવી પાંજરાપોળની અધમ સ્થિતિમાં કે જ્યાં ડાંસ મચ્છર વગેરે જંતુઓ કરડી ખાતા હોય, જ્યાં કાગડા, ગીધ વગેરે ચાંચો મારી ફાડી નાખતા હોય,

જ્યાં નોકરો નીચ જાતિના અને નિર્દયી રાખવામાં આવ્યા હોય, કે જેમના હૃદયમાં દયાની લાગણી પણ ભાગ્યે જ હોય, ત્યાં રીબાવી મારવાથી ઓલા (આગમણ)માંથી કહાડીને ચુલામાં નાંખવા જેવું થાય છે.

અભયદાનની ખરી મહત્તા ત્યાંજ છે કે મરનારની દયા ખાતાં મરનારને બચાવતાં મારનાર ઉપર પણ અણુ માત્ર અરૂચિ, તિરસ્કાર કે કષાય ઉત્પન્ન ન થાય તો જ અભયદાન કહી શકાય. કેટલેક સ્થળે જ્યાં મહાજન કે ન્યાતનું જોર હોય છે, ત્યાં ચંડાળોને મારી કુટી તેની પાસેથી બકરાં કે ઢોર પડાવી દયા કરવાનું માનનારા જૈન સિદ્ધાંતથી વિરૂદ્ધ કરે છે. એ અભયદાન નથી, પણ કુલાચાર કે સંસ્કારજન્ય મોહદાન છે.

જૈનશાસ્ત્રમાં નિરૂપણ કર્યા પ્રમાણે અભયદાનનું યથાર્થ સ્વરૂપ કોઈ કોઈ સાધુ મહાત્મા અથવા શ્રાવક સમજ્યા હશે. બધા નહિ સમજ્યા હોય એમ કહેવાનો મારો હેતુ નથી.

**"અપરાધી શું પણ નવિ ચિત્ત થકી,**
**ચિંતવીએ પ્રતિકૂલ-સુગુણ નર."**

એ વાક્યથી સિદ્ધ થાય છે કે અપરાધીના પ્રત્યે કષાય કે વૈરભાવ ન લાવતાં દયા લાવવી એજ દયાળુનું કર્ત્તવ્ય છે. જૈન-સમાજમાં પણ ઘણે ભાગે આવા પ્રકારની વિવેકશૂન્ય પ્રવૃત્તિને જ દયાની ભાવના મનાઈ ગઈ છે

કેટલેક સ્થળે સાધ્વીઓ તથા આર્યાઓ! વિધવા સ્ત્રીઓને બીજી સ્ત્રીઓની સુવાવડ નહિ કરવાની બાધા આપે છે. કેમ કે સુવાવડ કરવાથી અશુચિ પરમાણુઓના સંસર્ગને લઈ સુતક લાગવાથી સામાયિક, પ્રતિક્રમણ, સ્વાધ્યાય વગેરે ધર્મક્રિયા અમુક દિવસો સુધી ન થઇ શકે, તેથી સુવાવડમાં પાપ માની તે ન કરવાની બાધાઓ આપવા જતાં શાસ્ત્રવિરૂદ્ધ અધમ નિર્દય કૃત્ય ચાલે છે. અને તેવા દુષ્ટ કૃત્યને ધર્મગુરૂઓ તથા સાધ્વીઓ ધર્મ મનાવે છે.

આવાં શિથિલ વિચારની દેરાણી, જેઠાણી કે નણંદ વગેરેને સુવાવડ આવતાં કોઈ કામ કરનાર ન હોય તો સુવાવડી સ્ત્રી તથા બાળક ભલે દુઃખી થાય અથવા મરી જાય. કાં તો કોઈ બાઈને નોકર રાખી તેની સુવાવડ કરાવે, કે જે બાઈ સ્નેહની લાગણીથી કામ કરનાર ન હોય. સુવાવડી સ્ત્રી કે બાળક મરી જાય, પણ આધા લેનાર ભક્તાણીથી સુવાવડ ન થાય.

સામાયિક પ્રતિક્રમણ વગેરે ધર્મક્રિયાના ખાલી ખોખાના મોહમાં સુવાવડી સ્ત્રી કે તેનું બચ્ચું દુઃખી થાય કે મરી જાય, છતાં મનુષ્યની દયા કે સેવા કરવાની લાગણીથી ભ્રષ્ટ ધર્માંધ ભક્તો મનુષ્યનો બચાવ ન કરે, તો પછી સામાયિકાદિકથી શું કાર્ય સરવાનું હતું? કાંઈજ નહિ. માત્ર ધર્માંધતા, ધર્મઘેલછા અને અજ્ઞાનના ચાળા જ છે.

ખુટો ભક્ત કહે છે તે પણ બરાબર છે—

**"અજ્ઞાનીના આચાર ઘણા, અને બુદ્ધિ એની બાયડી;**
**થોડાકમાં અટકી રહે, એમ કહે ખુટો કાપડી."**

આ પ્રમાણે જીવોને મારનાર ઉપર એક રોમમાં અણુમાત્ર પણ તિરસ્કાર કે કષાય ભાવના ન થાય અને મરનારને બચાવી તેને પાંજરાપોળની અંદર રીબાવી મારી નાંખવા ન મોકલતાં બચાવેલ જીવ ભય કે દુઃખને ન પામે તેવી સાવચેતીથી કરૂણાપૂર્વક તેનું રક્ષણ કરવું તેને જ જ્ઞાનીઓ અભયદાન કહે છે.

જેમ દાનના અધિકારમાં જણાવી ગયો છું કે 'એરણની ચોરી કરી સોયનું દાન કરનાર ધર્મી નથી, પણ ધતીંગ કરનાર છે, તેમ એ ચાર બકરાં, ઘેટાં, ગાયો, બળદ કે માછલાંને બચાવનાર પોતાના

સ્વાર્થને માટે ધનના ગુલામો બની કુડ-કપટ, અનીતિ કે અસત્યથી હજારો ભોળા લોકોને છેતરી, પ્રપંચના પાશમાં ફસાવી, હજારોનાં ગળાં રેંસી, ખોટાં ખતો લખનાર, પોતાના સ્વાર્થને માટે મનુષ્યને છેતરનાર, પારકી થાપણ ઓળવનાર, બેચાર બકરાંને છોડાવનાર છતાં મનુષ્યો સાથે વૈર-વિરોધ કરી કલેશ વધારનાર,

વળી બીજાને દુઃખ તથા ત્રાસ આપનાર, કન્યાવિક્રય કરનાર, હજારો મનુષ્યોના લોહીનું પાણી કરી તેઓની કમાણી ઉપર તાગડધિન્ના કરનાર, ધર્મના નામે કલેશ, કુસંપ વધારી ઝગડા કરી કોર્ટે લાખો રૂપિયાનું પાણી કરનાર, સર્વ જીવોની સાથે મૈત્રીભાવનાની પ્રતિક્રમણમાં પ્રતિજ્ઞા લઈ મનુષ્યો સાથે જ કુડ-કપટ કરનાર, વૈર-વિરોધ કરનાર, બીજાનું ભુંડું ઇચ્છનાર અથવા કરનાર,

વળી વ્યાપારાદિકમાં ભાઈઓ તથા ભાગીદારો પ્રત્યે વિશ્વાસઘાત કરી હજારો અને લાખો રૂપિયાની ઉચાપત કરનાર, પરસ્ત્રી તથા પરપુરુષ સાથે અનાચાર કરનાર, પૈસાના થોડાક સ્વાર્થની ખાતર અબોલ પ્રાણીઓ ( ઊંટ, અશ્વ, બળદ વગેરે ) ઉપર હદ ઉપરાંત ભાર ભરી તેમના પ્રત્યે નિર્દયતા કરનાર, બે ચાર બકરાંને છોડાવ્યાથી **ઉપરોક્ત દોષોમાંના એક પણ મહાદોષ હોય**, ત્યાંસુધી તે અભયદાનના સ્વરૂપને સમજ્યો જ નથી. તે માત્ર પોતાના કુલાચારો જ ધર્મ માની બેઠો છે.

વસ્તુત્વે તો તેવા અધમ કૃત્ય કરનારથી ધર્મ લાખો કોશ દૂર છે. જૈન શાસ્ત્રોમાં એવો એક પણ દાખલો કોઇ બતાવશે કે—' ઉપરોક્ત કહેલા દોષોવાળો જીવાત્મા બે ચાર બકરાં કે ઘેટાંને બચાવી પૈસાના સ્વાર્થને માટે હજારો જીવોને દુઃખ આપી તેણે અભયદાન આપ્યું હોય, અથવા ધર્મ કાર્યો હોય એમ કહેવાશે ? કદાપિ નહિ.

એરણની ચોરી કરનાર સોયનું દાન આપવાથી ધર્મ પામવાનું કહી શકાય નહિ. તેમજ હજારો જીવો તથા મનુષ્યોને પણ ત્રાસ આપનાર, છેતરનાર, પોતાના સ્વાર્થની ખાતર તેમનું ખરાબ કરનાર માણસ બેચાર બકરાં કે માછલાં બચાવે, તેથી તે ધર્મિષ્ઠ છે વા તેણે ધર્મ કર્યો છે એમ કહી શકાય નહિ.

કેટલાક એવા પણ જીવો જણાય છે કે જમાનાનું અનુકરણ કરી બે ચાર માણસ વા બે ચાર કુટુંબને પોષણ આપવાનો દેખાવ કરી–'અમે મનુષ્યોની દયા કરનાર છીએ' એમ બતાવે છે. અને તે જ ડોળઘાલુ દયાળુઓ હજારો મનુષ્યોને છેતરી, દુઃખ આપી પ્રપંચમાં ફસાવી લાખો રૂપિયાની કમાણી કરે છે, ત્યારે તેવા જીવો બિચારા 'અમો દયા કરીએ છીએ' એમ બતાવી અથવા માની પોતાના આત્માને છેતરે છે, અને સત્માર્ગના વિરાધક બને છે, પરમાત્મ–તત્ત્વથી વિમુખ રહી અનંત કૃપાળુ પરમાત્માના ગુન્હેગાર બને છે.



# ૬

# અનુકંપાદાન

લેખક :
મુનિશ્રી જયવિજયજી

*

**અનુકંપાદાન**—કોઈ પણ દુઃખી આત્માને જોઈ તેને દુઃખથી મુક્ત કરવા માટે પોતાની શકિતનો ભોગ આપવો તે.

શરીરની પીડાથી દુઃખી થતાં કોઈ પણ જીવાત્માને જોઈને અરેરાટ આવે, દયાની લાગણી જણાય છતાં પોતાના શરીરનો ભોગ આપી તેને દુઃખમુકત કરવાની પ્રવૃત્તિ ન થાય, તો તેનું નામ અનુકંપા નહિ, પણ કુલાચારના સંસ્કારો જ છે.

જેમકે, એક કુતરો વા ઢોર શરીરની પીડાથી દુઃખી થતો હોય, રૂધિર વા પરૂ નીકળતુ હોય, તડકે પડયો હોય, તેને જોઈ પોતાથી ઉપડે તો છાંયે મૂકવો, પાણી અથવા દવા લાવી તેના રૂધિર વગેરેને સાફ કરી પાટો વગેરે બાંધવો એ વગેરે ક્રિયા કરવામાં પોતાની મોટાઈનું માન છોડી દેવું, "હું આવો શેઠીઓ અથવા ધનાઢય થઈ આ કામ કેમ કરું?" એક બે રૂપિયાનો ખરચ કરી નોકરને ભળાવી દે.

શરીરથી પીડાતા જીવને દુઃખમુકત કરવા પોતાના શરીરની શક્તિ છતાં માન મોટાઈને લઈ અથવા 'મારા શરીરને મહેનત પડશે, દુઃખ લાગશે કે મારા લુગડાં બગડશે' એવી દેહાધ્યસની બુદ્ધિને લઈ પોતાના શરીરથી સેવા ન બજાવતાં બીજા કોઈને ભળાવી પોતે દયાનો ડોળ કરતો ચાલ્યો જાય, તો તે અનુકંપા કહી શકાય નહિ.

**અનુકંપાદાન ત્રણ પ્રકારે છે. શારીરિક, માનસિક તથા આર્થિક.**

શરીરથી અનુકંપા કરવી તે **શારીરિક અનુકંપાદાન** કહેવાય.

મનથી સામાના અંતરનું દુઃખ દૂર કરવું તે **માનસિક અનુકંપાદાન** કહેવાય અને

પૈસાથી સામાના દુઃખને દુર કરવું તે **આર્થિક અનુકંપાદાન** કહેવાય.

## શારીરિક અનુકંપાદાનનો દાખલો

**શાંતિનાથ** ભગવંતમાં વિશ્વના જીવો પ્રત્યે કેટલી અનુકંપા છે, તે જાણવાને એક દેવતા સિંચાણા નામના પક્ષીનું રૂપ કરી પોતાની દૈવિક શક્તિથી બીજું પારેવા (કબુતર)નું રૂપ કરી પારેવાને મારી નાખવા અત્યુગ્ર ગતિથી તેની પાછળ પડ્યો.

મરણના ભયથી ભયભીત થયેલ પારેવું શાંતિનાથ ભગવાન્ કે જેઓ મેઘરથ રાજાના ભવે ગૃહસ્થાશ્રમમાં હતા તેમના ખોળામાં આવીને પડયુ. પાછળથી સિંચાણે આવીને પોતાના ભક્ષ્યની માગણી કરી અને વિશેષમાં જણાવ્યું કે—

"હે રાજન્! પારેવાનું રક્ષણ કરતાં મારૂં મરણ થઈ જશે, તેનો કાંઈ વિચાર કર્યો? આજે ત્રણ દિવસ થયાં મને ખોરાક મળ્યો નથી, ચોથે દિવસે મહાકષ્ટે આ પારેવું મળ્યું. માટે મારું ભક્ષ્ય મને સુપ્રત કર. એકનું રક્ષણ કરી બીજાના જીવન પ્રત્યે ઉપેક્ષા કરવી એ કોના ઘરનો ન્યાય?

આ વખતે શાંતિનાથ પ્રભુ (મેઘરથરાજા)એ વિચાર્યું કે— "સિંચાણાની વાત સાચી છે કારણ કે તે ત્રણ દિવસનો ભૂખ્યો છે, માટે તેની પણ દયા કરવી આવશ્યક છે." તેથી પ્રભુએ કહ્યું કે— હે પક્ષી! તું ભૂખ્યો હોય, તો તારા જીવનનો ઘાત કરી આ પારેવાનો બચાવ કરવો, એ પણ ઉચિત નથી. તેમજ ત્રાસથી

ભયભીત થયેલ અને શરણે આવેલ પ્રાણીનો નાશ થવા દેવો એ પણ મારા ક્ષાત્રધર્મને કલંકિત કરવા જેવું છે. માટે પારેવાનો પણ બચાવ થાય અને તારે પણ ક્ષુધાની શાંતિ થાય, તેને માટે એક જ રસ્તો છે. તે એ કે આ પારેવા જેટલું માંસ મારા શરીરમાંથી હું તને કાપી આપું, કે જેથી તું શાંત થઈશ.

સિંચાણે તે વાત માન્ય રાખી. એટલે મેઘરથ (શાંતિનાથ) શસ્ત્રથી પોતાના સાથળ (જંઘ)નું માંસ કાપી સિંચાણાને આપવા તૈયાર થયા તે વખતે પક્ષીએ કહ્યું કે—'એ માંસ પારેવા બરાબર તોળીને આપો.'

જેથી કાંટાના એક બાજુના ત્રાજવામાં પારેવાને મૂકી બીજી બાજુના ત્રાજવામાં પોતાના શરીરનું માંસ મૂકીને તોળ્યું. પણ દૈવી શકિતના પ્રભાવથી પારેવાનું વજન વધારે જણાયું. તેથી મેઘરથરાજા (શાંતિનાથ પ્રભુ)એ થોડે થોડે પોતના શરીરના અંગોપાંગ કાપાતાં આખું શરીર સિંચાણાના ભક્ષણને માટે ત્રાજવામાં મૂકી દીધું.

તે જોઈ પેલા દેવતાએ પારેવા તથા સિંચાણાના રૂપને સંહરી લઈ પોતાનું દિવ્યરૂપ પ્રગટાવી પ્રભુ ઉપર પંચવર્ણી પુષ્પોની વૃષ્ટિ કરી જય જયારવના માંગલિક દીવ્ય ધ્વનિથી રાજાની સ્તુતિ કરતો રાજાના ચરણ-કમળમાં પોતાના શરીરને નમાવી સપ્રેમ વંદના કરતો સ્વર્ગધામમાં ચાલ્યો ગયો.

બીજાના સુખને માટે પોતાના દેહનો ભોગ આપવા પણ રાજા તૈયાર થયા. આનું નામ જ સાચી અનુકંપા. આવા દયાસિંધુ ભગવાનને ત્રિધાયોગે નમસ્કાર હો, નમસ્કાર હો.

આ વિષયમાં એક ત્રીજું દૃષ્ટાંત એવું છે કે—અમેરિકાના માજી પ્રેસીડેન્ટ બે ચાર નોકરોની સાથે ગાડીમાં બેસી ચાલ્યા જતા હતા. રસ્તાની બાજુએ પાણીના કીચડવાળા ખાબોચીઆમાં એક ભુંડ (ડુક્કર) કીચડમાં ખુંચી ગયો હતો. તે નીકળવાને ઘણી જ

મહેનત કરતો હતો, પણ નીકળી ન શકવાથી અત્યંત દુઃખી થતો હતો.

તેને જોઈ કોઈ પણ નોકરને હુકમ ન કરતાં તેમ ગાડી ઉભી રખાવવાનો પણ અવકાશ ન લેતાં ચાલતી ગાડી ઉપરથી એકદમ કુદી પડી પોતાના કીંમતી વસ્ત્રો બગડવાની પણ દરકાર ન કરતાં કાદવમાં પડી પેલા ભુંડને ખેંચીને બહાર કાઢ્યો.

તેને બહાર લાવ્યા પછી એક નોકરે કહ્યું કે—'મહેરબાન સાહેબ! આપે જાતે શા માટે આટલી બધી મહેનત ઉઠાવી? અમને હુકમ કર્યો હોત, તો તે કામ અમો પણ બજાવી શકત.'

તેના ઉત્તરમાં માજી પ્રેસીડેન્ટ બોલ્યા કે, 'તમે કહો છો તે ઠીક છે. પણ આ દુઃખને જોઈને મારા હૃદયમાં જે દુઃખ થતું હતું, તે જ દુઃખ તમારા હૃદયમાં થયુ હોત, તો તમને મારી આજ્ઞાનો પણ અવકાશ રહેત નહિ. મારી આજ્ઞા પહેલાં જ તમો મારી માફક કૂદી પડ્યા હોત, પણ તમારા હૃદયમાં મારા જેવું દુઃખ થયું હોય, તેવું મને જણાતું નથી. મારા હૃદયમાં થતાં દુઃખને માટે મારે જ મહેનત કરવી એ મને વધારે ઉચિત લાગ્યું. તેથી મારે જાતે આ ખાડામાં પડી આ ભુડને બહાર કહાડવાની જરૂર જણાઈ. જો આ ભુંડને કાદવ બહાર કહાડ્યો ન હોત, તો તેને દુઃખી જોઈ મારા હૃદયમાં જે પીડાનો ખટકો થયા કરતો હતો, તે પીડા દૂર થાત નહિ. અને ભુંડને બહાર કહાડવાથી મારા હૃદયની પીડા શાંત થઈ છે. જેથી મેં ભુંડની દયા કરી નથી, પણ મારા અંતરની દયા કરી છે.

ધન્ય છે આવી દયાની લાગણીને! આનું નામ જ અનુકંપા!

આ ઉપરનાં દૃષ્ટાંતો **શારીરિક અનુકંપાદાનના** ભેદનાં કહ્યાં, પણ સાથે **માનસિક અનુકંપાનો** પણ સમાવેશ થાય છે. કેમકે શરીરથી પીડા પામતા જીવોનું અંતર પણ પીડાય છે, અને શરીરની પીડા દૂર થતાં માનસિક પીડાનો પણ લય થાય છે. છતાં માનસિક અનુકંપાનો બીજો એક દાખલો એ વિષયને વિશેષ સ્પષ્ટ કરશે, અને તે પ્રમાણે છે:—

અગીયારમા સૈકામાં થયેલ કલિકાલ-સર્વજ્ઞ ભગવાન શ્રીમાન્ હેમચંદ્રાચાર્યજીએ કુમારપાલ રાજાને પ્રતિબોધ આપી આત્મજ્ઞાન સંપન્ન બનાવ્યા હતા તે સમયના શંકરાચાર્યજીએ બૌદ્ધ અને જૈનોને ભારતભૂમિમાંથી બહિષ્કાર કરવાનો ધર્મવિવાદરૂપ ઝગડો ઉઠાવ્યો હતો. શંકરાચાર્યજી બાળબુદ્ધિ મનુષ્યોમાં 'જૈનો નાસ્તિક છે, કેમકે તેઓ પરમેશ્વરને માનતા નથી.' આવી ભાવનાના સંસ્કારો ઠસાવી જૈન ધર્મ અને જૈન ધર્મના શાસ્ત્રો પ્રત્યે લોકોને આશંકા દોષ વા અરૂચિ ભાવ ઉત્પન્ન કરાવવા તનતોટ મહેનત કરતા હતા.

શંકરાચાર્યજીની દલીલ એ હતી કે-'જૈનો નાસ્તિક છે. કેમકે તેઓ પરમેશ્વરને માનતા નથી.' જૈનો પરમેશ્વરને માનતા નથી, તો પછી ઋષભદેવથી મહાવીર પર્યંત ચોવીશ તીર્થંકરો (પરમેશ્વરો) ને જૈનો ક્યાંથી લાવ્યા હતા? શંકરાચાર્યજી મહારાજ! તમે તો એક પરમેશ્વરને માનો છો, પણ જૈનો તો ચોવીશ પરમાત્માઓને માને છે, જેથી આપશ્રીના કરતાં જૈનોમાં ચોવીશગણી આસ્તિકતા સિદ્ધ થાય છે.

જૈનશાસ્ત્રની માન્યતા પ્રમાણે ઉત્સર્પિણી અને અવસર્પિણી એ બે યુગો મળીને એક કાળચક્ર થાય છે. તે દરેક ઉત્સર્પિણી તથા અવસર્પિણીમાં ચોવીશ તીર્થંકરો થાય છે. જેઓ જન્મ પામી પ્રારબ્ધ-કર્મ હોય, તો રાજ્ય અથવા ગૃહસ્થાશ્રમ ભોગવી અથવા વિના ભોગવ્યે ત્યાગ લઈ સર્વ કર્મનો નાશ કરી કેવલજ્ઞાન પામી સર્વજ્ઞ થઈ મોક્ષમાં જાય છે.

એવા અનંત કાળચક્રમાં અનંતા તીર્થંકરો તથા બીજા પણ અનંત કેવળી ભગવાનો મોક્ષદશાને પામ્યા છે. જેઓ અનંતજ્ઞાની સર્વજ્ઞ ભગવાન પરિપૂર્ણ દશાની પરાકાષ્ટાએ પહોંચેલા પરમાત્માઓ જ છે, તેવા અનંત પરમાત્માઓને માનનાર જૈનોને નાસ્તિક કહેવા એ આત્મસ્વરૂપને પ્રાપ્ત થયેલ પરમ જ્ઞાનીઓનું કર્તવ્ય નથી.

જે ધર્મ, પુન્ય, પાપ, ધર્મ, અધર્મ, જીવ, અજીવ, સત્ય,

ચાસ્તુત્ય, સંસાર તથા મોક્ષાદિક ભાવને માને નહિ, તેને જ નાસ્તિક કહી શકાય છે. જૈન, વેદાંત કરતાં કયા વિષયમાં ન્યૂનતા ધરાવે છે, કે જેથી તે નાસ્તિક કહેવાય ?

'પરમેશ્વર જગત્‌નો કર્તા છે.' એમ માની જૈનો પરમેશ્વર-કર્તાને માનતા નથી, તેથી નાસ્તિકતા છે ? **જો વિશ્વઘટના પરમેશ્વરની ઇચ્છા કે શક્તિથી થાય છે, તો પછી પોતાના કર્તાપણાની માન્યતાને નહિ માનનાર જૈનોને ઉત્પન્ન કરી પોતાના પગ ઉપર કુહાડો મારવાનું ડહાપણ કરવાની ઈશ્વરને શી જરૂર હતી ? કે તેણે જૈનોને ઉત્પન્ન કર્યા.**

જૈનો પરમેશ્વરને માને છે. પણ 'વિશ્વની રચનાનો કર્તા પરમેશ્વર છે' એમ જૈનો માનતા નથી. કોઈ પણ કાર્ય ઉત્પન્ન થવામાં ઉપાદાન કારણ તથા નિમિત્ત કારણ એમ બે કારણની જરૂર પડે છે.

જેમકે ઘડો ઉત્પન્ન થવામાં ઉપાદાન કારણ માટી છે તથા નિમિત્ત કારણ કુંભાર, દંડ, ચક્રાદિ છે. તેમ ઈશ્વરે જગત્‌ને ઉત્પન્ન કર્યું, તો જગતરૂપી કાર્ય ઉત્પન્ન થવામાં ઈશ્વર ઉપાદાન કારણ છે કે નિમિત્ત કારણ ? જો ઇશ્વરને જગત્‌નો ઉપાદાન માનીએ, તો ઉપાદાન કારણનો નિયમ છે કે કારણમાંથી કાર્ય થાય, એટલે કારણ પોતે કાર્ય થાય. જેમ મૃત્તિકા પોતે જ ઘટ બને, તેમ જગત્‌નું ઉપાદાન કારણ ઈશ્વર પોતે હોય તો ઈશ્વરનો જગત્‌માં સમાવેશ થઈ ઈશ્વર જગત્‌થી જુદો ઠરતો નથી.

તેમ જ જગત્‌રૂપ કાર્ય થવામાં ઈશ્વર નિમિત્ત કારણરૂપે હોય, તો કુંભારે માટીમાંથી જેમ ઘટ ઉત્પન્ન કર્યો, તેમ ઈશ્વરે કઈ વસ્તુમાંથી જગત્ ઉત્પન્ન કર્યું ? જે વસ્તુમાંથી જગત્ ઉત્પન્ન થયું, તે વસ્તુ ક્યાંથી ઉત્પન્ન થઈ ? એમ એક પછી એક ભૂતત્ત્વ કારણોની પરંપરાનું અનુસંધાન કરતાં પરમેશ્વર તથા જગત બંને અનાદિ ઠરે છે.

જૈનો પરમાત્માને વિશ્વનો કર્તા નહિ, પણ જ્ઞાતા જ માને છે.

મન, વચન તથા શરીર એ ત્રણ યોગ અને રાગદ્વેષાદિ દોષોથી સર્વથા મુક્ત થાય તેને ઈશ્વર કહે છે. તેવા અશરીરી, અસંગી પરમાત્માને જગત્ ઉત્પન્ન કરવાનું સાધન કે આવશ્યકતા નહિ હોવાથી તે વિશ્વનો જ્ઞાતા બની શકે છે.

દીપકની પાસે તેના પ્રકાશના નિમિત્તથી કોઈ જુગાર, વ્યભિચાર વગેરે અસત્ક્રિયા કરે, તેમજ સંધ્યાપૂજન, વાંચન, શ્રવણ વગેરે કોઈ સત્ક્રિયા કરે, એ સત્ અસત્ ક્રિયા કરવામાં જેમ દીપકની પ્રેરણા નથી, પણ બંને પ્રવૃત્તિમાં પોતાનો પ્રકાશ રહ્યો છે, પોતાના પ્રકાશના નિમિત્તે બંને પ્રવૃત્તિઓ થાય છે.

તથાપિ જેમ દીપકને બાધા નથી, તેમ તેનામાં કરવાપણું નથી, માત્ર પ્રકાશવાપણું જ છે, તેમ આ વિશ્વમાં હિંસા, ચોરી, વ્યભિચાર વગેરે અસત્ક્રિયાઓ તથા દયા, ક્ષમા, બ્રહ્મચર્ય વગેરે સત્ક્રિયાઓ જે જે કર્મ આવરણોથી વીંટાયલા દેહધારી જીવાત્માઓ કરે છે; તે સર્વ આત્માઓની શુભાશુભ ક્રિયાઓને દેહરહિત પરમાત્મા દીપકની માફક જાણે ; પણ તે કરવા કે કરાવવામાં પરમાત્માની ઇચ્છા અથવા અનિચ્છા કે પ્રેરણા જેવું કાંઈ છે જ નહિ, તેથી પરમાત્માને કરવાપણું કે બાંધવાપણું કે જન્મ-મરણ ઉપાર્જવાપણું કાંઈ છે જ નહિ.

માટે જૈનો પરમાત્માને જ્ઞાતા માને છે, પણ કર્તા માનતા નથી. કુંભાર ઘટ વગેરે ઉત્પન્ન કરવાની તથા વિનાશ કરવાની ક્રિયા કરે, કડિયો ઘર બાંધવાની તથા ભાંગવાની ક્રિયા કરે, એક રાજા રાજ્ય-ખટપટની ક્રિયા કરે, કર્માવરણોથી મલીન થયેલ દેહધારી આત્મા સુખ-દુઃખ ઉત્પન્ન કરવાની, મેળવવાની, ભોગવવાની તથા આપવાની ક્રિયા કરે, હિંસા, દયા, ક્ષમા, ક્રોધ વિગેરેની પ્રવૃત્તિઓ કરે અને સર્વ કર્મબંધનથી તથા દેહથી મુક્ત થયેલ સચ્ચિદાનંદરૂપ પરમેશ્વર પણ તેવી ક્રિયા કરે, ત્યારે કુંભાર, કડિયો, રાજા, કર્મ સહિત દેહધારી જીવાત્મા અને પરમાત્મામાં ફેર શો ? પરમાત્મદશા પ્રાપ્ત થયા પછી પણ એની એ જ માથાકોડ રહી.

પરમાત્મદશામાં પણ જો આવી કડાકૂટ હોય, તો તે પરમાત્મા કરતાં કુંભાર, કડિયો વગેરેના જન્મ શું ખરાબ છે? અને તેવા જન્મો છોડી પરમાત્મદશા મેળવાથી શું વિશેષ છે? ઉલટી કુંભાર કડિયાને તો બે ચાર પદાર્થો ઉત્પન્ન કરવાની કે ભાંગવાની માથાકૂટ હોય, જ્યારે પરમાત્માને તો આખા વિશ્વના અનંત પદાર્થો ઉત્પન્ન કરવાની અને ભાંગવાની માથાકૂટ હોય છે.

આવા અનેક કારણોથી ઈશ્વરનું કર્તાપણું સિદ્ધ થતું નથી, જેથી જૈનોએ ઈશ્વરનું કર્તાપણું માન્યું નથી. દશમાથી બારમા સૈકામાં જૈનોમાં **અભયદેવસૂરિ, જિનવલ્લભસૂરિ, જિનદત્તસૂરિ,** તથા **હેમચંદ્રસૂરિજી** વગેરે સમર્થ આચાર્યો હતા, તેમને 'ઈશ્વર કર્તા છે' એમ સિદ્ધ કરવા તે સમયના શંકરાચાર્યજીએ કોઈ પણ સભા સમક્ષ મહેનત લીધી હોય, તેવો ઐતિહાસિક પુરાવો નથી.

હા. શંકરાચાર્યજીએ પોતાના કરેલ પુસ્તકોમાં કદાચ, તેવા પુરાવા આપ્યા હશે કે-'અમે જૈનોને આમ હઠાવ્યા. અમુક જૈનાચાર્યોને અંહીં હઠાવ્યા ને અમુકને ત્યાં હરાવ્યા. પણ એ તો એક શંકરાચાર્યજી ઉપર ક્યાં છે? જૈન, બૌદ્ધ, સાંખ્ય, રામાનુજ વગેરે દરેક મતાગ્રહી આચાર્યોએ પોતાની મહત્તા બતાવવા શાસ્ત્રો રચ્યાં છે. તેથી સત્ય શોધી શકવાનું મુશ્કેલ છે.

પણ તે વખતમાં શંકરાચાર્યજીએ જૈનના કોઈ મહાન્ મહાત્મા સમક્ષ ઈશ્વરકર્તાની સિદ્ધતા કરવાનો પ્રયાસ કર્યો હોય તેમ જણાતું નથી. કદાચ કોઈ સામાન્ય બુદ્ધિશાળી જૈન સાધુ સાથે વાદ કરી તેને હઠાવી પોતાની બહાદુરી બતાવી હોય તો બનવા યોગ્ય છે, પણ મહાન્ આચાર્ય સમક્ષ ઈશ્વરકર્તાની માન્યતા સિદ્ધ કરી નથી.

તો પછી તેમ કર્યા વિના પાછળથી પોતાના પુસ્તકોમાં 'જૈનો ઈશ્વરને માનતા નથી, એ તો નાસ્તિક છે' એમ બે ચાર ગાળો ચોપડાવી બહાદુરી બતાવવી કે રાજી થવું એ તો નિર્બળતા બતાવવા

જેવું થાય છે. ઈશ્વર કર્તા હો કે ન હો તેનું નિરાકરણ કરવાની અત્યારે જરૂર નથી, પણ અનાદિ કાળથી કર્મ–આવરણોથી બંધાયેલ જીવ કર્મ–બંધનથી મુક્ત કેમ થાય? તેની દેહાધ્યાસબુદ્ધિ કેમ ટળે? કામ, ક્રોધ, મદ, મોહ, મત્સર વગેરે દોષોનો નાશ કેમ થાય? પરમાત્મ પદની પ્રાપ્તિ કેમ થાય? તે પ્રથમ જાણવાની જરૂર છે.

વેદાંત ઇશ્વરને કર્તા માને છે અને જૈન કર્મને કર્તા માને છે. બંનેનો આશય ઊંચો છે. અર્થાત્ 'अहं ममेति बंधः' 'હું અને મારૂં' એજ જીવાત્માને બંધન છે. તો ઇશ્વરને કર્તા માનીને અથવા કર્મને કર્તા માનીને હું પણું (અહંકાર) દોષ કહાડવાની જરૂર છે.

અનંત કાળના અજ્ઞાનપણાને લઈ દેહાધ્યાસ બુદ્ધિથી દરેક પ્રક્રિયામાં 'હું આમ કરી શકું, આને મારી શકું ને આને જીવાડી શકું. આમ કરૂં ને તેમ કરૂં' એ અહંકાર દોષનો નાશ કરવા માટે જ ઈશ્વર અથવા કર્મને કર્તા તરીકે માનનારાઓનો ઉદ્દેશ છે. તે ઉદ્દેશ તરફ ખ્યાલ પહોંચાડતાં અર્થાત્ અહંકારાદિ દોષોનો નાશ કરતાં 'ઈશ્વર કર્ત્તા છે' તે જ વાત સાચી છે અથવા 'કર્મ કર્ત્તા છે' તે જ વાત સાચી છે એમ કદાગ્રહપણે માની વાદવિવાદ કરવામા ઈર્ષ્યા તથા કલેશની વૃદ્ધિ કરવાનું થાય છે, અને અમૂલ્ય સમય નિરર્થક પ્રવૃત્તિઓમાં ફીફાં (ફોતરા) ખાંડવામાં વ્યર્થ ગુમાવવાનું થાય છે.

આ કારણથી શ્રીમાન્ હેમચદ્રાચાર્યજીએ વિચાર્યું કે—"જૈન જેવા પવિત્ર દર્શન પ્રત્યે શંકરાચાર્યજીની ખોટી ઉશ્કેરણીથી લોકોના હૃદયમાં આશંકા અથવા અરૂચિભાવ થાય એ અન્યાય આપવા જેવું થાય છે." તેથી પોતાના જ્ઞાન–ધ્યાનની પ્રવૃત્તિને ઘડીભર મંદ કરી સમાજની સેવા કરવી, એ પણ એક મહાન ધર્મ છે એમ સમજી 'જૈનદર્શન સત્ય છે, તેને નાસ્તિક કહેનાર ભૂલ કરે છે' એમ દર્શાવવા, સત્યનો પ્રકાશ ફેલાવવા પોતાની જીંદગીનો ભોગ આપી જૈન સમાજને ટકાવી રાખ્યો છે.

જો તે સમયમાં હેમચંદ્રાચાર્યજી ન હોત, તો આજે **જૈનસમાજ**

એવું નામ પણ ભાગ્યે જ હયાતી ધરાવત. તેમણે સમાજ સેવાના મહત્કાર્યથી ઉત્કૃષ્ટ પુન્ય ઉપાર્જન કર્યું.

એક સમયે તપના બળથી દેવીનું આરાધન કરી દેવીની પ્રસન્નતા મેળવી પોતા કરતાં અધિક જ્ઞાની પાસે પાઠવ્યું કે—'મારા તથા કુમારપાલના હજી કેટલા ભવ બાકી છે?' દેવીએ પરજ્ઞાનીને પૂછી ઉત્તરમાં શ્રીહેમચંદ્રાચાર્યજીને બતાવ્યું કે—' કુમારપાલના ત્રણ ભવ બાકી છે અને આપના પાંચ ભવ બાકી છે. કારણ કે કુમારપાલ કરતાં આપે જનસમાજની ઉન્નતિના ઘણું જ મહત્કાર્યો કર્યાં છે. તેમ જ હજુ પણ આપના હાથે સેવાના મહાન્ પુનિત કાર્યો થવાનાં છે. જેથી કુમારપાલ કરતાં આપના વધારે બે ભવની જનસમાજને આવશ્યકતા છે.

આ સાંભળી શ્રીમાન્ હેમચંદ્રાચાર્યજી ઉલ્લાસમાં આવી દેવીને કહેવા લાગ્યા કે—'મારા નિમિત્તથી સત્ય તત્ત્વનો પ્રકાશ ફેલાતો હોય, કોઈ પણ જીવાત્મા સંસારના બંધનથી મુકત થઈ પરમાર્થ તત્ત્વને પામી શકતો હોય, સન્માર્ગ પ્રત્યે અન્યાય કરનારનો પરાભવ થતો હોય, જનસમાજના હૃદયની આંતરિક લાગણીઓ માયિક બંધનોથી છુટી પરમાત્મા–તત્ત્વ ભણી વળતો હોય, કોઈનું પણ શ્રેય થતુ હોય, સમાજ અથવા દેશની ઉન્નતિ થતી હોય, તો મારૂં ગમે તેમ થાઓ, ભલે મારા બેપાંચ ભવ વધે; પણ તેમ કરવા (જનસમાજનું શ્રેય કરવા) હું પરમ પ્રસન્ન ચિત્તથી રાજી છું.'

વાંચકવર્ગ, જુઓ. માનસિક કરુણાનો અદ્ભૂત ચિતાર! ધન્ય છે આવા ભારતભૂમિના પુનિત સંતાનને! નમસ્કાર હો આવા આર્યદેશના કોહીનૂર હીરાને! કે જેના પવિત્ર ચરણન્યસથી જ આ ભારતભૂમિ આર્યત્વના પુનિત નામને પામી છે.

## માનસિક અનુકંપાનું બીજું ચિત્ર

દશમા સૈકામાં **શ્રીજિનવલ્લભસૂરિ** નામના સમર્થ તત્ત્વજ્ઞાની આચાર્ય મહાત્મા વિદ્યમાન હતા. તે સમયે ધર્મતત્ત્વની ઘણી જ ક્ષીણતા

અથવા મંદતા હતી. તેમાં પણ બીજા સમાજો કરતાં જૈન સમાજમાં વિશેષતાએ અવ્યવસ્થા હતી. તે સમયે જૈનમાં રોમના પોપ ગુરુઓની માફક યતિ ( ગોરજી ) પોપ ગુરુઓની પ્રબળ સત્તા હતી. જૈન સમાજમાં પોપનું જ સામ્રાજ્ય હતું.

સાધુ આચારથી ભ્રષ્ટ થઈ મોજશોખ માણતા વિષયોના ગુલામો બન્યા હતા. કંચન તથા કામિનીની મોહજાળમાં લુબ્ધ થયા હતા. પોતાના દોષ બતાવનાર તથા સાચું કહેનારને અનેક કષ્ટો આપવા તૈયાર થયા હતા. અર્થાત્ મારી નાંખવામાં પણ પાછા હઠતા ન હતા.

ઉપધાન કરનારને પંદર રૂપિયા નાણુ ( કર )ના ભરવા જોઈએ. ૨૮ લબ્ધિનો તપ કરે તો ગુરૂપૂજનના અમુક રૂપિયા આપવા. ક્ષીરસમુદ્રના સાત ઉપવાસ કરે તો પાંચ સાત રૂપિયા પોથીપૂજનમાં આપવા. માળા પહેરાવવાના અમુક રૂપિયા દેરાસરખાતે તથાગુરુપૂજનમાં આપવા અને વાસક્ષેપ ( સુખડના ભુકાની ચપટી ) નખાવવો.

અહીં કોઈ પ્રશ્ન કરશે કે—' **મહાવીર** ભગવાને **ગૌતમાદિ** અગીઆર ગણધરોને વાસક્ષેપ નાખ્યાનો શાસ્ત્રમાં અધિકાર છે.' તો તેના ઉત્તરમાં જણાવવાનું કે—આજના પૈસાના પૂજારી ગુરુઓની માફક મહાવીરે, વાસક્ષેપ નખાવનાર કોઈ પણ ગૃહસ્થ પાસેથી પોથીપૂજન તથા ગુરુપૂજનના ખોટા બાના બતાવી પૈસા લીધાનો શાસ્ત્રમાં પાઠ છે જ નહિ.

ઉજમણું કરવામાં આટલા રૂપિયા ખરચવા, આરતિ તથા દીવો કરવાના, તેમ જ પ્રભુની પૂજા કરવાના, સ્વપ્ના ઉતારવાના તથા પાલણુ ઝુલાવવાના એ વિગેરે કાર્યોના લીલામી ( ચડાવા ) ધંધાઓમાં ઘી બોલાવી તેના પૈસા દેરાસર ખાતે તથા જ્ઞાનખાતે રૂપિયા આપવા તથા ગોસાંઈજીની માફક પોતાને ઘેર શ્રીપૂજ્યની પધરામણી કરાવી ગુરુપૂજનમાં અમુક રૂ. ધરવા, એક દેરાસરમાંથી ભગવાનની મૂર્તિ બીજા દેરાસરમાં લઈ જવી હોય તો નકરો ( નકરો—એ શબ્દ પોતે જ

સૂચવે છે કે જે પોતાના ઈષ્ટદેવ ભગવાનની મૂર્તિ છે, તેને વેચવાનો અધમ ધંધો ન કરો, છતાં મતાગ્રહથી મોહાંધ થયેલા બિચારા જીવો સત્ય વાતને સમજી શકતા નથી) મૂકવાનું બહાનું કહાડી પ્રભુની પ્રતિમાઓના વેચાણ કરવાના ધંધાઓ કરવા, આઠ કે સોળ ઉપવાસ કરે તો સ્વામિવાત્સલ્ય કરવું, તથા અમુક રૂપિયા (જેમ રેવન્યુ ખાતામાં નિયમિત ટેકસ લેવાય છે તેમ) આપે તો અષ્ટ પ્રકારી અને અમુક રૂપિયા આપે તો અગીયાર યા સત્તરપ્રકારી પૂજા ભણાવવાના, બારસો સૂત્ર (કલ્પસૂત્ર)ના ચડાવા કરવાના, કંચન-કામિનીથી રહિત નિર્ગ્રંથ ગુરૂ કહેવાય છતાં તેની પાસે રૂપિયા મૂકી વાસક્ષેપ નખાવવાના એ વગેરેની શાસ્ત્રવિરૂદ્ધ અસત્ય પ્રવૃત્તિઓ ચલાવી જૈન માર્ગની છિન્ન ભિન્નતા કરી નાખી હતી.

જે પ્રવૃત્તિઓ માટે ઉપાધ્યાય મહારાજશ્રી **યશોવિજયજી** પણ કહી ગયા છે કે :—

"કામકુંભાદિક અધિકનું, ધર્મનું કો નવિ મૂલ્ય રે;
દોકડે કુગુરૂ તે દાખવે, શું થયું એ જગશૂળ રે."

કામ, ક્રોધ, મોહ, મદ, દ્વેષ, રાગ, મિથ્યાત્વ, અજ્ઞાન, કષાય, વિષય, મમતા, માયા તથા આશા-તૃષ્ણાદિક દોષોનો નાશ કરવાથી અને દયા, શાંતિ, સમતા, ક્ષમા, ભકિત, વૈરાગ્ય, પરોપકાર, વિશુદ્ધિ, દઢતા, ગંભીરતા, ઐકયતા, અભિન્નતા, ધૈર્ય, સહિષ્ણુતા, ત્યાગ, નિર્મોહતા, નિઃસંગતા, નિર્ભયતા વગેરે ઉત્તમ આત્મિક ગુણોને પ્રગટ કરવાથી જ જે અમૂલ્ય ધર્મની પ્રાપ્તિ થાય, તેવા કામકુંભ તથા રત્નચિંતામણિ કરતાં પણ અનંત દરજ્જે અધિક પવિત્ર ધર્મને કુગુરૂઓએ દોકડે વેચી દીધો. અર્થાત્ ભાવના વિશુદ્ધ ધર્મ તે પૈસાથી ધર્મ થાય, એવી માન્યતા કરાવી લોકોના હૃદયમાં ઊંધો માર્ગ ઠસાવી દીધો.

તેથી આ જગત્‌માં કેવું શૂળ ઉત્પન્ન કર્યું? અર્થાત્ સત્ય માર્ગ

ને બતાવતાં પૈસાથી જ ધર્મ બતાવ્યો. જો લોકોને ઉપરોક્ત કલેશ દોષોનો નાશ કરવામાં તથા સદ્ગુણોની વૃદ્ધિ કરવામાં જ ધર્મ છે એમ બતાવ્યું હોત, તો જૈન તથા અન્ય સમાજમાં જે કલેશ કુસંપ વધી પડ્યો છે, અનીતિ કે અસત્યથી પૈસા કમાવાના પ્રપંચો વધી પડ્યા છે, તે અધમ દોષો જનસમાજમાં વધવા પામત નહિ.

પણ 'તમો અમુક તપ અથવા અમુક ક્રિયા કરી આટલા પૈસા દેવ-ગુરુના નામે ખરચો, એટલે તમારું કલ્યાણ થશે.' આવા અણસમજભર્યા બોધથી લોકો અનીતિના માર્ગે ચડી ગયા. અર્થાત્ કૂડકપટ, છળપ્રપંચ કરી, અનીતિ કે અસત્યથી પૈસા કમાઈ વરઘોડા તથા ઉજમણા કરવામાં કે **શત્રુંજય, ગિરનાર** કે **કાશી-મથુરાની** યાત્રા કરવા તથા સંઘો કઢાડવામાં તેમ જ જૈન કે રામ-કૃષ્ણના મંદિરો બંધાવવા વગેરેના કોઈ પણ ધર્મના નામે થતા કાર્યોમાં સેંકડો કે હજારો રૂપીયા ખરચવામાં 'ધર્મ થયો અથવા કલ્યાણ થયું.' એમ માની બેઠા છે. જેઓ બિચારા ધર્મ થયાનું અથવા કલ્યાણ થવાનું માની અનંત સંસારની વૃદ્ધિ કરે તેવી સ્થિતિમાં જ અમૂલ્ય મનુષ્યજીવનનો વૃથા વ્યય કરતા ગયા છે.

હમણાં પણ ઉપધાન, વરઘોડા વગેરેના ચડાવા તથા બીજી ઘણી ખરી પ્રવૃત્તિઓ તેવા સન્માર્ગભ્રષ્ટ કુગુરુઓએ પ્રવર્તાવેલી. પૈસાની વેચાણથી જ ધર્મક્રિયાઓના નામે પ્રવૃત્તિઓ થતી જણાય છે. એક દિવસ ઉપવાસ કરવો અને એક દિવસે ઊંચામાં ઊંચો સ્વાદિષ્ટ ખોરાક ખાઈ ઉપધાન કરવાનું મહાન સૂત્રોમાં છે, નહિ. ધર્માચાર્યોના નામે યતિઓના રચેલા ગ્રંથોમાં તે વાત હશે. અથવા તો જે સૂત્ર (મહાનિશીથ વગેરે)ને જુદા જુદા ગચ્છના આચાર્યોએ પોતે છિન્નભિન્ન કરી તેમાં પોતાનું ઉમેરી દીધું હશે, તેવા સૂત્રોના દાખલા હશે.

એ સૂત્રોમાં કદાચ ઉપધાન શબ્દો હશે, પણ પૈસા ઉત્પન્ન થવાના ધંધા ચલાવવા જેવી પ્રવૃત્તિ તો છે જ નહિ. દાન આપવામાં

તો કદાચ પૈસાની જરૂર પડે, પણ તપ, શીલ કે ભાવનામાં પણ પૈસાથી જ ધર્મ સમજાવી દીધો છે. તેમાં પણ જેની જેની જેટલી ભાવના થાય, તેટલા પૈસા ખરચવાનું ભાગ્યે જ બને, એ તો પોપ ગુરૂઓએ તથા તેના ધર્માંધ ભક્તોએ 'અમુક તપમાં આટલા રૂપિયા અને અમુક પૂજામાં આટલા રૂપિયા આપવા' એવો જે જે કાયદો બાંધ્યો હોય તેજ પ્રમાણે આપે ત્યારે ચાલે. નહિ તો તેને નાતજાતના કોઈ પ્રસંગને લઈ તે બિચારાને અટકાવી હેરાન કરે.

આ સંબંધમાં હજારો દાખલા તથા પુરાવા મારી પાસે મોજુદ છે. અમુક પન્યાસે ઉપધાનમાં અટકાવેલ છે, અમુક ગામના નામધારી સંઘે નવકારશી અટકાવી છે, અમુક પન્યાસ તથા સાધુએ પોતાની ઇચ્છા મુજબ ન થવાથી તથા ઇચ્છા મુજબ કર ન ભરવાથી તેની ધર્મ ક્રિયા અટકાવી છે. એવા અનેક દાખલાઓ તથા પુરાવા મોજુદ છે.

તેથી જ ઉપાધ્યાય મહારાજે જણાવ્યું છે કે—"દોકડે કુગુરૂ તે દાખવે, શું થયું એ જનશુળ રે." આવા પોપ–સામ્રાજ્યના સમયમાં જૈનશાસનની, સમાજ અને દેશની અધોગતિ થાય છે. એમ જાણી શાસન તથા સમાજની ઉન્નતિને માટે શ્રીમાન્ **જિનવલ્લભ-સૂરિએ** સન્માર્ગનું સ્વરૂપ શું? ત્યાગી મહાત્માઓનું જીવન કેવું હોવું જોઈએ? સાધુ મહાત્માઓનું કર્તવ્ય શું? શ્રાવકની દશા કેવી અને તેનું કર્તવ્ય શું? જીવનું કલ્યાણ કેમ થાય? એ વગેરે સત્ય તત્ત્વો દર્શાવવા **સંઘપટ્ટક** નામના ગ્રંથને રચ્યો છે.

પણ શું કરે? પોપ ગુરૂઓની પ્રબળ રાજસત્તામાં કોની પાસે કહે? જો કહેવા જાય, તો પોપગુરૂઓ તથા તેમના ધર્માંધ ભક્તો તેમને નાત બહાર કે સંઘ બહારનો ભય બતાવી તેમને હેરાન કરે અને છેવટે મારી પણ નાખે. પણ જેના અંતરમાં સમાજના શ્રેયની સાચી દાઝ ઉદ્દભવી છે, તેને કોઈ પણ જાતનો ભય હોય જ શાનો?

તે મહાત્મા તો જગતના બધા ભયો તથા સંકટોની દરકાર કરે જ નહિ. અરે! સમાજસેવા પાસે પોતાના દેહને પણ તૃણવત્ માની પોતાનું ખરૂં કર્તવ્ય બજાવવામાં પાછા હઠતા જ નથી.

શ્રીમાન્ જિનવલ્લભસૂરિજીએ કોઈ મહોત્સવનો મોટો પ્રસંગ મેળવી તે પ્રસંગે ઘણા સાધુ (પોપ ગુરૂ)ઓને તથા મોટા મોટા કહેવાતા શ્રાવકોને ભેગા કરી સંઘપટ્ટક નામનો ગ્રંથ વાંચવાનો પ્રયત્ન કર્યો તેની સાથે એક એવો પણ સંકલ્પ કર્યો કે—'આ ગ્રંથ વાંચી સંભળાવવાથી ઘણા પોપ-ગુરુઓ ચીડાઈ મને ધર્માંધ ભક્તો પાસે ઝેર અપાવી અથવા બીજે રસ્તેથી પણ મરાવી નાખશે.' એમ દૃઢ પ્રતીતિ હતી.

'પાપીઓના હાથે મરવા કરતાં પોતાના જ હાથે મરવું એ ઉત્તમ છે.' એમ જાણી પોતાના પેટમાં કટારી મારી આંતરડા અંતરમાં દાબી પેટે મજબુત વસ્ત્રનો બંધ બાંધી ભરસભા સમક્ષ પોતે ગ્રંથ વાંચી સંભળાવ્યો, વાંચી સંભળાવ્યા બાદ તરત જ વસ્ત્રનો બંધ છોડી નાખી કટારી પેટમાંથી બહાર કાઢતા તરત મરણ પામ્યા. અહા! ધન્ય છે ધન્ય છે એ મહાત્માના આત્મબળને! ધન્ય છે તેમના આત્મભોગને! ધન્ય છે તેમની જાહેર હિંમતને! નમસ્કાર છે તેમની સાચી સેવાને!

હાલમાં કેટલાક દેશનાયક કહે છે કે-'એક નવરત્નનો ભોગ આપ્યા વિના સનાજ અથવા દેશનો ઉદ્ધાર થતો જ નથી.' એ વાત સર્વાંશે સત્ય ઠરે છે. સત્ય તત્ત્વના પ્રકાશરૂપ સંઘપટ્ટક ગ્રંથ સાંભળવાથી તથા આ મહાન નરરત્ન યોગી મહાત્માના આવા અસહ્ય દુ:ખદાયક મરણથી તે સભામાંના ઘણાખરાને પોપગુરૂઓની પાપી પ્રવૃત્તિઓ સમજાઈ ગઈ. અને સન્માર્ગ સન્મુખ થવામાં હજારો મનુષ્યાત્માઓ તૈયાર થયા.

પોપગુરુઓના પાપથી કચરાતો સમાજ બચ્યો. પોપગુરુઓની લીલા પ્રગટ થઈ, સાચું શું છે? તે જોતાં લોકો શીખ્યા, **આનું નામ**

**તે માનસિક અનુકંપાદાન!** તેવી જ રીતે પોતાની શક્તિ પ્રમાણે પૈસાનો ભોગ આપીને પણ દુઃખી આત્માને દુઃખમુક્ત કરવો તેને **આર્થિક અનુકંપા** કહે છે.

એક રાજા ઘોડા ઉપર બેસીને વનમાં ફરવા ગયો હતો. ફરવાના પરિશ્રમથી થાકેલો રાજા વિશ્રામ લેવા માટે એક ઝાડના થડમાં ઘોડાને બાંધી પોતે શીતળ છાયામાં બેઠો બેઠો કુદરતી રચનાનું નિરીક્ષણ કરતો હતો. તેવામાં એક હરણ કે જેની પાછળ શિકારી ધનુષ્ય પર બાણ ચડાવી શિકાર કરવા ત્વરાથી દોડતો આવતો હતો અને તે બાણથી હરણને મારી નાખવાની તૈયારીમાં હતો.

તેવામાં રાજાની કરૂણામય સૌમ્ય દૃષ્ટિ જોઈ પોતાના જીવનનો બચાવ કરવા માટે વેગથી દોડી પારધીના ત્રાસથી ભયભીત થયેલું કંપતું ધ્રુજતું અને ત્રાસ પામતું તે હરણ શરણ લેવા રાજાના ચરણમાં પડયું. પોતાની અવ્યક્ત લાગણીથી પોતાનો બચાવ કરવા રાજાને દિનતા જણાવી. એટલે રાજા હરણને સાંત્વન આપી નિર્ભય થવા સૂચવતો હતો, તેવામાં પારધી ત્યાં આવી પહોંચ્યો.

રાજાના ચરણમાં પોતાના શિકારને જોઈ શિકારીએ રાજાને કહ્યું કે—'મહારાજન! તે હરણ તમારી માલેકીનું નથી, પણ વનમાં ફરતું વિના માલેકીનું છે. બે દિવસ થયાં હું તથા મારૂં કુટુંબ ક્ષુધાથી પીડાય છે, જેથી ક્ષુધાનું દુઃખ ટાળવા ધનુષ્યબાણ લઈને હું શિકાર અર્થે નીકળ્યો, આ હરણ મારી દૃષ્ટિએ પડવાથી હું તેની પાછળ પડયો. અત્યારે સાત આઠ કલાક થયા રખડી રખડી ક્ષુધા તથા રખડપટ્ટીના દુઃખથી હું મરણતુલ્ય થઈ ગયો છું. માટે કૃપા કરી હરણ મને સોંપી ઘો કે, જેના ભક્ષણથી મારી તથા મારા કુટૂંબની બે દિવસની જઠર (ક્ષુધા) શાંત કરૂં. અને સાત આઠ કલાક રખડવાની મહેનતને પણ સફળ કરૂં.'

આ પ્રમાણે શિકારીનું બોલવું સાંભળીને રાજા બોલ્યો કે—મારે

શરણે આવેલ પ્રાણીનું પ્રાણાંતે પણ રક્ષણ કરવું એ મારો ધર્મ છે. માટે મારા ધર્મને કલંકિત કરી હું તને એ હરણ આપી શકું તેમ નથી.

રાજાની દયાની લાગણી જોઈ પારધી વિચારમાં પડયો અને છેવટે રાજાને કહ્યું કે—'રાજન ! એક હરણની રક્ષણની ખાતર એક મનુષ્ય તથા આખા કુટુંબને ભૂખે મરવા દેવું એ કેવી દયા ? હું આખો દિવસ રખડી મહેનત લઈ થાકી ગયો છું, જેથી એ હરણ ઉપર તમારો બિલકુલ હક્ક નથી, પણ મારો હક્ક છે. માટે હરણ મને સોંપી દે, નહિ તો મારા દેખતાં આ ધનુષ્ય ઉપર ચડાવેલ બાણથી જ એ હરણને હું વીંધી નાખીશ.

એ રીતે પારધીનું કથન સાંભળી રાજા ગંભિર વિચારમા પડી ગયો. હવે શું કરવું ? તે ન સૂઝવાથી ઘડીભર તે મુંઝાઇ ગયો. જો કે રાજાની પાસે શસ્ત્રો તૈયાર હતાં, અને તેથી હરણનો બચાવ કરવા ધારે તો શસ્ત્રના પ્રહારથી શિકારીને મારી હરણને બચાવી શકે તેમ હતું; પણ રાજાના હૃદયમાં કુલાચારની કે કલ્પનાજન્ય દયાભાવના ન હતી, પરંતુ સાચી દયાભાવના હતી. તેથી રાજાને વિચાર થયો કે—'મારનારને મારી મરનારનો બચાવ કરવો એ ખરી દયા નથી. મારનારની પણ દયા લાવી મરનારને બચાવવું એજ સાચી દયા છે.

એમ ધારી હરણને ન મારવા પારધીને વિવિધ પ્રકારે બોધ આપીને રાજાએ સમજાવ્યો. 'આ બિચારા પામર જીવને મારવાથી નિરપરાધીનો વધ કરવાથી પરમાત્મા નારાજ થશે અને તને મહા પાપ લાગશે. અન્ય જીવને મારી પોતાના જીવનનું પોષણ કરવા કરતાં અનાહાર અથવા વનસ્પતિના ખોરાકથી જીવનનું પોષણ કરવું તે સર્વોત્તમ છે.'

એ રીતે બહુ પ્રકારે સમજાવ્યા છતાં ક્ષુધાથી વ્યાકુળ થયેલ અને જીંદગીભર હિંસાના કૃત્યોથી નિષ્ઠુર બનેલ પારધીને રાજાના સદ્બોધની અસર થાય જ કયાંથી ?

છેવટે રાજાએ પારધીને કહ્યું કે, ' જો તું આજીવિકાના અર્થે જ આ બિચારા નિરપરાધી જીવનો ઘાત કરતો હોય, તો આજથી તેવું અધમ કૃત્ય તજી દે અને મારી સાથે નગરમાં ચાલ. હું જીંદગીભર તારા કુટુંબનું પોષણ થાય તેટલું અનાજ અને દ્રવ્ય તને આપીશ.

છતાં તે પાપાત્માને રાજાના વચન ઉપર વિશ્વાસ જ કેમ આવે? અવિશ્વાસી તે પારધીનું મન પાપી હતું. જેથી તેણે રાજાને કહ્યું કે—' તું મને તારા નગરમાં લઈ જઈ કદાચ મારી નાખે, અથવા કેદ કરે અથવા ત્યાંથી ધક્કા મારી કહાડી મૂકે તો મારો ત્યાં શું ઉપાય ચાલે? એવી મારા મનમાં શંકા રહ્યા કરે છે, જેથી હું તારી સાથે ત્યાં આવી શકું તેમ નથી.'

પારધીની શંકાજન્ય વાત સાંભળી રાજાએ કહ્યું કે—' મારી સાથે આવતાં તને શંકા આવતી હોય, તો આ મારા શરીર ઉપર હીરા, માણેક મોતીજડિત લાખો રૂપિયાના હાર, કુંડલ, મુગટ તથા બાજુબંધ વગેરે આભૂષણો છે, તે લઈને પણ આ હરણને છોડી દે.'

' રાજાની પાસેથી લાખો રૂપિયાના દાગીના મળે છે ' એમ ધારી પેલા પારધીનું મન લલચાયું; પણ ક્ષુધાથી તે એટલો બધો પીડિત થઈ ગયો હતો કે, તે દાગીના ઉપાડીને એક ડગલું ભરી શકે, તેટલી પણ તેનામાં શક્તિ ન હતી. તેથી તેણે રાજાને કહ્યું કે–' હે રાજન્ ! આપ લાખો રૂપિયાના દાગીના આપી મને તથા મારા કુટુંબને જીંદગીભરના દારિદ્રદુઃખથી મુક્ત કરવા તૈયાર થયા છો, તથા હિંસાના પાપકૃત્યથી પણ મુક્ત કરો છો, તેથી હું આપનો પરમ ઉપકાર અને આભાર માનું છું. પરંતુ બે દિવસની ક્ષુધા તથા આખા દિવસના પરિભ્રમણથી હું એટલો બધો થાકી ગયો છું કે ભાર વિના પણ ખાલી એક ડગલું ભરવાની મારામાં તાકાત રહી નથી. તો પછી આ લાખો રૂપિયાના દાગીનાના ભારને ઉપાડીને હું શી રીતે ચાલી શકું? તો એક હરણના રક્ષણ માટે જેમ લાખોના દાગીના આપવાને આપ તૈયાર થયા, તેવી

રીતે મારા રક્ષણની ખાતર આપનો ઘોડો આપવાની મહેરબાની કરો. એટલે આપનો અનંતગણો ઉપકાર માની અશ્વારૂઢ થઈ સુખેથી હું મારે ધામ પહોંચી શકું. અને આ જન્મપર્યંત કોઈ પણ પ્રાણિવધ કરવાની પાપી પ્રવૃત્તિનો ત્યાગ કરી દઉં.'

એ પ્રમાણે પારધીની દીન વાણી સાંભળતાં રાજાએ હર્ષપૂર્વક પોતાનો કીંમતી અશ્વ તે પારધીને આપી દીધો. એક હરણ જેવા પશુના રક્ષણની ખાતર જે રાજાએ લાખોના દાગીનાની દરકાર ન કરી, તો પેલા પારધીના બચાવ માટે કીંમતી અશ્વ આપવામાં તેને શું કઠિન હતું ? કંઈજ નહિ.

મારનારની દયા લાવી મરનારને બચાવવો એ જ સાચી દયા છે. અને તેનું નામ ખરું અનુકંપાદાન છે. પૈસાની ખાતર પ્રાણ પ્રત્યેની દયાની લાગણી મંદ રહે, તો તેનું નામ સાચી દયા કે અનુકંપા નથી. પ્રાણી પ્રત્યેની દયાની લાગણીની ખાતર લાખો કે કરોડો રૂપિયાને તૃણવત્ માને છે, પૈસાની ખાતર પ્રાણીને જતો કરતો નથી, પણ પ્રાણીની ખાતર લાખો રૂપિયા અથવા સમૃદ્ધિને પણ જતી કરે છે, તેજ સાચી દયા છે, અને તેનું નામજ આર્થિક અનુકંપાદાન છે.

# ૭

# સુપાત્રદાન

· લેખક ·

**મુનિશ્રી જયવિજયજી**

*

सुष्ठु पात्रं सुपात्रं
सुपात्रे दीयते तत्सुपात्रदानं

ઉત્તમ પાત્રમાં દાન આપવાને **સુપાત્રદાન** કહે છે. આ દાન બધા દાન કરતાં શ્રેષ્ઠ દાન છે.

સુપાત્રમાં જે પાત્ર શબ્દ છે, તે વાસણ કે બીજા પદાર્થ આશ્રયી નથી. પણ લાયકાતપણાને આશ્રયી છે. જેનામાં ઉત્તમ લાયકાત હોય, તે **સુપાત્ર** કહેવાય છે. સુપાત્રદાનથી પરાભક્તિ, પરમજ્ઞાન અને પરમાત્મ-દશાની પ્રાપ્તિ થાય છે. ચિત્ત, વૃત્તિ અને પાત્ર એ ત્રણે સંયોગો સમપણે પરિણમે તો સુપાત્રદાન કહી શકાય છે.

**ચિત્ત**—ચ્યાસતેલની દુર્ગંધયુક્ત વાસણમાં તેની ખરાબ ગંધ દૂર કર્યા વિના દુધ દહીં કે ધૃત વગેરે નાખવાથી તે ગંધાઈને ખરાબ થઈ જાય છે, પણ આપણા ઉપભોગને અર્થે કામ આવતા નથી, તેમ અંતઃકરણ એ પરમાર્થ તત્ત્વને રહેવાનુ પાત્ર (વાસણ) છે, તેમાં મોહ, માયા, મૂર્છા, કષાય, વિષયાદિ અધમ દોષોની ખરાબ ગંધ અંતઃકરણમાં ભરાઈ રહી છે, ત્યાં સુધી સંતસમાગમ, સેવા-ભક્તિ તથા સદ્બોધરૂપ ધૃત વા અમૃત નાખવાથી તે ખરાબ થઈ જાય છે, વા ગંધાઈ જાય છે, અર્થાત્ નિષ્ફળતાને પામે છે.

માટે ચિત્તમાં વિશુદ્ધતા, પવિત્રતા, ક્ષમા, ભક્તિ, જિજ્ઞાસા, નિર્મોહતા, વિષય વિરક્તતાદિ સદ્ગુણો હોય, તો તેવા ચિત્તમાં નિર્મળ

પ્રેમ (ભક્તિ) ભાવના પ્રબળપણે પ્રગટ થાય છે. "**भावनासदृशी सिद्धिः**" ભાવના પ્રમાણે સિદ્ધિ થાય છે. ભાવના મલિન હોય, વા શિથિલ હોય તો ફળસિદ્ધિની નિરર્થકતા થઈ જાય છે. ચિત્ત દોષમુક્ત, વિશુદ્ધ હોય, ત્યારે તેવા ચિત્તમાં પ્રસન્નતા અને નિષ્કામતા એ બે ઉત્તમ ગુણો ઉત્પન્ન થાય છે. એ બંને ગુણસંયુક્ત ચિત્તમાં ઉલ્લાસ-ભાવ હોય, તેથી દાનની સિદ્ધિ થાય છે.

**વિત્ત**—દાન આપવામાં પૈસાની જરૂર પડે, તે પૈસો સત્ય અને નીતિથી કમાયેલ હોવો જોઈએ. મહારંભ, મહા પરિગ્રહના પાપ-ધંધાથી મેળવેલ પૈસાના અન્ન-પોષણથી અંતઃકરણની મલિનતા થાય છે. 'આહાર તેવા ઓડકાર' માટે જે ધંધામાં કુડ કપટ થતા હોય, અનેક જીવોને ત્રાસ થતો હોય, એવા પાપ-વ્યાપારથી નિવૃત્ત થવું.

સત્ય તથા ન્યાયને માર્ગે કમાણી કરનારના અંતરમાં તથા તે દ્રવ્યના ખોરાકમાં સાત્ત્વિકતા હોય છે. તેથી બુદ્ધિ નિર્મળ રહે છે, હૃદય જાગ્રત હોય છે, અનીતિ કે અસત્યથી મહાપાપનો ધંધો કરનાર તથા ક્રૂરતાથી કમાણી કરનારનું હૃદય પાપી હોય છે અને તેવા પાપી પૈસાના ખોરાકમાં તામસી તથા રાજસી વૃત્તિઓ ઉત્પન્ન થવાથી હૃદય ક્લિષ્ટ બને છે, તેથી સદ્‌ભાવના વા ધર્મપ્રીતિ ઉત્પન્ન થતી નથી. માટે વિત્ત, સત્ય તથા ન્યાયોપાર્જિત હોય તો જ દાનની સિદ્ધિ થાય છે.

**પાત્ર**—મધુર દૂધ તથા સ્વચ્છ જળ હોય, પણ જો તેને કાદવ, કીચડ કે દુર્ગંધવાળા ખરાબ પાત્રમાં નાખ્યું હોય, તો તે ગંધાઈ જાય છે, તેમ નિર્મળ ભાવપૂર્વક ન્યાયવિત્ત-સંપન્ન પદાર્થોનું દાન અધમ પાત્રને આપવાથી આત્મિક લાભની પ્રાપ્તિ થતી નથી. માટે પાત્ર પણ ઉત્તમ જોઈએ.

આ વિશ્વમાં વિવિધ જાતનાં અનંત જીવોની કોટિમાં સર્વોત્કૃષ્ટ પાત્ર સત્પુરુષ જ છે. સચ્ચિદાનંદ (**સમ્યગ્જ્ઞાન, દર્શન, ચારિત્રમય**) **રૂપ અવિનાશી એવું આત્મ તત્ત્વ જેના હૃદયમાં નિરાવરણ-**

**પણે અપૂર્વભાવ પ્રગટપણાને પામ્યું છે, તેને જ જ્ઞાનીઓ સત્પુરુષ કહે છે.**

માસક્ષમણને પારણે માસક્ષમણના ઉપવાસો કરોડો વરસો સુધી કરતો હોય, બાહ્ય ત્યાગના હઠબળથી ઉત્કૃષ્ટપણે બાહ્ય ચારિત્ર (બાહ્યાચાર) પાળતો હોય; પણ જો અંતરમાં આત્મજ્ઞાન પ્રગટ ન થયું હોય, તો તેને શાસ્ત્રકારો અજ્ઞાની કહે છે.

સત્પુરુષ તેજ છે કે જેને નિશદિન આત્માનો ઉપયોગ છે. અમારો ગચ્છ, મત, વા સંપ્રદાય, અમારા શિષ્યો, આ અમારો ધર્મ અને આ તમારો એવી મમત્વ ભાવના તથા ભિન્નતા જેના હૃદયમાંથી નષ્ટ થયાં છે, ગમે તે દર્શન, ધર્મ, મત વા વેષ પ્રવૃત્તિ તરફ સત્ય એ જ જેને સ્વપણું સમજાયું છે, જગતના સર્વ ગચ્છ, મત અને દર્શનો પ્રત્યે જેની સમભાવ વૃત્તિ છે, દેહમૂર્ચ્છા અને જગદાકારવૃત્તિથી જે વિરકત થયેલ છે, શત્રુ-મિત્ર પ્રત્યે પણ જેને સમવૃત્તિ છે, એવી ઉત્કૃષ્ટ દશાધારક પુરુષ જ કહેવાય છે.

**તેવા સત્પુરુષને પ્રસન્નતા તથા નિષ્કામના સહિત ચિત્તની નિર્મળ ભાવનાપૂર્વક સત્ય તથા ન્યાયસંપન્ન દ્રવ્યનું જે દાન કરવું તેને જ્ઞાની ભગવાન્ સુપાત્રદાન કહે છે.**

પરમજ્ઞાની **બળભદ્ર** મુનિ જંગલમાં એકાંત સ્થળે રહેતાં અહોનિશ પ્રભુધ્યાનમાં જ નિમગ્ન હતા. શરીરના પોષણ માટે જંગલમાં ભિક્ષા મળે તો તે ગ્રહણ કરતા, નહિ તો અનાહારપણે આત્મધ્યાનમાં લીન રહેતા હતા.

તેમના પવિત્ર ચારિત્ર અને આત્મિક શાંતિના પ્રભાવથી તે વનમાંના સિંહ, વ્યાઘ્ર, સર્પ, નોળીયા, બિલાડાં, ઉંદર, હરણ, ગાય વગેરે પશુઓ પોતાના વૈર-વિરોધને ભૂલી જઈ મહાત્માના અદ્‌ભૂત પ્રભાવથી સ્નેહમાં સાથે રમતાં રમતાં મુનિરાજ પાસે આવતાં હતાં.

મહામુનિ તેમને અંતર્વિશુદ્ધિ થવા અર્થે ધર્મનો સદ્દબોધ આપતા, જેથી પશુઓ અતિ પ્રસન્નતાને પામી આનંદ કલ્લોલ કરતાં હતા.

તેમાં એક સરળ સ્વભાવી હરણ, મહાત્મા પ્રત્યે બહુ જ પ્રીતિ અને પૂજ્યભાવથી વર્તતો હતો. મહાત્માના દર્શન તથા સમાગમથી પ્રસન્નચિત્તવાળો થઈ પરમ આનંદ પામતો હતો. સંતની સેવા માટે જંગલમાં મનુષ્યોને જવા આવવાના રસ્તાઓ તરફ નજર રાખી વટેમાર્ગુને જોતો અને જો કોઈ વટેમાર્ગુ પાસે ખાવાનું ભાતું દેખે, તો તેનું વસ્ત્ર પકડી મુનિ પાસે લઈ જતો, અથવા મુનિના વસ્ત્રને પકડી સંજ્ઞા કરી વટેમાર્ગુ પાસે મહાત્માને લઈ આવતો હતો.

મહાત્માને જોઈ વટેમાર્ગુઓ પોતાની પાસે ખાવાનું હોય, તે તેમને આપતા હતા. ગુરૂમહારાજને આહાર મળવાથી પોતાની સેવા સફળ જાણી હરણ અત્યંત આનંદ પામતો હતો.

એક વખત એક સુતાર પોતાના પેટ પૂરતું ખાવાનું ભાતું લઈ તે વનમાં લાકડાં કાપવાને આવ્યો. ત્યાં ઝાડની એક મોટી ડાળને કાપતાં કાપતાં તે ઝાડથી છુટી પાડવાની તૈયારીમાં હતી. એવામાં 'આ સુતાર પાસે આહાર છે' એમ જાણી હરણ મહાત્માને સંજ્ઞા કરી ઝાડ પાસે લાવ્યો.

થોડે છેટેથી શાંતમૂર્તિ મહાત્મા મુનિને જોઈ પૂર્વના સંસ્કારથી સુતારના હૃદયમાં મુનિ પ્રત્યે પ્રેમ, ભકિત તથા પૂજ્યતા ઉત્પન્ન થયાં. આવા મનુષ્યહીન ભયંકર જંગલમાં જંગમ તીર્થ (સાધુ)ને જોઈ અતિ પ્રસન્ન ચિત્તવાળો સુતાર હર્ષના આવેશમાં એકદમ ઝાડ ઉપરથી નીચે ઉતર્યો અને મુનિના ચરણકમળમાં નમસ્કાર કરી તેમના દર્શનથી પોતાનું શ્રેય માનનાર સુતારે આહાર માટે તેમને આગ્રહ કર્યો.

સુતારના હૃદયની પ્રસન્નતા તથા નિર્મળ ભકિત જોઈ મુનિએ તેની પાસેથી આહાર લીધો. એવામાં કાપતાં કાપતાં થોડી લટકી રહેલ ડાળને પવનનો ઝપાટો લાગવાથી એકદમ તે તુટી અને નીચે જ્યાં મુનિ,

હરણ તથા સુતાર ત્રણે ઊભા હતા, ત્યાં તેમની ઉપર પડી. ઘણી જ વજનદાર ડાળના પડવાથી ત્રણે જણ સમાધિમય કાળ કરી એકાવતારી-પણે સાથે પાંચમા દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયા અને ત્યાંથી ત્રણે જણ મનુષ્ય-જન્મને ધારણ કરી પરમ પદ-મોક્ષસ્થાનને પામશે.

અનર્ગલ રાજ્યઋદ્ધિ, સુંદર સ્વરૂપ, પતિવ્રતા સ્ત્રીઓ, હાથી, ઘોડા, રથ, નોકરોની સાહ્યબી. સ્વર્ગના વિમાન સમાન સુશોભિત મહાલયો. અનેક પ્રકારના સુખોની સામગ્રી વગેરે છતાં ઋદ્ધિ, સિદ્ધિ અને સંપદાને ત્યાગી જંગલમાં જિંદગી વ્યતીત કરનાર, બાહ્ય તથા અભ્યંતર સંસારનીઉપાધિથી વિરકત થઈ નિઃસ્પૃહીપણે જીવન ગાળનાર અહર્નિશ આત્મચિંતવન, પ્રભુભજન અને આત્મોપયોગમાં રમણ કરનાર ક્ષુધા, તૃષા, શીત, તાપ વગેરેના ભયંકર ઉપસર્ગો ( દુઃખો ) સહન કરનાર, સિંહ, વ્યાઘ્રાદિ ક્રૂર અને વિકરાળ પ્રાણીઓના અંતરમાં પણ શાંતિનું સામ્રાજ્ય ચલાવનાર અને જીંદગીભર ઉત્કૃષ્ટ ચારિત્ર પાળનાર સાધુ, જંગલમાં રહેનાર અજ્ઞ પ્રાણી હરણ અને જીંદગીભરમાં જેણે સાધુદર્શન કે સત્સમાગમ કર્યો નથી, માત્ર અત્યારે એક જ વખત મુનિને આહાર આપનાર સુતાર એ ત્રણેની એકસરખી દશા? ત્રણેનો એક જ સમયે કાળ? ત્રણેની દેવલોકમાં તથા મોક્ષમાં પણ સાથે જ ગતિ? કયાં ઉત્કૃષ્ટ ચારિત્ર પાળનાર મુનિ? કયાં જંગલમાં જડપણે જીવન ગાળનાર હરણ? અને કયાં જડમતિ સુતાર?

છતાં જે દશા મુનિએ અનેક કષ્ટો વેઠી જીંદગીભર ચારિત્ર પાળીને મેળવી, તે દશા હરણ અને સુતારે એક ક્ષણવારમાં મેળવી. આનું કારણ? ત્રણેમાં એવો તે કયો સરખો ગુણ ઉત્પન્ન થયો કે ત્રણેની સરખી ગતિ અને સમાન દશા?

મુનિ, સુતાર તથા હરણમાં એક ગુણ ઉત્કૃષ્ટપણે એકસરખો એ હતો કે દાન આપવા તથા લેવાના સમયે ત્રણેની આત્મિક વૃત્તિ અંતરપણાને પામી દેહાધ્યાસ બુદ્ધિ અને જગદાકાર વૃત્તિનો અત્યંત નાશ થયો હતો. ઘણા વખતના તપસ્વી મહાત્માને આહાર શોધી

આપવાની ભકિતમાં ઉત્કૃષ્ટપણે હરણનું ચિત્ત પ્રસન્ન થવાથી આહાર આપનાર સુતારની ભકિતનું અનુમોદન કરતાં મુનિ પ્રત્યેની ગુરૂભકિતમાં એકાગ્રપણે સ્થિરપણાને પામતાં 'આ વૃક્ષ ઉપરની ડાળ પડશે. અને અમે કચરાઈ જશું.' એવો દેહભાવ જ ન હોવાથી મુનિભકિતમાં પોતાનું દેહલક્ષ્ય ભૂલાઇ ગયું,

પોતાના પેટપોષણ જેટલું લાવેલ અન્ન તે મુનિને જોઈ આપવાને તૈયાર થયો. 'વનમાં રખડવાની તથા લાકડાં કાપવાની મહેનત કરતાં મધ્યાન્હ સમય થતાં મને ખાવાનું જોશે' એવું લક્ષ્ય ભૂલી જઇ 'મુનિને આહાર આપી દઈશ, તો પછી હું શું ખાઈશ? મહેનતથી પરિશ્રમિત અને ક્ષુધાતુર થયેલ હું આહાર વિના ઘેર કેમ પહોંચી શકીશ?' એવો વિકલ્પ ન કરતાં સંસ્કાર-બળથી મુનિને દેખતાં જ એના અંતરમાં પ્રીતિ અને પ્રસન્નતા પ્રગટ થતાં, ત્વરાથી ઝાડ ઉપરથી નીચે ઉતરી મુનિના ચરણમાં નમસ્કાર કરી પોતાની પાસે ખાવાનું હતું તે બધું આપી દીધું. ભિક્ષા આપતી વખતે ભકિત તથા ચિત્તની પ્રસન્નતા ઉત્કૃષ્ટપણે પ્રગટ થયેલ હોવાથી આ ઝાડની ડાળ પડશે, તો મારું મરણ થશે' એવી દેહમૂર્છા તથા બાહ્યદષ્ટિનો વિકલ્પ પણ ન થતાં એકાગ્રભાવમાં લીન થતાં દેહાધ્યાસ-બુદ્ધિ તથા જગદાકાર-વૃત્તિનો નાશ થવાથી આત્મસિદ્ધિ મેળવી શકયો.

જંગલમાં રહેનાર પશુની પણ આવી ગુરૂભકિત જોઈ તેનું શ્રેય કરવાની ભાવનામાં તથા 'આ સુતાર કે જે ગામમાંથી કેટલે દૂર વનમાં રખડી લાકડાં કાપતાં મહેનતથી થાકી ગયો છે, ક્ષુધાથી અશકત થઇ ગયો છે, છતાં ગુરૂભકિતમાં પોતાનું શું થશે તેનો અણુમાત્ર પણ વિચાર ન કરતાં પોતાનો આહાર મને આપે છે. આવા સરલ સ્વભાવી અને ગુરૂપ્રેમી આત્માનું કલ્યાણ કેમ કરું?' એવી કરૂણામાં નિષ્કામ ભકિત કરનારા પવિત્ર ભકતો તરફ કરૂણામાં એકાગ્ર થતાં આત્મભાવમાં સ્થિર થવાથી 'આ ઝાડની ડાળ નીચે તુટી પડતાં મરણ થશે,' એ લક્ષ્ય લય પામી જતાં દેહાધ્યાય-બુદ્ધિનો નાશ થઇ ગયો.

એમ ત્રણેની એકાગ્રતા અને અંતરસ્થિરતા એક સરખી થઈ જવાથી સમાન દશા અને સમાન ગતિને પામ્યા.

ગમે તે સાધનથી ગમે તે કારણે કરીને કરવાનું એક જ એ છે કે અનાદિ કાળથી દેહભાવ થઇ ગયો છે. દેહ તે જ હુ મનાયું છે, પાંચ ઇંદ્રિયોના વિષયોમાં ચિત્તવૃત્તિઓ રમી રહી છે. બાહ્યભાવ અને બાહ્યદૃષ્ટિમાં જ તલ્લીનતા થઇ ગઇ છે. અંતરજીવન શું? આત્મજાગ્રતિ કેમ થાય? તેનું ભાન ભૂલી જઇ જગતનાં વિવિધ પદાર્થો, સ્ત્રી. ધન, કુટુંબાદિક પ્રત્યે મમત્વભાવના, તીવ્ર આસકિત અને તદાકારવૃત્તિ રમી રહી છે. તેવા પદાર્થને મેળવવા તથા ભોગવવામાં જીવન વ્યતિત થયા કરે છે. તેના સંયોગે હર્ષ અને વિયોગે ખેદ થયા કરે છે. એ બધી પ્રવૃત્તિને દેહાધ્યાસ તથા જગદાકાર વૃત્તિ કહે છે, તેનો નાશ થાય, એ જ આત્માનું પરમ કલ્યાણ છે.

અર્થાત્ દેહાધ્યાસ-બુદ્ધિ તથા જગદાકાર-વૃત્તિ ભૂલી જઈ અંતરભાવમાં આત્મજાગ્રતિ તથા તત્ત્વરમણતા થાય એ જ કલ્યાણ છે. સત્પુરૂષોની સેવા-ભકિતથી આત્મજાગ્રતિ ત્વરાથી થાય છે, જેથી સુપાત્ર દાનની મહત્તા જણાયી છે.

એ ભકતાત્મા સુતારના દૃષ્ટાંતથી સમજી શકાશે કે તેના ચિત્તની ઉત્કૃષ્ટતા અને પ્રસન્નતા કેવી હતી. સામાન્ય રીતે પણ મુનિ મહાત્માને જોઈ ચિત્ત રાજી થાય છે પણ તેને પ્રસન્નતા કહેતા નથી. પરંતુ ગુરૂ સમાગમથી તેની ભકિતમાં સર્વભાવ વિલીનતાને પામી એવી એકાગ્રતા થાય તે સમયે પોતે કયાં છે? જગત શું છે? દેહ શું છે? તેનું લક્ષ્ય જ ન રહે.

પ્રસન્નતા ઉત્કૃષ્ટપણે હતી, તેમજ વિત્ત પણ પોતે મજુરી કરી ઉપાર્જેલ સાચી કમાણીનું હતું, કુડ-કપટ તથા અનીતિ રહિત હતું અને પાત્ર પણ ઉપર જણાવ્યા પ્રમાણે સત્ (આત્મસ્વરૂપ)ની પ્રાપ્તિ થયેલ, પરમજ્ઞાની, સર્વોત્તમ, સત્પુરૂષ હતા દાન આપવામાં કોઈ

જાતની સાંસારિક સુખેચ્છા રાખવામાં આવી ન હતી, પણ નિષ્કામ ભાવના જ હતી. તેથી એક જ વખતના અલ્પદાનથી પણ અનંત ભવભ્રમણથી મુક્ત થઇ એક ભવે જ પરમપદ (મોક્ષ)ની દશાને પામી શકયા.

દાનાદિક સાધનોથી સત્પુરૂષની ભક્તિ કરવી એ આત્મિક દશાનું ઉત્તમ કારણ છે. **તન**ની, **મન**ની, **વિત્ત**ની અને **પ્રણિપત્તિ** એમ ચાર પ્રકારે સત્પુરૂષની સેવા થાય છે. ચાર પ્રકારમાં પણ સર્વોત્તમ ચતુર્થ પ્રણિપત્તિમાં જ રહેલ છે. પ્રણિપત્તિને લઈ ત્રણેની સાર્થકતા છે. સેવાધર્મ પ્રણિપત્તિ વિના ત્રણે સેવાઓ નિષ્ફળપણાને પામે છે.

**તન**ની–શારીરિક ભકિત, શરીર સાધનથી સત્પુષની વિનયાદિ ભકિત કરવી તે,

**મન**ની–માનસિક ભકિત, તન, ધન, કુટુંબાદિ માયિક પદાર્થો કરતાં સત્પુરૂષ પ્રત્યે તથા તેમના સદ્બોધ પ્રત્યે અધિકતર પ્રીતિ-પ્રસન્નતા-ઉલ્લાસવૃત્તિ રહે તે,

**વિત્ત**ની–આર્થિક ભકિત, સત્ય તથા નીતિની કમાણીથી નિષ્કામપણે ગુરૂની સેવામાં વસ્ત્ર, પાત્ર, આહાર, વસતિ વગેરે તથા પ્રભુની સેવા--ભકિતમાં પૈસાનો વ્યય તે,

**પ્રણિપત્તિ**–આજ્ઞા, સત્પુષની જેવી આજ્ઞા હોય તે જ પ્રમાણે વર્તન કરે. પોતાની વૃત્તિને અનુસરતી આજ્ઞા ઉઠાવે તેનું નામ આજ્ઞા-ધર્મ નથી, પણ વૃત્તિપોષણ રૂપ સ્વચ્છંદતા છે. સત્પુરૂષની જેવી આજ્ઞા હોય તે પ્રમાણે આજ્ઞાકારે વૃત્તિને રાખે તે જ આત્મશ્રેયનું કારણ છે.

હેય, જ્ઞેય અને ઉપાદેય એ ત્રણ તત્ત્વો છે. ત્યાગવા લાયક પદાર્થો તથા પ્રવૃત્તિઓ શું છે? જાણવા લાયક શું છે? તેમજ આદરવા લાયક શું છે? તે માત્ર શબ્દાર્થપણે જાણવાથી વા બોલવાથી તત્વની પ્રાપ્તિ થતી નથી.

આદરવા લાયક તત્ત્વો ઉદાસીનતા (ઉપેક્ષા) હોય અને ત્યાગવા લાયક જે દોષો કહ્યા હોય, તે દોષોમાં જ જીવન વ્યતીત થતું હોય, છતાં પામર આત્માઓ કહે છે કે, 'અમોને તત્ત્વનું જ્ઞાન છે' એ કેટલી બધી અજ્ઞાનતા છે? અગ્નિને અડવાથી બળીએ છીએ એવી દૃઢ પ્રતીતિ છે તો સ્વપ્નાંતરે પણ વિકલ્પ થતો નથી કે અગ્નિને અડવાથી બળશું એ વાત સાચી હશે કે કેમ? માટે અગ્નિને અડી જોઉં એવી અણુમાત્ર પણ કલ્પના થતી નથી. તેમ વિષય તથા રાગદ્વેષાદિક શત્રુઓ આત્માનો ઘાત કરનાર છે, એમ જો યથાર્થ રીતે જાણ્યું હોય, તો તેવા દોષ તરફ સ્વપ્નાંપરે પણ વૃત્તિ દોરાય નહિ તેને તત્ત્વજ્ઞાન કહે છે. તેનું નામ સાચી શ્રદ્ધા છે.

મહાસતી સીતાજીએ અગ્નિમાં પ્રવેશ કરતી વખતે એવો વિકલ્પ કર્યો હોત કે, 'આ જાજ્વલ્યમાન અગ્નિમાં પડતાં વખતસર બળી જઈશ તો?' એવો વિકલ્પક થયો હોત તો અવશ્ય બળીને ભસ્મીભૂત થઇ જાત. તેમ કેટલાક સંપ્રદાય મોહથી મતિહીન થયેલ, સત્ય તત્ત્વને ન જાણનાર અજ્ઞાની જીવો કહે છે. કે "શાસ્ત્રની વાતમાં આપણને ખબર ન પડે, કેવળી ભગવંત જાણે, આપણે શું જાણીએ? ભગવાને કહ્યું તે સાચું" જુઓ, મુગ્ધ લોકોની કેવી પામર દલીલ?

કેવળી જાણે, કેવળી શું જાણશે? હવે તેમને જાણવાનું બાકી કંઈ રહ્યું છે? નહિ જ. તે તો સર્વજ્ઞ ભગવાન સર્વ જાણી ચૂકયા છે, શાસ્ત્ર કેવલીને જાણવાને માટે નથી, પણ આપણને જાણવાને માટે છે. માટે 'કેવળી જાણે' એવું કહેનારા મૂર્ખ લોકો પોતાના દોષનો બચાવ કરી છટકવા પામે છે. અલબત્ત, જે વાત સર્વજ્ઞ ભગવાન વિના બીજાથી જાણી શકાતી જ ન હોય, તેવી વાત જાણવાનું જો કેવળીને ભળાવતા હોય, તો તે ઉચિત છે, પણ જો પોતે જરાક બળ કરે, સચોટ પુરુષાર્થ કરે, તો પોતે જાણી શકે અને બુદ્ધિગમ્ય થઈ શકે, તેવી વાતમાં પણ કેવળી જાણે!

તારું આત્મકલ્યાણ કેવળીના જાણવાથી થશે કે તારા જાણવાથી? કેવળીના જાણવાથી બીજા જીવોનું કલ્યાણ થતું હોય, તો બીજાઓને ધર્મધ્યાન કરવાની માથાકુટ શા માટે કરવી પડે? માટે પોતે જાણવાને શકિતમાન થશે, સત્ય જાણવાને પુરુષાર્થ ફોરવશે અને આત્મબળ જાગ્રત કરશે, ત્યારે જ પોતાનું શ્રેય થશે. આપણને જાણવા માટે જ જ્ઞાનીઓએ શાસ્ત્રો લખ્યાં છે.

સતી સ્ત્રી પોતાના પતિના નામે અગ્નિને શીતળ, ને ઝેરને અમૃત કરી પી જાય અને સર્પને ફૂલોની માળા બનાવે, ત્યારે પરમાત્માનું ભજન, સ્મરણ કે પૂજન કરનાર સર્પને દશ હાથ છેટે દેખતાં જ ભયભીત થઈ 'હાય મને કરડશે તો?' એવી શંકાથી ભાગતો ફરે, **તેમાં પ્રભુના વચન ઉપર શ્રદ્ધા ક્યાં રહી?** પ્રભુએ કહ્યું તે પ્રમાણે વર્તનારને પ્રભુના વચન ઉપર શ્રદ્ધા છે, પણ 'પ્રભુએ કહ્યું તે સાચું' એમ ફોનોગ્રાફની માફક બોલનારને શ્રદ્ધા છે એમ કહી શકાય નહિ.

'પ્રભુએ કહ્યું તે સાચું' એમ તો બધા બોલે છે. દિગંબરો, શ્વેતાંબરો, સ્થાનકવાસી, ગચ્છ, મત કે દર્શનવાળા બધા કહે છે કે, પ્રભુ કહે તે સાચું.' પણ પ્રભુ શું? તેણે શું કહ્યું છે? તેને યથાર્થ સમજી ત્યાગવા યોગ્ય કષાયાદિ દોષોનો ત્યાગ કરવો, આદરવા યોગ્ય સમ્યગ્જ્ઞાન, દર્શન અને ચારિત્રમાં જ રમણ કરે અને જાણવા યોગ્ય સમસ્ત વિશ્વના ભાવને સમપરિણામે નિર્લેપપણે ઉપયોગપૂર્વક જાણે તે તત્ત્વ ઓળખાણ તથા સાચી શ્રદ્ધા કહેવાય છે.

તેવી સાચી શ્રદ્ધાપૂર્વક સત્પુરૂષે જે પ્રમાણે આત્મશ્રેય થવાની અને કર્માવરણો છોડવાની આજ્ઞા કરી હોય, તેજ પ્રમાણે વર્તે તેને પ્રણિપત્તિ–આજ્ઞા અથવા સેવા કહી છે. સત્પુરૂષ તથા સ્વરૂપને યથાર્થ ઓળખવાથી સેવા કરવાનું શ્રેય થાય છે, પણ ગાડરીયા ટોળાની માફક 'ગતાનુગતિકો લોક:' એ રીતે દેખાદેખીથી સેવા કરનાર વા દાનાદિક આપનાર પરમાર્થ–માર્ગને સમજી કે પામી શકતો નથી.

નીતિશાસ્ત્રમાં કહ્યું છે કે—

" विचारेण कृतं कार्यं फलसिद्धिर्भविष्यति "

વિચારપૂર્વક કાર્ય કરવાથી જ ફળસિદ્ધિ થાય. દાન શું? કેવું દાન? તે કેવી રીતે અને કેવા પાત્રને આપવું? તેનો વિચાર કર્યા વિના 'અમુક મહાત્માને અમુક માણસે દાન આપ્યું. તેથી તેનો મોક્ષ થયો, તેમ હું પણ દાન આપીશ. તો મારો પણ મોક્ષ થશે.' એમ કલ્પના ઉત્પન્ન કરી દાનાદિ આપનારને પરમાર્થ–માર્ગની પ્રાપ્તિ થઇ શકતી નથી. તેના ઉપર એક દૃષ્ટાંત આપી દાન–અધિકારને સમાપ્ત કરવામાં આવશે.

**સૂર્યપુર** નામના નગરમાં વિશુદ્ધ ચારિત્ર પાળનાર, પરમયોગી શાંતમૂર્તિ, પરમજ્ઞાની **યોગેન્દ્ર** નામે એક સાધુ મહાત્મા મધ્યાન્હ સમયે ભિક્ષા લેવાને માટે ફરતા ફરતા એક ગૃહસ્થના ઘરમાં ગયા. જે ઘરમાં પરમપવિત્ર, ધર્મરાગી, સદાચારી, પતિવ્રતા, સુશીલા સતી શ્રાવિકા હતી.

યોગમૂર્તિ **યોગેન્દ્ર** મહાત્માને જોઈને તે હર્ષિત અને પ્રસન્ન ચિત્તવાળી થઈ, સાત આઠ ડગલાં મહાત્માની સામે જઈ, પ્રદક્ષિણા આપી, વિધિપૂર્વક વંદન કરી મહાત્માના આગમન ને દર્શનથી '**अद्य मे सफलं जन्म अद्य मे सफलं दिनं**' એ રીતે પોતાના જન્મ તથા દિવસને સફળ થયો જાણી પોતાના આત્માને સાર્થક માનતી, અમીની મેઘવૃષ્ટિ, મોતીના મેહુલા તથા સુવર્ણનો સૂર્યોદય થતાં જે હર્ષ થાય, તે કરતાં પણ અગણિત હર્ષના અપાર આનંદથી ઉછળતી સતી સાધ્વી, મુનિરાજને ભિક્ષા આપવા માટે ઘરમાં ગઈ.

ત્યાં તે વખતે બીજું તો કાંઈ ન હતું, પણ માત્ર એક મોદક (લાડુ) હતો, તે લેવાને માટે ગુરુદેવને તેણે વિનયથી વિનંતી કરી. મહાત્માને મોદક લેવાની લેશ પણ ભાવના ન હતી. છતાં પવિત્ર

સતીના અત્યાગ્રહથી તેના ભક્તિમય હૃદયને શાંત કરવા માટે મુનિએ અર્ધ મોદક લીધો અને આત્મકલ્યાણરૂપ તેને ધર્માશિષ આપી.

પવિત્ર સતીની અત્યુગ્ર નિષ્કામ ભક્તિના પ્રભાવથી અને યોગી મહાત્માના પુનિત પગલાંથી દેવતાએ સાડી બાર કરોડ સુવર્ણ (સોનામહોર)ની વૃષ્ટિ કરી, અહા! ધન્ય છે એ મહાત્માના પવિત્ર ચારિત્રને! અને ધન્ય છે મહાસતીની નિષ્કામ ભક્તિને!

આ વખતે એક નિરાશ્રિત ગરીબ ભિખારી રોટલાના ટુકડા માટે આજીજીથી પોતાના પામર જીવનને ધારણ કરતો અને ઘરોઘર રખડતો તે જ મહાસતીના બારણે આવીને ઊભો હતો. તે મહાત્માને મોદક માટે આગ્રહ કરનાર સતીને જોઈ વિચારમાં પડયો કે, 'આ શું? આવા મોટા શહેરમાં સવારથી સાંજ સુધી હું ઘેર ઘેર રોટલાના ટુકડા માટે રખડું છું, લોકોના ધક્કા અને તિરસ્કાર ખમું છું અને રખડવાના પરિશ્રમથી પગ થાકીને સૂજી જાય છે, છતાં પેટ પૂરવા જેટલા સુકા રોટલાના ટુકડા પણ મળતા નથી. જ્યારે આ મહાત્મા પણ ભિક્ષા અર્થે નીકળ્યા છે, તેને લોકો દૂધ, દહીં, ઘૃત તથા મિષ્ટાન્ન વગેરે પરાણે તેના પાત્રમાં નાખી દે છે તથા લેવા માટે આગ્રહ કરે છે. હું પણ જો આના જેવો વેષ ધારણ કરી સાધુ બનું, તો ભુખની પીડા મટી જાય અને સારો સારો સ્વાદિષ્ટ ખોરાક ખાવાની મજા પડે.'

સતીના મહાલયની સામે એક વેશ્યાનું મકાન હતું. સાધુમહાત્માને અર્ધ મોદકનું દાન આપતાં સાડી બાર કરોડ ચળકતી સોનામ્હોરની વૃષ્ટિ, તેણે પોતાના ઝરૂખામાં બેસીને જોઈ લીધી અને આશ્ચર્ય પામતાં વિચારમુગ્ધ બની ગઈ. 'અહા! આ શો ચમત્કાર? પૈસા મેળવવાને નીચ કૃત્યો કરી આખી જીંદગી બરબાદ કરતાં પણ મનમાનતું ધન ન મળ્યું અને લોકોમાં તિરસ્કારને પાત્ર બની, જ્યારે આ સહેલો અને સરલ ઉપાય અદ્યાપિપર્યંત મારા જાણવામાં આવ્યો જ નથી. સાધુને મોદક આપવાથી સાડી બાર કરોડ સોનામ્હોરની વૃષ્ટિ? અધધધ! અહાહા! સાત પેઢી સુધી બેઠે બેઠે ખાતાં પણ ખુટે નહિ એટલું

પુષ્કળ દ્રવ્ય માત્ર મોદક આપવાથી પ્રાપ્ત થયું. આટલા દિવસ આ કમાણીના સરસ અને સુંદર માર્ગની ખબર પણ ન પડી. અસ્તુ! ‘ભૂલ્યા ત્યાંથી ફરીને ગણો’ એ કહેવત પ્રમાણે હવે આ ઉપાય તુરતમાં સાધવાની જરૂર છે’ એમ વિચારી બદામ, પિસ્તા, દ્રાક્ષ, જાયફળ તથા જાવંત્રી વગેરે ઉંચામાં ઉંચો મસાલો નાખી પાંચ સાત મોદક બનાવીને તૈયાર કર્યા. મધ્યાહ્ન સમયે ભિક્ષા વખતે પોતાના મકાનના ઝરૂખામાં બેસીને ચારે તરફ જોવા લાગી કે, ‘જો કોઈ સાધુ મહાત્મા ભિક્ષા અર્થે ફરતા દેખાય તો આગ્રહ કરીને ઘરે તેડી લાવું.’

એક દિવસે પેલા ભાઈશ્રી (ભિખારી) કે જે બે ચાર દિવસ સાધુ મહાત્માની સાથે તેના આચાર, વિચાર તથા વેષ પહેરવાની ઉપર ઉપરથી રીતભાત જાણી, માથું મુંડાવી, વેષ પહેરી સાધુના જોઈતાં ઉપકરણો મેળવી સાધુ બન્યા, ને:—

“દાઢી મૂછ મુંડાવીને, વરવું કીધું મુખ;
સંસારની શોભા સઘળી ગઈ, પણ સીરાવ્યાનું તો સુખ.”

એ રીતે સાધુવેષ સજી ભાઈસાહેબ ભિક્ષા અર્થે ફરતા પ્રથમ પેલી વેશ્યાની દૃષ્ટિએ પડ્યા. વેશ્યાના અત્યાગ્રહથી ભિક્ષા લેવા ત્વરિત થઈ અત્યાનંદપૂર્વક તેના મકાનમાં દાખલ થયા. સાધુને જોઈ પ્રસન્ન થએલી વેશ્યા તેને વંદન અને પ્રદક્ષિણા કરી ઘરમાંથી સુગંધી અને સ્વાદિષ્ટ લાડુ લાવી. મનમોહન મોદકને જોઈ પેલા વેષધારી સાધુ તો રાજી રાજી થઈ ગયા દાઢમાં પાણી છૂટયું અને લાડુ ખાવા માટે તેનું મન તલપાપડ થઈ રહ્યું.

“ધરાયો જાણે ખાઈશ નહિ, અને ભૂખ્યો જાણે ધરાઈશ નહિ” એ કહેવત પ્રમાણે પોતાની ઝોળીમાંથી એક મોટું રામપાત્ર કાઢી લાડુ લેવા નીચે ધર્યું. પણ “વૈદ્ય વેશ્યા વકીલ ને યતિ, જેનો સંગ ન કીજે રતિ” એ રીતે પેલી વેશ્યા પણ પહોંચેલ બુદ્ધી હતી. ‘એકદમ લાડવો નાખતાં સુવર્ણ-વૃષ્ટિ ન થાય, તો મફતનો લાડવો ગુમાવી

બેસવાનું થાય ' એમ જાણી સાધુંના પાત્રા ઉપર એક બે હાથ છેટે લાડવો પોતના હાથમાં ધરી રાખીને આકાશ તરફ જોવા લાગી કે, *'જો કોઈ દેવતા સોનામ્હોરની વૃષ્ટિ કરવા આવતો દેખાય, તો લાડવો* પાત્રમાં તરત નાખી દઉં, નહિ તો મફતનો મોદક કાં ગુમાવું ?'

દશ પંદર મિનિટ થવા આવી પણ ઘરમાં સુવર્ણની વૃષ્ટિ ન પડે અને પાત્રમાં લાડુની વૃષ્ટિ ન પડે. છેવટે ભિખારી ઊભો ઊભો થાકી જવાથી વિચાર કરવા લાગ્યો કે, ' આ વેશ્યાએ સાધુની ભક્તિ માટે ભિક્ષા તૈયાર કરી નથી, પણ ચળકાટથી ઝગમગતી સુવર્ણ વૃષ્ટિને જોઈ ' દેખ્યું પીળું અને મન થયું છે શીળું ' તેથી આને સુવર્ણવૃષ્ટિનો મોહ છે, તેમ મેં પણ આત્મશ્રેય કરવા સાધુવેષ લીધેલ નથી, પરંતુ પેટ ભરવા લીધો છે, તેથી બંનેનો સ્વાર્થ છે. કયાં મહાસતીની નિષ્કામ ઉત્કૃષ્ટ ભક્તિ ? અને કયાં આ કુલટાની સ્વાર્થિક વૃત્તિ ? તેમ જ કયાં એ મહાત્માનું નિર્મળ ચરિત્ર ? અને કયાં આ પેટ ભરવાના પ્રપંચ ? ' જલસે જોગી અને ગાલી મકવાણી ' એ કહેવતની માફક મારૂં અને આ દુષ્ટાનું જોડું તો સરખું બન્યું છે, આમાં કોઈનું કાર્ય થાય તેમ લાગતું નથી. નસીબ જયાં જાય ત્યાં બે ડગલા આગળને આગળ જ છે. આખા શહેરમાં રખડી રખડી ભુખે મરી જતો, તથાપિ પેટપૂરતું મળતું ન હતું, ત્યારે મસ્તક મુંડાવી મહારાજ બન્યો, તો પણ દુઃખની દશા તો તેવીને તેવી જ રહી. ઉભા ઉભા પગ દુઃખવા આવ્યા, લાડવાને જોઈ ઉલટા ગલગલીયાં થાય છે, અને દાઢમાં પાણી છુટે છે, છતાં લાડવો મળવો મુશ્કેલ છે. વેશ્યાને દેખવું ને દાઝવું થયું છે છેવટે તેણે કંટાળીને વેશ્યાને કહ્યું કે—

" ઓ સાધુ ઓ શ્રાવિકા, તું વેશ્યા મેં ભાંડ;
તેરે મેરે ભાગ્યસેં, પથ્થર પડશે રાંડ. "

અલી વેશ્યા ! એ નિર્મળ ચરિત્રવાન્ સાધુ મહાત્મા અને નિષ્કામ ભક્તિ કરનાર મહાસતી જુદી, આ તો તું વેશ્યા અને હું ભાંડ ( ભીખારી ) બંને સરખા મળ્યા છીએ. માટે સુવર્ણની વૃષ્ટિ તો બાજુ

પર રહી, પણ વખતસર પત્થરની વૃષ્ટિ પડશે, તો માથું ફૂટી જશે. માટે ભલી થઈ લાડવો આપવો હોય તો આપ, નહિ તો ચાલ્યો જાઉં. હવે તો ઉભા રહીને પગ પણ થાકયા અને દુખવા આવ્યા છે.

તે સાંભળી વેશ્યા બોલી કે—' મહારાજ ! સુવર્ણની વૃષ્ટિ માટે જ મહેનત અને ખરચ કરી મોદક બનાવ્યા છે, જો સુવર્ણની વૃષ્ટિ પડે તો ત્રણના તેર આપું, નહિ તો ખાઈને મારું પેટ ઠારીશ એવો મફતનો માલ કયાં રસ્તામાં પડયો છે કે તરત લઈને તું ચાલતો થાય ? તારા પગલાંથી સુવર્ણની વૃષ્ટિ ન થાય તો પકડ રસ્તો. આ સ્વાદિષ્ટ માલ મફત મળે તેમ નથી.' આ સાંભળીને બિચારો ભિખારી ધોએ મોઢે ચાલ્યો ગયો.

જેમ દેખાદેખીથી દાન શું ? તે કેમ આપવું ? અને કેવા પુરૂષને આપવું ? તે ન જાણવાથી વેશ્યા તથા ભીખારીની જેવી દશા થઈ, તેવી જ દશા, ખરૂં સ્વરૂપ ન સમજનારા હજારો અને લાખો રૂપિયાનું દાન કરતાં છતાં થતી જણાય છે. માટે દાનના યથાર્થ સ્વરૂપને સમજી, સત્પુરૂષને અંતર્દષ્ટિથી ઓળખી, ચિત્ત, વિત્ત તથા પાત્ર એ ત્રણે સ્થિતિના સ્વરૂપને જાણી દાન આપનારની આત્મસિદ્ધિ થાય છે.



# ૮

# સાચું દાન

પ્રવચનકાર
**આચાર્ય શ્રી વિજય રામચંદ્ર સૂરિજી**

*

## સાચો પરોપકાર સ્વોપકારથી ભિન્ન નથી

ઉપકારના સાચા સ્વરૂપને જાણનારા પરમર્ષિઓમાંના એક પરમર્ષિ, સમર્થ પ્રવચનધર, આચાર્ય ભગવાન શ્રીમદ્ મુનિસુન્દરસૂરીશ્વરજી મહારાજાએ—'સાચો પરોપકાર કોને કહેવાય? અને સાચા પરોપકારરસિકે પરોપકાર સાધવાને માટે શું કરવું જોઈએ?' એ વસ્તુનું એક સ્થળે ઘણું જ સુંદર વિવરણ કર્યું છે.

પહેલાં તો તેઓશ્રી—' પરોપકાર કરવો જોઈએ. '-એ વાતનું પ્રતિપાદન કરતાં ફરમાવે છે કે-" પોતાની શકિતના પ્રમાણમાં એટલે કે-પોતાની શકિતને ગોપવ્યા વિના નિરંતર પરોપકાર કરવો, એ ઉત્તમ પુરુષોની ઉત્તમ નીતિ છે; કારણ કે-પરોપકાર એ સ્વોપકારથી ભિન્ન નથી અને એ જ કારણે પરોપકારને કરતો આત્મા સ્વોપકાર અને પરોપકાર એમ ઉભય પ્રકારના ઉપકારને કરનારો બને છે."

આથી તમે સમજી શકશો કે વસ્તુતઃ પરોપકાર પરોપકાર જ નથી, કે જે કહેવાતો પરોપકાર સ્વોપકારથી ભિન્ન હોય. ઉત્તમ આત્મા નિરંતર શક્તિને ગોપવ્યા વિના પરોપકારની સાધનામાં ઉદ્યમશીલ બન્યા કરે છે, તેનું મૂળ નિદાન એ જ છે કે **સાચો પરોપકાર સ્વોપકારથી ભિન્ન નથી**. આજે દુનિયામાં 'અહિંસા' અને 'સત્ય' ના નામે

પણ જેમ 'હિંસા' અને 'અસત્ય' પોષાય છે. તેમ પરોપકારના નામે પણ સાચા પરોપકારની ઘાતક પ્રવૃત્તિઓ થઈ રહી છે.

તેવી રીતે અનર્થ કરનારાઓને અહિંસા, સત્ય કે પરોપકારના સિદ્ધાંત વિષે વાસ્તવિક જ્ઞાન નથી, છતાં તેઓ એવા ગર્વથી ફુલાતા ફરે છે કે—'અહિંસાદિના વિષયમાં અમારા જેટલી બીજા કોઈમાં સમજશકિત છે જ નહિ !'

પરોપકારવૃત્તિ એ ઘણીજ સુંદર વૃત્તિ છે, પરંતુ જેનામાં પરોપકારવૃત્તિ જન્મી છે, તે આત્માઓએ પરોકપકારના સ્વરૂપને સમજવાને માટે જરાયે બેદરકાર રહેવા જેવું નથી. કમથી કમ પરોપકાર એવો તો ન જ હોઈ શકે, કે જે સામાના આત્મહિતનો ઘાતક હોય, શ્રી જિનેશ્વર દેવોનું શાસન એવો પરોપકાર કરવાનું વિધાન કરતું જ નથી, કે જે પરોપકાર આત્માનો ઉપકાર કરનારો થાય. **આત્માને આત્મસ્વરૂપની સાધનામાંથી ભ્રષ્ટ કરીને પરસ્વરૂપની સાધનામાં યોજનાર કોઈ પણ પ્રવૃત્તિને પરોપકારની પ્રવૃત્તિ તરીકે ઓળખવી એ કેવળ અજ્ઞાનનો જ વિલાસ છે.**

જેણે ઊંચામાં ઊંચી કોટિના ઉપકારી બનવું હોય, તેણે તો **સૌથી પહેલાં પોતાના આત્મા પ્રત્યે જ સાચા અનુકંપાશીલ બનવાની જરૂર છે. પોતાના આત્મા ઉપર અનુકંપા પ્રગટયા વિના બીજાના આત્મા ઉપર સાચી અનુકંપા પ્રગટવી એ શકય જ નથી.**

દ્રવ્ય પરોપકાર એ પણ ભાવ પરોપકારના જ્ઞાતા દ્વારા એ ઘણી જ સુંદર રીતિએ સાધ્ય છે. ભાવ પરોપકારનો અર્થી આત્મા, દ્રવ્ય પરોપકારથી પણ શકયતા મુજબ વંચિત રહેતો જ નથી અને કેવળ દ્રવ્ય પરોપકારનો રસિક આત્મા તો અવસરે અજ્ઞાનતાદિકના કારણે ભાવ પરોપકારના વિધાયકોનો પણ દુશ્મન બની બેસે છે.

આ દ્રવ્ય અને ભાવના ભેદને તથા તેના સ્વરૂપાદિને નહિ જાણનારા આદમીઓ પરોપકારની ગમે તેટલી વાતો કરે, પરન્તુ તેઓ કયે સમયે પરોપકારના નામે જ પરોપકાર કરનારા નીવડશે તે કહી શકાય નહિ.

## એકાન્તિક અને આત્યન્તિક સુખ જ ઇષ્ટ છે

પરોપકાર કરવાની અભિલાષાવાળા આત્માએ સૌથી પહેલાં તો– 'જીવ માત્રને અનિષ્ટ શું છે અને ઈષ્ટ શું છે'–એ જાણી લેવું જોઈએ. કારણ કે–જે અનિષ્ટ છે તેની પ્રાપ્તિથી જીવો દુ:ખી થાય છે અને જે ઇષ્ટ છે તેની પ્રાપ્તિથી જીવો સુખી થાય છે. વસ્તુતઃ તો જીવોને સુખ જ ઇષ્ટ છે. જીવ માત્ર સુખને ઇચ્છે છે અને તે પણ એવા સુખને ઇચ્છે છે કે જે સુખ દુઃખના અંશ વિનાનું હોય તેમજ કદી પણ નાશ ન પામે એવું હોય!

આ વસ્તુને દર્શાવતાં, તે જ સમર્થ પ્રવચનધર મહાત્મા ફરમાવે છે કે–'સ્વોપકારથી અભિન્ન એવો તે પરોપકાર જગતના જીવોને અખિલ અનિષ્ટોથી વિયુક્ત અને સર્વ ઈષ્ટોથી સંયુક્ત બનાવવા દ્વારાએ જ સાધ્ય છે. આ સંસારમાં ઈન્દ્રથી માંડીને તે કીટ સુધીના જીવોને અર્થાત્–પ્રાણી માત્રને એકાન્તિક અને આત્યન્તિક સુખ જ ઇષ્ટ છે."

જે સુખમાં દુઃખનો એક અંશ પણ ન હોય, તે સુખને એકાન્તિક સુખ કહેવાય. અને જે સુખ કોઈ પણ કાળે વિનાશને પામનારું ન હોય તે સુખને આત્યન્તિક સુખ કહેવાય છે.

વિચારી જુઓ કે સૌને આવું જ સુખ ઇષ્ટ છે કે નહિ? જગતના જીવોની ઇચ્છા માત્રની આ ચિકિત્સા છે. જગતના જીવોની

ઇચ્છાઓ અપાર છે, પણ તે બધી જ ઇચ્છાઓ આ ઇષ્ટની કામના-માંથી જ પ્રગટેલી છે. સુખ એ જ સૌને ઇષ્ટ છે અને તે સુખ પણ દુઃખના અંશ વિનાનું તેમ જ અન્ત વિનાનું જોઈએ છે.

ઇષ્ટના આ વર્ણન ઉપરથી જગતના જીવોને શું અનિષ્ટ છે, તે આપોઆપ સમજાય તેમ છે. આથી સ્પષ્ટપણે સમજી શકાય તેમ છે કે ઊંચામાં ઊંચી કોટિના પરોપકારી બનવાને ઇચ્છતા આત્માઓએ તો પ્રાણી માત્રને એ એકાંતિક આત્યન્તિક સુખની પ્રાપ્તિમાં વિઘાતક વસ્તુ માત્રથી વિયુકત બનાવવાનો તેમ જ એ એકાન્તિક અને આત્યન્તિક સુખની સાધક વસ્તુઓથી સંયુકત બનવાનો પ્રયત્ન કરવો જોઈએ.

## મોક્ષદાન એ જ શ્રેષ્ઠ પરોપકાર

હવે એવું એકાંતિક આત્યન્તિક સુખ કયા સ્થાને છે, તે પણ સાચા પરોપકારને સાધ્ય બનાવવાને ઇચ્છતા આત્માઓએ અવશ્ય જાણી લેવું જોઈએ. આથી તે જ સમર્થ પ્રવચનધર મહાત્મા ફરમાવે છે કે—"તે એકાન્તિક અને આત્યન્તિક સુખ સંસારમાં છે જ નહિ, તેવું સુખ તો માત્ર મોક્ષમાં જ છે. આ સંસારમાં જે સુખ છે, તે તો દુઃખથી યુકત છે એટલે એકાંતિક નથી અને અતિશય ભંગુર અર્થાત્ શીઘ્ર નાશ પામવાવળું છે એટલે આત્યન્તિક પણ નથી. આ કારણે, **એકાંતિક આત્યન્તિક એવા સુખના અર્થી જીવોને મોક્ષનું દાન કરવા દ્વારા જ પરોપકારને સાચી રીતિએ સાધી શકાય તેમ છે.**"

સંસારમાં સુખ નથી એમ નહિ. સંસારમાં પણ સુખ તો છે. પણ એ સુખ પ્રસ્તુતઃ કોઈ જીવને ઇષ્ટ નથી. અજ્ઞાનતાદિના યોગે અનિષ્ટ પણ વસ્તુ ઇષ્ટરૂપ લાગે તે શકય છે, પરંતુ જીવાજીવાદિ તત્ત્વોના સાચા સ્વરૂપને જાણનારા આત્માઓ સંસારના ક્ષણિક અને દુઃખયુકત સુખને કદી જ ઇષ્ટ માનતા નથી. આ કારણે અજ્ઞાન જીવો પોતાની અજ્ઞાનતાદિથી અનિષ્ટને પણ ઇષ્ટ માનતા હોય, તો પણ સાચા

ઉપકારીઓ કદી જ વાસ્તવિકપણે અનિષ્ટ છતાં અજ્ઞાન જીવોને ઇષ્ટ લાગતા એવા દાનની પ્રવૃત્તિને આચરવાને ઉત્સાહિત બનતા નથી.

સંસારનું સુખ મુંઝવે તેને કે જે વિવેક વિનાનો હોય. વિવેકીને સંસારનું સુખ ઇષ્ટ ભાસે જ નહિ. વિષયસુખો પ્રારંભમાં સુન્દર હોવા છતાં પણ પરિણામે દારુણ જ છે. આ વાતને જાણનારા આત્માઓ વિષયસુખની લાલસા પોષાય એવા એક પણ વચનને ઉચ્ચારે જ નહિ. અને ઉપયોગશુન્યતાદિના કારણે તેવું વચન ઉચ્ચારાઈ પણ ગયું હોય. તોય ખ્યાલ આવતાંની સાથે જ પશ્ચાત્તાપ આદિ કર્યા વિના પણ રહે નહિ. કારણ કે **મોક્ષનું દાન એ જ મોટામાં મોટો અને સાચામાં સાચો પરોપકાર છે, એથી વિપરીત દાન, એ વસ્તુત: પરોપકાર જ નથી.**

## મોક્ષદાન તેના ઉપાયના દર્શનથી

પરોપકારની સાધના ઉત્કર્ષને પામતી રીતિએ કરવી હોય, તો મોક્ષદાન માટે જ પ્રયત્નશીલ બનવું જોઈએ, એ નિર્વિવાદ વાત છે. કારણ કે એ સિવાયના મોટા દાનથી પણ જીવોને જે ઇષ્ટ છે તે એકાન્તિક સુખ પ્રાપ્ત થાય એ શકય જ નથી. આથી બીજાં વિહિત દાનોનો નિષેધ કરાતો નથી, પણ બીજાં દાનો સંપૂર્ણ સફલતાને ત્યારે જ પામી શકે છે, કે જ્યારે દાતાના હૃદયમાં મોક્ષદાનની સાચી ભાવના ઉત્પન્ન થયેલી હોય છે.

હવે મોક્ષનું દાન દેવાની ભાવના તો ઉત્પન્ન થઈ, પણ મોક્ષદાન કેમ દઈ શકાય તેનોય ખ્યાલ હોવો જોઈએ ને? મોક્ષ એ કાંઈ હાથમાં લઈ કે દઈ શકાય એવી વસ્તુ નથી એ માટે તો મોક્ષના અર્થી આત્માઓએ સ્વયં પ્રયત્નશીલ બનવું પડે છે. કોઈ મહેનત કરે અને

કોઈ મોક્ષ પામે, એ શક્ય જ નથી. પૌદ્‌ગલિક પદાર્થોમાં તો એકે મેળવ્યા હોય અને બીજો ઉપભોગ કરે એ શકય છે, પરંતુ મોક્ષની વાતમાં તો **આત્માએ જાતે જ ઉદ્યમશીલ બનીને મોક્ષને પ્રાપ્ત કરવાનો હોય છે.**

**સ૦** તો પછી મોક્ષદાન દ્વારા પરોપકાર સાધવો જોઈએ, એ વાત નિરર્થક બની જાય ને?

અનભિજ્ઞ આત્માને જ એ વાત નિરર્થક લાગે. જે કોઈને ય માટે શક્ય ન હોય, તેવું આચરણ ઉપકારીઓ ઉપદેશે જ નહિ, **મોક્ષના ઉપાયનું દાન. એને પણ મોક્ષદાન જ કહી શકાય. શ્રી અરિહંત-દેવો મુક્તિદાતા ગણાય છે. તે મોક્ષના ઉપાયને દર્શાવનાર હોવાના કારણે જ!** મોક્ષના ઉપાયનું દર્શન કરાવવા દ્વારા મોક્ષદાન થઈ શકે છે, એ વાત પરોપકારના સ્વરૂપનો ખ્યાલ આપતાં આ સમર્થ પ્રવચનધર મહાત્માએ પણ ફરમાવી છે.

તેઓશ્રી ફરમાવે છે કે—"મોક્ષ હાથ વડે આપી શકાય એ શક્ય નથી, માટે મોક્ષદાનના અભિલાષીએ મોક્ષનો ઉપાય દર્શાવવો. એ જ યોગ્ય છે: કારણ કે ઉપાયની ઉપાસનાથી જ ઉપેયની સિદ્ધિ સુખપૂર્વક થઈ શકે છે.'!

આથી સ્પષ્ટ છે કે મોક્ષના ઉપાયને દર્શાવવાનો પ્રયત્ન, એ મોક્ષદાનનો જ પ્રયત્ન છે: કારણ કે ઉપાય-દર્શનાદિ સિવાય બીજી કોઈ પણ રીતિએ મોક્ષનું દાન થઈ શકતું જ નથી. આ પ્રમાણે ફરમાવ્યા બાદ તે જ પરમર્ષિએ 'મોક્ષનો ઉપાય કોને કહેવાય' એ ફરમાવતા એ જ વસ્તુ સ્પષ્ટ કરી છે કે—

**"અખિલવેદી એટલે સર્વજ્ઞ એવા શ્રી અરિહંત-પરમાત્માએ પ્રરૂપેલો ધર્મ એ જ એક મોક્ષનો ઉપાય છે."**

દુનિયામાં ધર્મના નામે પ્રચલિત અનેક મતો હતા, છે અને હશે. પરંતુ તે બધા કાંઈ મોક્ષના ઉપાય રૂપ નથી. મોક્ષનો ઉપાય તો માત્ર એક જ છે અને તે બીજો કોઈ જ નહિ પણ અનન્ત-ઉપકારી, અનન્તજ્ઞાની શ્રી જિનેશ્વરદેવોએ ઉપદેશેલો ધર્મ ! આ જાતિની પ્રરૂપણા, સ્વદર્શનના વ્યામોહથી કે પરદર્શન પ્રત્યે અસૂયાદૃષ્ટિથી જન્મેલી ઇતરાજીથી, ઉપકારીઓએ કરી નથી, પરંતુ સુયુક્તિસંગતતા હોઈને જ ઉપકારીઓએ આ જાતિની પ્રરૂપણા કરી છે.

**આજે સર્વ ધર્મો પ્રત્યે સમાન આદરભાવ રાખવાની કેટલાકો વાતો કરી રહ્યા છે: કેટલાકો વળી ધર્મોમાં પરસ્પર વિશેષ ભેદ નથી એવો પણ પ્રચાર કરી રહ્યા છે: પરંતુ ખરી વાત તો એ છે કે એક પણ ધર્મના સિદ્ધાંતોનું તેવાઓને વાસ્તવિક જ્ઞાન જ નથી. શબ્દોની થોડીક સમાનતાને જોઈને ખોટા રસ્તે નહિ દોરવાતાં, ધર્મના અર્થી આત્માઓએ ધર્મનો ઊંડો અભ્યાસ કરવાને તત્પર બનવું જોઇએ.**

— તા. ૧-૫-૧૯૪૮ ના જૈન પ્રવચનમાંથી સાભાર ઉધ્ધૃત.

☆

દાન અને શીળ ભાગ - ૨

# શીળ

★

આ પુસ્તકમાંનો શીળ સંબંધીનો મારો લેખ જુદા જુદા ગ્રંથોના આધારે તૈયાર કરવામાં આવ્યો છે. તેથી તે સર્વ લેખકોનો આભાર માનું છું.

ઉપરાંત

બ્ર. શ્રી મૂળશંકર દેસાઈનો "પંચ લબ્ધિ" નો લેખ તથા પંડિત શ્રી શીતળપ્રસાદજીના પણ પાંચ લેખો આપેલા છે.

★

લેખક - સંપાદક
નગીનદાસ ગિરધરલાલ શેઠ

# જ્ઞાન અને ચારિત્ર

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે કે—नाणेण विणा न हुंति चरण गुणा એટલે જ્ઞાન વિના શુદ્ધ ચારિત્ર ધર્મની પ્રાપ્તિ થતી નથી. વળી પણ તેમાં કહ્યું છે કે—

જ્ઞાન સંપન્ન થવાથી જીવ સર્વ પદાર્થોના યથાર્થ ભાવને જાણી શકે છે. અને તે ચતુર્ગતિરૂપ સંસાર અટવીમાં દુઃખી થતો નથી. જેમ દોરાવાળી સોય ખોવાતી નથી તેમ જ્ઞાની જીવ સંસારમાં ભૂલો પડતો નથી અને જ્ઞાન, ચારિત્ર, તપ તથા વિનયના યોગોને પ્રાપ્ત કરે છે. તેમ જ સ્વસિદ્ધાંત તથા પરસિદ્ધાંતમાં કુશળ બની અસત્ય માર્ગમાં ફસાતો નથી. ( ઉ. સૂ. ૨૯-૫૨ ).

જ્ઞાનાભ્યાસથી મનુષ્ય દશ ગુણ પ્રાપ્ત કરી શકે છે તે આ પ્રમાણે—

(૧) ક્રોધરહિત (૪) ક્ષમાવંત (૭) સર્વને પ્રિયકારી
(૨) વૈરાગ્યવંત (૫) દયાવંત (૮) શોક રહિત
(૩) જિતેંદ્રિય (૬) દાતા (૯) નિર્લોભી (૧૦) નિર્ભય

ચારિત્ર એ જ્ઞાન અને દર્શનનું મૂળ છે તેમ જ જ્ઞાન અને દર્શનનું ફળ પણ છે. ચારિત્ર એ જીવનના પ્રાણ છે. પરમેષ્ઠીઓનું પરમેષ્ઠીપણું ચારિત્ર પર છે.

જેઓ સદાચારશીળ છે તેમનો સુખ સાધનનો માર્ગ તેમના સદાચારના પુણ્ય તેજથી નિષ્કંટક બને છે અને તેઓ આ જીંદગીમાં જ સુખી થાય છે તેની સાથે જ તેમનું આત્મિક કલ્યાણ પણ સધાય છે.

# શીળ

**ધર્મના ચાર પ્રકાર**—દાન, શીળ, તપ અને ભાવના. તેમાં દાનનું વિવેચન કરાઈ ગયું છે. હવે શીળ સંબંધી વિચાર કરીએ. શીળનો કેટલાક લોકો શિયળ એવો અર્થ કરે છે તે ખોટું છે, શીળનો અર્થ ચારિત્ર થાય છે. અલબત્ત, શીળમાં શિયળનો પણ સમાવેશ થઈ જાય છે.

જ્ઞાન, દર્શન, ચારિત્ર એ મોક્ષમાર્ગ છે. તેમાંય પણ મોક્ષનું અસાધારણ કારણ તો ચારિત્ર જ છે. અનુકૂળ પ્રતિકૂળ નિમિત્તોની હાજરીમાં આત્માને પોતાના સ્વ-ભાવ પરિણામમાં ટકાવી રાખવો તેનું નામ જ સાચું ચારિત્ર છે.

અનુકૂળ પ્રતિકૂળ પ્રસંગો સિવાય તો સમભાવવાળા પરિણામ ઘણીવાર ઘણા માણસોમાં ઉપલક દૃષ્ટિએ દેખાય છે. પરંતુ તેટલા સામાન્ય દેખાવથી ભાવચારિત્ર લેવાની કલ્પના કરવી તે બરાબર નથી. સોનું કસોટીએ ચડે ત્યારે જ સોનાની પરીક્ષા થાય છે. તેવી જ રીતે અનુકૂળ પ્રતિકૂળ પ્રસંગો પ્રાપ્ત થાય ત્યારે જ ચારિત્રરૂપી સુવર્ણની પરીક્ષા થાય છે.

પરમશાશ્વત સુખની પ્રાપ્તિ માટે શુદ્ધ ચારિત્રની આવશ્યક્તા રહે છે. ચારિત્રમાં ઘણા ગુણોનો સમાવેશ થાય છે. તે ગુણોને આત્મામાં ખીલવવા તે ચારિત્રનું કાર્ય છે.

## મનુષ્યોમાં વિકાસની ભિન્નતા

સર્વ પ્રકારના જીવોમાં ઇંદ્રિયોની અપેક્ષાએ મનુષ્ય એ સંપૂર્ણ વિકસિત જીવ છે. પરંતુ આધ્યાત્મિક રીતે તે અપૂર્ણ છે. સર્વ મનુષ્યો

એકસરખી રીતે વિકાસ ભૂમિકાપર હોતા નથી. દરેક મનુષ્યની વિકાસ ભૂમિકા અથવા સ્થિતિ જુદી હોય છે. કેટલાક ઉચ્ચ ભૂમિકાએ પહોંચ્યા હોય છે ત્યારે કેટલાક હજુ પ્રાથમિક ભૂમિકામાં જ રવડતા હોય છે.

એ પ્રમાણે જુદી જુદી વિકાસ અવસ્થાવાળા અથવા જુદી જુદી વિકાસશ્રેણિવાળા મનુષ્યો માટે વિકાસ માર્ગ જુદા જુદા હોવા જોઈએ. બધાય માટે એક જ માર્ગ નિશ્ચિત કરવામાં આવે તે જેઓ પ્રથમિક સ્થિતિમાં છે તેઓ આગળ વધેલાઓ સાથે સમાનગતિએ ચાલી શકે નહિ અને પાછળ પડી જાય. તેથી નિરૂત્સાહી બની જાય.

તેથી જુદી જુદી અવસ્થાવાળા દરેક મનુષ્ય સરળતાથી વિકાસ માર્ગમાં આગળ વધી શકે તેવી જાતનો વિકાસ માર્ગ ધર્મે બતાવ્યો છે.

## બે વિકાસશ્રેણિ

ધર્મે વિકાસક્રમના ચૌદ વિભાગ પાડેલા છે. તેને ચૌદ ગુણસ્થાન કહે છે. પરંતુ આચારના હિસાબે ધર્મે બે વિભાગ પાડેલા છે—(૧) સર્વ વિરતિ એટલે સર્વ જાતની માયામમતાથી, પરિગ્રહથી અને કષાયોથી વિરતિ. આવી સર્વવિરતિ સાધુઓથી જ પાળી શકાય. તેથી સર્વ વિરતિ ધર્મ સાધુઓ માટે જ છે.

## ગૃહસ્થનો દેશવિરતિ ધર્મ

દેશવિરતિ એટલે અમુક અંશે વિરતિ. સંસારી મનુષ્ય જે અવસ્થામાં હોય તે અવસ્થા પ્રમાણે તે અમુક અંશે વિરતિ પાળી શકે તેથી તે આંશિક વિરતિને દેશ વિરતિ કહેવામાં આવે છે. મનુષ્યની અવસ્થા અથવા સ્થિતિને અનુસરીને તેને દરેક આચારમાં, દરેક નિયમમાં. અમુક આગાર, અમુક છુટ જોઈએ છે તેથી દેશ વિરતિને આગારધર્મ પણ કહે છે, અને તે શ્રાવકો માટે છે.

સદાચરણથી આધ્યાત્મિક વિકાસ સાધી શકાય છે તેથી શ્રાવક માટે ધર્મે બાર જાતના સદાચાર ઠરાવ્યા છે. તેને બાર વ્રત કહેવામાં

આવે છે. વ્રત એટલે નિયમ અથવા પ્રતિજ્ઞા. તે પ્રતિજ્ઞામાં જેટલું ન પાળી શકાય તેવું લાગે તેટલી છુટ રાખી તે વ્રત, નિયમ કે પ્રતિજ્ઞા લઈ શકાય છે, એ રીતે સદાચારના આ બાર નિયમો, વ્રતો દરેક જુદી જુદી અવસ્થાના સંસારી મનુષ્યને એટલે ગૃહસ્થને ઉપયોગી થઈ શકે છે.

જૈન ધર્મ એ સર્વશ્રેષ્ઠ ધર્મ છે. માનવ જીવનને આત્મસાધના દ્વારા ઉંચી કક્ષાએ લઈ જવાનું તેમાં સુઘટિત નિરુપણ કરવામાં આવ્યું છે. જૈન દર્શને માનવોની વૃત્તિઓનું સ્વચ્છંદ વિહરણ થતું અટકાવવા માટે ૧૨ વ્રતો મૂકયા છે. એ વ્રતો વ્યવહાર ધર્મનુ નિરુપણ છે, વ્યવહાર ધર્મ એ નિશ્ચય ધર્મની ઉંચી શ્રેણીએ ચડવાનું પહેલું પગથીઉં છે.

નીતિમય જીવન જીવવાની દષ્ટિએ વ્રતોનું પાલન અત્યાવશ્યક છે. વ્રત એ જીવનને સ્વચ્છંદતામાં પડી જતું અટકાવવા માટેની લગામ છે. અને એવી લગામ પ્રત્યેક માનવના જીવનમાં હોવી જોઈએ. આજનું લોક માનસ પોતાના જીવન ઉપર કોઈ જાતના અંકુશને સ્વીકારવાની ના પાડે છે એ એકંદર રીતે ઠીક નથી.

આવા માનસને લીધે અનેક પતિત્વના રિવાજનો પ્રસાર પાશ્ચાત્ય સમાજમાં થઈ રહ્યો છે. આ જ માનસને લીધે સંયુક્ત કુટુંબની ભાવના મૃતપ્રાય દશામા આવી પહોંચી છે. આ જ માનસને લીધે જનનાંકુશ (બર્થ–કન્ટ્રોલ)નાં સાધનો શોધાયાં છે. આ અકુદરતી પરિસ્થિતિ ઉત્પન્ન કરવાની જરૂરિયાત ઉભી થઈ છે તેનું કારણ એ જ છે કે માનવ આજે પોતાના જીવન ઉપર કોઈ પણ જાતનો અંકુશ રાખવા માગતો નથી.

નિરંકુશ જીવન જીવનાની લાલસા જ તેને વ્રત નિયમનાં બંધન સ્વીકારવા દેતી નથી. આજે માનવીને કોઇ પણ જાતનું અંકુશ ખપતું નથી, માબાપ કે વડીલોનું અંકુશ તે ચાહતો નથી, ખાવાપીવાનું બંધન તેને ગમતું નથી, હરવાફરવા પ્રત્યેનો કોઈ નિયમ તેને સ્વીકાર્ય

નથી. બોલવા ચાલવાની સ્વતંત્રતા (કે સ્વચ્છંદતા!) ઉપર કોઈ જાતનો કાપ તેને કબૂલ નથી.

કોઇ અફાટ સાગરમા સ્વચ્છંદ રીતે વિહરી રહેલી નૌકા સાગર-જળ ઢાંકયા ખડકમાં અથડાઈ નાશ પામે તેવી રીતે આ સ્વૈરવિહારની વૃત્તિ માનવના જીવનને વિનાશને માર્ગે નોતરી રહી છે. એમાં કાંઇ સંદેહને કારણ નથી.

જીવન નૌકાનો નાશ આ રીતે વહોરી લેવો એ માનવજીવનને નિરર્થક રીતે ગુમાવવા જેવું છે. માટે મનુષ્યે પોતાના જીવનને સ્વચ્છંદે વિહરવા દેવાને બદલે તેના ઉપર સુયોગ્ય અંકુશ મુકવો જોઈએ. એ તો સામાન્ય સમજની વાત છે કે પાપ એ સર્વ દુ:ખોનું કારણ છે. અને સ્વૈરવિહારથી પાપ કર્મ જરૂર બધાય છે. માટે સુખની ઇચ્છાવાળા મનુષ્યે વ્રત નિયમ રૂપી અંકુશ રાખવો જોઈએ.

## નિયમની આવશ્યકતા

આત્મવિકાસ સાધવા ઇચ્છનારે મનનો નિગ્રહ કરવાની સૌથી પહેલી જરૂર છે. મનને અયોગ્ય માર્ગે જતું રોકવાની શકિત કેળવવી જોઈએ અને મનની દૃઢતા સાધવી જોઈએ. તેને માટે વ્રત નિયમ ધારવાની જરૂર રહે છે.

હેતુ કે જ્ઞાન વિનાના આચારની અથવા વ્રત નિયમની ખાસ કાંઈ કિંમત નથી. આત્મ વિકાસ માટે, આત્માના કલ્યાણ માટે વ્રત લેવામાં આવે તે જ્ઞાનપૂર્વક સમજીને પાળવાં જોઈએ.

નિયમો બે પ્રકારના હોય છે—(૧) નિષેધાત્મક અને (૨) વિધાનાત્મક.

નિષેધાત્મક નિયમમાં ત્યાગની મહત્તા રહે છે ત્યારે વિધાનાત્મકમાં વિશિષ્ટ કર્મ કરવાનો આગ્રહ હોય છે.

આત્મકલ્યાણની દૃષ્ટિથી જોઈએ તો વ્રત નિયમોની દરેક મનુષ્ય

માટે આવશ્યકતા છે. વ્રત નિયમના પાલન વિના કોઈ મનુષ્યની ઉન્નતિ કે ઊર્ધ્વગતિ થઈ શકતી નથી. વ્રતોમાં ઉન્નતિ માટેના જરૂરી સંયમ અને સદ્‌ગુણોનો સમાવેશ થઈ જાય છે.

કોઈ અમુક વસ્તુનો ઉપયોગ આપણે જીવનમાં કરતા ન હોઈએ છતાં તે વસ્તુ નહિ વાપરવાનો નિયમ, પ્રત્યાખ્યાન લેવામાં ન આવે તો તે વસ્તુ ઉપરના મમત્વને લઈને તેનું બધું ય પાપકર્મ આવવાનું તો ચાલુ જ રહેવાનું. જેમ તળાવમાં જળનો પ્રવાહ આવતો અટકાવવા માટે બંધની જરૂર પડે છે તેવી રીતે આત્મામાં આસ્રવ (પાપ)નો પ્રવાહ આવતો અટકાવવા માટે પ્રતિબંધ, વ્રત નિયમ, પ્રત્યાખ્યાનની જરૂર છે.

દુનિયામાં ભોગોપભોગની ઘણી વસ્તુઓ હોય છે તે સર્વ ભોગવવામાં આવતી નથી. છતાં મનુષ્યની તે ઉપરની તૃષ્ણા તો બની રહે છે. તે તૃષ્ણનો નિરોધ ન થાય ત્યાં સુધી સંતોષનો ગુણ પ્રગટે નહિ અને સંતોષ ન હોય ત્યાં સુધી પાપનો આસ્રવ સતત ચાલુ રહે છે. માટે નિયમની જરૂર રહે છે.

માણસ પોતાની શક્તિ પ્રમાણે નિયમ, પ્રતિબંધ કરી શકે. અમુક પ્રસંગ માટેની કે અમુક જાતની જરૂરીઆત માટેની છુટ રાખી વ્રત પ્રતિજ્ઞા લઈ શકે કે જેથી જેટલે અંશે પ્રતિજ્ઞા હોય તેટલે અંશે મન ભટકતું બંધ થાય એટલે અંશે પાપકર્મ આવતું અટકે.

આ ઉપરથી વાંચક વ્રત નિયમની જરૂરીઆત સમજી શકશે. તેમ જ સંસારમાં જીવન વ્યવહાર ચલાવતાં છતાં વ્રત નિયમ પાળી શકાય છે તે પણ સમજી શકશે. કારણ કે પોતાને જીવનમાં જરૂર પડતી છુટ રાખીને દરેક વ્રત નિયમ લઈ શકાય છે.

## ગૃહસ્થ ધર્મના બે પ્રકાર

ગૃહસ્થોએ પાળવાનો ધર્મ તે ગૃહસ્થધર્મ. ગૃહસ્થાશ્રમની આદર્શતા ગૃહસ્થ ધર્મના પાલનમાં સમાયેલી છે. તે ગૃહસ્થ ધર્મ બે પ્રકારનો કહેલો છે–**तत्र गृहस्थधर्मोऽपि द्विविधः सामान्यतो विशेषतश्चेति** –શ્રીહરિભદ્રસૂરિ.–એટલે—

૧. સામાન્ય ગૃહસ્થ ધર્મ.

૨. વિશેષ ગૃહસ્થ ધર્મ.

જે ધર્મ બધાને ઉદ્દેશીને સામાન્ય રૂપે રહેલો છે અને જેનું પાલન સર્વ સાધારણ સદ્‌ગૃસ્થો માટે શકય છે તે સામાન્ય ગૃહસ્થ ધર્મ છે. તેમાં માર્ગાનુસારીપણાના ગુણોનો સમાવેશ થાય છે તેથી આગળ જેઓ સત્ય જ્ઞાન પૂર્વક પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત મળી બાર વ્રતોનું પોતપોતાની શક્તિ અનુસાર પાલન કરે છે તે વિશેષ ગૃહસ્થ ધર્મ છે.

## સામાન્ય ગૃહસ્થ ધર્મ
## માર્ગાનુસારીના ૩૫ બોલ

અનાદિકાળથી જીવ મોહમાયામાં રચ્યોપચ્યો રહીને નિરંકુશપણે વર્તતો આવ્યો છે. હવે તેને ધર્મ અને નીતિ તરફ વાળવા માટે શ્વેતાંબર પૂર્વાચાર્યોએ માર્ગાનુસારીપણાના કેટલાક નિયમો બતાવ્યા છે. શ્રી હરિભદ્રસૂરિજીએ માર્ગાનુસારીના લગભગ ૪૪ બોલ (નિયમો) બતાવેલા છે. તે ઉપરથી શ્રી હેમચંદ્રાચાર્યે પાંત્રીશ બોલ (નિયમો) નિયત કર્યા છે અને તે તેમણે તેમના યોગશાસ્ત્રમાં વર્ણવેલા છે. આ નિયમો પાળીને અને તે નિયમો પ્રમાણેના ગુણો ધારણ કરીને અનુસરવાથી મનુષ્યમાં માણસાઈ પ્રગટ થાય છે.

સંસાર વ્યવહાર શાંતિપૂર્વક અને સુખપૂર્વક તો જ ચાલી શકે કે જો મનુષ્ય અનીતિ છોડી નીતિપૂર્વકનો વ્યવહાર રાખે. માર્ગાનુસારીના પાંત્રીશ બોલ અબુધ સંસારીજનોને નીતિને માર્ગે દોરે છે, તેથી તેને ધર્મનું જ્ઞાન થાય છે અને તે ધર્માચરણ કરવા પ્રવૃત્ત થાય છે.

**લગ્ન–ગૃહસ્થાશ્રમ,** સંસાર વ્યવહારની શરૂઆત લગ્નથી થાય છે. ગૃહસ્થાશ્રમમાં લગ્ન અતિ મહત્વની વસ્તુ છે. તેથી તે સારી રીતે યોજાયલું હોવું જોઈએ. તેથી પૂર્વાચાર્યોએ કહ્યું છે કે :—

(૧) સમાન કુળ શીળવાળા પણ અન્ય ગોત્રીની સાથે લગ્ન કરવું. પતિ પત્ની સમાન ગુણવાળા હોય તો ગૃહસ્થાશ્રમ સુખ રૂપ ચાલી સફળ નીવડે છે.

**ગૃહસ્થાશ્રમમાં રહેણી કરણી** માટે નિયમો બતાવ્યા છે કે—

(૨) સારા પાડોશવાળા સ્થાનમાં રહેવું.

(૩) ઉપદ્રવવાળા સ્થાનનો ત્યાગ કરવો.

(૪) અજીર્ણ હોય ત્યાં સુધી ભોજન કરવું નહિ.

(૫) પથ્યાપથ્યનો વિચાર કરી વખતસર ભોજન કરવું.

(૬) સ્થિતિ અનુસાર વેષ ધારણ કરવો.

**ધનોપાર્જન**–જીવન વ્યવહાર ચલાવવા માટે મુખ્ય આવશ્યકતા ધનની રહે છે. જીવનની દરેક જરૂરીઆત ધનથી જ ખરીદી શકાય છે તેથી પૂર્વાચાર્યે નિયમ બતાવેલ છે કે—

(૭) ન્યાયથી ધન ઉપાર્જન કરવું અને

(૮) આવકના પ્રમાણમાં ખર્ચ કરવો.

મનુષ્યે પોતાની આજીવિકા પેદા કરવા માટે પોતે જ પ્રયત્ન કરવો જોઈએ. બીજાના દાન કે દયા ઉપર આધાર રાખવો ન જોઈએ. કારણકે તે પરાધીનતા છે અને તેની નૈતિક તેમજ માનસિક રીતે ઘણી ખરાબ અસર થાય છે અને આજીવિકા નીતિથી ઉપાર્જન કરવી જોઈએ. અને આજીવિકા પ્રમાણે જ પોતાનું ખર્ચ રાખવું જોઈએ. આવક કરતાં ખર્ચ વધારે કરવાથી બીજા ઉપર આધાર .રાખવો પડે છે ને તે સારૂં નથી.

**નીતિનિયમો**—આ પ્રમાણે રહેણી કરણી તથા ધનોપાર્જન સંબંધી નિયમો બતાવ્યા. પછી મનુષ્યે પોતાનું વર્તન નીતિધર્માનુસાર રાખવું જોઈએ તે માટે પણ નિયમો બતાવેલા છે તે આ પ્રમાણે—

( ૯ ) કોઈના અવર્ણવાદ બોલવા નહિ.

(૧૦) નિંદનીય કાર્યોમાં પ્રવૃત્તિ ન કરવી.

(૧૧) પરસ્પર વિરોધ ન આવે તેમ ધર્મ, અર્થ અને કામ એ ત્રણ વર્ગને સાધવા.

(૧૨) દેશના પ્રસિદ્ધ આચારોનું પાલન કરવું.

(૧૩) દેશ તથા કાળ વિરુદ્ધ આચારનો ત્યાગ કરવો.

(૧૪) કાર્યના પ્રારંભમાં પોતાના બળાબળનો વિચાર કરવો.

(૧૫) પોષણ કરવા યોગ્ય જનોનું પોષણ કરવું.

(૧૬) દરેક કાર્યમાં પૂર્વાપર વિચાર કરવો.

(૧૭) કૃત્યાકૃત્યના તફાવતના વિશેષ પ્રકારે જ્ઞાતા થવું.

**સદાચારના નિયમો**—વ્યવહારમાં અનેકની સાથે સંબંધમાં આવવું પડે છે તેમની સાથે પણ સારું વર્તન રાખવું જોઈએ. તેને માટે પણ નિયમો બતાવેલા છે કે—

(૧૮) હમેશાં સારા આચરણવાળા સાથે સંબંધ રાખવો.

(૧૯) અતિથિ, દીન પુરૂષોનો યોગ્યતા પ્રમાણે સત્કાર કરવો.

(૨૦) ગુણીજનોનો પક્ષપાત કરવો.

(૨૧) લોકોની પ્રીતિ મેળવવી.

(૨૨) સારા પુરૂષના આચારની પ્રશંસા કરવી.

અને **સારા ગુણો કેળવવા** માટે—

(૨૩) પાપનો ડર રાખવો.

(૨૪) માતાપિતાની સેવાભક્તિ કરવી.

(૨૫) વ્રત અને જ્ઞાનથી મોટા હોય તેની સેવા કરવી.

(૨૬) બુદ્ધિના આઠ ગુણ કેળવવા.

(૨૭) કદાગ્રહ ન કરવો.

(૨૮) કૃતજ્ઞ થવું.

(૨૯) લજ્જાવાન રહેવું.

(૩૦) દયા રાખવી.

(૩૧) શાંત સ્વભાવવાળા થવું.

(૩૨) પરોપકાર કરવામાં તત્પર રહેવું.

(૩૩) કામ, ક્રોધ આદિ છ આંતર શત્રુઓને જીતવા.

(૩૪) ઇંદ્રિયોને વશ રાખવી.

**માનસિક બળ**—આ બધા ગુણો કેળવવા માટે માનસિક બળની જરૂર પડે છે. અને તે માનસિક બળ ધર્મજ્ઞાનથી વિશેષ કરીને પ્રાપ્ત થાય છે માટે—

(૩૫) નિરંતર ધર્મનું શ્રવણ કરવું.

આ પ્રમાણે માર્ગાનુસારીના પાંત્રીશ બોલ, નિયમો શ્વેતાંબર પૂર્વાચાર્યોએ કહેલા છે તેનું વિગતવાર વિવેચન આ સભા તરફથી પ્રસિદ્ધ થયેલ અને પૂ. મુનિશ્રી રત્નચંદ્રજી મહારાજનાં લખેલ "માર્ગાનુ-સારીના પાંત્રીશ બોલ" પુસ્તકમાં આપેલ છે તેથી તેનું અહિં વિવેચન કરેલ નથી. તો તે પુસ્તક વાંચી જવા વિનંતિ છે. આ પાંત્રીસ બોલનું આચરણ કરવાથી મનુષ્યમાં ગૃહસ્થના વિશેષ ધર્મનું આરાધન કરવાની શક્તિ આવે છે.

## દિગંબર મતે
## શ્રાવકના ચૌદ ગુણ

માર્ગાનુસારીના ગુણને મળતા જ દિગંબરોમાં શ્રાવકના ચૌદ ગુણ બતાવેલા છે. દેશવિરતિ સાગાર ધર્મ આચરનાર શ્રાવકના ચૌદ ગુણો ધર્મામૃત પુસ્તકના કર્તા પંડિત શ્રી આશાધરજીએ બતાવ્યા છે તે પણ જાણવા સમજવા જેવા હોવાથી અત્રે આપ્યા છે—

શાર્દૂલ વિક્રીડિત છંદ

न्यायोपात्तधनो यजन् गुणगुरून् सद्गीस्त्रिवर्गं भजन्
नन्योन्यानुगुणं तदर्हगृहिणीस्थानालयो ह्रीमयः ।
युक्ताहारविहार आर्यसमितिः प्राज्ञः कृतज्ञो वशी
शृण्वन् धर्मं विधिं दयालुरघभीः सागरधर्मं चरेत् ॥ ११ ॥

અર્થ

૧. **ન્યાયોપાત્તધન**—ન્યાયથી ધનનું ઉપાર્જન કરવું. સ્વામીદ્રોહ, મિત્ર દ્રોહ, વિશ્વાસઘાત, ચોરી વગેરે નિંદનીય અન્યાયોથી ધન ઉપાર્જન કરવું નહિ. એવા અન્યાયોને મનમાં પણ પેસવા દેવા નહિ. અન્યાયથી ઉપાર્જન કરેલું ધન લાંબો વખત ટકી શકતું નથી. પણ થોડા વખતમાં મૂળ સહિત નાશ પામે છે. ન્યાયથી પ્રવર્તનારને સહાય કરનારા મળી આવે છે પણ અન્યાયથી ચાલનારને સગો ભાઈ પણ છોડી દીએ છે.

૨. **ગુણગુરુનું પૂજન**—સદાચાર, સૌજન્ય, ઉદારતા, સભ્યતા, સ્થિરતા, પ્રિય ભાષણ વગેરે આત્મગુણોની પૂજા એટલે બહુમાન પ્રશંસા કરવી, ગુરુ એટલે માતા, પિતા, આચાર્ય આદિની સેવા અભ્યુત્થાન, પ્રણામ આદિથી માન આપવું, તેમ જ જેઓ ગુણથી ગુરુ એટલે અધિક હોય તેમને પણ યથાયોગ્ય સન્માન આપવું.

લોકાપવાદથી ડરવું, દીનદુઃખીને સહાય કરવામાં આદર રાખવો, કૃતજ્ઞતા, દાક્ષિણ્ય, ચતુરાઈવાળું સભ્ય વર્તન ઇત્યાદિ સદાચાર કહેલા છે.

૩. **સદ્ગી**—સદ્ગી એટલે સારી વાણીવાળો, પ્રશસ્ત વાણી બોલનારો, પારકી નિંદા, કઠોરતા વગેરેથી રહિત મધુરભાષી.

પારકી નિંદા કુથલી કરવાથી અને પોતાનાં વખાણ કરવાથી નીચગોત્ર બંધાય છે. તેથી ભવોભવ નીચ ગોત્રમાં જન્મ થાય છે.

૪. **ત્રિવર્ગ સેવન**—ધર્મ, અર્થ અને કામ એ ત્રણ વર્ગની જેમ પરસ્પર વૃદ્ધિ થાય એ રીતે તેને સેવવા. એ ત્રણ વર્ગ એકબીજાને ઘાત ન કરતાં મદદ કરનારા થાય એ રીતે તે તે કાર્યમાં પ્રવર્તવું.

૫. **ગૃહિણી સ્થાનાલય**—ધર્મ, અર્થ અને કામ એ ત્રણે વર્ગને યોગ્ય ગૃહિણી, સ્થાન અને આવાસવાળો. ત્રણે વર્ગને સાધવામાં મદદ કરે એવી કુલીન અને ગુણવાન પત્નીવાળો, ધર્માદિ સાધવાની અનુકૂળતા થાય તેવા ઘરવાળો.

ગૃહપતિ આવતાં ઉભા થઈ સન્માન આપવું, તેમની સાથે ભાષણ કરવામાં નમ્રતા, દૃષ્ટિ નીચી રાખવી, યોગ્ય આસન આપવું, તેના સૂતા પછી સૂવું અને તેનાથી વહેલા ઉઠવું એ સર્વ કુળવાન સ્ત્રીના સિદ્ધાંત ધર્મો કહેલા છે.

૬. **હ્રીમય**—હ્રીમય એટલે લજ્જાવાન. ખોટા કામ કરવાથી શરમાય એવો શરમાળ પ્રકૃતિવાળો.

૭. **યુક્ત આહારવિહાર કરનારો**—શાસ્ત્રમાં નિષેધ કરેલ તેને છોડી દઈને યોગ્ય આહાર વિહારનો આચાર પાળનારો.

૮. **આર્ય સમિતિ**—સત્સંગ. આર્ય સજ્જન પુરૂષોની સાથે સોબત સંગતિ કરનારો, લુચ્ચા, ધૂર્ત, હરામખોર, હલકા, ભાંડ, નટ વગેરેની સોબત ન કરે.

૯. **પ્રાજ્ઞ**— સારાસારનો વિચાર કરી શકે એવા જ્ઞાનવાળો.

આવું ફળ મળે છે, આવી જાતની ક્રિયા છે, આ તેનાં સાધન છે, આ પ્રમાણે તેનો ક્રમ છે, આટલો તેમાં વ્યય કરવો પડે તેમ છે, આ તેનું અનુષંગિક ફળ છે, આ મારી દશા કે વર્તમાન સ્થિતિ છે, આ મારો સાચો મિત્ર છે, આ શત્રુ છે, આ પ્રયત્ન કરવા માટે યોગ્ય દેશકાળ છે. એવા વિચાર સહિત કાર્યમાં પ્રવૃત્તિ કરે તે બુદ્ધિમાન, સમજુ, પ્રાજ્ઞ માણસ છે.

૧૦. **કૃતજ્ઞ**—પોતાના ઉપર કોઈએ કરેલા ઉપકારને ભૂલે નહિ કે ગોપવે નહિ પણ બરાબર યાદ રાખે અને માન્ય કરે.

૧૧. **વશી**—ઈષ્ટ પદાર્થમાં આસકિત ન રાખે અને અનિષ્ટ પદાર્થ પ્રત્યે અણગમો ન રાખે. સ્પર્શન આદિ ઈંદ્રિયોના વિકારોને રોકે અને કામ, ક્રોધ, લોભ, મદ, મત્સર અને મોહ એ છ અંતરંગ શત્રુઓને જીતે. એમ ઈંદ્રિયો તથા મનને વશ રાખનારો હોય તે વશી.

૧૨. **ધર્મવિધિને સાંભળનારો**—ધર્મ એટલે સ્વર્ગાદિ અભ્યુદય અને મોક્ષનો ઉપાય. તે ઉપાય કરવાની રીત આગમ અનુસાર નિર્ણિત થઈ હોય તે ધર્મની વિધિ. તેને હંમેશાં સાંભળનારો.

જે ભવ્ય, પોતાને માટે હિતકારી શું છે તેનો વિચાર કરનારો હોય, સંસારના નરકાદિ દુઃખોથી અત્યંત ભય પામ્યો હોય, સુખનો અભિલાષી હોય, સુશ્રુષા, શ્રવણ આદિ બુદ્ધિના આઠ વૈભવવાળો હોય, સાંભળેલાનો બરાબર વિચાર કરીને યુકિત અને આગમથી નિર્બાધ સિદ્ધ થયેલા દયામય કલ્યાણકારી ધર્મને ગ્રહણ કરનારો અને મિથ્યા આગ્રહથી રહિત હોય તે જીવ ધર્મ કથા શ્રવણનો અધિકારી હોવાથી ઉપદેશને યોગ્ય છે. તે ધર્મની વિધિને સાંભળનારો શ્રાવક કહેવા યોગ્ય છે.

૧૩. **દયાળુ**—દુઃખીનાં દુઃખ દૂર કરવાની ઇચ્છા એ દયાનું લક્ષણ છે. દયાને આચરનારો તે દયાળુ. 'ધર્મનું મૂળ દયા' એવું ભગવાનનું વચન છે તેથી દયાને જરૂરની જાણવી.

જેવા પોતાના પ્રાણ પોતાને પ્રિય છે એમ સર્વ જીવોને પણ તેમના પ્રાણ પ્રિય છે, એમ પોતાના દાખલા ઉપરથી સમજી શ્રાવક પ્રાણી માત્ર ઉપર દયા રાખે, પોતાને માટે જે પ્રતિકુળ લાગે તેવું શ્રાવક અન્ય પ્રત્યે ન આચરે.

આજીવિકાનો અભાવ, વ્યાધિ, શોક આદિથી દુઃખી હોય તેને યથાશકિત મદદ કરે તેમ જ કીડા ને કીડી જેવાં પ્રાણીને પણ પોતાની સમાન જાણે, તેને આત્મારૂપ જાણી હણે નહિ.

૧૪. **અઘભી**—અઘ એટલે પાપ. અઘભી એટલે પાપ કરવાથી ડરનારો. ચોરી, મદ્યપાન, આદિ પાપનું આ ભવ અને પરભવમાં ગળનારું દૃષ્ટ અદૃષ્ટ ફળ છે તે જાણીને પાપ કરવાથી દૂર રહેનારો.

## ગૃહસ્થના લક્ષણ

વળી શ્રી હરિભદ્રસૂરિજીએ શ્રાવક ધર્મવિધિ પ્રકરણની ગાથા ૪ થી ૭માં ગૃહસ્થના લક્ષણ આ પ્રમાણે જણાવ્યા છે—

૧. **અર્થી**—વિનીત. પોતાની મેળે સામે આવેલો અને ધર્મનો જિજ્ઞાસુ.

૨. **સમર્થ**—ધર્મમાં ધીર, નિર્ભય અને સ્થિર, અડગ.

૩. **શાસ્ત્રઅનિષિદ્ધ**—૧. બહુમાન, ૨. વિધિતત્પરતા અને ૩. ઔચિત્યવાન.

૧. **બહુમાનયુક્ત** ધર્મકથા પ્રિય, નિંદા નહિ સાંભળનારો, નિંદકની દયા કરનારો, તત્ત્વમાં ચિત્તની એકાગ્રતાવાળો અને અને તત્ત્વો જાણવાની અત્યંત ઇચ્છા ધરાવનારો.

૨. **વિધિતત્પરતાવાળો**—ગુરુનો વિનય, કાળે ક્રિયા, ઉચિત આસન, યુકત સ્વર અને પાઠમાં ઉપયોગ, એ બધી વિધિ કરવામાં આદરવાળો.

૩. **ઔચિત્યવાન**—લોકપ્રિય, અનિંદિત ક્રિયા કરવાવાળો, સંકટમાં ધૈર્ય રાખનાર, યથાશકિત ત્યાગવાળો અને લબ્ધલક્ષ્ય વગેરે ઔચિત્યને સાચવનારો.

આવી યોગ્યતાવાળો ગૃહસ્થ સામાન્ય ધર્મનો અધિકારી છે.

## ગૃહસ્થનો વિશેષ ધર્મ

ગૃહસ્થ શ્રાવકનો વિશેષ ધર્મ એટલે માર્ગાનુસરીપણાથી માંડીને સર્વવિરતિ સાધુ થવાની સ્થિતિ સુધીનો શ્રાવકનો ઉન્નતિક્રમ. આ વિશેષ ધર્મને ધારણ કરવાને યોગ્ય અથવા આ ઉન્નતિક્રમમાં આગળ વધવાને યોગ્ય ગૃહસ્થમાં કેવા ગુણો હોવા જોઈએ તે ધર્મરત્ન પ્રકરણમાં, શ્રાદ્ધ વિધિ પ્રકરણ વગેરે ગ્રંથોમાં બતાવ્યું છે. ધર્મ રત્ન પ્રકરણમાં ૫–૬–૭ ગાથામાં ધર્મગ્રહણ યોગ્ય શ્રાવકના એકવીશ ગુણ નીચે પ્રમાણે બતાવ્યા છે.

### શ્રાવકના એકવીશ ગુણ

૧ **અક્ષુદ્ર**—ઉતાવળીઓ કે છીછરો નહિ પણ ઉદાર, ધીર અને ગંભીર.

૨. **રૂપવાન**—કોઈપણ અવયવમાં ખોડ વિનાનો, પાંચેય ઇંદ્રિયોથી પરિપૂર્ણ અને સમર્થ શરીરવાળો.

૩. **પ્રકૃતિસૌમ્ય**—સ્વભાવથી જ પાપકર્મ નહિ કરનારો. શાંતસ્વભાવથી બીજાઓ પણ ઉપશમનું કારણ અને તેવો સૌમ્ય પ્રકૃતિવાળો.

૪. **લોકપ્રિય**—નિંદા, જુગાર, શિકાર વગેરે શાસ્ત્રોમાં કહેલાં લોક-વિરૂદ્ધ કાર્યોને નહિ કરનારો અને દાન, વિનય આદિ ગુણયુકત કે જેથી તે લોકપ્રિય બને.

૫. **અક્રૂર**—પ્રશસ્ત ચિત્તવાળો, કષાય કલેશ વિનાનો, ચિત્તમાં પ્રસન્ન રહેનારો.

૬. **ભીરુ**—આલોક પરલોકના દુઃખોથી તથા અપયશ, કલંકથી ડરનારો પાપભીરુ હોય.

૭. **અશઠ**—વિશ્વાસનું પાત્ર કોઈને નહિ ઠગનારો ધર્મમાં શ્રદ્ધાવાન હોય.

૮. **સુદાક્ષિણ્ય**—પોતાનું કામ પડતું મૂકીને પણ બીજાનું કામ કરી આપે તેવો ચતુરાઈયુક્ત હોય.

૯. **લજ્જાળુ**—અયોગ્ય કાર્યો કરતાં લજ્જા પામનારો અને અંગીકાર કરેલા કાર્યને પૂર્ણ કરનારો.

૧૦. **દયાળુ**-–દુઃખી, દરિદ્રી ધર્મ રહિત વગેરે પ્રાણીઓ પ્રત્યે અનુકંપા ધરનારો.

૧૧. **મધ્યસ્થ દૃષ્ટિવાળો**—રાગદ્વેષ રહિત, યથાશસ્થિત વસ્તુતત્ત્વનો વિચારક હોય, ઉપદેશમાં વિવેકવાળો, નિષ્પક્ષપાતી.

૧૨. **ગુણરાગી**—ગુણ, ગુણીનો પક્ષપાત કરનાર, નિર્ગુણીની ઉપેક્ષા કરન.ર, પ્રાપ્ત ગુણની રક્ષામાં તથા નવા ગુણની પ્રાપ્તિમાં ઉદ્યમવાળો.

૧૩. **સત્કથક**—ધર્મ કથાની રુચિવાળો અને વિકથામાં અરુચિવાળો.

૧૪. **સુપક્ષયુક્ત**—આજ્ઞાંકિત, ધર્મી, સદાચારી અને ધર્મ કાર્યોમાં સહાયક પરિવારવાળો.

૧૫. **સુદીર્ઘદર્શી**—સૂક્ષ્મ વિચારપૂર્વક જેનું પરિણામ સુંદર જણાય તેવાં કાર્યો કરનારો.

૧૬. **વિશેષજ્ઞ**—પક્ષપાત વિના વસ્તુના ગુણદોષને યથાર્થ સમજનારો.

૧૭. **વૃદ્ધાનુગ**—નાના કે મોટા શુદ્ધ બુદ્ધિવાળા સદાચારી હોય તે વૃદ્ધ કહેવાય તેવા વૃદ્ધ ઉત્તમ પુરુષની સેવા કરનારો અને તેમની શિખામણને અનુસરનારો.

૧૮. **વિનીત**—ધર્મનું મૂળ વિનય છે એમ સમજી અધિક ગુણીનો વિનય કરનારો.

૧૯. **કૃતજ્ઞ**—બીજાએ કરેલા ઉપકારને વિસરે નહિ. પ્રત્યુપકારની ભાવનાવાળો.

૨૦. **પરહિતાર્થકારી**—બીજાનું હિત, પરોપકાર કરવાવાળો.

**નોંધ**—દાક્ષિણ્યગુણવાળો પ્રાર્થના કરનાર પ્રત્યે ઉપકાર

કરનારો હોય અને આ ગુણવાળો પ્રાર્થના વિના સ્વભાવથી જ પરહિત કરનારો હોય. એમ બંને ગુણમાં ભેદ સમજવો.

૨૧. **લબ્ધલક્ષ્ય**—ચતુર, ધર્મવ્યવહારને જલ્દી સમજનારો. જેને સહેલાઈથી ધર્માનુષ્ઠાન શીખવી શકાય તેવો.

આ એકવીશ ગુણવાળાને ઉત્તમોઉત્તમ જૈન ધર્મ ગ્રહણ કરવાને યોગ્ય કહેલ છે, આ એકવીશ ગુણોરૂપી રત્નોની શ્રેષ્ઠ સંપત્તિ જેની પાસે હોય તે શ્રાવક અને સાધુ એમ બંને પ્રકારના ધર્મને ગ્રહણ કરવા શકિતમાન બને છે એટલે કે શ્રાવકધર્મ તેમજ સાધુધર્મ એ બંનેની પ્રાપ્તિમાં આ એકવીશ ગુણો સૌથી પહેલાં જરૂરી છે.

## દિગંબર મતે
## શ્રાવકના એકવીશ ગુણ

પંડિત શ્રી બનારસીદાસજી શ્રાવકના ૨૧ ગુણ તેમના કવિતામાં નીચે પ્રમાણે વર્ણવે છે.

### કવિતા

લજ્જાવંત દયાવંત પ્રતીતવંત
 પરદોષકોં ઢકૈયા પર ઉપકારી હૈ;
સૌમ્ય દૃષ્ટિ ગુણગ્રાહી, ગરિષ્ટ સબકોં ઇષ્ટ,
 સિષ્ટ પક્ષી મિષ્ટવાદી દીરઘ વિચારી હૈ,
વિશેષજ્ઞ રસજ્ઞ કૃતજ્ઞ તજ્ઞ ધરમજ્ઞ,
 ન દીન ન અભિમાની મધ્યવ્યહારી હૈ,
સહજ વિનીત પાપ ક્રિયાસોં અતીત ઐસો,
 શ્રાવક પુનીત ઈકવીસ ગુણધારી હૈ.

—પંડિત બનારસીદાસજી

## અર્થ

(૧) લજ્જા,
(૨) દયા.
(૩) પ્રસન્નતા,
(૪) શ્રદ્ધા,
(૫) પરના દોષને ઢાંકવા,
(૬) પરોપકાર,
(૭) શાંત સૌમ્યદષ્ટિ,
(૮) ગુણગ્રાહતા,
(૯) સહનશીલતા,
(૧૦) સર્વપ્રિયતા,
(૧૧) મિષ્ટ મધુર વચન,
(૧૨) સત્યપક્ષી, (સત્યપ્રત્યે, સત્પુરૂષ પ્રત્યે પક્ષપાત),
(૧૩) દીર્ઘ વિચાર,
(૧૪) વિશેષજ્ઞ,
(૧૫) શાસ્ત્રજ્ઞાનની મર્મજ્ઞતા,
(૧૬) કૃતજ્ઞતા,
(૧૭) તત્ત્વજ્ઞતા,
(૧૮) ધર્મજ્ઞતા,
(૧૯) દીનપણું નહિ તેમ અભિમાનપણું નહિ, એવું મધ્યવ્યવહારીપણું
(૨૦) સ્વાભાવિક વિનય.
(૨૧) પાપાચરણથી રહિતતા.

એ પવિત્ર એકવીશ ગુણધારી શ્રાવક હોય.

## શ્રાવક ધર્મ પાળવાનું ફળ

**શ્રી સૂત્રકૃતાંગ સૂત્ર** ૧-૨-૩, ૧૩માં કહ્યું છે કે—

मारं पिअ आवसे नरे, अणुपुव्वं पाणेहिं संजए ।
समता सव्वत्थ सुव्वते, देवाणं गच्छे स लोगयं ॥

જે પુરૂષ ઘરમાં નિવાસ કરીને પણ શ્રાવક ધર્મ પાળીને ક્રમશઃ પ્રાણીઓની હિંસાથી નિવૃત્ત થાય છે તથા સર્વ પ્રાણીઓમાં સમભાવ રાખે છે તે સુવ્રતી પુરૂષ દેવલોકમાં જાય છે.

શ્રાવકના વિશેષ ધર્મને અથવા ઉન્નતિ ક્રમને અગીયાર વિભાગમાં વહેંચી નાખવામાં આવેલ છે અને તેને શ્રાવકની અગીયાર પ્રતિમા (પડિમા) કહેવામાં આવે છે.

# શ્રાવકની અગિયાર પ્રતિમા

શ્રાવકની અગીયાર પડિમા અથવા પ્રતિમા સંબંધી પહેલો ઉલ્લેખ ઉપાસક દશાંગ સૂત્રમાં આવે છે. આનંદ શ્રાવકના અધિકારમાં આનંદ શ્રાવકે અગીયાર પ્રતિમા અંગીકાર કરી હતી તેનું વર્ણન તેમાં કરેલ છે.

પડિમા અથવા પ્રતિમા એટલે પ્રતિજ્ઞા અથવા અભિગ્રહ એવો અર્થ થાય છે.

તે પછી પ્રતિમાની વિગત દશાશ્રુતસ્કંધ સૂત્રમાં આપેલી છે તે વિગત પણ બહુ ટુંકી છે. પરંતુ તે પછીના આચાર્યોએ તેમના ગ્રંથોમાં વિશેષ વિગતો આપેલી છે.

આ અગીયાર પ્રતિમાના નામ, ક્રમ અને વિગત સંબંધી શ્વેતાંબર ગ્રંથો તેમ જ દિગંબર ગ્રંથોમાં થોડો થોડો ફરક દેખાય છે. શ્વેતાંબર પ્રમાણે અને દિગંબર પ્રમાણે અગીઆર પ્રતિમાઓ નીચે પ્રમાણે છે—

| શ્વેતાંબર પ્રમાણે | દિગંબર પ્રમાણે |
|---|---|
| ૧. દર્શન પ્રતિમા. | ૧. દર્શન પ્રતિમા. |
| ૨. વ્રત પ્રતિમા. | ૨. વ્રત પ્રતિમા. |
| ૩. સામાયિક પ્રતિમા. | ૩. સામાયિક પ્રતિમા. |
| ૪. પૌષધોપવાસ પ્રતિમા. | ૪. પૌષધોપવાસ પ્રતિમા. |
| ૫. કાયોત્સર્ગ પ્રતિમા અથવા દિવામૈથુન ત્યાગ પ્રતિમા. | ૫. સચિત ત્યાગ પ્રતિમા. |
| ૬. બ્રહ્મચર્ય પ્રતિમા. | ૬. રાત્રિભોજન ત્યાગ પ્રતિમા. |
| ૭. સચિત્ત ત્યાગ પ્રતિમા. | ૭. બ્રહ્મચર્ય પ્રતિમા. |
| ૮. આરંભ ત્યાગ પ્રતિમા. | ૮. આરંભ ત્યાગ પ્રતિમા. |

| | |
|---|---|
| ૯. ભૃતક ત્યાગ પ્રતિમા. | ૯. પરિગ્રહ ત્યાગ પ્રતિમા. |
| ૧૦. ઉદ્દિષ્ટ ત્યાગ પ્રતિમા. | ૧૦. અનુમતિ ત્યાગ પ્રતિમા. |
| ૧૧. શ્રમણુભૂત પ્રતિમા. | ૧૧. ઉદ્દિષ્ટ ત્યાગ પ્રતિમા. |

પરંતુ શ્વેતાંબર ગ્રંથ **આવશ્યક ચૂર્ણિમાં** નીચે પ્રમાણે અગીઆર પ્રતિમા બતાવેલી છે—

| | |
|---|---|
| ૧ થી ઉપર ૪ પ્રમાણે જ. | ૮. બ્રહ્મચર્ય પ્રતિમા. |
| ૫. રાત્રિભોજન ત્યાગ પ્રતિમા. | ૯. આરંભ ત્યાગ પ્રતિમા. |
| ૬. સચિત્ત ત્યાગ પ્રતિમા. | ૧૦. ભૃતકત્યાગ પ્રતિમા. |
| ૭. દિવામૈથુન ત્યાગ પ્રતિમા | ૧૧. ઉદ્દિષ્ટ ત્યાગ પ્રતિમા. |

પહેલી ચાર પ્રતિમાના નામ તથા ક્રમ શ્વેતાંબર દિગંબરમાં એકસરખા જ છે તેમજ વિગતમાં પણુ કાંઈ ફરક નથી.

શ્વેતાંબરમાં કાયોત્સર્ગ પ્રતિમાની અંદર જ રાત્રિભોજન ત્યાગનો સમાવેશ કરેલ છે, પરંતુ આવશ્યક ચૂર્ણિમાં રાત્રિભોજન ત્યાગ પ્રતિમા જુદી બતાવેલી છે દિગંબરમાં પણુ જુદી બતાવેલી છે. એટલે પાંચમી રાત્રિભોજન ત્યાગ પ્રતિમા રાખીએ તો કાંઈ ખોટું નથી. દિવામૈથુન ત્યાગ અને કાયોત્સર્ગને મૂળ વિગત પ્રમાણે રાત્રિભોજન ત્યાગમાં સમાવેલ જ છે એટલે તેને જુદી બતાવવાની જરૂર રહેતી નથી.

બીજો ફરક નવમી પ્રતિમામાં છે. શ્વેતાંબરમાં નવમી ભૃતક ત્યાગ પ્રતિમા છે ત્યારે દિગંબરમાં પરિગ્રહ ત્યાગ પ્રતિમા છે. વળી દિગંબરમાં દશમી અનુમતિ ત્યાગ પ્રતિમા છે ત્યારે શ્વેતાંબરમાં અનુમતિ ત્યાગ પ્રતિમા જુદી બતાવી નથી. પણુ તેનો સમાવેશ નવમી ભૃતક ત્યાગ પ્રતિમામાં કરેલ છે. દિગંબરમાં પરિગ્રહ ત્યાગ પ્રતિમા બતાવેલી છે ત્યારે શ્વેતાંબરમાં તેનું નામ જ નથી. પરંતુ ગર્ભિત રીતે શ્વેતાંબરોએ પરિગ્રહ ત્યાગને ભૃતક ત્યાગ પ્રતિમામાં સમાવેલ હશે એમ સમજાય છે.

પરિગ્રહ ત્યાગ એ એક જરૂરી વ્રત છે. પાંચ અણુવ્રતમાં પણ પાંચમું અપરિગ્રહવ્રત છે. તેથી પરિગ્રહ ત્યાગ પ્રતિમા જુદી બતાવવી તે ઠીક લાગે છે. જેમકે સામાયિક અને પૌષધનો બાર વ્રતમાં સમાવેશ થઈ જાય છે છતાં પ્રતિમા તરીકે જુદી જુદી બતાવેલી છે તે પ્રમાણે પરિગ્રહ ત્યાગ પણ જુદી હોય તે જરૂરી લાગે છે. કારણકે બાર વ્રત કરતાં અહિંઆ અલગ પ્રતિમા વિશેષપણે પાળવામાં આવે છે.

ભૃતક ત્યાગ અને અનુમતિ ત્યાગનો પૂર્વાચાર્યોએ વિગત પ્રમાણે એક જ પ્રતિમામાં સમાવેશ કરેલો છે. તેથી તે બન્નેને એક જ પ્રતિમા તરીકે રાખવી તે ઠીક લાગે છે.

છેલ્લે શ્વેતાંબરમાં ઉદ્દિષ્ટ ત્યાગ અને શ્રમણભૂત એમ દશમી અને અગીઆરમી તરીકે બે પ્રતિમા બતાવેલ છે. ત્યારે શ્વેતાંબરની આવશ્યક ચૂર્ણિમાં તેમ જ દિગંબરમાં શ્રમણભૂતનો સમાવેશ ઉદ્દિષ્ટ ત્યાગમાં કરેલો છે. વાસ્તવિક રીતે ઉદ્દિષ્ટ ત્યાગથી શ્રમણભૂત બની જ જાય છે. એટલે તે બન્નેની ઉદ્દિષ્ટ ત્યાગ તરીકે એક જ પ્રતિમા બતાવવી એ જ યોગ્ય છે.

**એટલે હવે અગીઆર પ્રતિમા નીચે પ્રમાણે નકકી થાય છે—**

**૧. દર્શન પ્રતિમા.**

**૨. વ્રત પ્રતિમા.**

**૩. સામાયિક પ્રતિમા**

**૪. પૌષધ પ્રતિમા.**

**૫. રાત્રિભોજન ત્યાગ પ્રતિમા અથવા કાયોત્સર્ગ અથવા દિવામૈથુન ત્યાગ પ્રતિમા.**

૬. સચિત્ત ત્યાગ પ્રતિમા.

૭. બ્રહ્મચર્ય પ્રતિમા.

૮. આરંભ ત્યાગ પ્રતિમા.

૯. પરિગ્રહ પ્રતિમા.

૧૦. ભૃતક ત્યાગ અને અનુમતિ ત્યાગ પ્રતિમા.

૧૧. ઉદ્દિષ્ટ ત્યાગ અને શ્રમણભૂત પ્રતિમા.

**પ્રતિમાનો ક્રમ :**

જેમ ચૌદ ગુણસ્થાન તે સાધકની દશા પ્રમાણે તેની ઉન્નતિ પ્રમાણે ચૌદ વિભાગ છે તેમ શ્રાવકના ઉન્નતિ ક્રમ માટે અગીઆર પ્રતિમા છે. આ અગીઆર પ્રતિમા તે અગીઆર શ્રેણી છે. તે શ્રાવકના આત્માને ઉંચે ચડાવી સાધુની કોટિમાં મૂકી દીએ છે.

**જુદા જુદા પુસ્તકોમાં જુદો જુદો ક્રમ છે એટલે શ્રાવકની અનુકૂળતા પ્રમાણે પ્રતિમાનો ક્રમ રાખી શકાય.**

**પ્રતિમાનો વિધિ :**

આ અગીઆર પ્રતિમામાં શ્રાવક જેમ જેમ વધતા જાય તેમ તેમ તે ચારિત્રમાં આગળ વધતા જાય છે. કારણ કે અગાઉની પ્રતિમાના નિયમો ચાલુ રાખવા ઉપરાંત તે પછીની પ્રતિમાના નિયમ લેવાય છે. જેમકે બીજી પ્રતિમા લેતી વખતે પહેલી પ્રતિમાના નિયમ ચાલુ રહે છે. ત્રીજી પ્રતિમા લેતી પહેલી બે પ્રતિમાના નિયમો ચાલુ રહે છે એ રીતે અગીઆરમી પ્રતિમા લેતી વખતે અગાઉની દશેય પ્રતિમાના નિયમ ચાલુ રખાય છે.

**પ્રતિમાનો સમય અથવા કાળ :—**

દરેક પ્રતિમા કેટલા વખત સુધી પાળવી તેનું ચોક્કસ ધોરણ નથી. તેનો પણ પ્રતિમાધારી શ્રાવકની અનુકૂળતા ઉપર મુખ્ય આધાર છે.

એટલે કે ઓછામાં ઓછો એક દિવસ પાળી શકે અને શકિત તેમ જ અનુકૂળતા પ્રમાણે બે ત્રણ ચાર કે ઉત્કૃષ્ટ જેટલામી પ્રતિમા હોય તેટલા મહિના તે પ્રતિમા પાળી શકે. એટલે પહેલી પ્રતિમા એક મહિનો, બીજી પ્રતિમા બે મહિના, ત્રીજી પ્રતિમા ત્રણ મહિના એમ ચડતાં ચડતાં અગીઆરમી પ્રતિમા અગીઆર મહિના પાળી શકાય. આનંદ શ્રાવકે સમય પ્રમાણે દરેક પ્રતિમા પાળી હતી.

શ્વેતાંબર ગ્રંથ જેવા કે 'જ્ઞાનદીપિકા', 'ધર્મસંગ્રહ' વગેરેમાં જેટલામી પ્રતિમા હોય તેટલા મહિનાનો તે પ્રતિમાનો કાળ ઠરાવ્યો છે. પરંતુ એવો ખાસ નિયમ નથી, કારણ કે તે તે પ્રતિમામાં દૃઢતા થવા માટે જરૂરના કાળમાં વ્યકિતગત ફેર પડે છે.

**ઉપવાસ :—**

આનંદ શ્રાવકે પહેલી પ્રતિમા એકાંતરા ઉપવાસથી, બીજી પ્રતિમા છઠ છઠના ઉપવાસથી, ત્રીજી પ્રતિમા અઠમ અઠમના ઉપવાસથી એમ ચડતાં ચડતાં અગીઆરમી પ્રતિમા અગીઆર અગીઆર ઉપવાસથી કરી હતી. પરંતુ અત્યારે એ પ્રમાણે પ્રતિમાધારી શ્રાવક ઉપવાસ કરી શકે તે સંભવિત નથી તેથી પૂર્વાચાર્યોએ ઉપવાસ ઉપર ભાર મૂકયો નથી. જેમની જેવી શકિત હોય તે પ્રમાણે એકાસણું, ઉપવાસનો તપ કરે. પણ ઉપવાસ કરવા જોઈએ એવું બંધન નથી.

આ પ્રતિમાઓનાં પાલનથી સામાન્ય શ્રાવક કરતાં પ્રતિમાધારી શ્રાવક અસંખ્યાત ગણી ગુણ શ્રેણી વડે આત્મશુદ્ધિ કરે છે. એટલે તે પ્રમાણે અસંખ્યાત ગુણ પાપ કર્મોનો ક્ષય કરે છે. અને આ પ્રતિમાઓના નિર્મળ આરાધનાના ફળરૂપે ચરિત્ર મોહનીય કર્મનો ક્ષયોપશમ થવાથી આત્માને સંયમગુણ સ્થાનકની પ્રાપ્તિ થાય છે અર્થાત્ છેવટે મુનિપણું ગ્રહણ કરી શકે છે.

આ પ્રતિમાનો સમય પૂરો થયા પછી પ્રતિમાધારી એ સર્વ

પ્રતિમાઓની આરાધના ચાલુ રાખે અથવા તો મુનિપણું અંગીકાર કરે. તે તેના મન અને શરીરની સ્થિતિ ઉપર આધાર રાખે છે.

આ પ્રતિમાઓનું આરાધન વ્રતધારી શ્રાવક કરી શકે છે તેમ અવ્રતી શ્રાવક પણ આરાધન શરૂ કરી શકે છે. કારણ બીજી પ્રતિમાથી તો વ્રતધારી થવું જ પડે છે. આનંદ શ્રાવકે સમકિત સહિત ચૌદ વર્ષ સુધી બાર વ્રતનું પાલન કર્યા પછી કુટુંબ જ્ઞાતિ આદિ સંબંધીઓને જમાડી, મોટા પુત્રને ઘરનો ભાર સોંપી નિવૃત્ત થઈ, સર્વની આજ્ઞા લઈ, પોતાને માટે આહારપાણી આદિ બનાવવાનો નિષેધ કરી, સાધુ સમાન વેષ ધારણ કરી, રાત્રિદિવસ પ્રમાદ સામે ઝઝુમી, પૌષધર્મશાળામાં રહીને અગીઆર પ્રતિમાનું આરાધન કર્યું હતું.

આનંદ શ્રાવકની અગીઆર પડિમાનો કાળ સાડા પાંચ વર્ષનો છે. પડિમામાં વિધિયુકત તપ કરવાથી આનંદ શ્રાવકનું શરીર શુષ્ક બની ગયું હતું. માંસ તથા લોહી પ્રાયઃ તપથી બળી ગયાં હતાં પરંતુ આત્મા શુદ્ધ બની ગયો હતો. તેમણે એક માસનો સંથારો કર્યો અને શુદ્ધ પરિણામથી અવધિજ્ઞાન પ્રાપ્ત કર્યું હતું.

## પહેલી
## દર્શન પ્રતિમા

શ્રાવકની અગીઆર પ્રતિમાઓ શુદ્ધ રીતે પાળવા ઇચ્છનારે સૌથી પહેલાં આ દર્શન પ્રતિમામાં આઠ મૂળ ગુણોને સ્પષ્ટપણે ધારણ કરવા જોઈએ. કારણ કે આ મૂળ ગુણો પાયા રૂપ છે. મકાન ચણનાર તેનો પાયો મજબૂત બનાવે તો જ મકાન ટકી શકે તેવી રીતે આઠ મૂળ ગુણધારી શ્રાવકનું મન મજબૂત બનવાથી તે આ અગીઆર પ્રતિમાઓ સહેલાઈથી પાળી શકે.

### આઠ મૂળ ગુણ

આઠ મૂળ ગુણોના નામમાં જુદા જુદા આચાર્યોમાં મતભેદ છે. છતાં નીચેના આઠ ગુણો દરેક શ્રાવકમાં હોવા જોઈએ એટલું તો

બધાય સ્વીકારે છે તેથી તે સર્વમાન્ય આઠ ગુણોને સ્વીકારીને અત્રે નોંધીએ છીએ. નીચેની આઠ વસ્તુઓનો ત્યાગ કરવાથી આઠ મૂળ ગુણ પ્રગટે છે.

| | |
|---|---|
| ૧. મદ્ય, દારૂ. | ૫. પાંચ ઉદંબર ફળ. |
| ૨. માંસ. | ૬. જુગાર. |
| ૩. મધ. | ૭. રાત્રિભોજન. |
| ૪. માખણ. | ૮. અણગળ પાણી. |

મદ્ય આદિ ઉપરની આઠેય વસ્તુઓમાં આસક્તિ રૂપ ભાવહિંસા છે. અને તેમાં જીવોને થતી પ્રાણહાનિરૂપ દ્રવ્યહિંસા છે. એમ દ્રવ્ય અને ભાવ એ બંને પ્રકારે હિંસાનો ત્યાગ કરવો જોઈએ.

હવે તે આઠેયનું વિગતથી સ્પષ્ટીકરણ કરીને બતાવવામાં આવે છે.

**૧. મદ્ય, દારૂ**—દારૂના એક બિંદુમાં એટલા જીવ હોય છે કે તે જો ફેલાય તો ત્રણ લોકને ભરી દીએ અને મદ્યપાનથી મનુષ્ય આલોકના તથા પરલોકના શ્રેયથી ભ્રષ્ટ થાય છે. દારૂ મનને મૂઢ અને મૂર્ચ્છિત કરનાર હોવાથી અને દુર્ગતિનું કારણ હોવાથી આલોકમાં તથા પરલોકમાં અહિત કરનાર એવા દારૂનો સજ્જનોએ હંમેશાં ત્યાગ કરવો જોઈએ. અગ્નિના એક તણખાથી જેમ ઘાસની આખી ગંજીનો નાશ થાય તેમ વિવેક, સંયમ, જ્ઞાન, સત્ય, શૌચ, દયા, ક્ષમા વગેરે સર્વ ગુણો એક ફક્ત મદ્યપાનથી નાશ પામે છે.

મદ્ય આદિને સેવનાર સ્ત્રીને સેવવાથી અથવા તેની સાથે ભોજન આદિનો સંસર્ગ કરવાથી શ્રાવકની અપકીર્તિ થવાની સાથે તેના વ્રતને હાનિ પહોંચે છે. માટે તેવી સ્ત્રીનો સંસર્ગ કરવો નહિ.

વળી સર્વ પ્રકારના અથાણાં, રાતદિવસ મળી ૨૪ કલાક ઉપરાંત રાખેલાં દહીં, છાશ અને ફૂગ આવી ગયેલ ભડકું, દહીંવડાં વગેરે ખાવાથી વ્રતને હાનિ પહોંચે છે માટે તે ખાવા નહિ.

**૨. માંસ**—પોતાની મેળે મરણ પામેલા પશુના માંસને ખાનાર કે સ્પર્શ કરનાર પણ હિંસક જ છે. કારણ કે રાંધેલી કે કાચી માંસની પેશીઓ, એક એક શરીરમાં અનંત જીવો સાથે ઉત્પન્ન થાય અને સાથે મરે એવા સાધારણ શરીરવાળા નિગોદના સમૂહને ઉત્પન્ન કરનારી હોય છે. જીવતા પશુને મારીને તેનું માંસ ખાવામાં તો હિંસા છે જ પરંતુ પોતાની મેળે મરી ગયેલ પશુનું માંસ ખાવામાં પણ હિંસા છે.

જેઓ પોતાના માંસની પુષ્ટિને માટે અન્યનું માંસ ખાય છે તેઓ જ પ્રાણીના ઘાતક છે. કારણ કે માંસ ભક્ષક ન હોય તો પ્રાણીનો વધ કોણ કરે? માંસનાં સ્વાદથી લુબ્ધ દુષ્ટ બુદ્ધિ દેહધારીઓની ડાકણ જેવી બુદ્ધિ અન્ય દેહધારીને હણવા માટે પ્રવર્તે છે.

માંસ ભક્ષણમાં લોલુપતાપૂર્વક આસક્તિ કરનાર નરક જેવી દુર્ગતિમાં જાય છે તથા સંસારમાં પરિભ્રમણ કરે છે અને માંસ ભક્ષણના ત્યાગમાં રત રહેનાર સુગતિ પ્રાપ્ત કરે છે.

વનસ્પતિ, અનાજ વગેરે એકેંદ્રિયના શરીર ચરબી, રક્ત, હાડકાં વગેરેથી રહિત છે તેથી તે માંસ નથી.

**૩. મધ**—મધ બનાવનાર માખી, ભમરા, મશક આદિ પ્રાણીઓના સમૂહના ઘાતથી પ્રાપ્ત થતું અને રસ ચૂસીને વમન કરેલ હોવાથી તેમ જ વાઘરી વગેરેએ એઠું કરેલું હોવાથી અત્યંત અશુચિ એવા મધનું એક બિંદુ માત્ર ખાનાર પણ જે પાપ બાંધે છે તે સાત ગામ બાળવાથી લાગતા પાપ કરતાં પણ અધિક છે એમ જ્ઞાનીઓ કહે છે.

'અહિંસક મધ' કે જેમાં ટપકેલું મધ ગ્રહણ કરાય છે અથવા મધપુડામાંથી માખીઓને ઉડાડી મૂકીને લેવાય છે તેમાં પણ મધને આશ્રયે રહેલાં ઇંડાં તેમ જ સૂક્ષ્મ પ્રાણીઓના ઘાતથી હિંસા છે.

ફૂલોના એક પછી એક સમૂહમાંથી રસ પીને માખીઓ તેને વમે છે તે મધ ઉચ્છિષ્ટ છે તેને ધાર્મિક પુરુષો ખાતા નથી. રેચ,

એનીમા, નેત્રાંજન વગેરેમાં પ્રતિમાધારીને મધનો ઉપયોગ કરવો નહિ તેમ જ મહુડાં વગેરે ફૂલોનો ઉપયોગ કરવો નહિ.

૪. **માખણ**—મધની પેઠે માખણ ખાવાનું પણ છોડે. કારણકે તેમાં બે મુહૂર્ત કાળ પછી નિરંતર ઘણા મોટા પ્રમાણમાં જીવોનાં સમૂહ સંમૂર્છિમપણે ઉત્પન્ન થાય છે.

૫. **ઉદુંબર**—જેમાંથી દૂધ જેવો રસ નીકળે એવા ક્ષીરવૃક્ષને ઉદુંબર કહે છે. પીપળાના ટેટા, વડના ટેટા, ઉમરડાં, અંજીર અને કઠુમ્બર એ પાંચ ઉદુંબર ફળને લીલાં ખાનાર, તેમાં રહેલાં ત્રસજીવોને હણે છે. અને સૂકાં ખાનાર રાગભાવના સંબંધથી પોતાના આત્માને હણે છે. મધ વગેરેમાં જે રાગભાવ થાય તે જ ભાવહિંસા અથવા આત્મઘાત છે.

એ પાંચે ય ફળોમાં સ્થૂળ ત્રસજીવો પ્રત્યક્ષ દેખાય છે અને સૂક્ષ્મ જીવો તો અનંત હોય છે તે આગમથી (સૂત્ર ઉપરથી) જણાય છે. અનંત જીવોનો ઘાત કરનાર એવાં ઉદુંબર ફળમાં આસક્ત ચિત્તવાળા-ઓની સરખામણી અમુક સંખ્યાવાળા જીવ મારીને આજીવિકા કરનાર ધીવર અથવા માછીમાર સાથે કરી શકાતી નથી.

૬. **જુગાર**—સર્વ અનર્થને વિસ્તારનાર, નિર્લોભતાને મથી નાખનાર માયાનું ઘટ અને ચોરી તથા અસત્યનું સ્થાનક એવું **જુગાર**નું વ્યસન દૂરથી જ ત્યાગવું જોઈએ.

૭. **રાત્રિભોજન** અને

૮. **અણગળ પાણી**નો ઉપયોગ મદ્ય આદિના ઉપયોગ સમાન સદોષ હોવાથી ધાર્મિક જનો તેનો ત્યાગ કરે છે.

આ પ્રમાણે જેમણે મદ્ય આદિ મહાપાપોનો જીવનપર્યંતનો ત્યાગ કરવારૂપ આઠ મૂળ ગુણને ધારણ કર્યા છે અને જે સમ્યક્ત્વથી શુદ્ધ બુદ્ધિવાળો છે. અને જે જૈનધર્મમાં શ્રદ્ધાવાન છે તે જૈનધર્મની શ્રુતિને યોગ્ય થાય છે.

હવે આપણે દર્શન પ્રતિજ્ઞા માટે દર્શન સંબંધી વિચાર કરીએ.

## દર્શનનો અર્થ

**દર્શન**નો અર્થ જોવું એવો થાય છે. સામાન્યતઃ પ્રાણિમાત્રનો, જીવમાત્રનો જોવાનો સ્વભાવ હોય છે. કોઈ ચક્ષુથી જુએ છે, કોઈ અચક્ષુથી દેખે છે પરંતુ અહીંયાં "આત્મભાવથી જોવું તે દર્શન" એવો અર્થ થાય છે. મિથ્યાત્વભાવથી જોવું તે મિથ્યા દર્શન છે, અને સમ્યક્ત્વ ભાવથી જોવું તે સમ્યગ્દર્શન છે. અહીંયાં **સમ્યક્ત્વ દર્શનનો** સંબંધ છે.

## પાંચ લબ્ધિ

શાસ્ત્રમાં સમ્યગ્દર્શન અથવા સમ્યક્ત્વ પ્રાપ્ત થતાં પહેલાં પાંચ લબ્ધિ હોય એમ કહ્યું છે—( ૧ ) ક્ષયોપશમ લબ્ધિ, ( ૨ ) વિશુદ્ધિ લબ્ધિ, ( ૩ ) દેશનાલબ્ધિ ( ૪ ) પ્રાયોગ્યલબ્ધિ અને ( ૫ ) કરણલબ્ધિ. તેની ટૂંકી વિગત અહીં આપેલી છે. તેની વિશેષ વિગત આ પછીના '**પંચલબ્ધિ**' નામના પ્રકરણમાં આપેલી છે.

**૧. ક્ષયોપશય લબ્ધિ**—જેના હોવાથી તત્ત્વવિચાર થઈ શકે એવો જ્ઞાનાવરણ આદિ કર્મોનો ક્ષયોપશમ થાય અર્થાત્ ઉદયકાળને પ્રાપ્ત સર્વઘાતી સ્પર્ધકોના નિષેકોના ઉદયનો અભાવ તે ક્ષય તથા ભાવિ કાળમાં ઉદય આવવા યોગ્ય કર્મોનું સત્તારૂપ રહેવું તે ઉપશમ. એવી દેશઘાતી સ્પર્ધકોના ઉદય સહિત કર્મોની અવસ્થા તેનું નામ ક્ષયોપશમ છે. તેની જે પ્રાપ્તિ થવી તે ક્ષયોપશય લબ્ધિ છે.

**૨. વિશુદ્ધિ લબ્ધિ**—મોહનો મંદ ઉદય આવવાથી મંદકષાયરૂપ ભાવ થાય કે જેથી તત્ત્વવિચાર થઈ શકે તે વિશુદ્ધિ લબ્ધિ છે.

**૩. દેશના લબ્ધિ**—શ્રી જિનેશ્વર દ્વારા ઉપદેશેલા તત્ત્વનું ધારણ થવું, તેનો વિચાર થવો તે દેશના લબ્ધિ છે સત્પુરુષનો યોગ થાય, બોધ સાંભળે અથવા સત્શાસ્ત્ર આદિથી બોધ ગ્રહણ થાય એમ બોધની

બાહ્ય સામગ્રી અને તે દ્વારા બોધ ગ્રહણ કરવાની શકિત પ્રગટ થાય તે દેશના લબ્ધિ કહેવાય છે.

**૪. પ્રાયોગ્ય લબ્ધિ**—આયુષ્યકર્મ વર્જીને બીજા કર્મોની પૂર્વસત્તા ઘટી અતઃ ક્રોડાક્રોડી સાગર પ્રમાણ રહી જાય તથા નવીન બંધ પણ અંતઃક્રોડાક્રોડી સાગર પ્રમાણના સંખ્યાતમાભાગમાત્ર થાય, તે પણ એ લબ્ધિ કાળથી માંડીને ક્રમથી ઘટતો જ જાય અને કેટલીક પાપ-પ્રકૃતિઓનો બંધક્રમથી ઘટતો જાય ઇત્યાદિ યોગ્ય અવસ્થા થવી તેનું નામ પ્રયોગ્ય લબ્ધિ છે.

**૫. કરણ લબ્ધિ :**—આ લબ્ધિમાં સમ્યકત્વ અવશ્ય થાય જ એવો નિયમ છે. પણ તે તો જેને પૂર્વે કહેલી ચાર લબ્ધિઓ થઈ હોય અને અંત મુંહૂર્ત પછી જેને સમ્યકત્વ થવાનું હોય તેજ જીવને કરણ લબ્ધિ થાય છે.

## સમ્યગ્ દર્શનનું સ્વરૂપ

અરિહંતદેવ દેવ છે, નિર્ગ્રન્થ ગુરુ છે, દયા, અહિંસા, તપ, સંયમ એ ધર્મ છે એ સંક્ષિપ્ત સમ્યગ્દર્શનનું સ્વરૂપ છે.

સામાન્યતઃ જીવાદિ નવતત્ત્વનું સ્વરૂપ જેવું સર્વજ્ઞ દેવે જાણ્યું છે, જોયું છે તેના પર યથાર્થ શ્રદ્ધા કરે તે સમ્યગ્દષ્ટિ સમકિત શ્રાવક છે. આ શ્રાવક આસ્તિકવાદનો સંપૂર્ણ સ્વીકાર કરે છે, શ્રદ્ધા કરે છે. જીવાદિ પદાર્થ મૃત્યુ પછી પરલોકમાં જાય છે, અને તેની પ્રજ્ઞા બુદ્ધિ પણ આસ્તિક છે. આસ્તિકવાદી દર્શન સમકિતી શ્રાવકો સ્વયં પ્રત્યાખ્યા-નાવરણીય કષાયોના ઉદયથી સાધુ યોગ્ય ક્રિયા કરી શકતા નથી. પરંતુ દરેકને ક્રિયા કરવાનું કહે છે. કૃષ્ણ અને શ્રેણિક મહારાજાની જેમ.

આસ્તિકવાદી આસ્તિક પ્રજ્ઞ છે, આસ્તિક દષ્ટિ છે, સમ્યગ્વાદી છે, મોક્ષવાદી છે, પરલોકવાદી છે. તે માને છે કે લોક છે, પરલોક છે, માતા છે, પિતા છે, અરિહંત છે, ચક્રવર્તી છે, વાસુદેવ છે, સુકૃત છે, દુષ્કૃત છે. તેના ફળ છે, અશુભ ફળ ભોગવવા નરક સ્થાન છે,

શુભ ફળ ભોગવવા માટે સ્વર્ગાદિ સ્થાન છે, તેથી નારકી છે, દેવ છે, મોક્ષ છે. આ સર્વના અસ્તિત્વનો સ્વીકાર કરે છે, તેનું સ્થાપન કરે છે.

કોઈ જીવને કદી પૂર્વબંધ આયુષ્ય કે મહેચ્છાના કારણે નરકમાં પણ જવું પડે તો જીવ શુક્લપક્ષી હોવાથી ઉત્તરગામી નરકમાંથી નીકળી સુલભ બોધિ હોય છે. તેથી ફરીથી તેને મહેચ્છા હોતી નથી, તે નરકનું આયુષ્ય બાંધતો નથી કે નરકમાં જતો નથી. એ ક્રિયાવાદી સમ્યગ્દષ્ટિ શ્રાવક છે.

મહેચ્છા રહિત સ્વેચ્છાવાળો નરકાદિક આયુષ્યનો અબંધક સમ્યગ્દષ્ટિ શ્રાવક કેવળ એક વૈમનિક દેવના આયુષ્યનો અધિકારી છે. ત્યાંથી નીકળી દેશવ્રત અથવા સર્વવ્રત સ્વીકારી તેનું પાલન કરે છે. અને મોક્ષ પ્રાપ્ત કરે છે.

સમ્યગ્દૃષ્ટિ શ્રાવક પ્રથમ દર્શન પડિમા–પ્રતિમા–અભિગ્રહ આદરે છે. તે હમેશાં સમ્યગ્દર્શન (તત્ત્વોમાં) ઉપયોગવાળો રહે છે. તે શંકાદિ દોષોથી રહિત હોય છે. રાયાભિયોગાદિના પ્રતિબંધનો ઉચ્છેદ કરી તત્ત્વોનું જ અવલંબન કરી પ્રતિજ્ઞાનું પાલન કરે છે તેનું કારણ શાસ્ત્રકારોએ બતાવ્યું છે કે તેને દયા ક્ષમા આદિ સર્વ ધર્મમાં રુચિ હોય છે. અર્થાત્ તે સર્વ ધર્મને જાણી આત્મસ્વરૂપમાં જ લીન રહે છે.

દર્શન પડિમાધારી શ્રાવકે માધ્યસ્થ ભાવના અવલંબનમાં દૃઢ થવું જરૂરી છે. માધ્યસ્થ ભાવ જ સત્યનો શોધક છે અને સત્યને પ્રાપ્ત કરે છે, નહિતર સત્યથી વંચિત રહેવાનો અંદેશો રહે છે. તેથી સમ્યગ્વાદ ગ્રહણ કરવો અત્યાવશ્યક છે. સંસારચક્રમાં અનેક વાદ છે. સામાન્યરૂપે બેજ વાદ પ્રસિદ્ધ છે, તે આસ્તિકવાદ અને નાસ્તિકવાદ.

દર્શન પડિમાધારી શ્રાવક સર્વ ધર્મ-ગ્રામ ધર્મ, નગર ધર્મ, રાષ્ટ્ર ધર્મ, પાખંડ ધર્મ, કુળ ધર્મ, ગણ ધર્મ, સંઘ ધર્મ, અસ્તિકાય ધર્મ, શ્રુત ધર્મ અને ચારિત્ર ધર્મ યથાર્થ જાણે છે. ચારિત્ર ધર્મની અધિક રુચિ કરે છે. તે પ્રમાણ સહિત જીવાદિ નવ તત્ત્વોને અને

ષટ્ દ્રવ્યને સાંગોપાંગ જાણે છે. પ્રથમ સંવેગ, નિર્વેદ, અનુકંપા. આસ્તા આદિ ગુણોમાં ઓતપ્રોત બને છે. દેવાદિકની વાંચ્છના કરતો નથી, કે કોઈ ઋધિસિદ્ધિની ઇચ્છા રાખતો નથી.

દર્શન પડિમાધારી શ્રાવક બે જાતના છેઃ—( ૧ ) શ્રાવકના બાર વ્રત ધારણ કર્યા ન હોય તે.

( ૨ ) બીજા દર્શન પડિમાધારી શ્રાવકે દર્શન પડિમા ધાર્યા પહેલાં અણુવ્રત, ગુણવ્રત, શિક્ષા આદિ ધાર્યા હોય છે, પાળતા હોય છે અને ત્યારબાદ દર્શન પડિમાદિ અગિયાર પ્રતિમા ધારવા માટે કુટુંબ અને ગૃહનો ત્યાગ કરી, કુટુંબિકજનોની આજ્ઞા લઈ પૌષધશાળામાં વિધિથી પ્રવેશ કરે છે, અને દર્શન પડિમા ધારણ કરે છે. આ દર્શન પડિમાધારી શ્રાવક ઉપરના શ્રાવકની માફક નિરતિચાર રહે છે. દેવાદિકની સહાયતા ઇચ્છતા નથી કે તેમની તરફથી થતા ઉપસર્ગોથી ચલાયમાન બનતા નથી.

**" સમ્યગ્દર્શન " તથા " સમ્યકૂત્વ અને મિથ્યાત્વ નામના પુસ્તકો અમારા તરફથી બહાર પડી ગયેલ છે. તેમાંથી સમ્યગ્દર્શનનું સવિસ્તાર સ્વરૂપ જાણી લેવું.**

દેશસંયમ જેવી અગીઆર પ્રતિમાને અપ્રત્યાખ્યાનવરણ કષાયના ક્ષયોપશમથી ક્રમપૂર્વક ધારણ કરનાર શ્રાવક શુભ લેશ્યાની તરતમ્યતાવાળો હોય છે.

## છ લેશ્યા

કષાય રંજિત યોગ પ્રવૃત્તિ તે લેશ્યા છે. આત્માને પુણ્યપાપ સાથે લીંપે તે લેશ્યા છે. લેશ્યા છ છે. તેના ભાવો વ્યક્ત કરતું દૃષ્ટાંત નીચે મુજબ છે.

કોઈ એક વૃક્ષ ઉપર ફળ લચી રહ્યાં હતાં. ત્યાં છ જણા જુદી જુદી લેશ્યાવાળા આવ્યા. તેમાં કૃષ્ણ લેશ્યાવાળાએ તો વૃક્ષને મૂળમાંથી ઉખેડવા માંડ્યું, બીજી નીલ લેશ્યાવાળાએ થડ કાપવા માંડ્યું, ત્રીજી

કાપોત લેશ્યાવાળાએ મોટી શાખાઓ કાપવા માંડી, ચોથી પીત લેશ્યા-વાળાએ કાચાં પાકાં ફળ સહિત નાની શાખાઓ (ડાળીઓ) કાપવા માંડી, પાંચમી પદ્મ લેશ્યાવાળાએ પાકાં ફળ તોડવા માંડ્યાં અને શુકલ લેશ્યાવાળાએ માત્ર નીચે પડેલાં ફળ વીણવા માંડ્યાં.

પહેલા ચાર ગુણસ્થાનમાં શુભ તથા અશુભ બંને પ્રકારની મળી છ છ લેશ્યા હોય છે. ૫, ૬, ૭ એ ત્રણ ગુણસ્થાનમાં પીત, પદ્મ અને શુકલ એ ત્રણ શુભા લેશ્યા જ હોય છે. ૮ માંથી ૧૩ મા ગુણસ્થાન સુધી માત્ર એક શુકલ લેશ્યા હોય છે અને છેલ્લું ચૌદમું ગુણસ્થાન લેશ્યા રહિત છે.

**૧. કૃષ્ણ લેશ્યા**—રાગદ્વેષરૂપી ગ્રહવાળો, દુરાગ્રહી, દુષ્ટ સ્વભાવવાળો, અનંતાનુબંધી જાતિના તીવ્ર ક્રોધ, માન, માયા, લોભથી ગ્રાહ્ય છે. નિર્દય, પશ્ચાત્તાપ રહિત, મદ્યમાંસાદિમાં લંપટ, ખરાબ આહારમાં અથવા લડાઈમાં સદા આસકત એવો મનુષ્ય કૃષ્ણ લેશ્યાયુકત હોય છે.

**૨. નીલ લેશ્યા**—ક્રોધી, માની, માયી, લોભી, રાગી, દ્વેષી, હિંસક, ક્રૂર, દુષ્ટ, ચોર, મૂર્ખ, અક્કા, સ્પર્ધા કરનાર, નિદ્રાળુ, કામી, મંદ, કૃત્ય અકૃત્યનો વિચાર ન કરનાર મહા મૂર્છા–મમતાવાળો અને મહા આરંભવાળો એવો નીલ લેશ્યાયુક્ત હોય છે.

**૩ કપોત લેશ્યા**—શોક, ભય, મત્સર, અદેખાઈ, પર નિંદામાં તત્પર સદા પોતાની પ્રશંસા કરે, કોઈ સ્તુતિ કરે તો બહુ રાજી થાય. લાભઅલાભ તથા સ્વપરના ભેદને ન જાણતો મૂઢ, અહંકારરૂપી ગ્રહથી યુક્ત થઈને સર્વ ક્રિયા કરનાર; કોઈ પ્રશંસા કરે તો ઘણું આપી દીએ, લડાઈમાં મરવા પણ તત્પર થાય અને પરના યશનો નાશ કરનાર એવો કાપોત લેશ્યાવાળો હોય છે.

**૪. પીતપલેશ્યા (તેજો લેશ્યા)**—સમદષ્ટિ, ઈર્ષાદ્વેષ રહિત, હિતાહિતનો ભેદ વિચારનાર, ઉદાર અને વિચક્ષણ એટલે ચતુર એવો પીત લેશ્યાવાળો મોટા મનવાળો હોય છે.

**૫. પદ્મ લેશ્યા**—પવિત્રતા અને દાનમાં રત, સરળ, વિનયી, પ્રિયવાદી, સજ્જનોની સેવામાં ઉદ્યત અને સજ્જન એવો પદ્મ લેશ્યાવાળો ઉચિત ક્રિયાવાળો હોય છે.

**૬. શુકલલેશ્યા**—નિદાન, અહંકાર અને પક્ષપાત રહિત, અશઠ, રાગદ્વેષ રહિત એવો શુકલ લેશ્યાવાળો હોય છે.

ઉત્તમ સંવેગને પામેલા પ્રતિમાધારી શ્રાવકને પીત (તેજ), પદ્મ અને શુકલ એ ત્રણ પ્રશસ્ત લેશ્યાઓ અનુક્રમે પ્રાપ્ત થાય છે.

લેશ્યા સંબંધી વિશેષ વિગત માટે જિજ્ઞાસુએ શ્રી ઉત્તરાધ્યયન સૂત્રનું ૩૪મું અધ્યયન જોઈ જવું.

## બીજી વ્રત પ્રતિમા

**પાંચ અણુવ્રત.**

(૧) સ્થૂળ હિંસા વિરમણ.
(૨) સ્થૂળ મૃષા વિરમણ.
(૩) સ્થૂળ અદત્તાદાન વિરમણ.
(૪) સ્થૂળ મૈથુન વિરમણ.
(૫) સ્થૂળ પરિગ્રહ વિરમણ.

**ત્રણ ગુણવ્રત.**

(૬) દિશા પરિમાણ.
(૭) ઉપભોગ પરિભોગ પરિમાણ.
(૮) અનર્થદંડ વિરમણ.

**ચાર શિક્ષાવ્રત.**

(૯) સામાયિક વ્રત.
(૧૦) દેશાવકાશિક વ્રત.
(૧૧) પરિપૂર્ણ પૌષધોપવાસ વ્રત.
(૧૨) અતિથિ સંવિભાગ વ્રત.

શ્રાવકની બીજી પ્રતિમા ધારણ કરનારે આ બારેય વ્રત વિધિપૂર્વક ગ્રહણ કરવા જોઈએ.

પ્રતિમા ધારણ કર્યા વિના પણ આ વ્રતો અંગીકાર કરી શકાય છે. અને તે પણ શ્રાવકની શક્તિ, સંજોગ અનુસાર બારમાંથી ગમે તે એક, બે કે વધારે પાળી શકાય તેટલા વ્રત લઈ શકાય છે. બારેય વ્રત પાળી શકે તે બારેય વ્રત લઈ શકે છે.

પરંતુ પ્રતિમાધારી શ્રાવકે તો બારેય વ્રત અંગીકાર કરવા જોઈએ જ. વળી પ્રતિમાધારી શ્રાવકે પાંચ અણુવ્રત નિરતિચારપણે પાળવા જોઈએ. અને ત્રણ ગુણવ્રત તથા શીક્ષાવ્રત મળી સાત શીળવ્રત યથાશક્તિ પાળવાના છે. પણ તેના અતિચાર પૂરા ટાળી શકાતા નથી તેથી તે ટાળવાનો અભ્યાસ કરવાનો છે.

શ્રી **ધર્મસંગ્રહ**ના સમ્યક્ત્વ અધિકારમાં ૨૧મી ગાથામાં કહ્યું છે કે—

> न्याय्यश्च सति सम्यक्त्वेऽणुव्रतप्रमुखग्रहः ।
> जिनोक्ततत्त्वेषु रुचिः शुद्धा सम्यक्त्वमुच्यते ।।

અર્થ—આત્માને સમ્યક્ત્વે પ્રાપ્ત થયા પછી જ અણુવ્રત, ગુણવ્રત અને શીક્ષાવ્રતરૂપ બાર વ્રત કે તેમાંના ઓછાં વધુ વ્રત ગ્રહણ કરવાયુક્ત છે. શ્રી જિનેશ્વરદેવે કહેલા જીવ અજીવ આદિ કે દેવ ગુરૂ આદિ તત્ત્વોમાં જીવની જે નિર્મળ રુચિ તે સમ્યક્ત્વ કહેવાય છે.

સમ્યક્ત્વથી જ જીવને સર્વ તત્ત્વોનું સાચું સ્વરૂપ સમજાય છે. અને તત્ત્વનું સ્વરૂપ બરાબર સમજાયું હોય તો જ વ્રત બરાબર નિરતિચાર-પણે પાળી શકાય છે. તેથી જ દર્શન પ્રતિમાને પહેલી મૂકી છે અને તે પ્રતિમા યથાયોગ્ય ધારણ કર્યા પછી જ માણસમાં વ્રતને ગ્રહણ કરવાની, યથાયોગ્ય પાળવાની શકિત આવે છે. માટે શ્રાવકને પોતાને વ્રત બરાબર પાળી શકવાની ખાત્રી થાય ત્યારે જ બીજી પ્રતિમાં ધારણ કરવી જોઈએ.

સર્વ અનર્થનું મૂળ મિથ્યાત્વ છે. એ તો જાણીતી વાત છે કે ઉખર ભૂમિમાં બી વાવવામાં આવે તો તે ઉગતાં નથી. વાવેતર નિષ્ફળ જાય છે તેવી જ રીતે મિથ્યાત્વવાસિત જીવ વ્રત અંગીકાર કરે તો પણ તેને તેનું યોગ્ય ફળ મળતું નથી. કારણ કે જીવ અજીવ આદિનું મિથ્યાત્વીને જ્ઞાન નહિ હોવાથી તેણે લીધેલા વ્રતને તે યથાર્થ રીતે પાળી શકતો નથી અને તેથી તેને વ્રતનું ફળ મળતું નથી.

સમ્યક્ત્વ એ ગૃહસ્થનો વિશેષ ધર્મ છે. અને સમ્યકત્વથી આરંભીને પાંચમા ગુણસ્થાનકના અંત સુધી ઉત્તરોત્તર જે જે ગુણો આત્મામાં પ્રગટે તે સર્વે ગૃહસ્થનો વિશેષ ધર્મ છે એમ સમજી લેવું. **પ્રવચન સારોદ્ધાર**ની ૯૪૦મી ગાથામાં કહ્યું છે કે—

मूलं दारं पइट्ठाणं आहारो भायणं निही ।
दुछक्कस्सावि धम्मस्स सम्मतं परिकित्तियं ॥

**અર્થ—દ્વિષટ્ક** એટલે પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શીક્ષાવ્રત મળીને બાર વ્રતરૂપ શ્રાવક ધર્મના મૂળ, દ્વાર, પીઠિકા, આધાર, ભાજન અને નિધિ રૂપ સમ્યકત્વ છે.

**મૂળ**—સમકિત એ ધર્મ વૃક્ષનું મૂળ છે. મૂળ વિના વૃક્ષ ટકી શકતું નથી. તેવી રીતે સમકિત વિના ધર્મ ટકી શકતો નથી અને કુતીર્થિકોના મિથ્યાત્વ મતરૂપી પવનથી સમકિતરૂપી મૂળ વિનાનું ધર્મ વૃક્ષ પડી જાય છે.

**દ્વાર**—દરવાજા વિના નગરમાં પ્રવેશ થઈ શકતો નથી તેમ સમ્યક્ત્વ વિના ધર્મનગરમાં પ્રવેશ થઈ શકતો નથી.

**પીઠિકા**—પાયો. પાયા વિના મકાન ટકી શકે નહિ તેમ સમકિત રૂપી પાયા વિના ધર્મરૂપી મહેલ સ્થિર રહી શકતો નથી.

**આધાર**—જેમ મનુષ્યનો આધાર પૃથ્વી છે. મનુષ્ય નિરાધાર રહી શકે નહિ તેમ સમકિતના આધાર વિના ધર્મ ટકી શકે નહિ.

**ભાજન**—ઘી, દુધ વગેરે રસ રાખવા માટે ભાજન પાત્રની જરૂર છે તેમ સમકિતરૂપ ભાજન વિના ધર્મ રહી શકતો નથી.

**નિધિ**—ભંડાર. કિંમતી વસ્તુઓ તિજોરી ભંડારમાં જ સાચવી શકાય છે તેમ સમકિકરૂપી ભંડારથી જ ધર્મ સાચવી શકાય છે.

માટે પ્રતિમાધારી શ્રાવકે પહેલાં પોતાનું સમ્યક્ત્વ દૃઢ કરી લેવું. સમ્યક્ત્વ દૃઢ થવાની ખાત્રી થયા પછી બીજી પ્રતિમા ધારણ કરવી.

કેટલાકો એવી શંકા કરે છે કે સમ્યક્ત્વ કે વ્રત પાળી શકવાની અમારી શક્તિ નથી માટે અમે વ્રત લેતા નથી. આવા શંકાશીલ ભાઈઓ એક વાત તદ્દન ભૂલી જાય છે કે શક્તિ એમને એમ આવી જતી નથી. શક્તિને કેળવવી જોઈએ. પ્રયાસ પ્રયત્ન કરવા જોઈએ છે અને એ રીતે આસ્તે આસ્તે ટેવ પડતાં શકિત જરૂર આવી જાય છે.

**શ્રીહરિભદ્રસૂરિજી** તેમના રચેલા **પંચાશક** ગ્રંથમાં રહેલા પંચાશકમાં ૩૫ થી ૩૮ ગાથામાં સમ્યક્ત્વ અને વ્રતોમાં સ્થિરતા કે તેના પરિણામની પ્રાપ્તિ માટે શું શું કરવું જોઈએ તે માટે જણાવે છે કે—

સમ્યક્ત્વ કે વ્રત વિધિ અનુસાર ગ્રહણ કર્યા પછી તે સંબંધમાં યથાયોગ્ય પ્રયત્ન કરતા રહેવું જોઈએ. તેમ કરવાથી વ્રત ગ્રહણ કરતી વખતે પ્રગટેલા ન હોય તેવા સમ્યક્ત્વના તથા વ્રતોના યથાર્થ ભાવો, પકિણામો, અધ્યવસાયો પ્રગટ થાય છે અને પ્રગટ થયેલાં હોય તે વધારે દૃઢ થાય છે, શુદ્ધ થાય છે. કારણ કે સમ્યક્ત્વ કે વિરતિને રોકનારૂં મોહનીય કર્મ છે તેને પ્રયત્ન કરવાથી તોડી શકાય છે. (૩૫)

એ પ્રમાણે પ્રયત્ન કરતા રહેવાથી અછતા પરિણામો પ્રગટે છે. અને પ્રયતનના અભાવે છતા પરિણામો પણ અશુભ કર્મોદયથી ચાલ્યા જાય છે માટે અંગીકાર કરેલા સમ્યક્ત્વ કે અણુવ્રતાદિ ગુણોનું નિત્ય સ્મરણ કરવું અને તેના પ્રતિપક્ષી મિથ્યાત્વ, હિંસા વગેરેની જુગુપ્સા

કરવી, નિંદા કરવી અણગમો કરવો. સમ્યક્ત્વ અને વ્રતો મોક્ષના હેતુરૂપ છે અને મિથ્યાત્વ, હિંસા વગેરે સંસાર વૃદ્ધિના કારણરૂપ છે તેનો સદા વિચાર કરતા રહેવું. (૩૬)

વળી શ્રી તીર્થંકર ભગવાનની ભક્તિ, વિનય કરવામાં ઉત્તમ સાધુતાથી યુક્ત ભાવ સાધુ વગેરેની સેવા કરવામાં, વિશેષ ગુણો મેળવવાની શ્રદ્ધામાં અર્થાત્ વધુ ગુણો પ્રગટ થાય તેવા મનોરથો કરવામાં ઉદ્યમી રહેવું. ( ૩૭ )

એ પ્રમાણે પ્રયત્નશીલ રહેવાથી વ્રત ગ્રહણ કરતી વખતે તેવા પરિણામ ન હોય તો પણ પાછળથી પ્રગટ થાય છે. અને તે પ્રમાણે પ્રગટેલા પરિણામો અવરાઈ જતા નથી પણ નિર્મળ અને દૃઢ બને છે. માટે સમ્યક્ત્વ કે વ્રતો ગ્રહણ કરવામાં બુદ્ધિમાને પ્રમાદ કરવો નહિ. ( ૩૮ )

વ્યવહારમાં જેમ અભ્યાસથી જ દરેક કામમાં કુશળતા મેળવાય છે તે જ પ્રમાણે ધાર્મિક ક્રિયાઓમાં પણ અભ્યાસથી જ સફળતા મેળવાય છે.

બાર વ્રતની વિગત અહિં આપેલ નથી કારણ કે બાર વ્રતના વિવેચનનું જુદું પુસ્તક તૈયાર કરી આ સભા તરફથી બહાર પાડવાનું છે. પરંતુ અહીં "આગમસાર"માંથી ઉધ્ધૃત કરીને વ્યવહારથી અને નિશ્ચયથી બાર વ્રતનું ટુંકું સ્વરૂપ અત્રે આપીએ છીએ.

## નિશ્ચય અને વ્યવહારનયથી બારવ્રતનું વિવેચન

एकैकं व्रतमप्येषु द्विद्विभेदेन साधितम् ।
तद्विज्ञाय सुधीश्राध्धै रुचिःकार्या व्रतादरे ॥

શ્રાવકના બાર વ્રતમાંનું દરેક વ્રત નિશ્ચય અને વ્યવહાર એવા બે બે ભેદથી કહેલ છે તે બરાબર જાણીને સદ્‌બુદ્ધિવાળા શ્રાવકોએ તે વ્રતોને આદરવાની રુચિ કરવી.

## પહેલું વ્રત

**વ્યવહારનયથી**—બીજાનાં જીવને પોતાના જીવની જેમ ક્ષુધાદિ વેદનાથી પોતા સમાન જાણી તેની હિંસા કરે નહિ તે.

**નિશ્ચયનયથી**—પોતાનો જીવ અન્ય જીવની હિંસા કરવાથી કર્મ બાંધી દુઃખ પામે છે તેથી પોતાના આત્માને કર્માદિક વિયોગ પમાડવો યોગ્ય છે. આ જીવ અનેક સ્વાભાવિક ગુણવાળો છે, તેથી હિંસાદિ વડે કર્મગ્રહણ કરવાનો તેનો ધર્મ નથી. એવી જ્ઞાનબુદ્ધિથી હિંસાનો ત્યાગરૂપ આત્મગુણને ગ્રહણ કરવાનો નિશ્ચય કરવો તે.

## બીજું વ્રત

**વ્યવહારનયથી**—લોકનિંદિત એવા અસત્ય ભાષણથી નિવૃત્ત થવું તે.

**નિશ્ચયનયથી**—ત્રિકાળજ્ઞાની ભગવંતે કહેલ જીવ અજીવનું સ્વરૂપ અજ્ઞાનવડે વિપરીત કહેવું અને પરવસ્તુ જે પુદ્‌ગળ આદિ છે તેને પોતાની કહેવી તે જ ખરેખરૂં મૃષાવાદ છે. તેનાથી વિરમવું તે નિશ્ચયનયથી બીજું વ્રત છે.

આ વ્રત સિવાય બીજા વ્રતોની વિરાધના કરે તેનું ચારિત્ર જાય છે પણ જ્ઞાન તથા દર્શન એ બે રહે છે. પરંતુ નિશ્ચય મૃષાવાદથી વિરાધિત થતાં જ્ઞાન, દર્શન અને ચારિત્ર ત્રણેય જાય છે. આગમમાં પણ કહેલ છે કે –" એક સાધુએ મૈથુનવિરમણ વ્રત ભાંગ્યું છે અને એકે બીજું વ્રત ભાંગ્યું છે. તો તેમાં પહેલો સાધુ આલોચના પ્રાયશ્ચિતથી

શુદ્ધ થાય છે પણ બીજો સ્યાદ્વાદમાર્ગનો ઉત્થાપક હોવાથી આલોચનાદિ વડે શુદ્ધ થતો નથી."

## ત્રીજું વ્રત

**વ્યવહારનયથી**—ધન આદિક અદત્ત પરવસ્તુ લીએ નહિ. તેનું પ્રત્યાખ્યાન કરે તે.

**નિશ્ચયનયથી**—દ્રવ્યથી અદત્ત વસ્તુ ન લેવા ઉપરાંત અંતઃકરણમાં પુણ્યતત્ત્વના બેંતાલીશ ભેદ પ્રાપ્ત કરવાની ઇચ્છાથી ધર્મકાર્ય કરે છે અને પાંચ ઇન્દ્રિયોના ત્રેવીશ વિષય, આઠ કર્મની વર્ગણા વગેરે પર વસ્તુ ગ્રહણ કરવાની ઇચ્છા કરતો નથી તે, તેનો નિયમ કરે તે.

## ચોથું વ્રત

**વ્યવહારનયથી**—શ્રાવકોને સ્વદાર સંતોષ અને શ્રાવિકાને સ્વપતિસંતોષ, શ્રાવકોને પરસ્ત્રીનો ત્યાગ અને શ્રાવિકાને પરપુરુષનો ત્યાગ.

**નિશ્ચયનયથી**—વિષયની અભિલાષા, મમત્વ અને તૃષ્ણાનો ત્યાગ.

શ્રાવકે બાહ્યથી પરસ્ત્રીનો ત્યાગ કર્યા છતાં અને શ્રાવિકાએ બાહ્યથી પરપુરુષનો ત્યાગ કર્યા છતાં અંતરમાં જો તેને વિષયની લોલુપતા હોય છે અને તેનું પ્રત્યાખ્યાન કરતો નથી તો તેને વિષય સંબંધી કર્મનો બંધ થયા કરે છે.

## પાંચમું વ્રત

**વ્યવહારનયથી**—શ્રાવકોએ નવ પ્રકારના પરિગ્રહનું પરિમાણ કરવું તે.

**નિશ્ચયનયથી**—ભાવકર્મ તે રાગદ્વેષ અને અજ્ઞાનનો તથા દ્રવ્યકર્મ તે આઠ પ્રકારના કર્મનો તથા દેહ અને ઇન્દ્રિયોનો ત્યાગ તે.

કર્માદિ પરવસ્તુ ઉપરની મૂર્ચ્છાનો ત્યાગ કરવાથી જ ભાવથી પાંચમું વ્રત થાય છે. કારણકે શાસ્ત્રકારોએ " મૂચ્છા પરિગ્ગહો વુત્તો " મૂર્ચ્છાને જ પરિગ્રહ કહેલ છે.

## છઠું વ્રત

**વ્યવહારનયથી** —છ દિશાને જવા આવવાનું પરિમાણ કરવું તે.

**નિશ્ચયનયથી**—નરક આદિ ચાર ગતિરૂપ કર્મના ગુણને જાણી તે પ્રત્યે ઉદાસીભાવ રાખવો અને સિદ્ધ અવસ્થા, સિદ્ધ ગતિ પ્રત્યે ઉપાદેય ભાવ રાખવો તે.

## સાતમું વ્રત

**વ્યવહારનયથી**—સર્વ ભોગ્યવસ્તુનું પરિમાણ કરવું તે.

**નિશ્ચનયથી**—વ્યવહાર નયના મતે કર્મનો કર્તા અને ભોકતા જીવ જ છે. અને નિશ્ચયનયના મતે કર્મનું કર્તાપણું કર્મને જ છે. કારણ કે મન, વચન અને કાયાના યોગ જ કર્મના કર્તા છે. તેમ ભોકતાપણું પણ યોગમાં જ રહેલું છે. અજ્ઞાનથી જીવનો ઉપયોગ મિથ્યાત્વ આદિ કર્મ ગ્રહણ કરવાના સાધનમાં ભળે છે. પરમાર્થ-વૃત્તિએ તો જીવ કર્મના પુદ્દગળોથી ભિન્ન જ છે અને જ્ઞાનાદિ ગુણોનો કર્તા અને ભોકતા છે. પુદ્દગળો જડ, ચળ અને તુચ્છ છે. વળી જગતના અનેક જીવોએ તે ભોગવી ભોગવીને ઉચ્છિષ્ટ થયેલા ભોજનની જેમ મૂકી દીધેલા છે તેવા પુદ્દગળો ભોગોપભોગપણે ગ્રહણ કરવાનો જીવનો ધર્મ નથી, આ પ્રમાણે ચિંતન કરવું તે નિશ્ચયનયથી સાતમું વ્રત છે.

## આઠમું વ્રત

**વ્યવહારનયથી**—પ્રયોજન વિનાના પાપકારી આરંભથી વિરામ પામવું તે.

**નિશ્ચયનયથી**—મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ, તેના ઉત્તરભેદ સત્તાવન, તે કર્મબંધના હેતુ છે અને તેથી કર્મનો બંધ થાય છે. તેને આત્મીય ભાવથી જાણી તેનું નિવારણ કરવું તે નિશ્ચયથી અનર્થદંડ વિરમણ નામનું આઠમું વ્રત છે.

## નવમું વ્રત

**વ્યવહારનયથી**—આરંભના કાર્ય છોડીને સામાયિક કરવું તે.

**નિશ્ચયનયથી**—જ્ઞાન આદિ મૂળ સત્તાધર્મ વડે સર્વ જીવોને સરખા જાણી સર્વને વિષે સમતા પરિણામ રાખવા તે.

## દશમું વ્રત

**વ્યવહારનયથી**—નિયમિત ક્ષેત્રમાં સ્થિતિ કરવી તે.

**નિશ્ચયનયથી**—શ્રુતજ્ઞાનથી દ્રવ્યનું સ્વરૂપ ઓળખી, પાંચ દ્રવ્યમાં ત્યાજ્ય બુદ્ધિ રાખી જ્ઞાનમય જીવનું ધ્યાન કરવું તે.

## અગીઆરમું વ્રત

**વ્યવહારનયથી**—અહોરાત્ર સાવદ્ય વ્યપારને છોડી સ્વાધ્યાય ધ્યાનમાં પ્રવૃત્તિ કરવી તે.

**નિશ્ચયનયથી**—આત્માના સ્વગુણનું જ્ઞાનધ્યાન આદિવડે પોષણ કરવું તે.

## બારમું વ્રત

**વ્યવહારનયથી**—પૌષધના પારણે અથવા હમેશાં અતિથિ સંવિભાગ કરી ( સાધુને દાન દઈ ) ભોજન કરવું તે.

**નિશ્ચયનયથી**—પોતાના આત્માને તેમજ બીજાને જ્ઞાનાદિકનું દાન કરવું, પાઠન, શ્રવણ અને શ્રાવણ ( સંભળાવવું ) વગેરે કરવું તે નિશ્ચયથી બારમું વ્રત છે.

આ પ્રમાણે નિશ્ચય અને વ્યવહાર બન્ને ભેદથી યુક્ત બાર વ્રત શ્રાવકોને મોક્ષ આપનારાં થાય છે.

નિશ્ચય વિના એકલા વ્યવહારથી અંગીકાર કરેલા બાર વ્રત સ્વર્ગ સુખને આપનારાં થાય છે પણ મોક્ષને આપનારા થતા નથી. કારણકે વ્યવહારચારિત્ર અને સાધુ શ્રાવકના વ્રત અભવ્ય પ્રાણીઓને પણ પ્રાપ્ત થાય છે તેથી કાંઈ નિર્જરા થતી નથી. તેથી નિશ્ચયનય સહિત જ તે વ્રતોનું પાલન કરવું શ્રેષ્ટ છે. કહ્યું છે કે—

निच्छयनय मग्गमुखो, ववहारो पुन्नकारणो वुत्तो ।
पढमो संवर हेउ, आसवहेउ बीओ भणिओ ॥

નિશ્ચયનય મોક્ષમાર્ગ છે અને વ્યવહારનયને પુણ્યનું કારણ કહેલો છે. પહેલો નય સંવરનો હેતુ છે અને બીજો નય અસ્રવનો હેતુ છે.

નિશ્ચયનય જ્ઞાનસ્વરૂપ હોવાથી મોક્ષમાર્ગ છે અને વ્યવહારનય પુણ્યનો હેતુ હોવાથી તેના વડે શુભ અશુભ કર્મનો આસ્રવ થાય છે. અશુભ વ્યવહારથી પાપનો આસ્રવ થાય છે.

પરંતુ વ્યવહાર વિના નિશ્ચયનું જ્ઞાન થતું નથી. આગમમાં કહ્યું છે કે—શ્રીજિનમતને અંગીકાર કરવા ઇચ્છો તો વ્યવહાર અને નિશ્ચય એ બન્ને નયને છોડશો નહિ.

## ત્રીજી
## સામાયિક પ્રતિમા

પહેલી બે પ્રતિમા બરાબર પાળવાની સાથે આ ત્રીજી પ્રતિમામાં શ્રાવક નિયમપૂર્વક સવારે, બપોરે અને સાંજે અથવા સવારે અને સાંજે

સામાયિક કરે છે. બે ઘડી અથવા ૪૮ મિનિટથી ઓછા વખતની સામાયિક કરતો નથી. પરંતુ કોઈ ખાસ કારણના યોગે અંતર્મુહૂર્ત ૪૮ મિનિટથી કંઈક ઓછું કરી શકે છે. સામાયિકના પાંચે અતિચાર ટાળે છે.

બીજી વ્રત પ્રતિમામાં પણ સામાયિક વ્રત આવે છે પણ ત્યાં અતિચાર પૂરા ટાળી શકાતા નથી. ત્યારે અહિંઆ ત્રીજી સામાયિક પ્રતિમામાં સામાયિક વ્રત નિયમિત રીતે અને નિરતિચારપણે પાળવામાં આવે છે.

સામાયિક વ્રત દરમ્યાન વજ્રપાત જેવા ભયંકર કષ્ટ આવી પડવા છતાં કયારેય પણ વ્રત સમાધિથી ડગતા નથી અને અડોલ નિશ્ચળ રહે છે. ભાવ સામાયિક અત્યંત દુઃસાધ્ય છે અને એ જ સામાયિક વ્રતની શોભા છે.

## ચોથી
## પૌષધ પ્રતિમા

આગલી ત્રણેય પ્રતિમાઓના નિયમો બરાબર પાળવાની સાથે આ ચોથી પ્રતિમામાં બે આઠમ, પૂનમ અને અમાસ એ પર્વના ચાર દિવસ આઠ પહોરનો પૌષધ ઉપવાસ કરે છે તેમાં અતિચાર ટાળે અને ધર્મધ્યાનમાં સમય ગાળે. ચાર પ્રકારના આહાર, સ્નાન વિલેપન આદિ સર્વ પ્રકારના અંગ સંસ્કાર તેમજ સંસારના સર્વ આરંભરૂપ વ્યાપારને તજીને પૌષધ વ્રત ધારણ કરવામાં આવે છે.

બીજી પ્રતિમામાં પૌષધ વ્રત છે પણ ત્યાં અતિચાર પૂરા ટાળી શકાતા નથી. પણ હવે અહિંઆ મન વિશેષ શુદ્ધ થવાથી નિયમિત રીતે અને નિરતિચારપણે પૌષધનું પાલન કરવામાં આવે છે.

# પાંચમી
# રાત્રિભોજન ત્યાગ પ્રતિમા

આ પ્રતિમાને **કાયોત્સર્ગ પ્રતિમા** પણ કહે છે અથવા **દિવા મૈથુન ત્યાગ પ્રતિમા** પણ કહે છે.

આગલી ચારેય પ્રતિમા નિરતિચારપણે શુદ્ધ રીતે નિયમપૂર્વક પાળવાની સાથે આ પાંચમી પ્રતિમામાં પર્વની રાત્રિ (બે આઠમ, પૂનમ અને અમાસની રાત્રિ) કાર્યોત્સર્ગમાં નિષ્કંપપણે વીતાવે છે તેથી તેને કાયોત્સર્ગ પ્રતિમા કહે છે.

અશુભ કર્મનો નાશ કરવા માટે મન, વચન, કાયાના યોગને અર્થાત્ કાયોત્સર્ગને નિશ્ચયપણે ધારણ કરીને ઘરમાં, બારણા પાસે, પૌષધશાળામાં કે ચૌટામાં પર્વની રાત્રિ વિતાવતાં કોઈ પરિસહ ઉપસર્ગથી ક્ષોભ પામતા નથી.

કાયોત્સર્ગમાં શ્રી જિનેશ્વર દેવનું ધ્યાન ધરે અથવા પોતાના રાગાદિ દોષોને હણવા માટે દોષના પ્રતિપક્ષી ઉપાયોનું ચિંતન કરે.

આ પ્રતિમાધારી સ્નાન કરતા નથી, ધોતીઆની કાછડી ખુલ્લી રાખે છે. દિવસે ભોજન સમાપ્ત કરીને રાત્રે ચારેય પ્રકારના આહારનો સર્વથા ત્યાગ કરે છે. મન, વચન, કાયાથી રાત્રિભોજન કરવા તેમજ કરાવવાથી વિરકત રહે છે.

વળી તે મન, વચન, કાયાથી દિવસે સંપૂર્ણ બ્રહ્મચર્ય પાળી દિવસના સ્ત્રીને સેવતો નથી. દિવસે નિદ્રા કરે તો મૈથુન સંબંધી સ્વપ્ન આવવાનો સંભવ છે તેવા સ્વપ્નથી બ્રહ્મચર્યનો ભંગ થયો ગણાય. તેથી દિવસે બ્રહ્મચર્ય ભંગ થાય એવું કોઈ કાર્ય કરતો નથી દિવસે સ્ત્રીને જોવા છતાં પણ વિકારી થતા નથી. એવા તે જિતેંદ્રિય શ્રાવક

રાત્રે પણ માત્ર ઋતુકાળમાં જ અને તેમાં પણ માત્ર સંતાન અર્થે જ સ્ત્રી સમાગમની સંખ્યાનું પ્રમાણ નક્કી કરીને સ્ત્રીને ભજે છે. પરંતુ તે પણ પર્વની (બે આઠમ, પૂનમ, અમાસની) રાત્રિએ તો નહિ. આ કારણથી આ પ્રતિમાને **દિવા મૈથુન ત્યાગ પ્રતિમા** પણ કહે છે.

સામાન્ય રીતે આ પ્રતિમાધારી વગર કારણે સચિત્ત આહાર કરતા નથી. પણ ઔષધ આદિના સેવન માટે અથવા બીજા કોઈ કારણસર સચિત આહારનો ત્યાગ કરતા નથી.

ચોથી પ્રતિમા સુધીના શ્રાવક રાત્રિભોજન કરતા નથી. બાર વ્રત (બીજી પ્રતિમામાં)ની સાથે પણ રાતિભોજનનો ત્યાગ હોય છે, પરંતુ પ્રમાદથી કે પૂર્વ અભ્યાસથી નીચે પ્રમાણેની રાત્રિભોજનના નિયમનો ભંગ કરવાનો સંભવ રહે છે—

(૧) પ્રકાશ આવતો ન હોય તેવી અંધકારવાળી જગ્યામાં ભોજન કરે તો તેને રાત્રિભોજન માનેલ છે.

(૨) રાત્રે ઓડકાર સાથે આહારપાણીનો ઘચરકો આવે અને તેને ગળી જાય તેને પણ રાત્રિભોજન માન્યું છે.

(૩) સ્વપ્નમાં ભોજન કરવાને પણ રાત્રિભોજન માનેલ છે.

(૪) રાત્રે મનમાં એવું ચિંતન કરે કે કાલે અમુક ભોજન કરીશ તો તે પણ રાત્રિભોજનનો ભાંગો ગણાય.

પરંતુ હવે આ પાંચમી પ્રતિમામાં આત્મા સાવધાનીપૂર્વક કોઈ પ્રકારનું રાત્રિભોજન ન કરે.

## છઠ્ઠી
## સચિત્ત ત્યાગ પ્રતિમા

આગળની સર્વ પ્રતિમાઓના નિયમો પાળવાની સાથે હવે વિશેષ

નિયમ લીએ છે કે સચિત્ત પદાર્થ ખાવા નહિ. અશન, પાન, ખાદ્ય અને સ્વાદ્ય એ ચાર પ્રકારના સચિત્ત આહારનો ત્યાગ કરે છે.

અશનમાં ચણા આદિ તથા અપકવ અને દુષ્પકવ ઔષધિ આદિ, પાન (પીવા)માં સચિત્ત જળ તથા તત્કાળમાં નાખેલું સચિત્ત મીઠું આદિથી મિશ્રિત જળ, ખાદ્યમાં કાકડી, તરબૂચ, ચીભડાં વગેરે, સ્વાદ્યમાં દાતણ, તાંબૂલ, હરડે આદિ આહાર, સચિત્ત આહાર કહેવાય છે.

કાચું પાણી, કાચું શાક, વનસ્પતિ વગેરે ન ખાય. પ્રાશુક કે ગરમ પાણી પીએ. સુકી, પાકી, ગરમ કરેલી કે છિન્નભિન્ન કરેલી વનસ્પતિ વાપરે, પાણીનો રંગ લવીંગ આદિ નાખવાથી બદલાઈ જાય છે ત્યારે તે પાણી પ્રાશુક થઈ જાય છે.

ધન્ય છે તેમનાં ઈંદ્રિયજયને કે જેમાં જંતુ પ્રગટ જણાતા નથી એવી સચિત્ત લીલોતરી વનસ્પતિને પ્રાણ જતાં પણ ખાતા નથી.

સચિત્તના વ્યવહારનો તેને ત્યાગ નથી.

## સાતમી
## બ્રહ્મચર્ય પ્રતિમા

આગળની સર્વ પ્રતિમા નિયમપૂર્વક શુદ્ધ રીતે નિરતિચારપણે પાળવાની સાથે હવે તેનું મન સારી રીતે તેના કાબૂમાં આવી જાય છે એટલે હવે મોહનો વિજય કરીને તે દિવસે તથા રાત્રે અખંડ સંપૂર્ણ બ્રહ્મચર્ય પાળવાનો નિયમ લીએ છે. સ્વપત્ની સાથેનો પણ સંભોગ ત્યાગીને તે નવકોટિએ બ્રહ્મચારી થઈ જાય છે.

બ્રહ્મચર્યમાં ચિત્તની સ્થિરતા માટે સ્ત્રીકથા, કામકથા વગેરે કામોત્તેજક શૃંગારી વાર્તાલાપ ન કરે કે તેવી વાર્તાની અથવા એવી બીજી ચોપડી ન વાંચે તથા બ્રહ્મચર્યની નવ વાડો ચીવટથી પાળે.

આપ્ત વચન છે કે આત્મા અનંત શક્તિનો ધણી છે તે વાસ્તવિક છે. પોતાના સ્વરૂપમાં લીન બનેલો આત્મા જ ત્રણ જગતને

જીતનારા કામને જીતે છે. બ્રહ્મચારી કામને વશ કરે છે એ આત્માની અનંત શક્તિનો પુરાવો છે.

બ્રહ્મ એટલે આત્મધર્મ, તેમાં ચર્ય એટલે ચરવું અથવા રમણ કરવું. આત્માનું આત્મા સાથે રમણ કરવું તે બ્રહ્મચર્ય અને આત્માએ અન્ય સાથે જોડાઈ ક્રિયા કરવી તે મૈથુન ક્રિયા છે. આત્મધર્મથી ભિન્ન પદાર્થ, પુદ્ગળ પર્યાયમાં રમણ કરવાને પણ આધ્યાત્મિક શાસ્ત્રમાં અબ્રહ્મ સેવન માનેલ છે.

અમારા "દશ લક્ષણ ધર્મ" પુસ્તકમાંનું બ્રહ્મચર્યનું પ્રકરણ પણ આની સાથે વાંચી જવું.

## આઠમી
## આરંભ ત્યાગ પ્રતિમા

આગલી સર્વ પ્રતિમાઓના નિયમો બરાબર પાળતા રહીને આ પ્રતિમામાં સર્વ લૌકિક આરંભ વ્યાપાર, કારખાના, ખેતી આદિ ત્યાગી દીએ છે. આરંભી હિંસાથી વિરક્ત થઈ જાય છે.

જમીન ઉપર જોઈને ચાલે છે. વાહનોનો ઉપયોગ કરતા નથી. નિમંત્રણ મળે ત્યાં ભોજન કરી લીએ છે. પરમ સંતોષી થઈ રહે છે.

ખેતી, વેપાર આદિ સર્વ પ્રકારના આરંભ પ્રાણી હિંસાના કારણ હોવાથી મન, વચન, કાયા એ ત્રણ પ્રકારે કરતા નથી પણ પુત્ર, ભૃત્ય નોકર વગેરે પાસે આરંભ કરાવવાનો ત્યાગ કરતા નથી.

આ આઠમી પ્રતિમામાં પોતે કરેલા આરંભનો જ ત્યાગ થાય છે. પ્રેષ્યારંભનો એટલે બીજા પાસે આરંભ કરાવવાનો ત્યાગ કરાતો નથી, પણ પ્રેષ્યારંભ એવા પ્રકારનો હોવો જોઈએ કે તેમાં આત્માનું તીવ્ર પરિણામ ન હોય, તે પણ જીવનનિર્વાહનો બીજો ઉપાય ન હોવાના

કારણે જ મંદ, મંદતર પરિણામથી અપ્રત્યાખ્યાન છે. તેમાં પણ પોતાને માટે કે બીજાને માટે આરંભમાં પ્રવૃત્ત થયેલા પ્રેષ્યને પ્રેરણા કરે પરંતુ પોતાને માટે નવો આરંભ ન કરાવે.

સ્વયંકૃત આરંભ મહારંભ હોવાના કારણે જ ત્રિવિધ કારણોમાં ભગવાને તેને જ પ્રથમ કહ્યો છે. અને તેના ફળનો ઉપભોગ પણ કારિત આદિની અપેક્ષાએ અત્યંત કટુ છે.

## નવમી
## પરિગ્રહ ત્યાગ પ્રતિમા

આગલી સર્વ પ્રતિમાઓના નિયમો બરાબર શુદ્ધ રીતે પાળતા રહીને ધૈર્યવાન અને સંતોષી થયેલો તે શ્રાવક ઘર, ખેતર, ધન, ધાન્ય, નાણાં વગેરે માલ મિલ્કતરૂપી આ સર્વ પરિગ્રહ મારો નથી અને હું તેનો નથી એવા સંકલ્પથી તેને તજી દીએ છે. અને જ્ઞાતિજનો, વડીલો તથા સહધર્મીઓની સાક્ષીએ પોતાના પુત્રને અથવા તો તેવા સગોત્ર વારસને બોલાવીને તેને સોંપી દીએ છે.

વળી તે તેના વ્યાપાર આદિ કાર્યોનો ભાર પણ પુત્ર કે વારસને સોંપી દીએ છે. અને લૌકિક સઘળા વ્યવહારોમાંથી નિવૃત્ત થઈને વારંવાર મોક્ષની અભિલાષામાં દઢતા કેળવે છે.

છિન્નભિન્ન કરાયેલા મોહ મમકારરૂપી વાઘના ફરી ઊભા થવાની શંકાવાળા ગૃહસ્થોને માટે આ પરિગ્રહ ત્યાગ ધીમે ધીમે ક્રમથી કરવાનો છે. કારણકે યથાશક્તિ કરેલો આત્માર્થનો પુરુષાર્થ જ સિદ્ધિદાયક થાય છે. શક્તિ ઉપરવટ એકદમ બધું ત્યાગી દીએ તો પછી આર્તરૌદ્ર ધ્યાન થાય તેથી પોતાની શક્તિ અને પરિસ્થિતિ અનુસાર ક્રમથી પણ ત્યાગે. તેમાં વસ્ત્રાદિ જરૂરનાં ઉપકરણ તો મૂર્ચ્છારહિતપણે સર્વસ્વ ત્યાગી ગૃહસ્થ રાખે જ છે.

આ પ્રમાણે એક સાથે કે ક્રમથી સર્વસ્વનો ત્યાગ કરીને પછી મોહથી કરાતા પરાજયને મંદ પાડવા માટે તે બુદ્ધિમાન ગૃહસ્થ ઉદાસીન ભાવથી કેટલોક વખત ઘરમાં રહે કારણકે હજુ પુત્ર આદિ કાંઈ પૂછે તો અનુમતિ આપે એ રૂપ મોહથી કરાતો પરાજય અહિં સૂચવ્યો છે.

જ્યારે પુત્ર વગેરેને તેની સંમતિ અનુમતિની જરૂર ન રહે ત્યારે તે પ્રતિમારી શ્રાવક ઘરથી બહાર ઉપવન, આશ્રમ કે ઉપાશ્રયમાં રહે.

દ્રવ્ય અને ભાવથી એ બન્ને પ્રકારે ઘરમાંથી નીકળી જવા ઇચ્છતો તે શ્રાવક માતાપિતાદિ વડીલો, સ્વજનો તથા પુત્રાદિ સાથે યથાયોગ્ય સંભાષણ કરીને રજા લીએ જેમકે—

હે મારા દેહના જનક જનેતા ! આ મારો આત્મા તમારા વડે ઉત્પન્ન થયો નથી એમ તમે નક્કી માનો તેથી હવે તમારા સંબંધથી મને મુક્ત કરો. આ મારો આત્મા કે જેની જ્ઞાનજ્યોતિ પ્રગટ થઈ છે તે પોતાના અનાદિ જનક–જનેતા એવા શુદ્ધાત્માને પ્રાપ્ત થવા ઇચ્છે છે.

તેવી જ રીતે બાંધવોને કહે છે કે—તમે મારા દેહના બાંધવો છો તે સંબંધથી મને મુક્ત કરો. આ મારો આત્મા કે જેની આત્મ-જ્યોતિ પ્રગટ થઈ છે તે પોતાના અનાદિ બાંધવ એવા શુદ્ધાત્માને પ્રાપ્ત થવા ઇચ્છે છે.

પુત્રને કહે કે—હે પુત્ર ! તું મારા દેહથી ઉત્પન્ન થયો છે, આત્માથી નહિ. માટે દેહના સંબંધથી મને મુક્ત કર આ મારો આત્મા કે જેની જ્ઞાનજ્યોતિ પ્રગટ થઈ છે તે પોતાના શુદ્ધાત્મારૂપ પુત્રને પ્રાપ્ત થવા ઇચ્છે છે.

પત્નીને કહે છે કે—હે મારા શરીરને રમણ કરાવનાર સ્ત્રી ! તારો સંબંધ મારા દેહ સાથે છે, આત્મા સાથે નહિ. એ દેહના

સંબંધથી મને મુક્ત કર. હું શુદ્ધાત્માની અનુભૂતિરૂપ રમણીને હવે પ્રાપ્ત કરવા ઇચ્છું છું.

એ રીતે સર્વ ઐહિક સંબંધોને ત્યાગે.

આણંદ શ્રાવકે તો પરિગ્રહ ત્યાગીને પછી જ પ્રતિમા ધારણ કરવાની શરૂઆત કરી હતી. એટલે આણંદ શ્રાવક પ્રતિમાની શરૂઆતથીજ પૌષધશાળામાં રહેતા હતા. પરંતુ જેઓએ તે પ્રમાણે ન કર્યું હોય તેઓ છેવટ હવે પૌષધશાળા કે ઉપાશ્રયમાં રહેવાનું રાખે છે.

## દશમી
## અનુમતિ ત્યાગ પ્રતિમા

### આ પ્રતિમાને ભૃતક ત્યાગ પ્રતિમા પણ કહે છે.

આગળની નવેય પ્રતિમાના નિયમો શુદ્ધ રીતે નિરતિચારપણે પાળવાની સાથે હવે તે પુત્ર, ભૃત્ય ( નોકર ) કે અન્ય માણસ મારફત પણ પરિગ્રહ કે આરંભ કરાવવાનો ત્યાગ કરે છે. તેમજ તે પોતાના વ્યાપાર વગેરેને અંગે પણ નોકર આદિ બીજાની મારફત આરંભ કરાવવાનો ત્યાગ કરે છે. વળી તે વિવાહ આદિ સંસારનાં લૌકિક કાર્યોમાં ગુણ કે દોષ બતાવતો અને પોતાની સંમતિ અનુમતિ આપતો. પણ હવે તે સાંસારિક કાર્યોની સંમતિ અનુમતિ દેવાનું પણ ત્યાગી દીએ છે.

ઉપાશ્રય કે બીજા કોઈ પણ એકાંત સ્થાનમાં રહી તે સ્વાધ્યાય આદિમાં કાળ ગાળે. અને આમંત્રણથી પોતાને ઘેર કે બીજાને ઘેર જઈને જમે પણ ઘર સબંધી કોઈ પણ કાર્યમાં અનુમોદન આપે નહિ.

નિમંત્રણ હોય ત્યાં ભોજન કરવા જાય છે પણ તે વિચારે છે કે ભોજન દેહને ટકાવવા માટે છે અને મુમુક્ષુઓ ધર્મની સિદ્ધિ અર્થે

દેહને ટકાવવા ઇચ્છે છે. પણ હું સાવદ્યયુક્ત ઉદ્દિષ્ટ આહાર કરનાર છું તો મને સિદ્ધિ કેવી રીતે થાય? ક્યારે હું ભિક્ષારૂપ અમૃત ભોજન કરીશ? એ પ્રમાણે નિમંત્રણથી જમવા જવાનો ત્યાગ કરવાની ભાવના ભાવે.

## અગીઆરમી
## ઉદ્દિષ્ટ ત્યાગ પ્રતિમા

આની અંદર **શ્રમણભૂત પ્રતિમાનો સમાવેશ થઈ** જાય છે.

આગળની સર્વ પ્રતિમાઓના નિયમો બરાબર શુદ્ધ રીતે નિરતિચારપણે પાળતા રહેવાથી તેનું મન સારી રીતે કેળવાયું હોય છે, દઢ થયું હોય છે. તેથી હવે તે મનને સાધુ ધર્મમાં કેળવવા માટે અને આત્માની વિશેષ શુદ્ધિ સાધવા માટે મુખ્યત્વે સાધુના આચાર સ્વીકારે છે.

હવે તે નિમંત્રણથી ભોજન કરતા નથી. કારણકે તેથી ભોજનના આરંભનો દોષ લાગે છે, અને આ પ્રતિમામાં તો શ્રાવક ભોજનના આરંભનો ત્યાગ કરે છે. પ્રતિમાધારી શ્રાવકને ઉદ્દેશીને અથવા તેને માટે બનાવ્યું ન હોય પણ ગૃહસ્થીએ પોતાના કુટુંબ માટે તૈયાર કર્યું હોય તેવું ભોજન ભિક્ષાવૃત્તિથી લીએ છે.

પોતાને ઉદ્દેશીને ભોજન બનાવેલું હોય તે ભોજન તે સ્વીકારતા નથી તેથી આ પ્રતિમાને ઉદ્દિષ્ટ ત્યાગ પ્રતિમા કહે છે.

આ પ્રતિમામામાં તેણે નિયમ લીધો હોય તે પ્રમાણે તે એક જ ઘરની ભીક્ષા લીએ અથવા તે એક કરતાં વધારે ઘરની ગૌચરી માફક ભિક્ષા લઈ શકે. એક જ ઘરની ભિક્ષા લેવાનો નિયમ હોય એવા પ્રતિમાધારી શ્રાવક જે ઘેર ભિક્ષા લેવા જાય તે ઘેર પહેલાં મુનિ ભિક્ષા લેવા આવેલા હોય તો તે મુનિ ભિક્ષા લઈ રહે પછી પાછળથી જાય

અથવા બીજા ઘેર જાય. એ રીતે યોગ્ય હોય તે એક જ ઘરની ભિક્ષા લીએ. ભોજન ન મળે તો અવશ્ય ઉપવાસ કરે.

આ પ્રતિમાધારી શ્રાવક સાધુ જેવા હોય છે પણ તેમને હજુ જ્ઞાતિવર્ગનો વ્યવચ્છેદ હોતો નથી તેથી તે સ્વજ્ઞાતિમાં જ ભિક્ષાવૃત્તિને માટે જાય છે.

ભિક્ષા માટે શ્રાવકને ત્યાં જતાં તેને કોઈ સાધુ ધારી ન લીએ (કારણકે તે આ પ્રતિમામાં સાધુવેષ ધારણ કરે છે) માટે અથવા સાધુ જેવો આચાર પાળવાથી કોઈ ભ્રમમાં ન પડે એટલા માટે "પ્રતિમાધારી શ્રાવકને ભિક્ષા આપો" એમ કહીને ભિક્ષા લીએ. કોઈનો પૂછવાથી સ્પષ્ટ કહે કે "હું સાધુ નથી. હું તો પ્રતિમાધારી શ્રાવક છું."

આ પ્રતિમાધારી સાધુ જેવા આચાર અને વેશ, વસ્ત્ર, પાત્ર, મુહપત્તિ, રજોહરણ, ચાદર, ચોલપટ્ટો, શય્યા, સંસ્તારક વગેરે ધારણ કરીને શ્રમણ નિર્ગ્રંથોના આચાર પ્રમાણે વર્તે છે. ચાલતાં સૂક્ષ્મ જીવોને જોઈને તેની રક્ષા કરતા ચાલે છે. બેસવા પ્રવેશવા આદિના સ્થાનમાં રજોહરણથી જમીન વગેરેને પ્રમાર્જે માથાના, દાઢીના, મૂછ વગેરેના વાળનો લોચ કરે અથવા કાતર કે અસ્ત્રાથી પોતે ઉતારે અથવા બીજા પાસે ઉતરાવે.

તે મહિનામાં બે આઠમ, પૂનમ અને અમાસ એ ચાર પર્વના દિવસ ચાર પ્રકારના આહારનો ત્યાગ કરી ઉપવાસ કરે. બની શકતા બીજાં બાહ્ય તથા આભ્યંતર તપ આચરે. ત્યાં સાધુ મુનિરાજ બિરાજતા હોય તો તેમની સેવા વૈયાવૃત્ય કરે.

તે આધ્યાત્મિક વિષયોનો સ્વાધ્યાય પોતાની ઉત્કૃષ્ટ શકિતપર્યંત કરે. અનિત્યાદિ બાર ભાવના અને પ્રમોદ આદિ ચાર ભાવના ભાવે.

રાત્રે થોડી નિદ્રા સિવાય પ્રમાદ કે આળસનું સેવન કરતા નથી. સ્વાધ્યાય, ધ્યાન, મૌન આદિ ધર્મધ્યાનમાં જ સમય વ્યતીત કરે છે.

આ પ્રતિમાધારી શ્રાવક ભૂમિ વગેરેમાં દાટેલું, કોઈને ત્યાં મૂકેલું કે અમુક પ્રકારે ગુપ્ત રીતે સંગ્રહ કરેલું વગેરે ધન્યધન્ય લેણુંદેણું ઇત્યાદિ પોતે જાણતો હોય અને કુટુંબી આદિ તેને તે બાબતમાં પૂછે તો તે જાણતો હોય તે પ્રમાણે માત્ર તેને જણાવે. ન જાણતો હોય તો 'હું જાણતો નથી' એમ કહે. જાણવા છતાં ન કહે તો તેઓની આજીવિકામાં અંતરાય પડે.

## ઉપસંહાર

આવી રીતે આ અગીઆર શ્રેણીએ, પ્રતિમા દ્વારા ઉન્નતિ કરતાં કરતાં તે શ્રાવક નિરાકુળતાને પામીને અધિક અધિક નિશ્ચય સમ્યક્ ચારિત્રરૂપ સ્વાનુભવનો અભ્યાસ કરે છે.

પાંચમી પ્રતિમામાં અનંતાનુબંધી અને અપ્રત્યાખ્યાન કષાયો તો રહેતા જ નથી. અને પ્રખ્યાત કષાયોનો પણ ઉદય મંદ મંદ થતો જાય છે. અગીઆરમી શ્રેણીમાં અતિ મંદ થઈ જાય છે. જેટલા જેટલા કષાય ઓછા થાય છે. અને વીતરાગ ભાવ વધતો જાય છે, તેટલું તેટલું નિશ્ચય સમ્યક્ચારિત્ર પ્રગટ થતું જાય છે.

પછી પ્રત્યાખ્યાન કષાયના ઉદયને બિલકુલ જીતીને સાધુપદમાં પરિગ્રહ ત્યાગીને નિર્ગ્રંથ થઈ સ્વાનુભવનો અભ્યાસ કરતાં કરતાં ગુણ-સ્થાનના ક્રમથી અરિહંત થઈ પછી ગુણસ્થાનથી બહાર સિદ્ધ પરમાત્મા થઈ જાય છે.

માટે પ્રતિમાનો કાળ પૂરો થતાં શકિત હોય તો દીક્ષા લેવી, શકિત ન હોય તો શેષ જીવનમાં શ્રાવક યોગ્ય ધર્મકરણી કરવી અથવા

ફરીથી પ્રતિમા ધારણ કરી માનવભવ સફળ કરવો. એમ કરવાથી આત્મસિદ્ધિ પ્રાપ્ત થાય છે.

એક વાત ખાસ ધ્યાનમાં રાખવાની કે પ્રતિમાવ્રત લીધા પછી પ્રાણ જતાં પણ વ્રત ભાંગવું યોગ્ય નથી. કારણ કે પ્રાણ નાશથી તો તે ક્ષણે જ દુઃખ થાય પરંતુ વ્રતભંગથી તો ભવોભવ દુઃખ થાય છે. બુદ્ધિપૂર્વક જાણી જોઈને વ્રતભંગ કરવાથી સમ્યક્ત્વની પણ વિરાધના થતાં અનંત સંસારીપણું થાય છે એમ આગમમાં કહેલું છે.

સંસારી જીવોને ધર્મ જેવો કોઈ મિત્ર નથી અને અધર્મ જેવો કોઈ શત્રુ નથી એમ હમેશાં વિચારતો શ્રાવક રાગદ્વેષરૂપ સંકલેશવાળો થતો નથી.

# ૨

# પંચ લબ્ધિ

લેખક

**બ્રહ્મચારી શ્રી મૂળશંકર દેસાઈ**

*

જીવમાં પાંચ પ્રકારના ભાવ થાય છે તેને પંચલબ્ધિ કહે છે. એ પાંચ પ્રકારના ભાવોના નામ આ પ્રમાણે છે—

( ૧ ) ક્ષયોપશમ લબ્ધિ

( ૨ ) વિશુદ્ધિ લબ્ધિ

( ૩ ) દેશના લબ્ધિ

( ૪ ) પ્રાયોગ્ય લબ્ધિ

( ૫ ) કરણ લબ્ધિ

જે સમયે જીવમાં કરણલબ્ધિરૂપ ભાવ પ્રગટ થાય છે ત્યારે જીવમાં નિયમાનુસાર સમ્યગ્દર્શન રૂપની અવસ્થા પ્રગટ થાય છે. કરણલબ્ધિરૂપ ભાવમાં આત્મા કદી નીચે પડતો નથી. નિયમથી તેના ભાવ વધતાં વધતાં સમ્યગ્દર્શનરૂપ અવસ્થાને પ્રાપ્ત થાય છે.

ત્યારે હવે આપણે એ જોવું જોઈએ કે એ પાંચ પ્રકારના ભાવોમાંથી આત્મામાં કેટલા ભાવોની પ્રાપ્તિ થઈ છે? અને બાકીના ભાવોની પ્રાપ્તિને માટે આત્માએ પુરુષાર્થ કરવો જોઈએ એ જ તેનું પ્રથમ કર્તવ્ય છે.

## ક્ષયોપશમ લબ્ધિ

જે શક્તિદ્વારા આત્મા પોતાનું ભલું બુરૂં, હિત અહિત, કલ્યાણ અકલ્યાણ તથા સુખ દુઃખનું જ્ઞાન કરે તે શક્તિનું નામ **ક્ષયોપશમ લબ્ધિ** છે.

શાસ્ત્રીય ભાષામાં એમ કહી શકાય કે જો આત્માને મનઃપર્યાપ્તિની પ્રાપ્તિ થઈ જાય, દશ પ્રાણ પ્રાપ્તિ થઈ જાવ અથવા જો તે સંજ્ઞી પંચેન્દ્રિય હોય તો તેને શયોપશમ લબ્ધિની પ્રાપ્તિ થઈ ગઈ છે એમ સમજવું જોઈએ.

એવા આત્માની આઠ વર્ષની અવસ્થા થઈ જાય ત્યારે તે પોતાનો કલ્યાણમાર્ગ ગ્રહણ કરવા ચાહે તો ગ્રહણ કરી શકે છે.

જેમ ધનનો ભોગમાં ઉપયોગ કરે કે દાનમાં ઉપયોગ કરે છે તે આત્માના વિચારો ઉપર અવલંબિત છે. તેમ આ ક્ષયોપશમ રૂપ: જ્ઞાનને પાંચ ઇંદ્રિયોના વિષયમાં લગાડવું કે કલ્યાણના માર્ગમાં લગાડવું તે આત્માના વર્તમાન પુરુષાર્થ ઉપર અવલંબિત છે.

તેમાં કર્મનો દોષ કાઢવો તે મૂર્ખતા છે એ દોષ કર્મનો નથી પરંતુ આત્માનો જ દોષ છે. એવા જ્ઞાનની પ્રાપ્તિને જ ક્ષયોપશમ લબ્ધિ કહે છે

## વિશુદ્ધિ લબ્ધિ

જ્યારે આત્મામાં શારીરિક દુઃખની અવસ્થા થાય છે અથવા સ્મશાન વૈરાગ્ય ચિંતવન થાય છે ત્યારે તે વિચારે છે કે—આ જન્મ મરણ કેમ થઈ રહ્યા છે? જીવને સુખી અથવા દુઃખી કોણ બનાવે છે? કોઈ જીવ ધનવાન અને કોઈ નિર્ધન કેમ હોય છે? હું કોણ છું? આ સંસારમાં મારૂં આવવું કેમ થયું? કયા કારણથી-કાર્યથી મારૂં આવવાનું થયું?—ઇત્યાદિ વિચાર કરે છે.

ત્યારે યથાર્થ વાત બુદ્ધિમાં નહિ આવવાથી શાસ્ત્ર સ્વાધ્યાય, દેવદર્શન કરવાની ભાવના થાય છે. રૂઢી અનુસાર વીતરાગ જિનબિંબનું દર્શન કરવાને જાય છે. તો પણ તે યથાર્થ દર્શન તો કયારેય પણ કરી શકતો નથી. યથાર્થ દર્શન એક વાર પણ થઈ જાય તો નિયમથી તે જીવ પોતાના કલ્યાણના માર્ગ પર આવી જાય.

પરંતુ માત્ર રૂઢીમાં ફસેલા આત્મા વિશેષ વિચાર પણ નથી કરતો કે આટલા વર્ષથી દેવદર્શન અને ભક્તિ કરવા છતાં પણ મારા આત્મામાં શાંતિ કેમ નથી આવતી? દેવદર્શનથી નિયમથી શાંતિ મળવી જોઈએ. તો પણ તે રૂઢીથી વર્ષો વ્યતીત કરી રહેલ છે.

જો યથાર્થ આત્મશાંતિને માટે દેવદર્શન અને ભક્તિ કરતો હોય તો નિયમથી તે જીવ વિચાર કરત કે ભક્તિ કરવા છતાં પણ શાંતિની ગંધેય નથી આવતી તેથી સમજાય છે કે ભક્તિમાં ખરેખર કંઈક ગલતી-ભૂલ રહી જાય છે, એવો વિચાર કરીને તે પોતાની ગલતી-ભૂલ સુધારવાની ચેષ્ટા કરે છે. જો ભૂલ સુધારીને એક વાર પણ સાચા લક્ષથી દેવના દર્શન કરવામાં આવે તો જરૂર જીવ મોક્ષના માર્ગ પર આવી જાય.

## સિંહના બચ્ચાનું દૃષ્ટાંત

એક ભરવાડ હતો. તેની પાસે ઘણી બકરીઓનું જૂથ હતું. તે જંગલમાં રહેતો હતો. એક દિવસ તે ભરવાડને જંગલમાં તરતનું જન્મેલું સિંહનું બચ્ચું મળી ગયું. તે સિંહના બચ્ચાને ઉઠાવીને તેણે પોતાની બકરીઓના ટોળામાં રાખી લીધું.

સિંહના બચ્ચાને જ્ઞાન નથી કે હું કોણ છું? તે પોતાનો ચહેરો તો જોઈ શકતું નહોતું પણ તે બકરીઓના ચહેરા જોતું હતું. તેથી તે માનતું હતું કે તે બકરીનું બચ્ચું છે અને એ માન્યતાથી તે બકરીના ટોળામાં રહેવા લાગ્યું. તે બકરીનું દૂધ પીતું હતું, તેની સાથે નાચતું, કૂદતું, રમતું હતું.

એમ કરતાં કરતાં સિંહનું બચ્ચું એક મહિનાનું થયું. એક દિવસ તરસ લાગતાં અચાનક તે નદી કિનારે ચાલ્યું ગયું. તે વખતે પાણી એકદમ શાંત હતું તેથી પાણી પીતાં પીતાં તેણે પોતાનો ચહેરો જોયો. તરત તેને વિચાર થયો કે બકરીઓથી તેનો ચહેરો જુદો છે. તેને લાગ્યું કે તેની જાત બકરીની નથી.

પાણી પીને તે બકરીના ટોળામાં આવી ગયું. બકરી સાથે તે રહેતું હતું પણ અંતરમાં તેને શંકા હતી કે તે તેની જાતનું નથી. એમ કરતાં બચ્ચું બે માસનું થઈ ગયું ત્યારે એક દિવસ જંગલનો મોટો સિંહ શિકાર માટે તે બકરીઓના ટોળા પાસે આવી ગયો અને તેણે સિંહનાદ કર્યો.

સિંહની ગર્જના સાંભળીને બધી બકરીઓ ભાગી ગઈ. બકરીઓને ભાગતી જોઈ સિંહનું બચ્ચું પણ ભાગવા લાગ્યું. પણ ભાગતાં ભાગતાં તેણે પાછળ નજર કરી તો મોટા સિંહને જોયો. તેને જોતાં જ તે સમજી ગયું કે આ તો મારી જાતિનો જ છે. તો પછી હું શા માટે ભાગું? એમ વિચારીને તે ઊભો રહી ગયો.

પછી તેણે પણ સિંહનાદ કર્યો. બચ્ચાનો અવાજ સાંભળીને મોટા સિંહે વિચાર્યું કે એ ટોળામાં તો મારી જાતનો જ સિંહ છે તેથી હું તેનો શિકાર નથી કરી શકતો. એમ વિચારીને સિંહ ચાલ્યો ગયો. સિંહનું બચ્ચું પણ બકરાંનું ટોળું છોડીને જંગલમાં પોતાના સ્વભાવ પ્રમાણે એકલું રહેવાને ચાલ્યું ગયું.

આ તો દૃષ્ટાંત છે.

પણ એ પ્રમાણે જીવ એક વાર દેવનાં દર્શન કરીને વિચાર કરે કે "હું પુદ્દગળની જાતિનો નથી. હું ચૈતન્ય સ્વભાવનો છું. મારા સ્વભાવમાં, મારી જાતિમાં અને દેવની જાતિમાં જરા પણ ફરક નથી." આટલો જ વિચાર કરે તો આ જીવ જે અનાદિથી પુદ્દગળરૂપી ઢાંચાને

(શરીરને) જ પોતાનું સ્વરૂપ ભૂલથી માની બેઠો છે તે જીવ જ્ઞાન પ્રાપ્ત થવાથી જરૂર માનવા લાગશે કે હું શરીર નથી પરંતુ જ્ઞાયક સ્વભાવી આત્મા છું.

જ્યારે શરીરને પોતાનું નહિ માને તો પછી તે કેમ માનશે કે હું મનુષ્ય છું. અથવા સ્ત્રી છું કે બાળક છું? એકવાર પોતાની જાતિનું યથાર્થ જ્ઞાન થઈ જાય તો પછી જીવ જે શરીરને પોતાનું માનીને દુઃખી થઈ રહ્યો છે તેનાથી ઉદાસીન થઈને પોતાનામાં જ પોતાપણાની બુદ્ધિ કરીને પોતાના કલ્યાણ માર્ગ પર આવી જશે.

પરંતુ એટલો વિવેક નહિ હોવાના કારણે માત્ર થોડોક શાસ્ત્રાઅભ્યાસ કરીને દિવસ વ્યતીત કરી રહેલ છે. જ્યારે જીવમાં પોતાનું કલ્યાણ કરવાની તીવ્ર ભાવના જાગૃત થઈ જાય છે ત્યારે તેને શસ્ત્રજ્ઞાન હોવાથી તે વિચાર કરે છે કે મારું કલ્યાણ નિયમથી સત્પુરુષદ્વારા જ થઈ શકે છે.

ત્યાર પછી તે જીવ નિસ્પૃહી સત્પુરુષ નિર્ગ્રંથ ગુરુની શોધમાં નીકળી જંગલમાં જ જશે કારણ કે શસ્ત્રજ્ઞાનથી તેને માલુમ છે કે નિસ્પૃહી ગુરુ જંગલમાં જ રહે છે.

આ પ્રમાણે પોતાનો આત્મા જ પોતાનું કલ્યાણ કરવાના ભાવની સાથે ગુરુની પાસે જવાના ભાવ પણ થયા છે તે ભાવનું નામ **વિશુદ્ધિલબ્ધિ** છે.

હવે વિચારવાનું એ છે કે એવા ભાવ મારા આત્મામાં થયા છે કે નહિ. જો ન થયા હોય તો માનવું જોઈએ કે હજી મારા આત્મામાં વિશુદ્ધિ લબ્ધિરૂપ ભાવ થયા નથી. તેથી એ ભાવ પ્રાપ્ત કરવા માટે પુરૂષાર્થ કરવો જોઈએ.

## દેશના લબ્ધિ

સંસારથી ભયભીત થયેલો આત્મા આત્મ-કલ્યાણની ભાવનાથી પ્રેરાઈને પોતાનો કલ્યાણનો માર્ગ જાણતો નહિ હોવાથી, બુદ્ધિપૂર્વક પરીક્ષા

કરીને શ્રી ગુરુના ચરણમાં વિનય અને ભક્તિપુર્વક પડીને પ્રાર્થના કરે છે—હે પ્રભુ ! મારા આત્માનું કલ્યાણ કેમ થાય ?

એવા મુમુક્ષુ પ્રાણી સાંસારિક વિષય સુખની વાંચ્છા કરતા નથી. તેમ જ સાંસારિક પદાર્થોની પ્રાપ્તિને માટે એક પણ પ્રશ્ન કરતા નથી. ધનની પ્રાપ્તિ કેમ થાય, પુત્રની પ્રાપ્તિ કેમ થાય, મુકદ્દમો કેમ જીતું એવી વાંચ્છા તો તેમને હોતી જ નથી. તેને તો એકમાત્ર ભાવના છે કે મારા આત્માનું કલ્યાણ કેમ થાય ?

એ જીવની એવી જિજ્ઞાસા અને વિનય જોઈને શ્રી ગુરુ તેને કલ્યાણનો માર્ગ બતાવે છે કે—

હે ભવ્ય ! કલ્યાણનો માર્ગ આ છે, આગમદ્વારા છ દ્રવ્ય, સાત અથવા નવ તત્ત્વ, ભાવકર્મ તથા નો–કર્મનું યથાર્થ સ્વરૂપ સમજી લેવું એજ સૌથી પહેલું આત્માનું કર્તવ્ય છે, **યથાર્થ જ્ઞાનની પ્રાપ્તિ વિના ક્રિયાકાંડમાં ફસી જવું અથવા વ્યવહાર તપ નિયમ ત્યાગમાં ફસી જવું એ મોક્ષ માર્ગમા લઈ જનારો માર્ગ નથી. કારણ કે જ્ઞાન કર્યા વિના ત્યાગ શેનો કરશો ? ત્યાગ તો કષાયનો કરવો જોઈએ પરંતુ અજ્ઞાનમાં જીવ વિષય સામગ્રીનો ત્યાગ કરીને જ પોતાને ધર્માત્મા માનીને ચારેય ગતિનું પાત્ર બની જાય છે.**

મોક્ષની ચાહનાવાળા જીવે નય નિક્ષેપ તથા અનુયોગનું યથાર્થ જ્ઞાન પ્રાપ્ત કરીને રાગદ્વેષની નિવૃત્તિ કરવી એ એક માત્ર મોક્ષનો માર્ગ છે. મોક્ષનો બીજો કોઈ માર્ગ નથી.

શાસ્ત્રોમાં મોક્ષના બે માર્ગ બતાવ્યા છે – ( ૧ ) નિશ્ચય મોક્ષમાર્ગ અને ( ૨ ) વ્યવહાર મોક્ષમાર્ગ.

નિશ્ચય મોક્ષમાર્ગ વીતરાગભાવનું જ નામ છે અને વ્યવહાર મોક્ષમાર્ગ અપૂર્ણ અવસ્થામા જે વીતરાગ ભાવની પ્રાપ્તિ થઈ છે તેની

સાથે જે પુણ્યભાવ છે તે પુણ્યભાવને વ્યવહાર મોક્ષમાર્ગ કહેવામાં આવે છે.

પરંતુ વ્યવહાર મોક્ષમાર્ગને જ વળગી રહેવામાં આવે તો નિશ્ચય મોક્ષમાર્ગનો ઘાત કરવાવાળો છે. એવું જાણીને વ્યવહાર મોક્ષમાર્ગનો એટલે પુણ્ય ભાવનો અભાવ કરતાં કરતાં નિશ્ચય મોક્ષમાર્ગમાં આરૂઢ થવું તે યથાર્થ મોક્ષમાર્ગ છે. પરંતુ પુણ્યભાવ કરતાં કરતાં એની મેળે નિશ્ચય મોક્ષમાર્ગની પ્રાપ્તિ થશે એવી ભાવના ન કરવી. વ્યવહાર મોક્ષમાર્ગનો અભાવ કરવાથી જ તે નિશ્ચય મોક્ષમાર્ગનું કારણ થાય એમ સમજવું જોઈએ.

**ભાવકર્મ**—આત્મામાં રાગ દ્વેષ મોહ આદિ જે પરિણામ થાય છે તે પરિણામનું નામ ભાવકર્મ છે. રાગ આદિક પર–દ્રવ્યના આલંબન વિના થતાં જ નથી. રાગાદિક જો પર–દ્રવ્યના આલંબન વિના થાય છે એમ માનવામાં આવે તો રાગાદિક આત્માના સ્વભાવ ભાવ થઈ જાય છે અને સ્વભાવ ભાવ હોવાથી સ્વભાવનો નાશ થતો નથી. તેથી મોક્ષનો પણ અભાવ થઈ જાય છે.

આથી સિદ્ધ થયું કે રાગાદિક આત્માના સ્વભાવ ભાવ નથી, પરંતુ ઔપાધિક વિભાવભાવ છે. અને વિભાવભાવ નિયમથી પરના અવલંબનથી જ થાય છે. રાગાદિકનો ઉપાદાન કર્તા આત્મા જ છે અને રાગાદિક થવામાં પર–દ્રવ્ય જ નિમિત્ત છે.

નિમિત્ત બે પ્રકારના છે—(૧) જ્ઞેયનું નિમિત્ત અને (૨) રાગાદિક નિમિત્ત, જ્ઞેયના નિમિત્તનું નામ નોકર્મ કહેવાય છે અને રાગાદિકના નિમિત્તનું નામ દ્રવ્ય કર્મ કહેવાય.

સંસારમાં જ્ઞેય ન હોય અને જ્ઞાનનો પર્યાય થઈ જાય એમ કદી પણ બની શકતું નથી. જ્ઞેય કારણ છે અને જ્ઞાનનો પર્યાય કાર્ય છે. પ્રથમ કારણ હોય છે પછી જ કાર્ય થાય છે. કાર્ય થયા પછી જ

કારણનો સ્વીકાર કરવો તે ઉચિત માર્ગ નથી. કારણ કે નિયમ એવો છે કે કારણ વિના કાર્યની ઉત્પત્તિ થતી નથી.

જ્ઞેય પદાર્થ રાગાદિકનું કારણ નથી પરંતુ આત્મા જ્ઞેયને જ્ઞેય રૂપ ન જોતાં, જાણી જોઈને જ્ઞેયને રાગાદિકનું કારણ બનાવી લીએ છે. એ જ આત્માનો અપરાધ છે. આ અપરાધમાં આત્મા જ કસૂરવાન છે પરંતુ જ્ઞેય પદાર્થ કસૂરવાન નથી. આત્મા અપરાધ કરીને જ્ઞેયને નિમિત્ત બનાવી લીએ છે.

એવી અવસ્થામાં આત્મામાં અપરાધ પર્યાય થયા પછી જ જ્ઞેયમાં રાગાદિકના નિમિત્તનો આરોપ આવે છે. જ્ઞેય જ્ઞાયક સંબંધમાં જેવી જ્ઞેયની અવસ્થા છે તેવી જ જ્ઞાનની અવસ્થા થાય છે. પરંતુ જ્ઞેયને રાગાદિકનું નિમિત્ત બનાવાય છે ત્યારે જ્ઞેયમાં રાગાદિક રૂપ અવસ્થા હોતી નથી. પરંતુ માત્ર આત્મામાં જ રાગાદિક રૂપ અવસ્થા હોય છે.

જ્ઞેયને રાગાદિકનું નિમિત્ત બનાવવાના આવા સંબંધનું નામ ઉપાદાન નિમિત્ત સંબંધ છે, એવા ઉપાદાન નિમિત્ત સંપાદનની પ્રધાનતા છે, નિમિત્ત ગૌણ છે. કારણ કે જ્ઞેયને રાગાદિકનું નિમિત્ત બનાવવું કે નહિ તે આત્મા ઉપર જ આધાર રાખે છે. એવી અવસ્થામાં આત્મા સ્વતંત્ર છે.

જેમકે—બે મનુષ્ય બેઠા છે. એટલામાં એક સ્ત્રી તેના સ્વાભાવિક ભાવથી તેમની પાસે આવી રહી હતી. તે સ્ત્રીને જોઈને પહેલા મનુષ્યે પોતાના ભાવમાં વિકાર કર્યો. ત્યારે તે મનુષ્ય કહે છે કે મારા વિકાર ભાવ થવામાં આ સ્ત્રી નિમિત્ત છે. પરંતુ સ્ત્રીમાં નથી વિકાર થયો કે નથી તેણે વિકાર કરાવ્યો.

બીજો મનુષ્ય કહે છે કે સ્ત્રી તો મારા જ્ઞાનની જ્ઞેય વસ્તુ હતી. મેં સ્ત્રીને જોઈ જરૂર છે પણ મને વિકાર કરાવ્યો નથી.

જે મનુષ્યે પોતાના વિકારમાં સ્ત્રીને નિમિત્ત બનાવી તેમાં તે

પુરુષનો અપરાધ છે પરંતુ સ્ત્રીનો અપરાધ નથી. જ્યાં જ્યાં આવા અપરાધ બનાવવામાં આવે ત્યાં ત્યાં તેનું નામ નિમિત્ત ઉપાદાન સંબંધ છે. શાસ્ત્રીય ભાષામાં તેને બુદ્ધિપૂર્વક ઉદીરણા કહેવાય છે. ઉદીરણામાં ઉપાદાનની મુખ્યતા છે કારણ કે તેણે જ જ્ઞેય પદાર્થને નિમિત્ત બનાવી લીધું છે.

બીજા મનુષ્યે તો સ્ત્રીને માત્ર જ્ઞેયરૂપ માની છે. એ સંબંધનું નામ જ્ઞેયજ્ઞાયક સંબંધ છે. જ્ઞેયજ્ઞાયક સંબંધમાં જ્ઞેયની પ્રધાનતા છે, જ્ઞાન ગૌણ છે. કારણ કે જ્ઞેય વિના જ્ઞાન થતું નથી. તેથી જ્ઞેય નિમિત્ત છે. જ્ઞાનનો પર્યાય કાર્ય છે.

જ્ઞેય જ્ઞાયક સંબંધમાં જેવો જ્ઞેય છે તેવો જ જ્ઞાનનો પર્યાય હોય છે. પરંતુ જ્ઞેયને રાગાદિકમાં નિમિત્ત બનાવવામાં આત્મામાં જેવી રાગાદિકરૂપ અવસ્થા થાય છે તેવી, જ્ઞેયને જે નિમિત્ત બનાવેલ છે તેમાં રાગાદિકરૂપ અવસ્થા થતી નથી. એ જ જ્ઞેય જ્ઞાયક અને નિમિત્ત ઉપાદાન સંબંધમાં ફરક છે.

જ્ઞેય જ્ઞાયક સંબંધમાં જ્ઞેય કારણ બનીને આવે છે એટલે પ્રથમ કારણ અને પછી જ્ઞાનરૂપ કાર્ય. પરંતુ નિમિત્ત ઉપાદાન સંબંધમાં જ્ઞેય વિકારનું નિમિત્ત બનીને આવતું નથી. પરંતુ આત્માએ જ્ઞેયને રાગાદિકનુ નિમિત્ત બનાવેલ છે. તેથી તેમાં આત્માનુ પ્રધાનપણું છે.

**દ્રવ્ય કર્મ**—આત્માના રાગાદિકનું નિમિત્ત જોઈને કાર્મણ વર્ગણા, જ્ઞાનાવરણ આદિ આઠ કર્મરૂપ અવસ્થા ધારણ કરે છે તેને દ્રવ્ય કર્મ કહે છે.

દ્રવ્યકર્મ આત્માની એટલે આત્માના ગુણની વિકારી અવસ્થા છે. નોકર્મને ઉપચારથી કારણ બનાવવામાં આવે છે. નોકર્મ જ્ઞેયનું કારણ છે અને દ્રવ્યકર્મ આત્માની વિકારી અવસ્થાનું કારણ છે. દ્રવ્યકર્મની સાથે આત્માનો નિમિત્ત નૈમિત્તિક સબંધ છે. પરંતુ નિમિત્ત ઉપાદાન સંબંધ નથી.

નિમિત્ત નૈમિત્તિક સંબંધમાં નિમિત્તથી પહેલી અવસ્થા થાય છે. પછી નિમિત્તને અનુકૂળ જ નૈમિત્તિકની અવસ્થા થાય છે. નિમિત્ત નૈમિત્તિક સંબંધમાં નિમિત્તનું જ પ્રધાનપણું છે અને નૈમિત્તિક ગૌણ છે. કારણ કે નૈમિત્તિકને નિમિત્તને અનુકૂળ અવસ્થા ધારણ કરવી પડે છે. એ જ નૈમિત્તિકની પરાધિનતા છે.

આત્માની વિકારી અવસ્થામાં દ્રવ્યકર્મ નિમિત્ત છે એમ કહેવું તે ઉપચાર છે, પરંતુ પર્યાય સમયવર્તી છે. એક સમયમાં બે પર્યાય નથી હોતા. તેથી એક સમયના કર્મનો ઉદય જ આત્માના વિકારનું નિમિત્ત છે. બીજા સમયમાં બીજું નિમિત્ત ત્રીજા સમયમાં ત્રીજું નિમિત્ત. ઇત્યાદિ.

કર્મના ઉદયની સાથે આત્માની અવસ્થાનો નિમિત્ત નૈમિત્તિક સંબધ છે, દ્રવ્યકર્મ નિમિત્ત કારણ છે અને આત્માનો વિકારી પર્યાય નૈમિત્તિક પર્યાય કાર્ય છે.

**નોકર્મ**—નોકર્મ આપણા રાગાદિકનું નિમિત્ત નથી પરંતુ તે જ્ઞેયનું નિમિત્ત છે. નોકર્મ વિના રાગાદિક થતા નથી તો પણ નોકર્મ રાગાદિક કરાવતું નથી, નોકર્મને ઉપચારથી રાગાદિકનું નિમિત્ત કહેવાય છે. ખરી રીતે રાગાદિકનું નિમિત્ત દ્રવ્યકર્મ જ છે.

નિમિત્ત ઉપાદાન સંબંધમાં સમ્યગ્દષ્ટિ આત્મા ચારિત્રની અપેક્ષાથી પોતાને રાગાદિકનો કર્તા માને અને નિમિત્ત નૈમિત્તિક સંબંધમાં સમ્યગ્દષ્ટિ આત્મા રાગાદિકના દ્રવ્યકર્મને કર્તા માને છે. કારણ કે સમ્યગ્દષ્ટિ આત્મા રાગાદિક બુદ્ધિપૂર્વક કરવાને ચાહતો નથી પરંતુ કર્મના ઉદયના બળદ્વારા રાગાદિક થઈ જાય છે.

આગમ અનુસાર ઉપદેશ સાંભળવો, તેનું મનન ચિંતન કરીને તેને હૃદયમાં ધારણ કરી રાખવો. એ ધારણાનું નામ દેશના લબ્ધિ છે. કોઈ કારણથી દેશના લબ્ધિ થયા પછી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ ન થઈ અને આયુષ્ય પૂરું થઈ ગયું. પાપના ઉદયથી વખતે નરક આદિ

ગતિમાં પણ જવું પડે તો પણ અને ત્યાં સદ્દેવ, ગુરુ, ધર્મનું બાહ્ય નિમિત્ત ન હોવા છતાં પણ જીવ વેદનાને લીધે વિચાર કરે તો ત્યાં પણ જાતિસ્મરણ જ્ઞાનની પ્રાપ્તિ થઈ જાય છે અને જે વાત પૂર્વભવમાં દેશના લબ્ધિમાં ધારણરૂપ રાખી હતી તે વાત ત્યાં પણ યાદ આવી જાય છે. અને તેના પર વિચાર કરતાં જીવ પોતાના ધારણા જ્ઞાનને નિમિત્ત બનાવીને સાતમી નરક જેવા સ્થાનમાં પણ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરી શકે છે.

આથી સિદ્ધ થાય છે કે **દેશના લબ્ધિ મોક્ષમાર્ગમાં એટલે સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવામાં પ્રધાન કારણ છે.** તેથી એ પણ સિદ્ધ થયું કે આગમદ્વારા તત્ત્વોનો નિર્ણય કરવો એ જ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવામાં પ્રધાન કારણ છે. **તત્ત્વોની બુદ્ધિપૂર્વક શ્રદ્ધા કરવી એ જ આત્માનો પુરૂષાર્થ છે. અને અભ્યંતર નિમિત્ત, દર્શન મોહનીય કર્મનો ક્ષય થવો, ઉપશમ થવો કે ક્ષયોપશમ થવો એ તો અબુદ્ધિપૂર્વક મળી જાય છે, તે મળવાથી આત્મા નિયમથી સમ્યગ્દષ્ટિ બને છે તેમાં સંશય નથી.**

## પ્રાયોગ્ય લબ્ધિ

જ્યારે આત્મામાં દેશના લબ્ધિ પ્રાપ્ત થઈ જાય છે, પદાર્થનું જ્ઞાન થઈ જાય ત્યારે તે જીવને સૌથી પહેલાં માંસ, મદિરા, મધ આદિનું સેવન કરવાનો ભાવ મનુષ્ય પર્યાયમાં સહજ જ છૂટી જાય છે. તેના આચરણમાં એટલો સુધારો તો તે કરી જ લીએ છે. તત્ત્વનું જ્ઞાન થયું હોવાથી તે આત્મા પોતાની મેળે જ પર પદાર્થોથી ઉદાસીન બની જાય છે અને તેનો ઉપયોગ રાગદ્વેષ છોડવા ઉપર આપો આપ આવી જાય છે.

જ્યારે તેની રુચિ ધર્મ તરફ થઈ જાય છે ત્યારે ધર્મરુચિના કારણે તેના પરિણામ એટલા વિશુદ્ધ થઈ જાય છે કે તેના કર્મોની સ્થિતિ લાંબી હતી તે આપોઆપ અંતઃક્રોડાક્રોડીની સાગર પ્રમાણ રહી

જાય છે. તથા નવીન કર્મના બંધ પડે છે તે પણ તેના વિશુદ્ધ પરિણામને લીધે અંતઃક્રોડાક્રોડીની અંદર સંખ્યાતમો ભાગ માત્ર નવીન બંધ પડે છે. કેટલીયે પાપ પ્રકૃતિઓનો બંધ મટી જાય છે અને નવીન કર્મનો બંધ કમ સ્થિતિ અને અનુભાગવાળો પડે છે.

આવા આત્માના વિશુદ્ધ પરિણામોનું નામ પ્રાયોગ્ય લબ્ધિ છે. આ ચાર લબ્ધિરૂપ પરિણામ ભવ્ય તેમજ અભવ્ય બન્ને પ્રકારના આત્માઓને થઈ શકે છે. ભવ્યપણું કે અભવ્યપણું એ આત્માનો ગુણ નથી પણ એ તો આત્મામાં શ્રદ્ધા નામનો ગુણ છે.

જેવી અવસ્થા સહજ અનાદિની બનેલી છે પણ કોઈએ બનાવેલી નથી તેથી તેનું નામ **પારિણામિકભાવ** કહેવામાં આવે છે. જેમાં કર્મનો સદ્દભાવ કે અભાવ કારણ નથી પરંતુ સ્વયં આપોઆપ બનેલ છે તેને પારિણામિકભાવ કહે છે.

જેમ મગની ફળીમાં (સિંગમાં) મગના ઘણા દાણા હોય છે તેમાં એકજ દાણો કોરડુ થઈ જાય છે એ દાણાને કોરડુ કોઈએ બનાવેલ નથી પણ સહજ આપોઆપ બની ગયેલ છે. કોરડુ એ ખાસ કોઈ ચીજ નથી પણ મગમાં જે સ્પર્શ નામનો ગુણ છે તે ગુણની એક વિશિષ્ટ પ્રકારની કઠોર અવસ્થા છે. એજ પ્રમાણે અભવ્ય પણ શ્રદ્ધા ગુણની એક વિશિષ્ટ અવસ્થા છે કે જેને આત્માનુભૂતિ કદી પણ નથી.

ઘણા લોકો એમ કહે છે કે ભવ્યપણું અને અભવ્યપણું એ આત્માનો ગુણ છે કારણ કે ગુણનું નામ પારિણામિક ભાવ છે. પરંતુ તેમનું આવું કથન ભ્રાંતિવાળું છે. ગુણ નામ પારિણામિક ભાવ છે. પરંતુ તેમનું આવું કથન ભ્રાંતિવાળું છે. ગુણ તો સર્વ આત્માઓમાં સમાન હોય છે. તેથી જ કહેવામાં આવે છે કે ગુણની અપેક્ષાએ સર્વ આત્મા સિદ્ધ સમાન છે.

ચારેય લબ્ધિરૂપ પરિણામ થયા પછી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઈ શકે અથવા ન પણ થાય તેનો ખાસ નિયમ નથી. પરંતુ ચાર લબ્ધિ વિના કયારેય પણ સમ્યગ્દર્શની પ્રાપ્તિ થઈ શકતી નથી એ નિયમ છે માટે સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળા જીવે આ ચાર લબ્ધિ રૂપ ભાવ પ્રાપ્ત કરવા આવશ્યક છે.

પ્રાયોગ્ય લબ્ધિરૂપ ભાવમાં જીવ પોતાને ધર્માત્મા માની લીએ છે. લોકો પણ તેને ભક્ત, ધર્માત્મા આદિ નામોથી સંબોધન કરે છે. અને તેથી જીવ પોતાને કૃતકૃત્ય માની બેસે છે. કારણ કે ભાવ મહા ઠગારો છે. તે ભાવ જીવને ધર્માત્મા માનવામાં ઠગી લીએ છે. તેથી જીવ કરણલબ્ધિમાં આગળ વધતો નથી. તેથી આટલો પુરૂષાર્થ કરવા પછી મિથ્યાદૃષ્ટિ જ રહી જાય છે. માટે એવા ઠગારા પુણ્યભાવથી સાવધાન રહેવું એ જ આગળ વધવાનો માર્ગ છે.

## કરણ લબ્ધિ

કરણલબ્ધિરૂપ આત્માનો પરિણામ ઘણો સૂક્ષ્મભાવ છે. એ ભાવનું વચનમાં યથાર્થ પ્રતિપાદન કરવું તે અશકય છે. પરંતુ એ ભાવથી કર્મોમાં કેવી અવસ્થા થાય છે તે ઉપરથી ભાવનું અનુમાન થઈ શકે છે.

કરણલબ્ધિરૂપ ભાવ ધ્યાન અવસ્થામાં જ થાય છે. કરણલબ્ધિરૂપ ભાવ થાય છે ત્યારે આત્મા નિયમથી સમ્યગ્દર્શન પ્રાપ્ત કરશે જ. એ ભાવમાં આત્મા પડી જાય એમ બનતું જ નથી. આ તો એવો ભાવ છે કે આત્મા પડી જાય એમ બનતું જ નથી. આ તો એવો ભાવ છે કે આત્મા પોતાના ધ્યેયને પામી જાય છે. એ જ એ ભાવની વિશેષતા છે.

જે જીવને મિથ્યાત્વ ભાવનો અભાવ હોવામાં (થવામાં) અંતર્મુહૂર્તકાળ બાકી રહે છે ત્યારે જ તે જીવને કરણલબ્ધિ ભાવ

પ્રાપ્ત થાય છે. નિમિત્તિની અપેક્ષાથી આ કથન કરવામાં આવેલ છે. જે જીવને કરણલબ્ધિ ભાવની પ્રાપ્તિ કરવી હોય તેણે બુદ્ધિપૂર્વક એટલો જ પુરુષાર્થ કરવો જોઈએ કે તત્ત્વ-વિચારમાં પોતાનો ઉપયોગ લગાડે.

માત્ર નામ નિક્ષેપથી આગમના શબ્દો બોલ્યે જવા તેનું નામ તત્ત્વ નિર્ણય નથી. પરંતુ જીવ તત્ત્વ શું છે તે જાણવાનો પુરુષાર્થ કરે. અજીવ તત્ત્વને અજીવ તત્ત્વરૂપ શ્રદ્ધાન કરે પરંતુ આત્માની અજીવ તત્ત્વરૂપ અવસ્થા જ નથી એવું નથી. પુણ્ય તત્ત્વને પુણ્ય તત્ત્વરૂપ માને, પુણ્યભાવને પુણ્યભાવ માને પરંતુ પાપભાવને પુણ્યભાવ માનવા એટલે કે શુદ્ધ આહાર ખાવાનો ભાવ પાપભાવ છે તેને પુણ્ય ભાવ માનવો, અથવા ઉપવાસનો ભાવ પુણ્યભાવ છે તેને પુણ્યરૂપ માનવાની સાથે સંવર-નિર્જરા ભાવ માને એ તત્ત્વ નિર્ણય નથી. એ તો આત્માનો બુદ્ધિપૂર્વક અપરાધ છે, એ તો અતત્ત્વ શ્રદ્ધાન ભાવ છે.

આસ્રવ ભાવને આસ્રવ ભાવ માને પરંતુ આસ્રવ ભાવને જાણે નહિ અને મોઢેથી પાઠ બોલ્યા કરે કે આસ્રવ સત્તાવન છે. એ તો અતત્ત્વ ભાવ છે. સત્તાવન આસ્રવમાં આત્માના આસ્રવ કેટલા છે? એવો પ્રશ્ન પૂછે કે તરત જવાબ દેશે કે મહારાજ, એ વાત શાસ્ત્રમાં લખી નથી. અથવા કહેશે કે હું જાણતો નથી. તો ભાઈ! તું આસ્રવ તત્ત્વમાં શું સમજ્યો?

એજ પ્રમાણે બંધ ભાવને બંધ ભાવ માનવો જોઈએ. પરંતુ અરિહંતની ભકિતને સારો ભાવ માને અને મને તીર્થંકરગોત્રનો કયારે બંધ પડે એવી ભાવના કરે તો બંધ તત્ત્વનું જ્ઞાન શું લીધું? બંધની ભાવના કરવી જોઈએ કે બંધથી છૂટવાની ભાવના કરવી જોઈએ? તીર્થંગોત્રના ભાવ તો બંધનના ભાવ છે. બંધનની ભાવના કરવી એ

મિથ્યાદૃષ્ટિપણું છે. ભાવના તો બંધનથી છૂટવાની કરવી જોઈએ તેથી એવા જીવને બંધ તત્ત્વનું પણ યથાર્થ જ્ઞાન નથી.

સંવર તત્ત્વમાં પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, ત્રણ વ્યવહાર ગુપ્તિને સંવર માને છે તેણે સંવર ભાવનું શું જ્ઞાન પ્રાપ્ત કર્યું? તેર પ્રકારના ચરિત્ર, દશ પ્રકારનો મુનિધર્મ, બાવીશ પ્રકારના પરિસહજન્ય ભાવને તથા બાર પ્રકારની ભાવનાના ભાવને સંવર માનતા હોય તો એ અજ્ઞાની જીવ છે.

એણે એ સર્વ પુણ્ય ભાવને સંવર માન્યા તો સંવર ભાવનું જ્ઞાન ક્યાં થયું? સંવરને સંવર જાણવું તેમજ માનવું જોઈએ અને નિર્જરા ભાવને નિર્જરા જાણવી માનવી જોઈએ. પરંતુ બાર પ્રકારના તપના ભાવને નિર્જરા માને તો તેને નિર્જરા તત્ત્વનું જ્ઞાન નથી. બાર પ્રકારના તપના ભાવ તો પુણ્યભાવ છે. પુણ્યભાવને નિર્જરાભાવ માનવા તે અજ્ઞાનભાવ છે.

આથી સિદ્ધ થયું કે માત્ર નામ નિક્ષેપાથી તત્ત્વને જાણવા તે યથાર્થ નથી. **આત્માના પરિણામોને યથાર્થ જાણવા તેનું નામ બુદ્ધિપૂર્વક તત્ત્વનિર્ણય છે. તત્ત્વનો નિર્ણય કરવામાં આત્માનો ઉપયોગ લાગે છે અને તેથી આત્માના પરિણામ સમયે સમયે નિર્મળ થતા જાય છે.** એ નિર્મળ પરિણામોથી મિથ્યા કર્મની સ્થિતિ તથા અનુભાગ હીન હીન થતા જાય છે.



# ૩

# શ્રાવકની
# અગિયાર પ્રતિમા

: હિંદીમાં લેખક :

**બ્ર. પં. શ્રી શીતળપ્રસાદજી**

અનુવાદક

***શ્રી ભોગીલાલ ગિરધરલાલ શેઠ***

*

**નોંધ**

બ્ર. પં. શ્રી શીતળપ્રસાદજીએ તેમના "આધ્યાત્મિક સોપાન" પુસ્તકમાં અનોખી ઢબથી શ્રાવકની અગીઆર પ્રતિમાનું વર્ણન કરેલું છે. એ વર્ણન દિગંબર ક્રમાનુસાર છે અને દિગબંર સંપ્રદાયાનુસાર છે. તેથી તેમાં સહેજસાજ મતભેદ હોય તે સ્વાભાવિક છે. પરંતુ તે વર્ણન એવું સરસ છે કે તે વાંચતાં જ પ્રતિમાધારી શ્રાવકના તે તે પ્રતિમા વખતે કેવા આચાર વિચાર હોય, કેવું વર્તન હોય તે તુરત સમજાઈ જાય છે. તેથી તે વર્ણન ખાસ ઉપયોગી હોઈને અત્રે આપેલું છે.

*

## ૧

## પહેલી દર્શન પ્રતિમા

આજ ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ આત્મા પોતાના કષાય ભાવોની અતિ, મંદતા તથા વૈરાગ્ય ભાવની પરમ વૃદ્ધિ પામીને અંતરંગમાં એવા

ભાવ કરે છે કે આ આત્મા સર્વ પ્રકારના કર્મબંધનની જાળમાંથી છૂટી ક્યારે પોતાનું *નિજ સ્વતંત્ર સ્વરૂપ પ્રાપ્ત કરશે!!* અત્યારે તેને અપ્રત્યાખ્યાનાવરણ કષાયનો ઉપશમ વર્તતો હોઇ, તેની અવિરત સમ્યગ્દર્શનની શ્રેણી હતી તે પલટાઈને દેશ વિરત નામની પાંચમી શ્રેણી થઈ છે અને દર્શન પ્રતિમા (શ્રાવકની અગીઆર પડિમાંની પહેલી પ્રતિમા) નો આરંભ થયો છે.

આથી તેને સમ્યક્ દર્શનના આઠ અંગોના પાલનમાં અને વિશેષ ચારિત્રની આરાધનામાં તીવ્ર ઉત્કંઠા ભાવ પ્રગટયો છે. તેનામાં અપૂર્વ નિર્ભયતા છે; કોઈ ગમે તેટલો ભય બતાવે, ત્રાસ આપે પરંતુ આ જ્ઞાની આત્મા સત્ય શ્રદ્ધાન, સત્ય જ્ઞાન, અને સત્ય આચરણથી ક્યારેય પણ ચલિત થાય તે શક્ય નથી બનતું.

વળી તેને આલોક પર લોકનો ભય, વેદના, મરણ ભય, અરક્ષા, અગુપ્ત અને અકસ્માત ભય કિંચિત્ માત્ર હોતો નથી, કારણ તેણે પોતાના આત્માનેજ સ્વલોક, પરલોક માન્યો છે, નિજ જ્ઞાન ચેતનાની વેદનાને વેદના ગણેલ છે, પોતાના જ્ઞાનસુખાદિ ધનને અચૌર્ય માનેલ છે, અને પોતાના આત્માને અજર, અમર, નિત્ય અને અકસ્માત રહિત એવો અનુભવેલ છે.

પોતાના અકષાયી આત્મ પ્રભુને કોઈ પર પદાર્થ વિકારી કરવા સમર્થ નથી એવી દૃઢતાથી નિઃશંકિત અંગનું પાલન કરે છે અને સંકોચ વિના નિર્ભયતાથી પોતે નિર્ણય કરેલા માર્ગ પરથી પસાર થાય છે. લોક તેની પ્રશંસા કરે કે નિંદા કરે તેની પરવા નહિ કરતાં પોતાના મંતવ્યમાં અટળ રહે છે.

ઇન્દ્રિયોથી ઉત્પન્ન થતું સુખ અતૃપ્તકારી, આકુળતામય, બંધરૂપ અને તૃષ્ણા તાપને વધારનારૂં તથા આત્મિક સુખ સ્વાધીન, શાંત અને તૃપ્તિદાયક છે એમ વસ્તુ સ્વભાવની દૃષ્ટિ હોવાથી તેને પદાર્થો પ્રત્યે ઘૃણા ઉપજતી નથી; આ રીતે નિર્વિચિકિત્સા ભાવનું પાલન કરે છે.

જૈન સિદ્ધાંતના ભાવ રહસ્યના જ્ઞાતા આ ક્ષાયિક સમ્યગ્ દૃષ્ટિ જીવ અમૂઢ દૃષ્ટિ અંગમાં અચળપણે ટકી રહે છે, તેમ જ વળી ઉપબૃંહણ ગુણનું પોષણ કરે છે. જે કોઈ જીવ અજ્ઞાન તથા તીવ્ર કષાયની પ્રેરણાથી કુમાર્ગગામી બને છે, તેની પણ નિંદા નહિ કરતાં તેને દયા–અનુકંપા ભાવે જુએ છે.

પોતાના મિત્રોને મિથ્યાત્વ રૂપી કીચડમાંથી બહાર કાઢી સમ્યક્ત્વના સ્વચ્છ આંગણમાં પ્રવેશ કરાવે છે.

તેનો પ્રેમ તથા વાત્સલ્યના ભાત અત્યંત ઉજ્વળ હોય છે. તેના અંતરમાં આત્મ પ્રભાવનાની સાથે સાથે પરમ પવિત્ર જૈન ધર્મની પ્રભાવનાની ઘણુ અપૂર્વ વૃત્તિ વહ્યા કરે છે. આમ આ જ્ઞાની જીવ વ્યવહારમાં સમ્યગ્દર્શનના આઠે અંગોનું પાલન કરી, દર્શન પ્રતિમાના ભાવિ ચારિતાર્થ કરે છે.

## ૨

# બીજી વ્રત પ્રતિમા

## પહેલું અહિંસા અણુવ્રત

આ પાંચમા ગુણસ્થાનવર્તી શ્રાવકે પ્રત્યાખ્યાનાવરણ કષાયના મંદ ઉદયથી હવે વ્રત પ્રતિમામાં પદાર્પણ કર્યું છે, તેણે અહિંસા અણુવ્રત અંગીકાર કર્યું છે.

તેણે અહિંસાનું સ્વરૂપ સારી રીતે સમજી લીધું છે. તેને યથાર્થ જ્ઞાન છે કે આત્મામાં રાગદ્વેષાદિ ભાવોની ઉત્પત્તિ ન થવા દેવી તે ભવ–અહિંસા છે તથા પોતાના તથા બીજાના ઇન્દ્રિયાદિ પ્રાણોનો વિયોગ ન કરવો, ન કરાવવો તથા પ્રાણોને કષ્ટ ન પહોંચાડવું તે દ્રવ્ય અહિંસા છે.

બંને પ્રકારની અહિંસાનું પાલન કરવું તે કર્તવ્યરૂપ છે એવું શ્રદ્ધાન હોવા છતાં કષાયના ઉદયની બળજબરીથી લાચાર બની આ સમયે તો તે પોતાને માત્ર સંકલ્પી ત્રસહિંસાથી બચાવે છે; આરંભી હિંસા ઉપાદેય નથી એવી શ્રદ્ધા હોવા છતાં તેને લાચારીએ કરવી પડે છે.

આજીવિકાના અર્થે અસિ, મસિ, કૃષિ, વાણિજ્ય, શિલ્પ અને વિદ્યા કર્મ કરવું પડે છે ત્યાં પણ યથાશકિત મહારંભોને ટાળી અલ્પારંભમાં પ્રવર્તે છે, પરંતુ ઉદ્યમી હિંસાથી પોતાને સર્વથા બચાવી શકતો નથી. વળી ગૃહમાં ખાન, પાન, સફાઈ આદિના આરંભથી ત્રસહિંસા થાય છે તેમાંથી પણ તે બચી શકતો નથી.

જો કોઈ અન્યાયી, પાપી, ઘરપર, ધર્મસ્થાનપર અથવા દેશ પર આક્રમણ કરે અને દરેક રીતે સમજાવવા છતાં તે ન માને તો તેનો યુદ્ધબળથી પણ સામનો કરી તેને પરાજિત કરે છે. અહિંયા જે હિંસા થાય છે તે વિરોધી હિંસા કહેવાય છે. જ્યાંસુધી તે ગૃહસ્થી છે, પરિગ્રહી છે ત્યાંસુધી પરિગ્રહની રક્ષા સંબંધી હિંસાથી પોતે બચી શકતો નથી.

હિંસાના બે ભેદ છે, તેમાં એક સંકલ્પી અને બીજી આરંભી. આરંભીના ભેદમાં ઉદ્યમી, ગૃહારંભી અને વિરોધી હિંસાનો સમાવેશ થાય છે. આ આરંભી હિંસાનો ત્યાગ આઠમી પ્રતિમા (આરભ ત્યાગ)માં હોય છે; તે પહેલાં તો યથાસંભવ યથાશકિત ન્યૂન કરવાનો ઉદ્યમ હોય છે.

## બીજું સત્ય અણુવ્રત

જ્ઞાની સમ્યગ્ દૃષ્ટિ જીવ આત્માના પ્રેમમાં તરબોળ બની પાંચમા ગુણસ્થાને બિરાજમાન છે, અને હવે સત્ય વ્રતની ભાવના ભાવે છે. પરિણામોમાં એ વિચાર ઝળકે છે કે અસત્ય એ ઘોર પાપ છે. જ્યારે સત્ય એ માનવીનું ભૂષણ છે.

એ વિચારે છે કે હું ક્રોધને એટલો વશ ન થાઉં કે જેથી મારાથી અસત્ય વચન કહેવાય જાય, લોભ મને એટલો ન સતાવે કે હું અસત્ય બોલી, અન્ય પ્રાણીઓને ઠગું, ભય એટલો ન વ્યાપે કે હું સત્યને છૂપાવું અથવા સત્ય કહેવાથી જગતને લાભ થાય તેવું હોય તેમાંથી તેને વંચિત રાખું તથા હાસ્યના ફંદમાં એટલો ન ફસાઉં કે જેથી અસત્ય દ્વારા સત્યની હાંસી કરૂં.

આ પાંચ ભાવનાઓને ભાવીને સત્ય અણુવ્રતના પાંચ અતિચારોથી પોતાને બચાવવા પૂરૂં ધ્યાન રાખે છે.

આ શ્રાવક કાળજીપૂર્વક લક્ષ રાખે છે, કે હું કોઈ અન્યને મિથ્યા ઉપદેશ ન દઉં, કોઈની ગુપ્ત વાત કે રહસ્ય પ્રગટ ન કરૂં, જૂઠા લેખ ન કરૂં, કોઈની અનામત રકમ ખોટી રીતે ન લઉં તથા કોઈના સંકેતો જાણી પ્રગટ ન કરૂં.

તેણે પોતાનો સર્વ વ્યવહાર સત્યના અવલંબન પર જ સ્થાપિત કર્યો હોય છે. આવા શુદ્ધ વ્યવહારથી લૌકિક જન પ્રસન્ન થાય છે અને તેનામાં વિશ્વાસ રાખે છે અને તેથી તેનો વેપાર સુગમતાથી વધે છે.

તેને પ્રત્યાખ્યાનાવરણ કર્મનો તીવ્ર ઉદય હોતો નથી. તે બહુ જ મિષ્ટ, નરમ વિનયયુકત વચન બોલે છે, છતાં હજુ તેનાથી સાવદ્ય વચનનો ત્યાગ થઈ શકતો નથી; અને તેમાંથી બચવાની ભાવના કરે છે.

આમ સત્યનું મનમ કરતાં કરતાં આ શ્રાવક એકાએક શુભાશુભ ભાવોમાં અરુચિ કરી, શુદ્ધ ભાવોમાં રમણતા કરવા ભેદ વિજ્ઞાનનું શરણ ગ્રહે છે અને નિશ્ચય નયદ્વારા પોતાના આત્માને શુદ્ધ, બુદ્ધ, જ્ઞાતા દ્દષ્ટા અવિનાશી અને આનંદમય વિચારતાં વિચારતાં એકાએક નિજ પરિણુતિમાં લીન થાય છે ત્યારે સ્વાનુભવ રસનો પ્રવાહ તેના અંતરમાં વહેવા માંડે છે; અને તે રસમાં કલ્લોલ કરી આ જ્ઞાની અદ્ભુત આનંદનો આસ્વાદ લે છે.

## ત્રીજું અચૌર્ય અણુવ્રત

આ જ્ઞાની સમ્યગ્દૃષ્ટિ જીવ શ્રાવકની બીજી પ્રતિમાના વ્રતોની ભાવના કરે છે અને ત્રીજું અચૌર્ય વ્રતનું પાલન કરે છે. એ સમજે છે કે ભાવના રક્ષકનું કાર્ય કરે છે. આ વ્રતની પાંચ ભાવનાઓ ધ્યાનમાં રાખી તે અચૌર્યવ્રતની રક્ષા કરે છે; તથા અણુવ્રતની શુદ્ધિ અર્થે જે દોષ અતિચાર થાય તેનાથી પણ બચવા પુરૂષાર્થ કરે છે.

વળી આ વ્રતનો વિકલ્પ કરવો એને પણ તે બંધનું કારણ જાણે છે. શુદ્ધ આત્માના અનુભવને જ કાર્યકારી અને સાચું અચૌર્યવ્રત સમજે છે કારણકે ત્યાં પરપદાર્થના ગ્રહણના ભાવનો અભાવ હોય છે.

## ચોથું બ્રહ્મચર્ય અણુવ્રત

પાંચમા ગુણસ્થાનની બીજી વ્રત પ્રતિમાનું આ ચોથું વ્રત છે. તેની ભાવના આ સમકિતી જ્ઞાની જીવ કરે છે. ચોથું વ્રત સ્વસ્ત્રી સંતોષ અને પરસ્ત્રી ત્યાગનું છે. આ જ્ઞાનીને વિશ્વાસ છે કે આત્માનુભવ એ જ બ્રહ્મચર્ય છે, તથા વીર્ય રક્ષા તથા કામભાવના ત્યાગરૂપ બાહ્ય બ્રહ્મચર્ય તેનું સહકારી કારણ છે એમ સમજીને આ વ્રતનું પાલન કરે છે અને સંભવિત દોષોથી બચવાની ભાવના સેવે છે.

આ ગૃહસ્થ બ્રહ્મચર્ય અણુવ્રતનું પાલન કરે છે અને સાથોસાથ પૂર્ણ મહાવ્રત પાળી લાભ લેવા માટે ઉત્સુક બને છે. જેમ તેનું વ્યવહાર બ્રહ્મચર્યનું પાલન એક દેશ છે, તેમ તેનું અંતરંગ બ્રહ્મચર્ય પણ એક દેશ છે. સાધુવત્ અનુપમ આત્માનુભવરૂપ રસાયન ઉત્પન્ન કરવામાં તે અધિક સમય લગાવી શકતો નથી તો પણ સવારે અને સાંજે તે અમૃતનું પાન અવશ્ય કરે છે.

બ્રહ્મચર્ય વ્રતની ભાવના ભાવતાં એ સર્વ ઝંઝટથી નિવૃત્ત થાય છે. કુશીળ અને શીળના વિચારોરૂપી તરંગોને ઉલ્લંઘી જઈ તે એક મહાન, નિર્મળ સ્ફટિક રત્નસમ પવિત્ર અધ્યાત્મિક સરોવરમાં પ્રવેશ

કરે છે, ત્યાં પવિત્ર સ્વાત્માનુભવરૂપ જળ ભર્યું છે, ત્યાં રાગદ્વેષરૂપી મેલ કચરો નથી, અને ત્યાં ચંચળરૂપી ભેજ નથી. આવા નિર્મળ સરોવરમાં આ જ્ઞાની જીવ આત્મિક ગુણોનું મનન ચિંતવન કરતાં કરતાં જ્યાં ડૂબકી મારે છે ત્યાં "ક્યાં સરોવર છે અને ક્યાં હું છું" એવો વિકલ્પ વિરામ પામે છે એ તો માત્ર અનુપમ આત્મસંવેદનરૂપ નિદ્રામાં બેખબર બની જઈ તે દશાના આનંદનો સ્વાદ મેળવે છે.

## પાંચમું પરિગ્રહ પરિમાણ અણુવ્રત

આ જ્ઞાની સમ્યગ્દષ્ટિ જીવ બીજી વ્રતપ્રતિમાના પાંચમા પરિગ્રહપરિમાણ અણુવ્રતની ભાવના કરે છે. એ જાણે છે કે જેટલા જેટલા પદાર્થો પર સ્વામિત્વ બુદ્ધિ રાખવામાં આવે છે, તેટલા જ અધિક વિચારો તે પદાર્થો સંબંધી થયા કરે છે અને ચિત્તમાં વિક્ષેપ ઉત્પન્ન થાય છે. ચિત્તની સ્થિરતા વિના આત્માનુભવનો અભ્યાસ કઠિન છે. આથી પોતાની યોગ્યતા અને ઇચ્છા અનુસાર દશ પ્રકારના પરિગ્રહનું પરિમાણ જન્મભર માટે નક્કી કરે છે અને પરિમાણથી બહાર રહેલા પદાર્થોમાં મોહનો બીલકુલ ત્યાગ કરે છે.

વળી તે એવી ભાવના કરે છે કે પરિગ્રહ પરિમાણ કર્યું છે તેને પણ ભવિષ્યમાં ક્રમશઃ ઘટાડતો જઉં. પરિગ્રહ હોવા છતાં તે જળમાં કમળની માફક અલિપ્ત રહે છે. આ વ્રતની દઢતા અર્થે એ પાંચ પ્રકારની ભાવના ભાવે છે કે પાંચે ઇન્દ્રિયોને ભોગવવા યોગ્ય પદાર્થોનો સંબંધ હોવા છતાં પોતે સમતા ભાવ રાખે. આ જ્ઞાની જીવ આ અણુવ્રતના પાંચ પ્રકારના અતિચારથી પણ પોતાની રક્ષા કરે છે.

**નોંધ**—પ્રસંગવશાત્ પરિગ્રહ સંબંધી જાણવા જેવી હકીકત અહીં આપીએ છીએ.—ન. ગિ. શેઠ.

**પરિગ્રહ**—પર વસ્તુનું ગ્રહણ કરવું તે પરિગ્રહ.

આત્માની સ્વવસ્તુ જ્ઞાન અને દર્શન છે. એ સિવાયની શરીરથી માંડી સમગ્ર વિશ્વની અનેક દ્રવ્ય અદ્રવ્ય વસ્તુ એ પરવસ્તુ છે.

પરવસ્તુનો મોહ અને સંગ્રહ એ પરિગ્રહ છે. પરિગ્રહ ત્યાગથી જીવ રાગાદિનો સર્વોત્કૃષ્ટ ઉપશમ કરી નાખે છે. અને તે ઉપશમને પ્રાપ્ત થયેલો જીવ સ્વસ્વરૂપમાં સ્થિર થઈ જાય છે.

**બાહ્ય પરિગ્રહના નવ પ્રકાર**

૧. ખેત—ખુલ્લી જમીન, બાગ, બગીચા, ખેતર, વાડી વગેરે.
૨. વત્થુ—ઢાંકેલી જમીન, ઘર, હાટ, હવેલી, મકાન વગેરે.
૩. હિરણ—ચાંદીના દાગીનાઓ વગેરે.
૪. સોવન્ન—સોનાનાં અલંકારો.
૫. ધન—મહોરબંધ નાણું, સિક્કા વગેરે.
૬. ધાન્ય—ચોવીશ પ્રકારનાં ધાન્ય.
૭. દુપદ—બે પગા નોકર, ચાકર વગેરે.
૮. ચૌપદ—ચાર પગાં ગાય, ભેંસ, બળદ, હાથી, ઘોડા વગેરે.
૯. કુવીય—ઘરવખરી વગેરે.

**આભ્યંતર પરિગ્રહનાં ચૌદ પ્રકાર.**

| | | | | |
|---|---|---|---|---|
| ક્રોધ | લોભ | રતી | દુગંચ્છા | નપુંસકવેદ |
| માન | હાસ્ય | અરતી | સ્ત્રીવેદ | મિથ્યાત્વ |
| માયા | ભય | શોક | પુરૂષવેદ | |

**બીજી રીતનાં ચૌદ પ્રકાર**માં ત્રણ જાતના વેદને બદલે એક ‘ વેદ ’ એવું નામ આપી તેમાં ‘ રાગ, દ્વેષ ’ ઉમેરીને ચૌદ પ્રકાર કહે છે.

## છઠું દિશા પરિમાણ વ્રત અણુવ્રત

તત્ત્વજ્ઞાની આત્મા પાંચમા ગુણસ્થાનની ભૂમિકામાં બેસીને વ્રતપ્રતિમાને અંદરથી વિચારે છે. પાંચ અણુવ્રતનો વિચાર કરીને હવે

તે ત્રણ ગુણવ્રત સંબંધી વિચાર કરે છે. અણુવ્રતોમાં કરેલી પાપત્યાગની મર્યાદાને જે વધારે છે તેને ગુણવ્રત કહે છે. (ત્રણ ગુણવ્રત ધારણ કરવાથી ઉપરોક્ત પાંચ અણુવ્રતનું સંરક્ષણ થઈ શકે છે.)

પહેલું ગુણવ્રત દિશા પરિણામ વ્રત છે. તેનો ભાવ એવો છે કે સમસ્ત ભૂમંડળમાં પ્રસરીને થતા પાપરૂપ વિકલ્પોથી રક્ષા કરી શકાય. આથી ગૃહસ્થ શ્રાવક આરંભ કાર્ય માટે પ્રતિજ્ઞા કરે છે કે જન્મપર્યંત હું પૂર્વ પશ્ચિમ, ઉત્તર દક્ષિણ, ઉપર નીચે, અને ચાર વિદિશા એમ દશ દિશાઓમાં બાંધેલી મર્યાદાથી અધિક દૂર નહિ જઉં. આ દિગ્વ્રત ધારણ કરવાથી તેને હવે જેટલો અસંયમ છે તે અસંયમ સમસ્ત ભૂમંડલ પર ન જતાં માત્ર મર્યાદિત ક્ષેત્રમાં રહે છે. આ રીતે પાંચ અણુવ્રતોનું મૂળ આ વ્રતથી વૃદ્ધિગત થાય છે.

સંતોષના સુંદર ભાવે અને કષાયની મંદતાના પરિણામે તેને દિશાઓની મર્યાદા બાંધવા માટે પ્રેરણા કરી છે. એ પોતે એટલો સંતુષ્ટ અને દૃઢપ્રતિજ્ઞ છે કે લોભનું નિમિત્ત મળવા છતાં તે પ્રતિજ્ઞાનું ઉલ્લંઘન કરતો નથી, તેમજ તે વ્રતના પાંચ મુખ્ય અતિચારોથી પણ પોતાનું રક્ષણ કરે છે.

આ પ્રમાણે આ જ્ઞાની ક્યારેય પણ કષાયને એવો આધીન થતો નથી કે તે અર્થ તથા કામને માટે મર્યાદાનું ઉલ્લંઘન કરે. મુનિદર્શન આદિ ધર્મકાર્યો કરવા માટે આ મર્યાદા હોતી નથી.

દિગ્વિરત્તિના વિકલ્પો કરતો આ જ્ઞાની શ્રાવક વ્યવહારમાર્ગને પણ બંધનું કારણ સમજે છે અને શુદ્ધનય દ્વારા આત્માનુભવના પથ પર વિચરવા ઈચ્છા રાખે છે.

## સાતમું દેશાવકાશિક વ્રત

આજે જ્ઞાની આત્મા પાંચમા ગુણસ્થાનવર્તી બીજી વ્રતપ્રતિમાના બીજા ગુણવ્રત સંબંધી મનન કરે છે. દિગ્વ્રત પછી દેશવિરત ગુણવ્રત છે.

આ વ્રતમાં પાંચ અણુવ્રતોનું મૂલ્ય એકદમ વધી જાય છે, દિગ્વ્રતમાં જન્મભરની જેટલી ક્ષેત્રમર્યાદા બાંધી હતી તે મર્યાદાની બહારના ક્ષેત્રમાંથી તેનો રાગભાવ સંપૂર્ણપણે છૂટી જવાથી તેને તે સંબંધે મહાવ્રતના ફળ સમાન ફળ મળતું હતું.

હવે આ દેશવ્રતમાં તે પ્રતિદિન પ્રથમની મર્યાદાને પણ સંકોચી એક દિવસ અથવા કોઈ પરિમિત કાળ સુધીની રાખવાનો નિયમ કરે છે. આથી તેનો રાગભાવ ઘટીને માત્ર મર્યાદિત કાળ સુધી મર્યાદિત ક્ષેત્રમાં રહે છે. આ વ્રતના ફળથી આ જ્ઞાનીને નિયમિત કાળ માટે કહેલી ક્ષેત્ર મર્યાદાની બહાર મહાવ્રતના અધિક ફળનો લાભ થાય છે.

જેમ ચારમાં ચાર ઉમેરવાથી આઠ થાય છે પરંતુ ચારને ચારથી ગુણવાથી સોળ થઈ જાય છે, તેમ અણુવ્રતોને ગુણવાથી વ્રતનું મૂલ્ય બહુ જ વધી જાય છે અને તેથી જ તેને ગુણવ્રત કહે છે. વાસ્તવમાં પ્રત્યાખ્યાનાવરણ કષાયના ઉદયની મંદતા જ ઉપર જણાવેલ ફળનું કારણ છે.

સંતોષરૂપી અમૃતનું પાન કરાવવું એ જ દેશવ્રતનું અપૂર્વ ફળ છે. એટલું જ નહિ પણ તે આસ્રવને રોકનાર, સંવરનું કારણ તથા મંદકષાયરૂપ ભાવપુણ્ય બંધનો હેતુ છે. આવા પરમોપકારી દેશ વ્રતનું પાલન કરતો સંતોષી જીવ પ્રયોજનભૂત કાર્યમાં કોઈપણ પ્રકારની હાનિ ન પહોંચે એવા લક્ષથી લોભની માત્રા ઘટાડતો રહે છે. વળી પાંચ દોષરૂપ અતિચાર ન લાગે તેનું ધ્યાન રાખે છે.

આ વ્રતની ભાવનામાં પર પદાર્થનું જ ચિંતવન છે, નિજ આત્માની ભાવના નથી, એવો વિચાર ઉદ્‌ભવતાં આ જ્ઞાની સર્વ પર પદાર્થ પ્રત્યેથી પોતાનો ઉપયોગ હઠાવી સ્વપરિણતિમાં જોડે છે.

# આઠમું
# અનર્થદંડ વિરમણવ્રત

આજ આ જ્ઞાની સમ્યગ્દષ્ટિ પાંચમા ગુણસ્થાનની બીજી વ્રત પ્રતિમાના અનર્થદંડ વિરતિ નામના ત્રીજા ગુણવ્રતની ભાવના ભાવે છે. આ ગુણવ્રતના ધારવાથી પાંચ અણુવ્રતોનું મૂલ્ય બહુ વધી જાય છે; અણુવ્રતમાં જે મૂલ્ય હતું તે અહીં ચારગણું થાય છે. ધારો કે અણુ-વ્રતનું મૂલ્ય (પાંચ) હતું, તે દિગ્વિરતિમાં ૨૫, દેશ વિરતિમાં ૬૨૫, અને અનર્થદંડ વિરતિમાં ૬૨૫ × ૬૨૫ અર્થાત્ ૩૯૦૬૨૫ થઈ જાય છે.

આનો હેતુ એ છે કે શ્રાવકને દેશવિરતિ વ્રતમાં દસ દિશાઓમાં ક્ષેત્રની મર્યાદા જે બહુ ઘટાડી હતી તે મર્યાદાની અંદર પણ તેને ધર્મ અર્થ અને કામ પુરૂષાર્થની સફળતા માટે જેટલી આવશ્યકતા જણાય તેટલા પ્રમાણમાં તે સાવદ્ય કર્મો કરવાની ઇચ્છા રાખે છે. આથી જે કાર્ય સાથે તેને કોઈ પ્રયોજન નથી તેવું કરી તે વૃથા પાપકર્મના બંધનો ભાગીદાર બનતો નથી.

સમ્યગ્દષ્ટિ જ્ઞાની જીવ સદા એમ જ ચાહે છે કે ફોકટ સંકલ્પ વિકલ્પ કરી આત્માને ક્ષોભિત ન કરું, અને આથી પાંચ પ્રકારના અનર્થદંડને ટાળવા ધ્યાન રાખે છે, અપધ્યાનથી અથવા ખોટા વિચારથી, પ્રમાદના આચરણથી. હિંસાકારી શાસ્ત્રોના દાનથી અને પાપકર્મોના ઉપદેશથી પોતાને બચાવી લે છે. ઉપરાંત આ વ્રતના પાંચ દોષરૂપ અતિચાર પણ સંભવિત હોઈ તે ન લાગી જાય તેનું સતત ધ્યાન રાખે છે. તે અતિચારનાં નામ (૧) કંદર્પ કથા, (૨) કુચેષ્ટા, (૩) મૌખર્ય દોષ, (૪) સંયુક્તાધિકરણ અર્થાત્ શાસ્ત્રનો સંબંધ મેળવવો (અને ૫) ઉપભોગ પરિભોગમાં આસક્તિ.

આ પાંચ પ્રકારના દોષોમાંથી ઘોર પાપકર્મનો બંધ થાય છે. એમ સમજીને તેમાંથી બચવા ભાવના રાખે છે.

## નવમું સામયિક શિક્ષાવ્રત

આ સામયિક વ્રતને શિક્ષાવ્રત એટલા માટે કહે છે કે આ ક્રિયાનો અભ્યાસ મુનિ અવસ્થામાં ધારણ કરવામાં આવતી સામયિક ચારિત્રની શિક્ષા* આપે છે.

**સામયિક શબ્દ "સમય" પરથી બનેલ છે. સમય નામ આત્મદ્રવ્યને કહે છે. જ્યાં આત્મા સંબંધી અનુભવ છે. પર-પદાર્થોમાં રાગાદિભાવ નથી અને સમતાભાવનો પ્રવાહ વહે છે તેને સામાયિક કહે છે આત્માનુભવ એ જ સત્ય સામાયિક છે.**

આ સામાયિક ભાવની પ્રાપ્તિ માટે વ્રતીએ દિવસમાં ઓછામાં ઓછો એક વખત, અને બની શકે તો સવાર, બપોર અને સાંજ એમ ત્રણ વખત એકાંતમાં નિશ્ચિંત્ બની ૪૮ મીનીટ માટે અભ્યાસ કરવો.

સામાયિકમાં શાંત ભાવથી કોઈ સામાયિક પાઠનો અભ્યાસ કરવો અને તેના ભાવનું ગ્રહણ કરવું. વળી પોતાના આત્માને પરમાત્મા સમાન વિચારી કોઈ મંત્ર દ્વારા જપ કરવો. પિંડસ્થ ધ્યાનની ધારણાઓનો વિચાર કરવો અને અથવા પોતાના આત્માને નિર્મળ જળની માફક ચિંતવી તેમાં મનને ડુબાવવું, યથાશક્તિ ધ્યાન ધરવું અને આત્મામાં લય થવા માટે ચર્ચા કરવી, આ સામાયિક પરમ કલ્યાણકારી છે.

આ નવમા સામાયિકવ્રતના પાંચ અતિચાર છે તેને યથાશક્તિ ટાળવા ઉદ્યુક્ત રહેવું મનમાં અન્ય અશુભ વિચાર કરવો, અશુભ,

---

* શિક્ષાવ્રત આત્મભાવમાં દાખલ થવાનો અભ્યાસ કરાવે છે. સ્વાનુભૂતિ, અનુભવજ્ઞાન શિખવે છે.

માઠું વચન બોલવું, કાયાની અશુભ ચેષ્ટા અથવા વ્યાપાર કરવો, નિરાદર તથા નિરુત્સાહથી સામાયિક કરવી તથા સામાયિક અવ્યવસ્થિતપણે કરવી તે પાંચ દોષ છે તેને ટાળવા શ્રાવક જ્ઞાની સદા તત્પર રહે છે.

સામાયિક શિક્ષાવ્રત મને પરમ ઉપકારી છે એવી ભાવના કરતાં કરતાં આ જ્ઞાની એકાએક સર્વ વિકલ્પોનો ત્યાગ કરી આત્મા પોતાના સ્વદ્રવ્યપ્રતિ ઉપયોગયુક્ત થાય છે ત્યારે નિજ આત્મામાં સ્થિર થાય છે. **આ સ્વાનુભવ છે તે જ સાચી સામાયિક છે.**

## દશમું પૌષધોપવાસ શિક્ષાવ્રત

આ જ્ઞાની આત્મા આજે વ્રત પ્રતિમાના દસમા પૌષધોપવાસ શિક્ષાવ્રત સંબંધી વિચારે છે. આ જ્ઞાની મનમાં ચિંતવે છે કે એક માસમાં ચાર પોષધ–દિવસ અથવા પર્વદિન હોય છે, તે દિવસમાં ઉપવાસ કરવો જોઈએ. પાંચ ઈન્દ્રિયોની ઈચ્છાઓને રોકી તેમને ધર્મ–સાધનામાં લગાવવી, શરીરની સંસ્કાર ક્રિયાને રોકવી. વ્યાપાર ભોજન પાનાદિ આરંભનો ત્યાગ કરી પૌષધોપવાસ ઘરમાં અથવા સાધુઓના આશ્રયમાં અથવા આત્મ મનનને ઉપયોગી એવા સ્થાનમાં બેસીને ધર્મ સંબંધી ચિંતવનમાં, સામાયિક ભાવમાં, શાસ્ત્ર વિચારમાં ધર્મચર્ચામાં તથા શ્રી જિનેન્દ્રદેવની ભક્તિ આદિ શુભ ભાવના સંબંધી ક્રિયાઓમાં અનુરક્ત રહેવું તેને પૌષધોપવાસ કહે છે.

જૈન દર્શનમાં શકિત અનુસાર તપનું માહાત્મ્ય છે. શકિત બહાર તપ આદિ કરવું, એ આકુળતા તથા સંકલેશ પરિણામનું કારણ છે. આ પૌષધોપવાસ વ્રત દોષ રહિત પાળી અતિચારોથી બચવું ઉચિત છે.

હજુ સુધી તો આ જ્ઞાની ધાર્મિક વ્રતોનો માત્ર અભ્યાસ કરે છે. તેની શ્રદ્ધા છે કે આ વ્રત પરમ કલ્યાણનું કારણ છે. તે શરીર, વચન, મન અને આત્માના દોષ અને વિકારોને શમાવનાર, તેની શકિતઓનો

શુદ્ધ કરનાર, ચારિત્રના બળને પુષ્ટ કરનાર, પાપકર્મોથી નિર્જરા કરનાર, મહાન પુણ્ય કર્મને ઉત્પન્ન કરનાર અને આત્મામાં સુખશાંતિ સ્થાપનાર છે.

આ વ્રતને શિક્ષાવ્રત એટલા માટે કહેવામાં આવે છે કે અહીં કરવામાં આવતી ક્રિયા વાસ્તવમાં મુનિધર્મનું જીવન છે. આ વ્રતમાં મુનિના પ્રધાન ચારિત્રની શિક્ષા શ્રાવક લેતો હોવાથી તેને શિક્ષાવ્રત કહે છે.

## અગીયારમું
## ભોગોપભોગ પરિમાણ શિક્ષાવ્રત

પાંચમા ગુણસ્થાનવર્તી બીજી વ્રતપ્રતિમાનું ત્રીજું શિક્ષાવ્રત ભોગોપભોગ પરિમાણ વ્રત છે. આ જ્ઞાની આત્મા આ વ્રતનો વિચાર કરે છે. માંસ, મધુ અને સર્વ માદક પદાર્થો જેમાં અધિક હિંસા થવાની સંભાવના છે એવા પદાર્થો ભોગવાનો તો તેને પ્રતિબંધ છે જ. જેમાં સ્વાદ અલ્પ અને અનંત એકેન્દ્રિય જીવોના પ્રાણનાશની સંભવિતતા છે. એવા કંદ મૂળ આદિ પદાર્થોનો પણ તેને ત્યાગ છે જ.

જે એક વખત કામમાં આવે તેને ભોગ અને વારંવાર ભોગવી શકાય તેને ઉપભોગ કહે છે.

આવા ભોગ તથા ઉપભોગ યોગ્ય પદાર્થો ભોગવવાની મર્યાદા આ જીવ દરરોજ સવારે ચોવીસ કલાક માટે અથવા અધિક સમય માટે બાંધે છે. આથી પરિમાણ બહારની વસ્તુઓ સંબંધી તેને ઈચ્છા હોતી નથી. **વાસ્તવમાં રાગાદિ ભાવોને ઘટાડવા એ જ આ વ્રતનો હેતુ છે.**

આ વ્રતને શિક્ષાવ્રત એટલા માટે કહે છે કે અહિં જ્ઞાની નિયમથી ભોગમાં સંતોષ ગુણને કેળવી તેનો અભ્યાસ કરે છે, જે અભ્યાસ સાધુ દશામાં સહકારી, ઉપયોગી થાય છે.

શ્રી સમંતભદ્રાચાર્ય અનુસાર આ વ્રતના પાંચ અતિચાર આ પ્રમાણે છે. (૧) પાંચ ઇન્દ્રિયોના ભોગોનો વારંવાર વિચાર કરવો (૨) ભોગોમાં વૈરાગ્ય ભાવ ન હોવો (૩) ભોગવવામાં અતિ લોલુપતા હોવી (૪) ભોગોની તૃષ્ણા નહિ ઘટાડતાં વધારવી અને (૫) મર્યાદાથી અધિક ભોગોને ભોગવવા.

શ્રી ઉમા સ્વામીજી મહારાજ અનુસાર પાંચ અતિચારમાં ત્રણ અતિચાર એ અપેક્ષાએ છે કે કોઈ શ્રાવકે કોઈ દિવસ માટે સચિત વસ્તુ ખાવાપીવાનો ત્યાગ અર્થાત્ એકેન્દ્રિય જીવ સહિત પદાર્થો ન લેવાનું વ્રત લીધું હોય તેને આવા દોષથી બચવું જરૂરનું છે. (૧) ભૂલથી સચિત પદાર્થ ખાવો (૨) સચિતથી સંબંધિત પદાર્થો ખાવા; જેમકે કેળાના પાન પર ભોજન કરવું (૩) સચિતને અચિત સાથે ભેળવી ખાવું.

(૪) જે ભોજન કામ ભાવની તીવ્રતા વધારે એવા હોય તેનું ગ્રહણ કરવું (૫) જે ભોજન કાચું પાકું, ઓછું પકાવેલ અને અધિક પકાવેલ હોય તે લેવું.

આ જ્ઞાની એવી ભાવના કરે છે કે ધર્મ કાર્ય માટે આ નાશવંત શરીરની પણ રક્ષા કરવી જોઈએ. અને તેથી આવશ્યક પદાર્થો જ માત્ર ભોગોપભોગ માટે ગ્રહણ કરૂં અને શેષનો ત્યાગ કરૂં.

## બારમું
## અતિથિ સંવિભાગ શિક્ષાવ્રત

આજે આ જ્ઞાની અતિથિ સંવિભાગ નામા ચોથા શિક્ષાવ્રત પર વિચાર કરે છે. જે સંયમની રક્ષા અર્થે જનસમુદાયની બહાર જંગલ અથવા પહાડોમાં વિચરે છે, જેમને કોઈ ખાસ તિથિઓમાં ઉપવાસાદિનો નિયમ નથી અને જેમને આવવા માટે કોઈ નિર્ણિત તિથિ નથી તેને અતિથિ અથવા સાધુ કહે છે. આવા સાધુમુનિને પોતાના કુટુંબ અર્થે જ બનાવેલ ભોજનપાનમાંથી વિભાગ કરી વહોરાવવું ને અતિથિ સંવિભાગ

છે. આને શિક્ષાવ્રત એટલા માટે કહે છે કે જે મુનિઓને વિધિ સહિત દાન કરે છે, તેને પોતાને સ્વયંદાન લેવાની શિક્ષા મળે છે. આ શિક્ષાવ્રત મુનિ અવસ્થાનું પૂર્વ સાધન છે.

મુનિ ઉદ્દિષ્ટ આહારના ત્યાગી છે. તેવી જ રીતે ૧૧ મી પ્રતિમાધારી ક્ષુલ્લક તથા એલક પણ તેવા જ ત્યાગી છે; તેઓ પણ સાધુના નાના ભાઈ છે. સાધુપદના ઉમેદવાર છે. આ ત્રણેની એવી ગાઢ પ્રતિજ્ઞા હોય છે કે સ્વયં આરંભ કરવો નહિ, બીજા પાસે પોતા માટે કરાવવો નહિ, તથા આરંભની અનુમોદના કરવી નહિ. ગૃહસ્થે પોતાના માટે તૈયાર કરેલ આહારમાંથી સંતોષપૂર્વક ગ્રહણ કરવું એવી ભિક્ષાવૃત્તિ વિરક્તોનો ધર્મ છે.

એવા નિર્ગ્રંથ સાધુ અથવાં પૂજ્ય મહાત્માઓને નવ પ્રકારની ભકિતથી સંપન્ન થઈ દાન દેવું ઊચિત છે. નવધા ભકિત આ પ્રમાણે છે :—

( ૧ ) સંગ્રહ મુનિને આવતા દેખી ભકિતથી કહેવું કે શુદ્ધ આહારપાનની જોગવાઇ છે. માટે પધારો.

( ૨ ) ઉચ્ચ સ્થાન યોગ્ય ઉચ્ચ સ્થાન પર બેસાડવા.

( ૩ ) પાદોપક્રમ ચરણોનું પ્રક્ષાલન કરવું.

( ૪ ) અર્ચન.

( ૫ ) પ્રણામ.

( ૬ ) મન શુદ્ધિ. દાન સિવાય મનમાં અન્ય કોઈ વિકલ્પ હોય તે દૂર કરવો.

( ૭ ) વચનશુદ્ધિ. મૌન સહિત રહેવું તથા આવશ્યકતા હોય ત્યારે યોગ્ય મિષ્ટ વચન કહેવું.

( ૮ ) કાયશુદ્ધિ.

( ૯ ) એષણાશુદ્ધિ. ભોજન શુદ્ધ હોય અને મુનિના નિમિત્તથી બનાવેલ ન હોય.

આમ નવ પ્રકારની ભક્તિથી દાતારે સાત ગુણ સહિત પ્રસન્ન મુખથી દાન કરવું યોગ્ય છે. સાત ગુણ તે —

(૧) ઐહિક ફલાનપેક્ષા. દાનના ફળની ઈચ્છા ન હોવી

(૨) ક્ષમા અને શાંત ભાવ હોવા.

(૩) નિષ્કપટતા, સરળતાથી શુદ્ધ ભોજન આપવું; માયાચારીથી અશુદ્ધને શુદ્ધ ન કહેવું.

(૪) અનસુયત્વમ્. ઈર્ષા ન કરવી.

(૫) અવિષાદ. અંતમાં શોક ન હોવો.

(૬) મુદિતત્વ. દાન સમયે મન હર્ષિત હોવું.

(૭) નિરહંકાર. અહંકાર રહિત થવું.

મુનિઓને ઉપર મુજબ દાન કરવું. એલક અથવા ક્ષુલ્લકની પણ નવ ભક્તિમાંથી યથાયોગ્ય ભક્તિ કરવી ઉચિત છે. તે સિવાય મધ્યમ પાત્ર પણ છે; તે એવા શ્રાવક છે કે જેઓ પહેલી દર્શન પ્રતિમાથી શરૂ કરી દસમી પ્રતિમા સુધીના વ્રત પાળે છે, તેમને પણ ભક્તિથી યથાયોગ્ય દાન કરવું. જે વ્રત રહિત છે, પરંતુ સાચા દેવ, શાસ્ત્ર, ગુરુમાં પૂર્ણ શ્રદ્ધાવંત છે. તે જ ધન્યપાત્ર છે; તેને પણ આદર સહિત દાન દેવું.

દાનનું બહુ મોટું ફળ છે; લોભના ત્યાગથી મન વિશુદ્ધ થાય છે, આ પ્રમાણે આ જ્ઞાની શ્રાવક શિક્ષાવ્રતના મહિમાનો વિચાર કરે છે.

## સંલેખના

આ જ્ઞાની આત્મા આજે શ્રાવકની બીજી વ્રત પ્રતિમામાં સંલેખના *સંબંધી વિકલ્પ કરે. સંલેખના અથવા સમાધિમરણનું વ્રત વ્રતોમાં* શિખર સમાન છે.

કોઈ દિવસે આયુકર્મનો ક્ષય થવાથી એક પર્યાય છોડી બીજી પર્યાયમાં જવામાં સમાધિમરણ અત્યંત ઉપકારી મિત્ર છે કારણ કે તે આ સંસારી જીવને ધર્મભાવની પ્રાપ્તિનો લાભ મેળવી આપે એવી

સાતાકારી સ્થિતિમાં લઈ જાય છે. મરણ સમયે શુભ લેસ્યાના પ્રભાવથી શુભ ગતિ મળે છે, આથી અતિ આવશ્યક છે કે અંત સમયે આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાન ન હો, કિંતુ ધર્મધ્યાન હો, સમતાભાવ હો, કષાયોની અતિ મંદતા હો, આત્માની સન્મુખ પરિણામ હો, રત્નત્રયની અંદર રમતા એવા ભાવનિક્ષેપરૂપ ભાવ હો.

શ્રાવક નિરંતર એવી ભાવના રાખે છે કે મારું સમાધિમરણ હો. કષાયભાવોને સારી રીતે કૃષ કરવા તેને કષાય સંલેખના અને કાયાને કૃષ કરવી તે કાય સંલેખના કહેવાય છે.

જ્યારે એવું અનુમાન થાય કે આ શરીર કોઈ એવી આપત્તિમાં ફસાઈ ગયું છે કે જેમાંથી બચવું અને જીવિત રહેવું અસંભવિત છે. તે અસાધ્ય રોગમાં સપડાયું છે, અગ્નિ મુખમાં પ્રવેશી ચૂક્યું છે અથવા ભયાનક દુર્ભિક્ષ અથવા યુદ્ધની મધ્યમાં આવ્યું છે, ત્યારે વ્રતોની રક્ષા નહિ થઈ શકે એમ જાણી જ્ઞાની શ્રાવક પોતાના વ્રતોને જોખમ ન પહોંચે એવી રીતે વ્રતોની રક્ષા કરીને શરતનો ત્યાગ કરે છે.

આ વ્રતના પાંચ અતિચાર આ પ્રમાણે છે. (૧) જીવિત રહેવાની ઇચ્છા કરવી, (૨) મરણની ઇચ્છા કરવી, (૩) અગાઉ ભોગવેલાં ભોગનું સ્મરણ કરવું, (૪) પ્રથમ શરીર ઉપકારી મિત્ર હતું તેની સાથે પ્રીતિ કરવી, (૫) ભવિષ્યના ભોગોની વાંચ્છા કરવી. આ પાંચ દોષ છોડી સરળ, શાંત ભાવમાં રહી દેહત્યાગ કરવો તે સંલેખના છે.

# ૩

# ત્રીજી સામાયિક પ્રતિમા

આ જ્ઞાની ગૃહસ્થ બીજી વ્રત પ્રતિમાનું પાલન કરતાં કરતાં અંતરંગમાં અધ્યાત્મજ્ઞાનના અભ્યાસને વધારે છે તથા આત્મિક આનંદના

અધિક સ્વાદ માટે ત્રીજી સામાયિક પ્રતિમામાં પ્રવેશ કરે છે. હવે તેણે પ્રાતઃકાળ, મધ્યાહ્ન તથા સાયંકાળે એકાંતમાં બેસીને સામયિક શિક્ષા વ્રતનું પાલન કરવું જોઈએ તથા પ્રત્યેક વખતે પૂરી બે ઘડી સામાયિક કરવી જોઈએ એવી ભાવના કરે છે. આ ત્રીજી શ્રેણીમાં ઉપરોક્ત ત્રણે સમયે સર્વ કાર્ય છોડી આત્મભાવના કરવી જોઈએ.

સામાયિક માટે તે એકાંત તથા નિરાકુળ ક્ષેત્રની પસંદગી કરે છે. સામાયિકના પ્રારંભમાં તો એવી ભાવના કરે છે કે "મારો કોઇ શત્રુ નથી, તેમ મિત્ર નથી, હું અત્યારે સર્વ અનાત્મસંબંધી વિચારોથી નિવૃત્ત થઈ એક માત્ર આત્માના ગુણ પર્યાયમાં રમણતા કરૂં છું, રાગદ્વેષને ત્યાગુ છું અને સમતાભાવને ગ્રહું છું."

સામાયિક પ્રતિમાધારી સામાયિકના સમયે બિલકુલ મુનિવત્ શાંત તથા સૌમ્ય બની જાય છે. યદિ કોઈ કષ્ટ આપે અથવા દુર્વચન કહે અથવા પ્રહાર કરે તોપણ પ્રયોગકર્તા દ્વેષ કરતા નથી. કારણ કે તે સમયે તેણે પોતાના આત્માને જ પોતાનું ઘર માન્યું છે આથી તેઓ તે ઘરની રક્ષા ક્રોધ, માન, માયા, લોભાદિ શત્રુઓથી અતિ પ્રયત્નપૂર્વક કરે છે. અર્થાત્ કહો કે અત્યારે ભાવસાધુ છે.

હવે તે જ્ઞાની શ્રાવક વ્યવહારનયને ગૌણ કરી નિશ્ચયનયનો આશ્રય લે છે. પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, સ્તુતિ, વંદના આદિ વ્યવહાર સામાયિક સંબંધી વિકલ્પોનો ત્યાગ કરી, અસલી નિશ્ચય સામાયિકમાં આરૂઢ થાય છે. નિશ્ચયનયના આશ્રય વડે બુદ્ધિમાંથી જગતની વિચિત્રતા એકાએક સરી જઈ, સર્વ શુદ્ધ, શુદ્ધ, ચૈતન્યમય, પરમ વીતરાગી દેખાય છે. પુદ્‌ગલાદિ પાંચ દ્રવ્ય ભિન્ન ભિન્ન નજરમાં આવે છે. હવે તે સ્વાનુભવ અર્થે અન્ય સર્વ આત્માઓમાંથી પોતાનો ઉપયોગ હઠાવી પોતેપોતાના જ આત્માની નિર્મળ શુદ્ધ ભાવરૂપી ભૂમિમાં પ્રવેશ કરે છે. ત્યાં પ્રવેશતાં જ, સર્વ ભવતાપ શમી જાય છે, દ્વૈતની કલ્પના વિલય થાય છે અને એક માત્ર આત્મભાવ જાગ્રત થાય છે. આ સ્વાનુભવરૂપી

આનંદામૃતનો સ્વાદ અપૂર્વ છે, આ સ્વાદનો ભોક્તા સાચી સામાયિકનો સ્વામી છે. આવી સામાયિકના બળથી અથવા સમભાવના પ્રભાવથી પૂર્વબદ્ધ ઘણાં કર્મોની સ્થિતિ ઘટી જાય છે, પાપકર્મનો અનુભાગ શમે છે તથા પુણ્ય કર્મનો અનુભાગ વધી જાય છે.

## ૪

# ચોથી પૌષધોપવાસ પ્રતિમા

ક્ષાયિક સમ્યક્દૃષ્ટિ શ્રાવક ૧૧ પ્રતિમાઓમાંથી પહેલી ત્રણ પ્રતિમાઓના વ્રતનો અભ્યાસ કરીને હવે ચોથી પૌષધોપવાસ નામની પ્રતિમામાં પ્રવેશ કરે છે.

તે મનમાં દૃઢ સંકલ્પ કરે છે કે એક માસમાં બે અષ્ટમી તથા બે પાખી એ ચારે પર્વમાં હું પૌષધોપવાસ કરીશ. ઉપવાસ એક તપ છે, અને શકિત અનુસાર તે કરવા યોગ્ય છે. આ ઉપવાસ–તપ ભાવ હર્ષયુકત તથા સંક્લેશ પરિણામ રહિત હોય છે; શ્રાવકાચારમાં આ તપને ઉત્કૃષ્ટ, મધ્યમ તથા જઘન્ય એય ત્રણ પ્રકારે કહેલ છે.

જ્યારે અષ્ટમીના દિવસે ઉપવાસ કરવાનો હોય ત્યારે તે કયારેક સપ્તમીના બે પ્રહર બાદ. કયારેક સપ્તમીના સંધ્યાકાળથી અને કયારેક અષ્ટમીના પ્રાતઃકાળથી સર્વ ગૃહારંભનો ત્યાગ કરે છે, જેટલા સમય સુધી પૌષધ કરે છે, તેટલા સમય માટે પોતાનું રાજ્યપાટ, વ્યાપાર-વણજ, કૃષિ આદિ સર્વ આરંભ કોઈ બીજાને સોંપી પોતે નિશ્ચિત થાય છે.

આ પૌષધોપવાસી સર્વ તરફથી એટલે સુધી નિશ્ચિત થઈ જાય છે કે શરીરની પણ ચિંતા, વિકલ્પ આદિ છોડી, માત્ર પોતાના આત્મા-રામમાં રમણ કરવાનો દૃઢ નિશ્ચય કરી તેમાં જ વીર્યને જોડે છે.

ત્રિકાળ સામાયિક કરવા ઉપરાંત બાકીના સમયમાં સ્થિરતાથી શાસ્ત્રાભ્યાસ કરે છે, ધર્મબુદ્ધિ–જીવો સાથે ધર્મચર્ચા કરે છે, શ્રી જિનેન્દ્ર ભગવાનની સ્તુતિ વંદના આદિ કરે છે. પ્રમાદ તથા આલસ્યને તો બિલકુલ વશ થતા નથી. આધ્યાત્મિક શાસ્ત્રોનો સ્વાધ્યાય કરતાં કરતાં તે જ્ઞાની વિચારમાં પડી જાય છે કે "અહો ! આ સંસાર અસાર છે, શરીર અપવિત્ર છે, ઇન્દ્રિયભોગ પરાધીન, ક્ષણભંગુર અને અતૃપ્તિકારી છે." આમ વિચારી નિશ્ચય કરી સત્ ચિત્ આનંદમય એવા પોતાના આત્માની ગુણાવલીમાં ઉપયોગ લગાવી તેમાં જ રમણ કરવા ઉદ્યમ કરે છે.

# ૫

# સચિત્ત ત્યાગ પ્રતિમા

સમ્યક્‌દૃષ્ટિ શ્રાવકની આ પાંચમી પડિમા છે. ઇન્દ્રિયોના વિષયોને જીતવાને ઉદ્યમી આ શ્રાવક પોતાની ઇચ્છાઓ ઘટાડે છે અને એવો નિશ્ચય કરે છે કે શાસ્ત્રાનુસાર સચિત્ત અર્થાત્ જીવસહિત પદાર્થોનું ભક્ષણ નહિ કરૂં, માત્ર તે જ પદાર્થો ખાવાના ઉપયોગમાં લઇશ કે જેમાં એકેન્દ્રિય જીવ પણ ન હોય.

આ શ્રેણીમાં હજુ આરંભનો ત્યાગ નથી; પોતાની આજીવિકા અર્થે કૃષિ વાણિજ્ય આદિ તથા પાણી ભરવું, કપડાં ધોવાં, રસોઈ બનાવવી એ આદિ ગૃહારંભો કરે છે. અહિ તેને માત્ર સચિત્ત આહાર કરવાનો ત્યાગ છે. તેના પરિણામોમાંથી સ્વચ્છંદ તથા નિરર્ગલ પ્રવૃત્તિ નીકળી જવાથી હવે આ જ્ઞાની કાચું પાણી ન લેતાં માત્ર પ્રાશુક પાણી પીએ છે, તથા સચિત્ત પદાર્થો અચેત થયા પછી જ ખાય છે. કોઈ સચેત એકેન્દ્રિય વનસ્પતિ આદિ સુકવવાથી, ગરમ કરવાથી, નિમક આદિ મેળવવાથી અચેત વા પ્રાશુક થઇ જાય છે. તેવી વનસ્પતિનો જ આહારે કરે છે.

નિરર્ગળ પ્રવૃત્તિ અટકાવવાથી તથા વિચારરૂપ પ્રવૃત્તિ ઉદ્દતિ થવાથી ઇન્દ્રિય સંયમ તથા પ્રાણ સંયમોનું અધિક અંશે પાલન થાય છે. આ જ્ઞાની શ્રાવકના પરિણામોમાં દયા ભરપૂર ભરી હોય છે. તેની એવી ભાવના હોય છે કે મારાથી કોઈ પણ પ્રાણીનો ઘાત ન થાય. મારા ભાવોમાં ઇન્દ્રિય વાસના ન હો. છતાં પ્રત્યાખ્યાનાવરણ કષાયના ઉદયથી તે પૂર્ણ સયમી બની શકતા નથી; પરંતુ તેઓ સંયમાસંયમી, દેશ સંયમી છે. **જેટલે અંશે ઇન્દ્રિયસંયમ તથા પ્રાણસંયમ છે તેટલે અંશે સંયમી અને જેટલે અંશે એ બંને સંયમ નથી તેટલે અંશે અસંયમી** છે.

આ જ્ઞાની કોઈ પણ પ્રાણીને નિરર્થક કષ્ટ આપતા નથી. જેટલી જેટલી વસ્તુ વિના ન ચાલી શકે તેમ હોય તેટલી સચિત વસ્તુને અચેત કરે છે. જ્યાં અનંતકાયી જીવ હોય છે એવી વસ્તુ રસનેન્દ્રિયના રાગ-વશ અચેત કરતા નથી. પ્રયોજનવશ ઔષધ આદિને સચેતમાંથી અચેત કરે છે તેવી અનિવાર્ય હિંસામાં પણ ઉદાસીનતા છે પરંતુ રાગના અતિમંદતાના અભાવમાં આરંભી હિંસાનો ત્યાગ પૂર્ણપણે થતો નથી.

આ પાંચમી પ્રતિમાધારી શ્રાવક બહારથી વ્યવહાર ચારિત્રની ઉન્નતિ કરતા હોય છે ત્યાં પણ તેમનું મુખ્ય ધ્યાન અંતરંગ ચારિત્રની પર સ્થિર હોય છે. ત્રણે કાળની સામાયિક ઉપરાંત સમય કાઢી તે આકુળતાના કારણરૂપ પુદ્ગળ દ્રવ્યના સંયોગને ભૂલી જઈ આત્મદ્રવ્યના ગુણપર્યાય પર ચિત્ત લગાવે છે, અને સ્વાનુભૂતિમય પરમ આનંદરસનું પાન કરે છે. વિચારતાં જણાશે કે તે સચિતના ત્યાગી થઈ અચિતને પણ ભોગવતા નથી, પરંતુ નિજ ચેતનારૂપ સચિત પદાર્થને જ ભોગવે છે અને એ ભોગમાં એટલા આસકત છે કે તેમને મહાન લોભી કહેવામાં કંઈ ખોટું નથી.

## ૬

# રાત્રિભુક્તિ ત્યાગ પ્રતિમા

જ્ઞાની આત્મા પ્રથમની પાંચ પ્રતિમાઓના નિયમોનું પાલન કરતાં કરતાં હવે છઠ્ઠી પ્રતિમામાં પ્રવેશ કરે છે. આ પ્રતિમાનું નામ રાત્રિભુકિતત્યાગ છે, અહીં રાત્રે અન્ન, પાન, સ્વાદ્ય તથા લેહ્ય એવા ચાર પ્રકારના આહારનો સર્વથા ત્યાગ કરે છે.

અહિં તે એવી કક્ષાએ પહોંચે છે કે જ્યાં તે સ્વયં રાત્રિ ભોજન કરતા નથી તેમજ અન્યને કરાવતા નથી. તે ખાવાપીવાના વિકલ્પથી છૂટે છે, હજુ તે આરભી ગૃહસ્થ, છે, તેને આધીન કુટુંબ, પશુ આદિ પણ છે, પરંતુ અહિં તે તેઓની સંભાળ અર્થેનું કાર્ય પોતા પરથી ઉતારી અન્ય કોઇને સોંપે છે કે જેને આવો કોઇ નિયમ નથી રાત્રે બીમારને આહાર પાણી દેવા. ઢોર પશુઓનું ખવરાવવું, અથવા કોઈ અતિથિ આવી ચડે તો તેને આહાર દઈ સત્કાર કરવો એ આદિ કાર્ય અન્ય કોઇને સોંપી, પોતે સર્વ ચિંતાઓથી છૂટી ૧૮ કલાક માટે ઉપવાસી થાય છે.

રાત્રે સ્વયં ભોજન ન કરવાનો **પાકો** નિયમ આ પ્રતિમામાં થાય છે. જોકે કોઈ દયાવાન ગૃહસ્થ પહેલી દર્શન પ્રતિમામાં પણ તેનો અભ્યાસ કરે છે, તથાપિ કોઈ ગૃહસ્થ રાત્રિભોજન ત્યાગ સર્વથા ન કરી શકે, પાણી ઔષધ આદિનો ત્યાગ ન કરી શકે તેવી અવસ્થામાં હોય, તે પણ પ્રથમની પાંચ પ્રતિમાઓનું પાલન નિયમપૂર્વક કરી શકે છે અને પછી અહિં છઠ્ઠી પ્રતિમામાં પ્રવેશ કરે ત્યારે તો નિયમથી ચારે પ્રકારના આહારનો ત્યાગ કરે છે. અર્થાત્ આ પ્રતિમાનો ધારવા પહેલાં જો કોઈ શ્રાવક રાત્રિએ કંઈ પણ ન લે તો તે બહુ ઉત્તમ છે, પરંતુ કોઈ કારણવશ સર્વથા ન છોડી શકાય તેમ હોય અથવા છોડવાના અભ્યાસી હોય તેને પણ અહિં તો રાત્રિભોજનનો ત્યાગ કરવાનો હોય

છે. આથી જ્ઞાની શ્રાવક રાત્રે પણ ધર્મધ્યાન અને આત્મચિંતન માટે સમય કાઢી તે કાર્યમાં રત બને છે. વાસ્તવમાં જગતના સર્વ કાર્યોની અપેક્ષાએ આત્માના ઉપવનમાં કલ્લોલ કરવાનું આ જ્ઞાની આત્માને અધિક રૂચિકર ભાસે છે.

# ૭

# બ્રહ્મચર્ય પ્રતિમા

આ જ્ઞાની ગૃહસ્થ છ પ્રતિમાઓનો અભ્યાસ કરી હવે સાતમી પ્રતિમાનો વિચાર કરે છે. તે ચિંતવે છે. કે સ્ત્રી સંસર્ગ જીવનની શક્તિ તથા સંયમને નષ્ટ કરે છે; સ્ત્રી સંસર્ગનો મોહ આત્માની શુદ્ધિના અભ્યાસમાં બાધક છે, હવે જો હું મન, વચન, કાયાથી સ્ત્રી સંસર્ગનો ત્યાગ કરી બ્રહ્મભાવમાં રત થઈ ભલી રીતે બ્રહ્મચર્યવ્રત પાળું, તો તે મને આત્માનુભવના મનનમાં અતિ સહાયતારૂપ થાય. આમ વિચારી, પોતાનો નિર્ણય સ્વપત્ની પાસે પ્રદર્શિત કરી, તેને સંતુષ્ટ કરીને પોતાના ગૃહના કોઈ એક એકાંત ઓરડામાં પોતાનું શયન આસન ગોઠવે છે.

જો કે હજુ તેણે આરંભ તથા પરિગ્રહનો ત્યાગ કર્યો નથી, કુટુંબની રક્ષા તથા આજીવિકાના સાધનને સંભાળે છે તો પણ તેની વૃત્તિ સારી રીતે સંતોષમય બની ઉપશમી ગઇ છે.

તે બ્રહ્મચર્યની રક્ષાર્થે દિવસમાં માત્ર એક વખત ભોજન કરે છે, તેમાં પણ કામોત્તેજક પદાર્થોનો ત્યાગ કરે છે. અને આવશ્યક હોય તો બીજી વખત ફળ અથવા દૂધ કોઈ વાર લે છે. તેના વેષમાં પણ પરિવર્તન થાય છે. તે સાદા કપડાં પહેરે છે, જોનારને તે વૈરાગી લાગે એવી તેની વર્તના હોય છે.

તે પાંચ ભાવનાઓ ભાવે છે તે આ પ્રમાણે—

(૧) સ્ત્રીઓમાં રાગ વધારનાર કથા સાંભળવી નહિ.

(૨) સ્ત્રીનાં મનોહર અંગો રાગભાવથી નિરખવા નહિ.

(૩) પૂર્વ ભુક્ત ભોગોનું સ્મરણ કરવું નહિ.

(૪) કામોત્તેજક આહારપાણી લેવાં નહિ.

(૫) સ્વદેહને શ્રૃંગારથી સજવો નહિ, જે જે નિમિત્તોથી કામવિકારની ઉત્પત્તિ થાય તે તે નિમિત્તોથી તે દૂર ભાગે છે.

તે હવે બિલકુલ નિરભિમાની તથા ઉદાસીન થયા છે. બાહ્ય બ્રહ્મચર્યના પ્રતાપથી વીર્યની શક્તિ વર્ધમાન થતી જાય છે. બાહ્ય બ્રહ્મચર્ય માત્ર શરીરરક્ષક છે અને આંતરિક આત્મિક બ્રહ્મચર્ય વિના તેનું મૂલ્ય નથી એમ જાણી બ્રહ્મરૂપ નિજ આત્માના ધ્યાનમાં વિશેષ ઉદ્યમી રહે છે.

## ૮

# આરંભ ત્યાગ પ્રતિમા

આ જ્ઞાની શ્રાવક પહેલી સાત પ્રતિમાઓના પાલનથી પરમ સંતુષ્ટ છે, પરંતુ આરંભ ત્યાગ ન હોવાથી તેને આજીવિકા અને ઘર સંબંધી આરંભિક ક્રિયા મન, વચન, કાયાથી કરવી પડે છે, આથી આ ક્રિયાના સંકલ્પ વિકલ્પ આત્માનુભવમાં બાધક છે એમ જાણી તે હવે આજીવિકા સંબંધી સમસ્ત વિકલ્પનો ત્યાગ કરે છે.

હવે તેને નથી મતલબ ખેતીથી કે નથી વેપારથી. નથી રાજ્યપાટના પ્રબંધથી કે નથી શિલ્પ આદિ કાર્યથી. પરિગ્રહ પરિમાણ વ્રતમાં રાખેલી સંપત્તિ પરિગ્રહ મર્યાદામાં સંતોષી બની, તે હવે ધનોપાર્જનનો ત્યાગ કરે છે. વળી પોતાના માટે આહારપાણી સંબંધે આરંભ કરવાનો, કરાવવાનો ત્યાગ કરે છે. પોતાના સ્ત્રી અથવા પુત્ર અથવા અન્ય કોઈ શુદ્ધ ભોજન માટે કહે તો જે કંઈ આહારમાં મળે તે સંતોષથી ખાઈ લેવાનો નિયમ લે છે.

અત્યાર સુધી તેને સંકલ્પી હિંસાનો ત્યાગ હતો તથા આરંભી હિંસાથી બચવા યથાશક્તિ પ્રયત્ન હતો, પરંતુ આજથી તે આરંભી હિંસાનો ત્યાગ કરે છે. વળી તેને જે કંઈ પરિગ્રહ છે, તેના ત્યાગની પણ ભાવના રાખે છે.

હવે આ જ્ઞાની મહાત્મા દિવસે ભૂમિને દૂરથી જોઈને ચાલે છે અને રાત્રે કદાચિત્ ચાલવું પડે તો પ્રકાશમાં જ ગમન કરે છે. પરંતુ અંધારામાં તો ચાલતાં જ નથી. ભાવ એવા છે કે પોતાના નિમિત્તથી કોઈ સ્થાવર કે ત્રસ જંતુને કષ્ટ ન હો.

તેમને હવે યાત્રા કરવાની ઉત્સુકતા રહી નથી.

આત્મધ્યાનને જ જીવનનો મુખ્ય ધ્યેય બનાવી તે પોતાના આત્માને સાચા દેવ, સાચા ગુરૂ, અને સાચું તીર્થ સમજે છે. જો કદિક ભ્રમણમાં તીર્થના વંદના માટે અવસર પ્રાપ્ત થાય છે તો તે વંદના કરે છે પરંતુ તેને એ વ્યવહાર ધર્મની આકુળતા નથી; અને તે છતાં વ્યવહાર ચારિત્રના નિયમોનું ભલી રીતે પાલન કરે છે. ટૂંકામાં તે અત્યંત સંતોષી છે.

## ૯

# પરિગ્રહ ત્યાગ પ્રતિમા

આ સમ્યગ્જ્ઞાની આત્મા આઠ પ્રતિમાઓના નિયમોને ભલે પ્રકારે પાળતો જો કે આત્મધ્યાનનો અભ્યાસ અધિકતાએ કરે છે તો પણ પરિગ્રહમાં મમત્વ બુદ્ધિ પરિણામોની શુદ્ધતામાં બાધક છે એમ સમજી હવે તે પરિગ્રહ ત્યાગ નામની નવમી પ્રતિમામાં પદાર્પણ કરે છે.

તેને હવે પ્રત્યાખ્યાનાવરણ કષાયની મંદતા થતી જાય છે. પોતાની સર્વ સંપત્તિ ધ્યાનમાં લઈ, તેમાંથી સંતાનોને આપવાની છે તે આપી દઈ બાકીની જૈન ધર્મની ઉન્નતિમાં, આહાર, ઔષધિ, વિદ્યાદાન, આવશ્યક ધર્મ કાર્યમાં વાપરવાનો પ્રબંધ કરે છે. આમ સ્થાવર જંગમ

સંપત્તિમાં મમત્વપણું હતું તે કાઢી નાખી નિર્મમત્વ ભાવને પ્રાપ્ત થાય છે. જો કે સમ્યકત્વની અપેક્ષાએ તો તે મમત્વરહિત હતા જ પણ ચારિત્રની અપેક્ષાએ મમતા સહિત હતા. અહિં મમતાનો ત્યાગ કરે છે.

હવે તે પોતાનું ઘર પણ છોડે છે અને કોઈ એકાંત ઓરડી કે ધર્મશાળા આદિ સ્થળમાં નિવાસ કરે છે; પોતાની પાસે ધન રાખવાનો ત્યાગ કરે છે, માત્ર યથાવશ્યક થોડાં વસ્ત્ર તથા ભોજન પાણી માટે બે ત્રણ પાત્ર રાખે છે, અને અતીવ સંતોષથી રહે છે.

આરંભના ત્યાગી હોઇ તે પગપાળા ગમન, મુસાફરી કરે છે; મનની અંદર તીર્થયાત્રાનો મોહ નથી. યદિ સુગમતા અને સંતોષથી વિહાર કરતાં કોઈ તીર્થક્ષેત્ર નિકટ આવે તો તે પૂણ્યભૂમિમાં જઈ ભકિતથી મહાન સત્પુરૂષોના ગુણોનું સ્મરણ કરી પોતાના જન્મને કૃતાર્થ માને છે. જો કોઈ ધર્માત્મા ગૃહસ્થ ભકિતપૂર્વક નિમંત્રણ કરે છે, તો ત્યાં જે કાંઈ મળે તે સંતોષથી આરોગી સંયમના રક્ષણ અર્થે ઉદર-પોષણ કરે છે. રસાસ્વાદથી તૃષ્ણાને તેણે દમી નાખી છે.

તેઓ રાત્રે નિદ્રા અલ્પ લે છે અને સૂતા સૂતા વૈરાગ્યની ભાવના ભાવતા હોય છે. જો કે તેનુ મન સંસારના પદાર્થોથી ઉદાસીનતા ભજે છે તો પણ ધર્મની પ્રભાવના માટે તે સદા ઉત્સુક હોય છે. સમયની અનુકૂળતાએ તેઓ શ્રાવકોને ધર્મોપદેશ આપે છે, પરોપકાર અને ધાર્મિક આચરણ કરવા ઉતેજિત કરે છે. તેઓ પ્રેમથી શાસ્ત્રભ્યાસ કરે છે અને ધર્મ અને પરોપકારવર્ધક લેખો તથા પુસ્તકો લખે છે.

જો કે તેઓ શુદ્ધોપયોગના પ્રેમી છે પરંતુ પોતાના ઉપયોગને અધિક કાળપર્યંત શુદ્ધ ભાવમાં સ્થિર રાખવા અસમર્થ હોવાથી લાચારીએ શુભોપયોગમા રમણતા કરાવે છે. જ્યારે તેઓ શુભોપયોગમાં

હોય છે ત્યારે તેમના પરિણામમાં જીવ માત્રનું હિત વર્તતું હોય છે, સર્વ પ્રત્યે મૈત્રીભાવ, ગુણવાનો પ્રત્યે પ્રમોદભાવ, પીડિતો પ્રત્યે દયાભાવ તથા અસમાન વિચાર અથવા વિરોધ પરિણતિ ધરાવનાર પ્રત્યે માધ્યસ્થ ભાવ હોય છે.

નવમી પ્રતિમા સંબંધી વિકલ્પ કરતા આ જ્ઞાની તેવા વિકલ્પનો પણ ત્યાગ કરી નિર્વિકલ્પ થવાની ઇચ્છા રાખે છે. કારણ કે તેને યથાર્થ સમજ છે કે જે કાંઈ બાહ્ય માર્ગણાના વિચારમાં, કર્મોની બંધ, ઉદય, સત્તાના વિકલ્પમાં, શ્રાવક તથા મુનિ ધર્મનાં ચારિત્રના ચિંતવનમાં, તીર્થંકરાદિ મહાન પુરુષોનાં ચારિત્રમાં ઉપયોગ લગાવે છે; આ શુભોપયોગ છે, તો પણ વીતરાગ પરિણામરૂપી શુદ્ધોપયોગને ઉત્પન્ન કરવાનું નિમિત્તકારણ છે.

આ જ્ઞાની સવારે સાડાચાર અગર પાંચ વાગ્યે ઉઠીને સામાયિકમાં લાગી જાય છે. બે અથવા ચાર ઘડીની સામાયિક કરે છે. પછી કંઠસ્થ ગ્રંથોના પાઠ કરે છે, બાદ નવીન ગ્રંથનો સ્વાધ્યાય કરે છે. ફરી નિમિત્ત મળે તો શ્રાવક શ્રાવિકાઓને ધર્મોપદેશ આપે છે. પશ્ચાત શૌચક્રિયાથી નિવૃત્ત થઈ, બહુ ગ્લાનિ જણાય તો સ્નાન કરી લે છે.

દસ સાડાદસ સમયે સ્વાધ્યાય મંદિરમાંથી નીકળે છે ત્યારે જે કોઈ શ્રાવક શૌચાદિક માટેનું પાત્ર, કમંડળ તેમની પાસેથી લઈ લે છે, તેમની પાછળ પાછળ તેમને ઘેર જઈ પ્રતિજ્ઞાથી પ્રતિકૂળ ન હોય તેવો આહાર અત્યંત શાંતિથી, સંતોષથી અને મૌનપૂર્વક ગ્રહણ કરે છે. ભોજન બાદ શ્રાવક શ્રાવિકાઓને ઉપદેશ દે છે.

ફરી સ્વસ્થાને આવી થોડો આરામ લઈ બપોરની બે અથવા ચાર ઘડીની સામાયિક કરે છે. ત્યારબાદ કોઈ ગ્રંથનું સંપાદન કરે છે. અથવા કોઈ શિષ્ય અભ્યાસાર્થે આવે તો અભ્યાસ કરાવે છે વા કોઇ મિત્ર ધર્મચર્ચા માટે આવે તો ધર્મચર્ચા કરે છે.

સંધ્યા સમયે શૌચ માટે ખુલ્લા સ્થાનમાં જાય છે, પછી એકાંત

સ્થળે બેસી સંધ્યા સામાયિક કરે છે. રાત્રે ધર્મચર્ચા અથવા શાસ્ત્રોપદેશ કરે છે. ચારિત્ર છે તે માત્ર નિશ્ચય ચારિત્ર અર્થે જ છે. તેથી બાહ્ય ચારિત્રના વિકલ્પ કરવા છતાં પણ અંતરમાં સ્વરૂપાચરણ ચારિત્રની જ આસક્તિ છે.

## ૧૦

# અનુમતિ ત્યાગ પ્રતિમા

આજે આ જ્ઞાની આત્મા દસમી અનુમતિ ત્યાગ પ્રતિમા ધારવાની દૃઢ ભાવના કરે છે. અત્યાર સુધી જે કોઈ પોતાના સંતાન અગર અન્ય કોઈ સંસારિક કાર્યોમાં લાભ હાનિ સંબંધે સંમતિ પૂછતા તો તેઓ લાભ કે હાનિ બતાવતા હતા, અને પોતાનો ઉપયોગ આવા સાંસારિક પ્રપંચમાં લગાવતા હતા.

હવે આ પ્રતિમામાં તેઓ અનુમતિ દેવાના વિકલ્પનો ત્યાગ કરે છે. કદાપિ કોઈ સલાહ પૂછે છે તો તેઓ મૌન ગ્રહણ કરે છે. સંસારી કાર્યોની ચર્ચા સન્મુખ થવાથી ઉપયોગ વિકલ્પમય, ચંચળ તથા ધર્મધ્યાનથી વિમુખ થાય છે તેમ સમજી તેવા વિષયોથી અલિપ્ત રહે છે. જેવી રીતે ધન ધાન્ય, કુટુંબાદિ બાહ્ય પરિગ્રહ અંતર પરિગ્રહ જે મૂર્છા, મમતા, વાસના આદિનું નિમિત્ત કારણ છે તેવી રીતે લૌકિક કાર્યના વિચાર રાગદ્વેષ ઉત્પન્ન થવામાં નિમિત્ત કારણ છે, એમ તેમની શ્રદ્ધા છે.

આ દસમી શ્રેણીમાં તેઓ ધર્મ અથવા પરોપકાર કથા સિવાય અન્ય કોઈ પ્રકારની વાત કરતા નથી જો કે સ્વાનુભવમાં રહેવું એ જ ઉત્તમ અને પરમ પ્રશંસનીય છે એમ સમજણ છે તો પણ તેવું અવગાહન બહુ અલ્પસમય માટે સંભવિત હોઈ, તેઓ ગુણસ્થાન પછી સૂતા સૂતા તત્ત્વનું મનન કરે છે અને બાદ અલ્પ નિદ્રા લે છે.

# ૧૧

# ઉદ્દિષ્ટ ત્યાગ પ્રતિમા

## (૧) ક્ષુલ્લક વ્રત

તત્ત્વજ્ઞાની આત્મા શ્રાવકની દસ પ્રતિમાઓનાં નિયમોનું ભલે પ્રકારે પાલન કરીને હવે તે અગિયારમી પ્રતિમા તરફ ઝુકી ક્ષુલ્લકના નિયમો પાળવાની ભાવના કરે છે. તેમના મનમાં વૈરાગ્યભાવે પોતાનું સ્થાન વિશેષતાએ ગ્રહી લીધું છે. તેમણે શરદી ગરમી સહેવાનો સારો અભ્યાસ કર્યો છે.

હવે તેઓ માત્ર એક કૌપીન અથવા ચાદર રાખે છે, જે વડે પોતાનું પૂર્ણ અંગ ઢાંકી ન શકાય. જો માથું ઢાંકે તો પગ ખુલ્લા રહે અને પગ ઢાંકે તો માથું ખુલ્લું રહે તેવી ચાદર રાખે છે. અહિં ભાવ એ છે કે અંગને શરદી, ગરમી, ડાંસ, મચ્છરની બાધા સહન કરવાનો અભ્યાસ મળે અને આખરે પરિગ્રહ રહિત નિર્ગ્રંથ રૂપના ધારક થઇ શકાય. વિશેષ દયા પાળવાના અર્થે કોમળ ઉપકરણ અથવા મોરપિંછ રાખે છે. દરેક વસ્તુને યત્નાપૂર્વક ઝાડીને લે છે, મૂકે છે.

તેઓ મુનિઓના સંસર્ગમાં અથવા ક્ષુલ્લકોના સત્સંગમાં રહી શ્રાવકની પ્રતિમાઓમાં કહેલી સર્વ ક્રિયાઓનું પાલન કરે છે. આઠમ અને પાખીના દિવસે નિયમથી ઉપવાસ કરે છે.

તેઓ મન, વચન, કાયાથી કૃત, કારિત અને અનુમોદનથી આરંભના ત્યાગી છે. તેઓ ઉદ્દિષ્ટ આહારના ત્યાગી છે. પાત્રને માટે જે બનાવવામાં આવે તે ઉદ્દિષ્ટ આહાર છે, તેનાથી ક્ષુલ્લક વિરક્ત હોય છે. શ્રી અમિતગતિ આચાર્ય મહારાજે સુભાષિત રત્ન સંદોહમાં તેમને **त्यक्तोद्दिष्ट :** કહ્યા છે. ગૃહસ્થોએ પોતાના કુટુંબ માટે જે આહાર તૈયાર

કર્યો છે તેમાંથી દેવામાં આવે તો ભિક્ષાવૃત્તિથી લે છે. તેઓ ભિક્ષાર્થે નીકળે છે ત્યારે ગૃહસ્થના આંગણા સુધી જઈ, ઉભા રહી, "ધર્મલાભ" કહે છે અને પછી મૌન રાખી થોડીવાર ઊભા રહે છે. જો ગૃહસ્થ ભક્તિથી સત્કારે તો ઠીક. નહિ તો બીજે ઘેર જાય છે. યદિ લાભ ન થાય તો સમભાવ રાખે છે.

કોઈ ક્ષુલ્લક એક જ ઘેર આહાર લેવાનો નિયમ રાખે છે, ત્યાં તે ગૃહસ્થ ભક્તિથી જે આપે તે થાળીમાં અથવા હાથમાં લઈ ખાય છે. જે ક્ષુલ્લકને એક જ ઘરનો નિયમ નથી, તે ભોજન પાત્ર રાખે છે અને તેમાં થોડું થોડું ભોજન ગ્રહણ કરે છે. ભોજનપાત્ર ધોઈને સ્વચ્છ સાફ કરે છે. આમ બે પ્રકારે ક્ષુલ્લક હોય છે.

આ ક્ષુલ્લક કેશ વધી જાય ત્યારે પોતાની મૂછ, દાઢી અને માથાના વાળ કાતરથી કપાવે છે. કેવળ સંયમ પાળવાના હેતુએ શરીરની રક્ષા કરે છે. જિવ્હાના સ્વાદવશ ભોજન કરતા નથી. દિવસના એક વખત ભોજન કરવાનો અભ્યાસ રાખે છે. કયારે સાધુનું ચારિત્ર પાળી શકું એવી ઉચ્ચ ભાવના રાખે છે.

## (૨) ઐલક વ્રત

ક્ષુલ્લકપદમાં ખુલ્લા ભાગને શરદી ગરમી આદિ બાધા સહેવાની આદત પડવાથી હવે આ જ્ઞાની આત્માને વિશ્વાસ છે કે જો હું હવે વસ્ત્ર ન રાખું તો પણ બધા પ્રકારની બાધા સહી શકીશ. આમ વિચારી ઉત્કૃષ્ટ શ્રાવકની વૃત્તિ અર્થાત્ ઐલક ચારિત્ર ધારવાની ભાવના કરે છે.

શ્રી ગુરૂ (જિન મુનિ)ના શરણે જઈ વસ્ત્રનો ત્યાગ કરે છે, પરંતુ લંગોટ રાખી લે છે. કારણ તેણે હજુ લજ્જાનો વિજય કર્યો નથી. આ ઐલક શ્રાવક પહેલાં વર્ણવેલી સઘળી ક્રિયાઓનું પાલન કરે છે તથા મુનિના ચારિત્રનો યથાશક્તિ અભ્યાસ કરે છે.

ભિક્ષા સમયે નીકળે છે ત્યારે તેઓ એક વખત પોતાના હાથમાં જ આહારપાણી કરે છે. પોતાના હાથે કેશ લોચ કરે છે. આ ઐલક પણ મુનિની માફક કાષ્ઠનું કમંડલ રાખે છે; રાત્રે મૌન રહે છે. અને વિશેષ ધ્યાનનો અભ્યાસ કરે છે. જ્યાં સુધી એક લંગોટનો પણ પરિગ્રહ છે ત્યાં સુધી શ્રાવકની સંજ્ઞા છે, તેઓ અષ્ટમી, પાખી ઉપરાંત બીજા પણ ઉપવાસ કરે છે. તેમને એકાંતવાસ બહુ પ્રિય હોય છે. એકાંત સ્થળમાં જ અધિક સમય રહે છે અને આત્મમનનની બહુ સૂક્ષ્મ દૃષ્ટિ રાખે છે.

શ્રાવક અને શ્રાવિકા બંને એક દેશ ચારિત્ર અથવા અગિયાર પ્રતિમાના વ્રતોને પાળી શકે છે. શ્રાવકાચારમાં જે જે વ્રત ક્રિયા કહી છે તે શ્રાવક તથા શ્રાવિકા બંને માટે છે. ફરક માત્ર એટલો જ છે કે આર્ય (દેશવ્રતી) એક લંગોટ રાખે છે ત્યારે આર્યા એક સાડી રાખે રાખે છે. આત્મોન્નતિના માર્ગ પર પ્રયાણ કરતા આ શ્રાવક-શ્રાવિકા બહુ જ શાંત હોય છે અને નિરંતર આત્મભાવનામાં રહે છે.

# દેશવિરત ચારિત્ર

## ઉપસંહાર

સમ્યક્દૃષ્ટિ આત્માને વ્યવહાર ચારિત્ર દ્વારા નિશ્ચય ચારિત્રની ઉન્નતિ પહેલી પ્રતિમાથી શરૂ કરી અગિયારમી ઉદ્દિષ્ટત્યાગ પ્રતિમા સુધી થાય છે. વાસ્તવમાં આત્માનુભવની સ્થિરતા તથા નિર્મળતાની અધિકતાને ઉન્નતિ કહે છે.

વિચારવાથી સ્પષ્ટ થશે કે આત્માનો સ્વભાવ મોહ અને કષાય ભાવ રહિત છે. જ્યારે જ્યારે મોહ તથા કષાયનો અનુભાગ ઉદયમાં આવે છે ત્યારે ત્યારે અનુભાગના પ્રગટવાની સાથે આત્માના ભાવને પણ તે રૂપ કરે છે. આત્માના ક્રોધથી ઉપયુક્ત થવાથી ક્રોધી, માનથી

ઉપયુક્ત થાય તો માની, માયાથી ઉપયુક્ત બને ત્યારે માયાવી અને લોભથી ઉપયુકત થતાં લોભી થઈ જાય છે.

ચારિત્રની ઉન્નતિનો અર્થ એવો છે કે કષાયનો મંદ મંદ અનુરાગ ઉદયમાં આવે. પાંચમે ગુણસ્થાને અનંતાનુબંધી કષાય તથા અપ્રત્યાખ્યાનાવરણ કષાયનો ઉપશમ થવાથી તેનો ઉદય હોતો નથી. પણ પ્રત્યાખ્યાનાવરણ તથા સંજ્વલન કષાય તથા નવ નોકષાય ઉદયમાં રહે છે, તેનો અનુરાગ જેમ જેમ ઘટતો જાય છે તેમ તેમ દેશચારિત્ર-ગુણ રૂપ વીતરાગતાનો અંશ વધે છે.

અગિયારમી પ્રતિમામાં પ્રત્યાખ્યાનાવરણ કષાયનો ઉદય અત્યંત મંદ પડી જાય છે, ત્યારે પંચમ ગુણસ્થાન સંબંધી ચારિત્ર પણ અધિક ઊંચું થઈ જાય છે.

આત્માભવ કરવાવાળો શ્રાવક સમ્યક્‌દૃષ્ટિ તથા સમ્યક્‌જ્ઞાની હોવાથી તેને આત્માના સ્વભાવનું સાચું શ્રદ્ધાન તથા જ્ઞાન છે તથા ક્ષાયિક સમ્યક્‌દૃષ્ટિનાં શ્રદ્ધાન તથા જ્ઞાન શ્રાવકની સર્વ પ્રતિમાઓમાં પ્રયોજન–ભૂત તત્ત્વોનાં તથા આત્માના સ્વભાવનાં શ્રદ્ધાન અને જ્ઞાનની અપેક્ષાએ સમાન છે.

કદાચિત્‌ જ્ઞાનાવરણ કર્મના ક્ષયોપશમ વિશેષથી ક્ષાયિક સમ્યક્-દૃષ્ટિનું જ્ઞાન પ્રત્યેક પ્રતિમા વખતે વૃદ્ધિગત થાય, તો પણ સમ્યક્‌ત્વની અપેક્ષાએ સર્વ પ્રતિમાઓમાં સમાનતા હોય છે અર્થાત્‌ આત્મસ્વરૂપના અનુભવમાં શ્રદ્ધાન અપેક્ષાએ સમાનતા અથવા વૃદ્ધિપણું હોઈ શકે છે, પરંતુ ચારિત્રની અપેક્ષાએ દરેક પ્રતિમા વખતે કષાયની મંદતા થતી હોવાથી, તે પ્રમાણમાં વીતરાગતાના અંશ વધતા રહે છે.

જ્યારે આત્મા, શ્રદ્ધાન, જ્ઞાન તથા ચારિત્ર સહિત નિજભાવમાં ઉપયુકત થાય છે ત્યારે સ્વાનુભવ થાય છે અને આવી એકતાનતા, લવલીનતા થોડા સમય સુધી ટકે છે. આ એકતાનતામાં જેટલી જેટલી

કષાયની મંદતા, તેટલી તેટલી ચારિત્રની અથવા વીતરાગતાની ઉન્નતિ થાય છે.

આ પ્રમાણે શ્રદ્ધાન અથવા સમ્યક્ત્વની અપેક્ષાએ ક્ષાયક સમ્યગ્દ્રષ્ટિને પહેલી પ્રતિમામાં જે અનુભવ છે તેજ અગિયારમી પ્રતિમામાં છે; પરંતુ ચારિત્રની અપેક્ષાએ અનુભવ અધિક નિર્મળ છે તથા જો જ્ઞાનની વિશેષતા થઈ હોય તો અનુભવ આધિક સ્પષ્ટ થાય છે. વળી પ્રત્યેક પ્રતિમાએ આત્મવીર્યની વૃદ્ધિ થતી રહે છે અને તેથી આત્માનુભવની સ્થિરતાનો સમય પણ ઉત્તરોત્તર પ્રતિમા વખતે વધતો જાય છે.

# ૪

# દેશના લબ્ધિ

હિંદીમાં લેખક : **બ્રહ્મચારીજી શ્રી શીતલપ્રસાદજી પંડિત**

અનુવાદક :

**શ્રી ભોગીલાલ ગિરધરલાલ શેઠ**

*

**સત્પુરૂષનો યોગ થાય, બોધ સાંભળે અથવા સત્શાસ્ત્ર આદિથી બોધ ગ્રહણ થાય એમ બોધની બાહ્ય સામગ્રી અને તે દ્વારા બોધ ગ્રહણ કરવાની શક્તિ પ્રગટ થાય તે દેશના લબ્ધિ કહેવાય છે.**

## ૧

એક ભવ્ય જીવ આધ્યાત્મિક આશ્રમમાં જઈ અતિ પ્રેમપૂર્વક અધ્યાત્મચર્ચા શ્રવણ કરીને ગદ્‌ગદ થઈ રહ્યો છે. પરમ અધ્યાત્મયોગી કહે છે.—

“હે વત્સ! તેં જે સંસારને પોતાનો માન્યો છે તે પર્યાય સ્વરૂપ હોઈ નાશવંત છે અને ફરી નવીન અવસ્થામાં પલટાવાનો છે. તું જે જે અવસ્થામાં મોહ કરે છે તે બધા શરદઋતુના મેઘની માફક પ્રલય પામવાની છે. તેનો નાશ થયા પછી તું જેટલે અંશે રાગ કરે છે, બરોબર તેટલે અંશે શોકસાગરમાં ડૂબી જઈશ. કરોડો ઉપાય કર્યા છતાં તે પર્યાય ફરીથી હોવી અસંભવિત છે. સંભવ રહે છે કે કોઈ એક વસ્તુના જેવી પર્યાય બને પરંતુ જે અવસ્થાનો નાશ થયો તેનો ફરી જન્મ થવો તો કઠિન

છે. આર્યા તારા ક્ષણિક હર્ષ વિષાદના કારણરૂપ એવા પર્યાય સ્વરૂપ જગતથી મોહ છોડ, સાતાકારી સંબંધોમાં રાગ ન કર, અસાતાકારી સંબંધોમાં દ્વેષ ન કર. તારી દૃષ્ટિ ફેરવી નાખ; પર્યાય દૃષ્ટિ પ્રતિ લક્ષ ન આપતાં દ્રવ્ય દૃષ્ટિથી જો. દ્રવ્ય દૃષ્ટિથી જોતાં દ્રવ્ય–વસ્તુનું અસલ સ્વરૂપ દેખાય છે અને તેમાં ઉપજતી તથા વિણસતી બધી પર્યાયો ગૌણ થઈ જાય છે.

જો તું લોક તરફ નજર કરીશ તો તેમાં જીવ, પુદ્‌ગળ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ એ છ દ્રવ્યોની સત્તા જોઇ શકીશ. મૂળ દ્રવ્યરૂપથી જોતાં એ છ દ્રવ્યો પોતાના નિજ સ્વભાવમાં પ્રગટપણે રહે છે. ત્યારે જીવમાં નથી દેખાતી નર નારકાદિ પર્યાયો અને પુદ્‌ગળમાં, સ્કંધોનાં વિવિધ નાનાં મોટાં દૃશ્યો. ધર્માદિ ચાર દ્રવ્ય તો સદા નિર્વિકારી છે. (જીવ અને પુદ્‌ગળ નિમિત્ત નૈમિત્તિક સંબંધને આધીન હોઇ વિકારી ભાવમાં પરિણમે છે.)

દ્રવ્ય દૃષ્ટિમાં, ન કોઇ બંધુ છે. ન કોઇ મિત્ર, ન કોઇ શત્રુ, ન કોઈ મોટો, ન કોઇ નાનો. સર્વ જીવ સમાન આકારવાન, અસંખ્ય પ્રદેશી, શુદ્ધ, પૂર્ણ ચૈતન્યમય, પરમ વીતરાગી, પરમાનંદી, પરમ કૃત્યકૃત્ય, અનંત વીર્યવાન, પરમ નિર્વિકાર, તથા અખંડ એકરૂપ રત્નત્રયમય એવા દેખાશે. તો હવે તું કોના પ્રત્યે રાગ કરશે અથવા દ્વેષ કરશે? તેથી સમતાભાવ ધારણ કરી પોતાને શુદ્ધ સ્વરૂપી શ્રદ્ધી, સર્વ તરફથી વૃત્તિ સંકેલી લઇ પોતામાં જ ઉપયોગનું સ્થાપન કર. એ જ આનંદનું બીજ છે.

## ૨

શ્રી ગુરૂ તત્ત્વરૂચિધારી શિષ્યને ઉપદેશે છે:—

"હે ભવ્ય જીવ! આ જગતનું ચરિત્ર પર્યાયાર્થિકનયથી ચાલે છે. પર્યાય સૂક્ષ્મ હો કે સ્થૂલ, પણ નિશ્ચયે ક્ષણભંગુર છે. તેનું પલટાવું કાળદ્રવ્યના નિમિત્તથી થાય છે. કાળ દ્રવ્ય દરેક પ્રદેશ પર વિરાજમાન છે. આથી લોકના સર્વ પદાર્થો સમયે સમયે પરિવર્તન કર્યા કરે છે. દ્રવ્ય

દૃષ્ટિથી ન કોઈ ઉત્પન્ન થાય છે, ન કોઈ મરે છે; પર્યાય દૃષ્ટિએ જોતાં ઉપજવું મરવું થાય છે. અને એને જ પલટવું કહે છે.

કોઈ મરણથી ભયભીત બને છે, કોઈ રોગથી ડરે છે. કોઈ આપત્તિથી ભયાન્વિત થાય છે. પરંતુ જે વસ્તુ સ્વરૂપનો જ્ઞાતા છે તે મરણને એક ભવથી બીજા ભવમાં પલટવું માને છે, રોગને પુદ્‌ગળનું પલટવું માને છે અને આપત્તિને કર્મ નિમિત્તથી ઉત્પન્ન થવું માને છે. આથી ભયભીત થતો નથી. યુદ્ધ ક્ષેત્રે ઉભેલા વીર સૈનિકની સમાન એ કર્મજનિત અવસ્થાઓથી ગભરાતો નથી.

જેઓએ શુદ્ધ નિશ્ચય નયનો આશ્રય સ્વીકારીને પોતાના આત્માને અવિનાશી, અમૂર્તિક, ચેતનામય, શાન્તિમય અને આનંદમય, જાણ્યો છે, તેઓ સુમેરૂ પર્વત સમાન અચલ અને અડોલ રહે છે. પુદ્‌ગળ કર્મના ફળરૂપ વિધવિધ અવસ્થારૂપી વાદળોથી રંજમાત્ર પણ ચલિત થતા નથી.

હે ભવ્યાત્મા! કર્મોદયની અવસ્થા બદલાવવા કોઈ સમર્થ નથી. આથી તું નિશ્ચિત થા. અન્ય સર્વ શરણનો ત્યાગ કરી માત્ર એક પોતાના આત્માનું શરણ ગ્રહણ કર જે જગતના સર્વ પરદ્રવ્યોથી પ્રેમ હઠાવી લઈ, પોતાના જ ગુણોમાં રમણ કરે છે તે શુદ્ધ સ્વાત્માનુભવરૂપી પ્રયોગને પામે છે. આ પ્રયોગમાં એવી ખૂબી છે, એવો ગુણ છે કે તત્કાળ આત્માને સુખ શાંતિ મળે છે. તેના નિમિત્તથી પાપકર્મ ખરી જાય છે અથવા પાપ પુણ્યમાં પલટાય છે, આ જ પ્રયોગ સંસારના રસને સુકવી નાંખી મુક્તિરૂપી અદ્‌ભૂત લાભને દેવાવાળો છે. આથી હે શિષ્ય! જગતના પ્રપંચથી નિવૃત્ત થા, નિવૃત્ત થા, અને એક ચિત્ત થઈ પોતાની રત્નત્રયી આત્મગુફામાં વિશ્રામ કર.

## ૩

પરમ અધ્યાત્મ યોગી કહે છે—"હે વત્સ! આ સંસારમાં જીવ કર્મથી લિપ્ત છે, અને વિષય ભોગની અગ્નિમાં બળી જળી રહ્યો છે,

રાત્રી અને દિવસ સુખ કામનાથી સુખની સામગ્રી એકઠી કરે છે, પરંતુ અનુભવે છે કે ઇચ્છાનુસાર સામગ્રીની પ્રાપ્તિ થતી નથી. જો તે કદાપિ મળે છે છે તો તેનો સતત ભોગ થતો નથી, અંતરાય નડ્યા કરે છે, યદિ યોગ્ય વસ્તુ બની રહે છે તો તૃષ્ણા શાંત થતી નથી, ઉલટી ચૌગુણી વૃદ્ધિ પામે છે. એવામાં વૃદ્ધાવસ્થાથી શરીર ક્ષીણતાને પામી આખરે છૂટી જાય છે, આ પ્રમાણે તૃષ્ણાની શાંતિ ન થવાને કારણે મનુષ્ય, તિર્યંચ, દેવ અને નારકીના જીવો અત્યંત અત્યંત દુઃખી છે.

વાસ્તવમાં સંસારમાં દુઃખ આપનાર માત્ર મિથ્યાત્વ અથવા અજ્ઞાનભાવ છે. જે જે જીવોએ અજ્ઞાન, મિથ્યાદષ્ટિ છોડી જ્ઞાન પ્રાપ્ત કર્યું તે તે જીવો દરેક ગતિમાં પ્રત્યેક દશામાં સુખી હોય છે.

હે ભવ્ય ! હું તને જે ઔષધિ બતાવું છું તેનું સેવન કર. જો, તું વિચાર કે તું કોણ છે ! શું તું શરીર છે ? નહિ. શું તું રાગદ્વેષ, ક્રોધ, માન, માયા લોભ છે ? નહિ. કારણ કે બધાં આકુળતાના પરિણામ છે. તું વિચાર કર અને પછી જોઇશ તો જણાશે કે તું એક જ્ઞાન દર્શનસ્વરૂપ દેખવા જાણવાવાળો છે. તારૂં જ્ઞાન એ તારો ખજાનો છે. તેનાથીજ તું રાત દિવસ અનુભવ કરે છે તું જ ચેતના પ્રભુ છો. તારામાં જાણવા દેખવાની પૂર્ણ શકિત છે. તું બહુ શાંત સ્વભાવી છે, મહા સુખી છે.

હે ભવ્ય ! જો તું મળરહિત જળને જોઈ શકશે તો તું પોતાના સ્વરૂપની ઝલક જાણી શકીશ. જેવી રીતે પાણી સ્વભાવથી નિર્મળ, શાંત અને મીઠું હોય છે. તેવી રીતે તારો આત્મા પણ પોતાના મૂળ સ્વભાવે નિર્મળ, સર્વ કર્મમળ રહિત, લોકના સ્વરૂપને પ્રકાશિત કરનાર, પરમ વીતરાગ અને આનંદમય છે. સત્ય કહીએ તો તું સ્વભાવે પરમાત્મા સ્વરૂપ જ છો. આથી હવે તું નિશ્ચિંત થઈ એમ વિચાર કે 'હું પરમાત્મા સ્વરૂપ છું, શુદ્ધ છું, નિર્વિકાર છું.' આ ભાવના ભાવ્યા કરવાથી તું આખરે જ્યારે તે ભાવનાથી પણ પર થઇશ ત્યારે પોતે પોતામાં સ્થિર થવાથી આનંદમય થશે. આ આનંદના પરમ પ્રભાવે

સંસારનું કોઇ પણ પ્રકારનું દુઃખ દુઃખદાયી થતું નથી. માટે હે વત્સ! જો તારી સુખપ્રાપ્તિની ઇચ્છા હોય તો તું તારી પોતાની સહજ પરિણતિમાં વિશ્રામ કર."

## ૪

પરમદયાળુ શ્રીગુરૂ શિષ્યને ઉપદેશે છે :—

"હે ભવ્ય જીવ ! તું પ્રસન્ન ચિત્તથી મારો ઉપદેશ સાંભળ. તારા શરીરની અંદર એક જાણવાવાળો પદાર્થ છે તેને આત્મા કહીએ છીએ, તેની કદિયે ઉત્પત્તિ થઈ નથી અને નાશ થશે નહિ. તે અનાદિ અનંત અવિનાશી છે. પોતાની સત્તા અન્ય સર્વ જીવોથી નિરાળી રાખે છે.

આ આત્મા પોતાની કર્મબંધરૂપ સૃષ્ટિ પોતે જ ઉત્પન્ન કરે છે તેથી બ્રહ્મા છે; પોતાના ઉપાર્જિત કર્મોનું ફળ પોતે જ ભોગવે છે અને એથી સૃષ્ટિનું પાલન કરે છે માટે વિષ્ણુ છે; તથા પોતે પોતાના મોક્ષ પુરુષાર્થથી સર્વ કર્મને નષ્ટ કરી શુદ્ધ, બુદ્ધ ને મુકત થઈ પોતાની સૃષ્ટિનો સંહાર કરતો હોવાથી તે જ રૂદ્ર અથવા મહેશ છે. આમ એ એક દ્રવ્યરૂપ હોવા છતાં પણ સ્વરૂપે છે; ગુણોના સહભાવીપણાથી ધ્રૌવ્ય અને પર્યાયોના ઉત્પન્ન અને વિનાશ થવાના કારણે ઉત્પાદ વ્યયરૂપ છે.

દરેક જીવ એકબીજાથી અત્યંત ભિન્ન છે. એક પતિ–પત્ની જન્મભર સ્નેહપૂર્વક સાથે રહે છે; પતિ સમ્યક્ દૃષ્ટિ હોય તો સ્વર્ગે જાય છે અને પત્ની મિથ્યાત્વી હોય તો તિર્યંચ થાય છે. જેનું આયુષ્ય કર્મક્ષીણ થાય છે તેને એકલાને મરવું પડે છે અને પોતાનો જ કર્માનુસાર કયાંક જન્મ ધારણ કરે છે. તીવ્ર અસાતાવેદનીય કર્મના ઉદયથી એક રોગગ્રસ્ત થાય ત્યારે તેની વેદના તેને પોતાને જ ભોગવવી પડે છે, બીજા કોઈ મિત્ર કે બંધુ કે સ્વજન તે વેદનાનો અંશ માત્ર પણ ભોગવવા શકિતમાન નથી.

હે ભવ્ય! આથી તું એમ સમજ કે, તારો જીવ એકલો જ કર્મને બાંધે છે, એકલો જ ભોગવે છે, એકલો જ સુખીદુઃખી થાય છે.

એકલો જ સંસારભ્રમણ કરે છે અને એકલો મુક્તિ પ્રાપ્તિ માટેની શક્તિ ધરાવે છે.

તું સ્વસ્વરૂપ વિચાર. તું એક અખંડ ચૈતન્ય ધાતુનો અસંખ્યાત પ્રદેશી પિંડ છે. તારામાં અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત વીર્ય, અનંત સુખ આદિ શુદ્ધ ગુણ સર્વાંગવ્યાપક છે. તું પરમ કૃતકૃત્ય, સર્વ ક્રોધાદિ વિકારોથી રહિત, પરમ નિરાકુળ, પરના કર્તાપણા અને ભોકતા-પણાથી રહિત, પરમ મંગળરૂપ છે. તું સ્વયં દેવ છે, સ્વયં આરાધ્ય છે, સ્વયં પૂજ્ય છે, સ્વયં ધ્યેય છે, સ્વયં મોક્ષ છે.

માટે હે વત્સ ! તું એક ચિત્ત થા. સંકલ્પવિકલ્પ વિકાર રૂપ મનનો સંહાર કર. મનનો ઉપયોગ જે દ્રવ્યમાંથી ઉત્પન્ન થયો છે તે દ્રવ્યમાં જ ઉપયોગને લગાવ અને પોતાના સ્વરૂપમાં સ્થિર થા.”

## ૫

પરમ જ્ઞાની શ્રી ગુરૂ કહે છે :—

હે ભવ્ય જીવ ! આ સંસારમાં તું જે જે પદાર્થોને પોતાના માને છે તે બધા તારાથી ભિન્ન છે. તું વિચાર કર. જગતમાં જેટલા સત્તાત્મક દ્રવ્ય છે તે બધા પોતાના સ્વરૂપથી પોતારૂપ જ છે, પણ પરસ્વરૂપ નથી. કોઈ દ્રવ્ય પોતાની સત્તા છોડતું નથી. વસ્તુ માત્ર એકબીજાને પરસ્પર નિમિત્ત સહાયક બને છે, પરંતુ ક્યારેય પણ સ્વસ્વરૂપ છોડી અન્યરૂપ થતી નથી.

મોહી જીવ જે દેહ પર પ્રીતિ રાગી મોહ કરે છે તે શરીર પુદ્દગળ પરમાણુઓનો સમૂહ છે, તેના જ મળવાથી બન્યું છે અને ગળવાથી છૂટી જશે. માતા, પિતા, ભાઈ, ભગિની, ગૃહ, ગ્રામ, નગર, ધન વગેરેને જીવ પોતાના કહે છે, પણ આત્માની સત્તાથી તે સર્વ તદ્દન ભિન્ન છે. ન કોઈ કોઈની સાથે જન્મે છે કે મરે છે. કદાપિ કોઈ સાથે જન્મ લે છે તો ભિન્ન ગતિથી આવતા હોય છે. સંસારના

આ સંબંધોને પોતાના માનવા એ માત્ર મોહ છે. તેનો વિયોગ થયા પછી જીવને મહાન કષ્ટ થાય છે તે પણ મોહનો જ મહિમા છે.

જ્ઞાની જીવ તો આ સ્થૂલ શરીર અને તેના સગાંસંબંધીઓ ઉપરાંત પોતાની સાથે સંસાર અવસ્થામાં આવેલ એવા તૈજસ તથા કાર્મણ શરીરને પણ પોતાથી ભિન્ન ગણે છે. કારણ કે સ્થુળ શરીરની જેમ જ તૈજસ ને કાર્મણ વર્ગણાઓ પણ બનતી રહે છે અને વિણસે છે. વળી એ કર્મોના ઉદયથી આત્મામાં જે રાગાદિક ઔપાધિક ભાવ થાય છે તેને પણ જ્ઞાની જીવ પોતાથી ભિન્ન જાણે છે, કારણ તે ભાવો કર્મનિમિત્તે છે અર્થાત્ સાપેક્ષ છે.

આ રીતે હે વત્સ ! જો તું સુખ ઇચ્છતો હો તો પોતાને સદા સર્વથી ભિન્ન, નિરાળો જાણ. તું એક, અખંડ, જ્ઞાનમય, પરમ સુખી, અવિનાશી છે. મુકિતનો અવ્યાબાધ આનંદ ભોગવવા માટે એ જરૂરી છે કે તું સર્વ સંકલ્પવિકલ્પ છોડી દે અને પોતાના નિર્ભય જ્ઞાનભાવથી ગુફામાં પ્રવેશી વિશ્રામ કર; પોતાના શુદ્ધ જ્ઞાનસમુદ્રમાં અવગાહના કર, સ્વાત્માનુભવ કર, ત્યાં જ રમણ કર. એ જ આધ્યાત્મિક સોપાન છે, એ જ અમૃતપાનનું સ્થાન છે અને એ જ આત્માને મોક્ષનગરમાં જવાનો ઉત્કૃષ્ટ માર્ગ છે. ”

## ૬

“ હે ભવ્ય જીવ ! તું વિચાર કર કે પરાધીનતામાં કદિ સુખ નથી, સ્વાધીનતામાં જ સુખ છે. સંસારી જીવને કર્મબંધરૂપી ભારે પરાધીનતા છે. કર્મ જો કે જડ છે છતાં તે કોઈ વસ્તુ છે અને તેમાં અનંત શકિત રહી છે. વિજળીમાં શકિત છે તેથી અનંતગુણી શકિત કર્મવર્ગણામાં છે.

જીવ અને પુદ્ગળમાં કેટલાક સામાન્ય ગુણ પણ છે કે જેથી પરસ્પર એકબીજાના કાર્યમાં નિમિત્તરૂપ થાય છે. જેમકે, માદક પદાર્થ

જડ છે છતાં ચેતનના ભાવોમાં વિકૃતિ લાવે છે અને શરીર સહિત આત્માને ઉન્મત્ત કરે છે. આ કર્મ-વર્ગણા આઠ પ્રકારની કર્મપર્યાયોમાં પરિણમી આત્માની સાથે બંધાય છે. તે જ્યારે ઉદયમાં આવે છે ત્યારે આત્માની શક્તિને આચ્છાદિત કરે છે. જ્ઞાનાવરણ કર્મ આત્માની જ્ઞાનશક્તિનો પૂર્ણ વિકાસ રોકે છે; દર્શનાવરણ કર્મ આત્માનો સામાન્ય અવલોકન અર્થાત્ દર્શન ગુણ પ્રગટવામાં અવરોધ કરે છે; મોહનીય કર્મ આત્માના શ્રદ્ધાન અને ચારિત્ર (વીતરાગભાવ)ને દૂષિત કરે છે; વેદનીય કર્મ સંસારિક સાતા અને અસાતા ઉત્પન્ન કરવામાં નિમિત્તરૂપ થાય છે; આયુ કર્મ કોઈ જન્મમાં લઈ જઈ ત્યાં રોકવાનું કાર્ય કરે છે. નામ કર્મ શરીરની સારી અથવા ખરાબ રચના કરે છે; ગોત્ર કર્મ લોકપૂજિત વા નિંદિત કુળમાં સંબંધ જોડે છે; અને અંતરાય કર્મ દાન, લાભ. ભોગ, ઉપભોગ અને વીર્ય (ઉત્સાહ)માં વિઘ્ન લાવી આત્માની અનંત શક્તિનો પૂર્ણ પ્રકાશ થવા દેતું નથી.

આ આઠેય કર્મ આત્માની સ્વાધીનતામાં બાધકરૂપ છે. એ બધામાં મોહનીય કર્મ ગુરૂ છે કારણ કે મોહવશાત્ જીવ સંસારના પદાર્થોમાં ઉપભોગ લગાવી રાગદ્વેષના માઠાં પરિણામ કરે છે; અને મોહથી જ જીવને કર્મનો બંધ થાય છે. આથી કરી જે મોહને જીતી લે છે તે જ સાચો જિન છે.

જ્યાં સુધી સંસારી જીવોને કર્મનો બંધ છે ત્યાં સુધી તેમની આકુળતા મટતી નથી તેમજ સુખશાંતિનું સામ્રાજ્ય સ્થાપિત થઈ શકતું નથી. માટે હે વત્સ! આ કર્મબંધનું મૂળ કારણ સમજવું જોઈએ અને પછી તેનાથી છૂટવા યત્ન આદરવો જોઈએ.

મિથ્યાશ્રદ્ધાન, હિંસાદિ પાપોમાં પ્રવૃત્તિરૂપ અવિરતિ ભાવ, ક્રોધ, માન, માયા લોભરૂપી કષાયભાવ અને મન, વચન કાયાના હલન ચલનથી આત્માના પ્રદેશો કંપિત થવાથી યોગ પરિણમન—એ કર્મનો આસ્રવ અને બંધ છે. તેમાં પણ સર્વનું મૂળ મિથ્યા શ્રદ્ધાન છે. જેણે મિથ્યા-

ત્વની જડ તોડી તેને માટે વૃક્ષના કપાયેલ મૂળ સમાન અન્ય કારણો સૂકાઈ જાય છે.

મિથ્યાદર્શનની જડ તોડી નાખવા હે ભવ્ય! સમ્યક્ દર્શન રૂપ કુહાડી ગ્રહણ કરવી જોઈએ. સમ્યક્ દર્શન એ આત્માનો સહજ ગુણ છે. જ્યાં આત્માને અન્ય સર્વ આત્માઓથી, અનાત્માઓથી, પુદ્ગળ કર્મ દ્વારા ઉત્પન્ન થતા રાગાદિ વિકારી ભાવોથી ભિન્ન ઓળખવામાં આવે છે તથા જેને પૂર્ણ જ્ઞાન, દર્શન, અને સુખ શાન્તિનો સમુદ્ર, શરીરાકાર સિદ્ધ ભગવાનની સમાન શુદ્ધ, નિર્વિકાર અને સત્ પદાર્થ માનવામાં આવે છે અને પરિણતિમાં આત્મિક આનંદની ગાઢ રૂચિ અનુભવાય છે તેને સંસાર, ભોગ તથા દેહથી ઉદાસીનતા આવી જાય છે. જગતના સુખદુઃખમય દૃશ્ય એક તમાશા જેમ દેખાય છે; કર્મોનું નાટક નજરે ચડે છે. જ્યાં સાતાકારી કર્મોના ઉદય સમયે ઉન્મત્તતા, નથી, અસાતાકારી કર્મોના ઉદયે વિલાપ નથી, ષડ દ્રવ્યમય જગત ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્યરૂપ દેખાય છે, જ્યાં સ્વાનુભવના સમુદ્રમાં સ્નાન કરવાની સુગમતા અને રૂચિ છે, આત્માનંદ અમૃતનું પાન કરાય છે, જ્યાં આધ્યાત્મિક બુદ્ધિ, આધ્યાત્મિક ચર્ચા, આધ્યાત્મિક જ્ઞાનીઓ સાથે સત્સંગની સતત પ્રેરણા હોય છે તે જ સમ્યકત્વ છે.

બસ, હે વત્સ! સર્વ પ્રકારની ચિંતા, વિકલ્પ છોડી દે અને મિથ્યાત્વરૂપી ઝેરના વમન માટે તું એકાંતમાં બેસી અધ્યાત્મરસરૂપી ઔષધિનું પાન કરવાનો વ્યવહાર કર. તારા પોતાના જ્ઞાનમય શુદ્ધ સ્વરૂપની સન્મુખ થા અને ઉપયોગને એજ ભાવમાં સ્થિર કર, વારંવાર તેમાં જ રોકવાનો પુરૂષાર્થ કર. એજ દષ્ટિ અને અદ્ભૂત આનંદનો અનુભવ કરાવશે, એ જ સર્વ સંકટથી બચાવશે, એજ કર્મની સેનાને હટાવશે અને પછી અનંતકાળ સુધી સુખી થઇશ. હે વત્સ! ચિંતા છોડ! સુખી થા!"

# ૭

પરમ દયાળુ શ્રી ગુરૂ સમજાવે છેઃ—

"હે ભવ્ય! ધન્ય છે તને કે તારું ચિત્ત આત્મ કલ્યાણ અર્થે ઉત્સુક છે. સંસારના ફંદોમાં ફસાયેલા એવા તને આત્મ સંપત્તિ મેળવવા ઉત્સાહની જાગૃતિ થઈ છે. આ જીવ કર્મબંધના કારણે સંસાર વનમાં ભ્રમણ કરે છે. કર્મને આવવાનું આસ્રવદ્વાર મિથ્યાત્વ છે તેનો સંવર કરવા સમ્યગ્દર્શનની જરૂર છે. જડ ચેતનના ભેદભાવને ન સમજતા જેમનું તેમ શ્રદ્ધાન કરવું તે મિથ્યાત્વ છે.

આત્મા અને કર્મ પુદ્ગળ જળ અને માટીની માફક (બન્નેનો સંયોગ તે કાદવ) મળેલાં છે, પરંતુ જેમ જળ માટીથી ભિન્ન છે તેમ આત્મા કર્મ પુદ્ગળથી ભિન્ન છે. બંનેના સ્વભાવ બિલકુલ અલગ અલગ છે. પુદ્ગળથી ન્યારો આત્મા માત્ર આત્મારૂપ છે. ન તેમાં રાગ છે, ન દ્વેષ, ન મોહ, ન અજ્ઞાન, ન નિર્બળતા, ન આકુળતા; માત્ર શુદ્ધ પૂર્ણ જ્ઞાન, દર્શન, વીર્ય, વીતરાગતા અને સુખનો સમુદ્ર છે.

જેવી રીતે નિર્મળ પાણી માટીના સંયોગથી મેલું થઈ જાય છે તેવી રીતે આત્માના રાગાદિ વિકાર પુદ્ગળ દ્રવ્યની સંગતિનું ફળ છે. આત્માને બધા અન્ય દ્રવ્યોથી જુદો માનવો તે ભેદ વિજ્ઞાન છે. આ ભેદ વિજ્ઞાનના અભ્યાસથી જ્યારે દૃષ્ટિ આત્મા પર સ્થિર થતી જાય છે, ત્યારે આત્મામાં ભરપૂર એવા શાંતિ સુખનો અનુભવ થાય છે. અને તે અનુભવના સમયે જ સમ્યગ્ દર્શનનો અપૂર્વ ઉદય થાય છે.

સમ્યગ્ દર્શનનો મહિમા અપાર છે. તેનો પ્રભાવ અદ્વિતીય છે. તેના ઉદય પ્રતાપથી જીવની દૃષ્ટિ બદલાઈ જાય છે. હવે તેને સંસારનું ચરિત્ર એક કર્મના નાટક સરખું જણાવા લાગે છે. નાટકમાં પાત્રોના ચરિત્ર દ્વારા પ્રેક્ષકોને સુખદુઃખ બતાવવામાં આવે છે અને તેથી પ્રેક્ષકોને ભલે સુખ દુઃખનો અનુભવ થાય પણ નાટકના કર્તાને તેવો

અનુભવ કદાપિ થતો નથી તેવી રીતે સમ્યક્ દૃષ્ટિ જીવ કર્મના ઉદય નિમિત્તે ઉત્પન્ન થયેલી ઘટનાઓને નાટકના દૃષ્ટા સમાન જોઇને હર્ષ કે વિષાદના ગાઢ અંધકારથી બચે છે અર્થાત્ પોતાને જ્ઞાતા દૃષ્ટા રૂપી સ્થાપી રાગદ્વેષ કરતા નથી. એને અત્યંત સંતોષ છે કે તેણે પોતાના અતૂટ, અખૂટ, જ્ઞાનાનંદ ભંડારને મેળવ્યો છે.

પ્રિય વત્સ ! તું થોડા સમય માટે કોઈ એકાંત સ્થળે જઈ બેસી જા અને પછી એમ સમજ કે 'હું પોતે પોતાની સાથે વાત કરવા બેઠો છું.' તારો ઉપયોગ બહારના સર્વ પદાર્થોથી, તૈજસ, કાર્મણ, અને ઔદારિક શરીરથી, અને કર્મજનિત રાગાદિ પરિણતિથી હઠાવી લે અને તેને આત્મ ભૂમિમાં સ્થિર કર. એ અભ્યાસથી તને સ્વાનુભવનો લાભ થશે. હે ભવ્ય ! તું નિશ્ચિંત થઈ મન, વચન કાયની ગુપ્તિમય પરમ સંવરરૂપ નિજ આત્માની શુદ્ધ ગુફામાં વિશ્રામ કર અને પરમાનંદનો ભોકતા થા એ આનંદના અનુભવનું કથન વચનાતીત છે, જે તેનો અનુભવ કરે છે તે પણ યથાર્થપણે કહી શકવા સમર્થ નથી"

## ૮

શ્રી ગુરુ પરમ કરૂણા ભાવથી શિષ્યને સમજાવે છે. "હે વત્સ ! તું સંસારના ભયાનક દુઃખથી ભયભીત બની અહીં આવ્યો છે. તે તારા માટે સુધરવાનો અમૂલ્ય અવસર છે. તું વસ્તુના સ્વભાવનો સારી પેઠે વિચાર કર.

આ આત્મા પુદ્‌ગલોની સંગતિથી અતિ દીન થઈ રહ્યો છે: અત્યંત સહજ સુખ સ્વરૂપ હોવા છતાં દુઃખી છે. પૂર્ણ જ્ઞાની, કેવળજ્ઞાની સ્વરૂપી હોવા છતાં અજ્ઞાની છે. એક બુદ્ધિમાન મનુષ્ય પણ મદિરાના અધિક સેવનથી ઉન્નત્ત અને મૂર્ખ બની અસંબંધ વાર્તાલાપ કરે છે, અને અતિ મલિન સ્થાનોમાં પણ ક્રીડા કરવા મંડી જાય છે; નિર્મળ

જળ કાદવકીચડ વચ્ચે પડી રહી પોતાની સર્વ શકિત ખોઈ બેસી મલિન બને છે. સર્વથી ભયાનક સંગતિ આઠ કર્મની વર્ગણા છે: તેમાં અપૂર્વ અનંત શકિત છે. ચેતનના ગુણોને આવરણ કરવું તે એ શકિતનું કાર્ય છે.

તે સંગતિ કેમ ટળે? તેનો ઉપાય શો? હે વત્સ! પ્રથમ તું તેને શત્રુ જાણી તારો તે તરફનો પ્રેમ હઠાવી લે. તેના કાર્યરૂપી જાળને નિરાદર ભાવે દેખ. રાગ, દ્વેષ, દોષ, મોહ આદિ ભાવો એ તેની ભયાનક જાળ છે. ભેદ વિજ્ઞાનની કળાથી પોતાનું આત્મદ્રવ્ય જેવું છે તેવું યથાર્થ જાણ. તારો આત્મા અમૂર્તિક, અસંખ્યાતપ્રદેશી, પૂર્ણ જ્ઞાનદર્શનનો ધણી, પરમ શાંત, કૃતકૃત્ય, પરમ સુખી, અનંત બળી, પરમ સમ્યક્ત્વી અને નિર્વિકારી છે. જે સુખ અને શાંતિથી સર્વ પ્રકારની ઈચ્છાઓનો અંત આવી જાય છે, તે સુખ અને શાંતિ તારા જ આત્મામાં અતૂટ ભરી છે. તું તારી દૃષ્ટિ ફેરવી નાખ. સર્વ પરવસ્તુ પરથી તારો રાગ હઠાવી પોતાના સાચા સ્વરૂપની મહિમા પર આસક્ત બન. જેવી રીતે મિષ્ટ ફળનો સ્વાદ રસના ઇન્દ્રિયદ્વારા ઉપયોગની સ્થિરતાથી લેવામાં આવે છે તેવી રીતે આત્મદ્રવ્યનો મીઠો સ્વાદ આત્માના ગુણોમાં ઉપયોગને લગાવવાથી મેળવાય છે.

કર્મનો મેલ હઠાવવાનો ઉપાય સમ્યક્જ્ઞાનપૂર્વક કર્મફળ ભોગવવા તથા આત્માના મનોહર ઉપવનમાં ક્રીડા કરવી તે છે.

બસ, હવે તું પ્રસન્ન ચિત્ત થઈ તારા સામે ક્ષણ માત્ર માટે મન, વચન, કાયાના વ્યાપારો બંધ કરી, અંતરમાં જો. તેમ કરવાથી જે દૃશ્યનું દર્શન તને થશે તે જ અધ્યાત્મ સ્થાન છે, તે જ સર્વથી મહાન છે, તે જ તારૂં શુદ્ધ જ્ઞાન છે, તે જ અનંત ગુણોની ખાણ છે, તે જ પરમ અભયદાન છે, તે જ સર્વ કર્મ શત્રુઓની હાણ છે અને એ જ મંગળિક પ્રયાણ છે.

૯

હે ભવ્ય જીવ! આ જગત જેમાં તું તથા અન્ય પદાર્થ વાસ કરે છે તે અનંત, અખંડ એક અમૂર્તિક આકાશનો મધ્ય ભાગ છે તેને લોકાકાશ કહે છે. તેમાં પ્રત્યેક સ્થળ પર જીવ, પુદ્‌ગલ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય તથા કાળ એ પાંચ દ્રવ્ય રહ્યાં છે. કોઈ સ્થાન શૂન્ય નથી : સૂક્ષ્મ એકેન્દ્રિય સ્થાવર જીવ સર્વત્ર ભરેલા છે. બાદર એકેન્દ્રિયથી પંચેન્દ્રિય જીવો અહીંતહીં છે. પુદ્‌ગલ પરમાણુ અને સૂક્ષ્મ બાદર વિવિધ સ્કંધો લોકમાં વ્યાપ્ત છે. ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય અખંડ લોકાકાશ પ્રમાણ અમૂર્તિક એક એક દ્રવ્ય છે. કાળદ્રવ્ય અસંખ્યાત લોકાકાશના એક એક પ્રદેશ પર એક એક ભિન્નભિન્ન છે. તેમાં સંસારી જીવ અને પુદ્‌ગલ સક્રિય છે, ક્રિયાવાન છે; શેષ નિષ્ક્રિય છે. એ સર્વ સત્‌ પદાર્થ છે; તેની ઉત્પત્તિ કદિ થઈ નથી તેમ તેનો નાશ કદિ થશે નહિ. માત્ર તેમની અવસ્થાઓ અને પર્યાયો પલટાય છે, અને એ રીતે ઉત્પાદ વ્યય થયા કરે છે. એ દ્રવ્યોના પર્યાયના સમુદાયને જગત કહે છે. આથી જગત સતરૂપ અનાદિ અનંત અકૃત્રિમ છે.

તારૂં શરીર પુદ્‌ગલ દ્રવ્યની એક પર્યાય છે; રાગાદિ દોષ ભાવો એ જીવના ભાવોની અશુદ્ધ પર્યાય છે. અનાદિ કાળથી આ અનાદિ લોકમાં પુદ્‌ગલની સંગતિથી જીવ જુદા જુદા વેષ ભજવી ભ્રમણ કર્યા કરે છે. શરીર, શરીરના સગાસંબંધી સ્ત્રી. પુત્ર, મિત્રાદિ તથા ધન, સોનું, ચાંદી, આદિથી સંસારના સુખદુઃખ માનવારૂપ અશુદ્ધ પરિણતિ તથા પરનું હિત અહિત કરી શકું છું એવા અહંકાર સાથે ગાઢ પ્રીતિ એ જ પુદ્‌ગલની સંગતિનું કારણ છે. જેને જેની સાથે રાગ તેને તેની સાથે બંધ થાય છે.

"હું કર્મથી બંધાયેલો છું," "મને કર્મ સતાવે છે" એ દીન

વચન છે. જો જીવ પુદ્‌ગલની પ્રીતિ તોડે તો પુદ્‌ગલનો બંધ તૂટે અને પોતે એક શુદ્ધ થાય. માટે હે વત્સ! તું તારા આત્માના સ્વભાવની સંભાળ રાખ. એકાંતમાં બેસી, સર્વ દ્રવ્યોથી ચિત્તને રોકી લે અને રાગદ્વેષને હઠાવી લે. પછી પોતાના વીતરાગમય સ્વરૂપમાં વિશ્રામ કર. તેમાં જે આનંદનો અનુભવ થશે તે વચનાતીત છે. એ આનંદનો ભોગ એ જ પરમ યોગ છે એ જ અપૂર્વ નિરોગ છે.

## ૧૦

હે વત્સ! આ મનુષ્યજન્મ ખરેખર અતિ દુર્લભ છે એમ જાણ. સર્વ સંસારી જીવોમાં મનુષ્યની સંખ્યા અલ્પ છે એમ વિચારતાં તને જણાશે. જે જે વસ્તુ અતિ મૂલ્યવાન હોય છે તે તે વસ્તુ બહુ કઠિનતાથી પ્રાપ્ત થાય છે: જગતમાં રત્ન ઓછાં હોય છે, પથ્થર, કાંકરા અધિક હોય છે. જીવ અનાદિ, અનંત અકૃત્રિમ છે; અનાદિ કાળથી સંસારમાં રઝળે છે, તેનો સહુથી અધિક કાળ સ્થાવર એકેન્દ્રિય પર્યાયમાં વીત્યો. સ્થાવર પર્યાય છોડી ત્રસકાયમાં આવવું બહુ દુર્લભ છે. ત્રસકાયમાં પણ પશુમાંથી મનુષ્યજન્મ ધારણ કરવો અતિ કઠિન છે. મનુષ્યજન્મ સર્વ ગતિમાં સર્વોત્તમ છે. કારણ તે સંયમનું સાધન છે. મનુષ્યના શરીર વિના અન્ય કોઈ શરીર પર્યાયમાં ધર્મધ્યાન અને શુક્લધ્યાનનું આરાધન કરી મુક્તિ મેળવી શકાતી નથી. મનુષ્યજન્મ પામીને પણ સત્સંગતિ, બુદ્ધિ-બળ, અને નિરોગતા માત્ર મહત્ પુણ્યનો યોગ હોય તો જ મળે છે. તને આ દેશનાનો લાભ મળે છે તેમાં તારા જ પુણ્યનો ઉદય છે એમ સમજ. હવે જો તું આત્મોન્નતિના માર્ગ પ્રતિ નહિ વળે અને આ દુર્લભ મનુષ્યજન્મને ગુમાવી દઈશ તો જેમ સમુદ્રમાં ફેંકી દીધેલું મૂલ્યવાન રત્ન ફરી મળવું કઠિન છે તેમ આવો સુંદર અવસર મળવો પણ દુર્લભ છે.

રત્નત્રય, સમ્યક્‌દર્શન, સમ્યક્‌જ્ઞાન અને સમ્યક્‌ચારિત્ર એજ

અને તેમાં જ ડૂબકી મારી વારંવાર સ્નાન કર. એ જ ઉપાયથી તારો સાંજન આત્મા નિરંજન બનશે.

## ૧૬

પરમ દયાળુ શ્રી ગુરૂ સમજાવે છે :—

વત્સ ! આ જગતમાં તે જ સુખી છે કે જેના ભાવોમાં સમ્યગ્ દર્શનની ભૂમિકા તૈયાર થઈ ગઈ છે, જેણે સ્વઆત્મા, પરમાત્મા તુલ્ય શક્તિશાળી છે એમ નિર્ણય કર્યો છે, જેને આત્મિક સુખ એ જ સાચું સુખ છે અને તેનો વાસ પોતાના જ આત્મામાં છે એવું શ્રદ્ધાન કર્યું છે, જેણે નિશ્ચય રત્નત્રયરૂપ સ્થિતિને ધર્મ માન્યો છે, જેના પરિણામોમાં 'આત્માનુભવ એ મુક્તિનું સોપાન છે અને આત્માનુભવ એ મુક્તિ છે' એવો દૃઢ વિશ્વાસ વર્તે છે અને જેની દૃષ્ટિમાં સંસારી જીવોના આત્મા પરમાત્મા સ્વરૂપ પ્રકાશિત થાય છે.

આવા સમ્યક્ દૃષ્ટિ જીવ નિરંતર પાંચ લક્ષણોથી યુક્ત હોય છે ( શમ, સંવેગ, નિર્વેદ,દયા, આસ્થા ) એમના ભાવોમાં પ્રશમભાવ સદા જાગ્રત રહે છે, જેથી કરીને તેના અંતરમાં શાંતિ પ્રેમપૂર્વક વિશ્રામ કરે છે–અને અશાન્તિ બિલકુલ દૂર ભાગે છે, ક્રોધ, માન, માયા, લોભ રૂપ કષાયોની તીવ્રતા કદ હોતી નથી.

સંવેગ–મોક્ષની અભિલાષા એ એમનું પરમ આભૂષણ બની રહે છે. તેમનામાં ધર્મ પ્રત્યે અત્યંત પ્રેમ તથા સંસાર પ્રતિ અરુચિ વિદ્યમાનપણે હોય છે. તેમના અંતરમાં ભવ–ભય સતત જાગ્રત રહે છે. ધર્મકાર્યમાં પ્રવૃત્તિ એને જ શાંતિની પ્રાપ્તિનું સ્થાન સમજે છે; એમના ચિત્તમાં દયા સર્વથા કલ્લોલ કરતી હોય છે, તથા જીવમાત્રના પ્રેમી અને ઉપકારી હોય છે.

આસ્તિકભાવ એમનો પરમ મિત્ર બની રહે છે. ચિત્તમાં પૂર્ણ વિશ્વાસ ઝળકે છે કે જગત્ જીવ, પુદ્ગળ, ધર્મ, અધર્મ, આકાશ અને

કાળ એ છ દ્રવ્યોનો સમુદાય છે. પર્યાયોનો નાશ તથા ઉત્પાદ થવા છતાં દ્રવ્યનું અસ્તિત્વ ધ્રૌવ્યપણે ટકી રહે છે. જેવી રીતે સંસારી જીવ, તેનું પરલોક-ગમન, તેને પુણ્ય-પાપનું બંધન અને તેનો મોક્ષ છે-આ બધાને તે માને છે તેવી જ રીતે પુદ્ગળને પણ નિત્ય માને છે. આવા આસ્થાભાવના પ્રભાવથી તેઓ પરમાત્માના સાચા ભકત બની પોતાના આત્માને ઉન્નત બનાવવાની ચેષ્ટા ક્રિયા કરતા હોય છે.

હે વત્સ! તું કોઈ પણ ઉપાયે તારા આત્મામાં જ રહેલા સમ્યક્ત્વ રત્નને જો; વર્તમાન દશામાં માત્ર તેના ઉપર મિથ્યાત્વ અને અનંતાનુબંધી કષાયનો કાળો પડદો પડેલો છે. તેના કારણે તું સ્પષ્ટ દર્શન કરી શકતો નથી. એ પડદો દૂર કરવાનો પ્રયત્ન કરવો ઉચિત છે તેનો ઉપાય ભેદ-વિજ્ઞાનનો વિચાર કરવો તે છે.

એકાંતમાં બેસી વિચાર કર કે “હું એક અવિનાશી, જ્ઞાતા દષ્ટા, આનંદમય, અને અમૂર્તિક આત્મા છું. સંસારી અવસ્થા વા વેષ માત્ર પુદ્ગળ સંબંધથી છે. હું તો સિદ્ધ સમાન શુદ્ધ છું, નિર્મળ છું, પરમ પવિત્ર છું.”

હે ભવ્ય જીવ! આ પ્રયત્નમાં તું સદા સુખી થઈશ, તારા સર્વ કલેશ ટળી જશે અને અનાદિથી વિખુટા પડેલા એવા સમ્યક્ત્વ રત્નનો તું સ્વામી બનીશ.

## ૧૭

હે વત્સ! આ જગતમાં જે સમ્યગ્દષ્ટિ જીવ છે તે કદિ મદ કરતા નથી. કુળ, જાતિ, ધન, સત્તા, રૂપ, બળ, તપ અને વિદ્યા એમ આઠ પ્રકારની યોગ્યતા હોવા છતાં જ્ઞાની મહાત્મા એ ક્ષણભંગુર પદાર્થોના સંબંધને જરાપણ મહત્ત્વ આપતા નથી.

તે પોતાના સિદ્ધાત્માને પોતાના પિતા, સ્વાનુભૂતિને માતા, અને જ્ઞાન, દર્શન, સુખ વીર્યાદિ ગુણોને ધન માને છે. ચિત્તને સ્વાત્મ સન્મુખ

કરવું એ એમની દૃઢ ઇચ્છા છે, આત્માનું શુદ્ધ અમૂર્તિક સ્વરૂપ તે એમનું રૂપ છે, આત્મિક અનંત વીર્ય એ એમનું બળ છે, આત્માનુભવ અર્થે થતું ધ્યાન એ એમનું તપ છે. આવા સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની મહાત્મા કર્મોના ઉદયથી પ્રાપ્ત થતી અવસ્થાઓને દેખી કેવી રીતે મદ કરે !

સમ્યગ્ દૃષ્ટિ જીવ નિજ સ્વભાવને પરમ પ્રિય વસ્તુ માને છે, તેના અનુભવમાં જ સંતોષ ગણે છે અને તેમની નિશ્ચય દૃષ્ટિમાં સર્વ પ્રાણીઓ પોતાની સમાન શુદ્ધ આત્મસ્વભાવમય દેખાય છે; જગતનાં સર્વ દૃશ્યો નાટકના ખેલની માફક ક્ષણિક તેમજ માત્ર દર્શનીયરૂપ જણાય છે.

જો તું સુખની ચાહના રાખતો હો તો બધા પર-પદાર્થોના મોહનો ત્યાગ કરી, નિશ્ચિંત થઈ, આત્માની રમણતામાં રૂચિ ઉત્પન્ન કર. કદિ તારી પાસે ધન આદિ સામગ્રી હોય તો તેમાં મોહ ન કરતાં તેનો પરોપકારાર્થે ઉપયોગ કર. તું શ્રદ્ધા તથા જ્ઞાનયુક્ત થઈ પરમાનંદમય નિજ આત્માના આસન પર વિરાજમાન થા અને તેના સર્વ સામાન્ય ગુણોમાં તન્મય થઈ પરમ સંતોષ, સુખ અને શાન્તિનો ભોક્તા થા.

હે વત્સ ! આજે તને નિશ્ચય નયનું મહાત્મ્ય બતાવું છું. જે દૃષ્ટિ એક દ્રવ્યને અન્ય દ્રવ્યોથી અલગ પાડી એકરૂપ દર્શાવે છે તથા અનેક પરકૃત ઉપાધિરૂપ અવસ્થાઓથી ભિન્નતા કરી પદાર્થના મૂળ સ્વરૂપને ઝળકાવે છે તેને નિશ્ચયનય કહે છે.

આ લોક જીવ, પુદ્ગળ, ધર્મ અધર્મ. આકાશ અને કાળ એ છ દ્રવ્યોનો સમુદાય છે. લોકાકાશનો એકેય એવો પ્રદેશ નથી કે જ્યાં તે છયે દ્રવ્યોની સત્તા ન હોય. તેમાંથી ધર્મ, અધર્મ, આકાશ અને કાળ જોકે એક ક્ષેત્રાવગાહીપણે છે તો પણ પોતાનો સ્વભાવ પલટી વિભાવરૂપ પરિણમતાં નથી. પરંતુ સંસારી જીવ પુદ્ગળ સાથે એક ક્ષેત્રાવગાહ સંબંધથી પરસ્પર વિભાગરૂપ પરિણમે છે; જીવમાં રાગદ્વેષ, મોહ, ક્રોધ, માન, માયા, લોભ આદિ વિભાવ છે તથા પુદ્ગળ પુદ્ગળ સાથે મળીને અનેક પ્રકારનાં સ્કંધરૂપ વિભાવ કરે છે.

જ્યારે આપણે એક અંગુલ માત્ર ક્ષેત્રને જોઈએ છીએ ત્યારે ત્યાં શુદ્ધ દ્રવ્યમાં આકાશ, ધર્માસ્તિકાય અધર્માસ્તિકાના પ્રદેશ તથા અસંખ્યાત કાળાણુ ભિન્ન ભિન્ન રૂપે હોય છે તથા અશુદ્ધ દ્રવ્યમાં અનેક સૂક્ષ્મ તથા કોઈ કોઈ બાદર જીવ અને અનેક પ્રકારની આહારક, તૈજસ્, કાર્મણ, ભાષા, મનો આદિ વર્ગણાઓનો સમુદાય હોય છે.

આ છ દ્રવ્યોના સમૂહમાં જે દૃષ્ટિ એકે એક દ્રવ્યને પરદ્રવ્યથી ભિન્ન અને પોતાના નિજ સ્વભાવમાં સ્થિત એમ દર્શાવે છે તે નિશ્ચય નયની દૃષ્ટિ છે.

આ નયની દૃષ્ટિમાં, સર્વ જીવ પછી ભલે તે સંસારી વેષમાં હો કે પર્યાયમાં હોય, પણ તે બિલકુલ શુદ્ધ, વીતરાગ, અને પરમાનંદમય દેખાય છે; એમાં નથી રાગ કે દ્વેષ, નથી જ્ઞાનાવરણાદિ આઠ કર્મોનો બંધ, નથી શરીરાદિ નોકર્મનો સંબંધ. આ દૃષ્ટિથી જોતાં ન કોઈ રાજા છે, ન પ્રજા, ન કોઈ સ્વામી છે, ન સેવક; ન કોઈ પશુ છે, ન મનુષ્ય. ભલે, લોકમાં અનંતાનંત જીવ હો, પરંતુ સર્વ એક જ સ્વભાવવાળા ઝળકે છે તથા અન્ય પાંચ દ્રવ્ય જીવ દ્રવ્યથી ભિન્ન એવાં પોતપોતાના સ્વભાવમાં ચમકે છે. આવી નિશ્ચય દૃષ્ટિ એકાએક પરમ સમતાભાવ પ્રગટ કરે છે, મોહજન્ય અજ્ઞાનનો અંધકાર ટાળે છે.

વાસ્તવમાં સર્વ લોકાકાશમાં ફેલાયેલ અનંતાનંત જીવોના સ્વભાવનું દૃશ્ય એક વિજ્ઞાનનો અને મનોહર સુખશાંતિનો સમુદ્ર બની જાય છે અને ત્રણ લોકમાં વ્યાપ્ત એવો આ સમુદ્ર જેમ છે તેમ પ્રગટ જણાય છે. જ્ઞાની મહાત્મા જ્યારે નિશ્ચયનયથી પ્રગટ થતા આ સુખ સમુદ્રમાં ડુબકી લગાવે છે ત્યારે નિશ્ચયનયને પણ ભૂલી જઈ પરમ અદ્‌ભુત સ્વાનુભૂતિને પ્રાપ્ત થાય છે. એ જ અપૂર્વ લાભ છે, એ જ સમતાનો આવિર્ભાવ છે, અને એ જ સુખ અને શાન્તિનો યથાર્થ ભોગ છે.

બસ, હે વત્સ, તું આ અપૂર્વભાવની લબ્ધિ માટે યત્ન કર!

દોષરૂપ સમજે છે, રાગદ્વેષ જાણે છે અને એ રોગથી મુક્ત થવા ચાહે છે. સમ્યક્દર્શીના અંતરંગ ભાવોમાં પોતાના આત્માનું યથાર્થ શ્રદ્ધાન હોય છે કે આ આત્મા સર્વ જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મ, શરીરાદિ નોકર્મ અને રાગદ્વેષાદિ ભાવકર્મથી સર્વથા ભિન્ન છે અને એ માત્ર એક, શુદ્ધ ચિત્પિંડ છે, શરીર પ્રમાણ આકારધારી છે, પરમ વીતરાગી છે, પરમસુખી છે.

જ્યારે આત્મા જ્ઞાતા અને અજ્ઞેય એમ બંને રૂપે હોય છે ત્યારે પાંચ અજીવ પદાર્થ માત્ર જ્ઞેય રૂપ બને છે. આત્માની સત્તાથી જ અન્ય પદાર્થોની સત્તાનો બોધ થાય છે, જેમ હંસને પાણી અને દૂધ ભિન્ન ભાસે છે, ઝવેરી સાચા હીરા અને ખોટા પોખરાજને છૂટા પાડી શકે છે, કુશળ સુવર્ણકાર સોનાચાંદીના મિશ્ર પિંડમાં સોનું અને ચાંદીને અલગ અલગ જોઈ શકે છે, પ્રવીણ વૈદ્યને ઔષધોથી મિશ્રિત ગોળીમાં પૃથક્ પૃથક્ દવાઓ પ્રગટ દેખાય છે, તેમ સમકિતી મહાત્માને અજીવ પદાર્થોની મધ્યમાં છુપાયેલા આત્માને સર્વ પર પદાર્થોથી ભિન્ન કરી, તેનું એકરૂપ, શુદ્ધ સ્વરૂપ છે, એવું યથાર્થ શ્રદ્ધાન હોય છે.

સમ્યગ્દર્શી જીવને કલ્લોલ કરવાનું ક્રીડાવન નિજ આત્મિક ઉપવન છે, તેનું ઘર નિજ આત્માનું જ સ્થાન છે: તેનું ભોજન સ્વાત્માનુભૂતિથી ઉત્પન્ન થયેલું અપૂર્વ સુખામૃત છે: તેનો વિશ્રામ પોતાના સ્વભાવરૂપી શીતળ શૈયામાં છે; તેનું કાર્ય અનંત પ્રકારની પર વસ્તુથી આત્મસ્વરૂપની રક્ષા કરવી તથા ક્રમશઃ આત્મવીર્યની વૃદ્ધિ કરી સ્વરૂપ શ્રદ્ધાનમાં અચળપણે રહેવું એ છે. દર્શન મોહરૂપી અગ્નિ તેને દગ્ધ કરવા શક્તિમાન થતી નથી.

હે ભવ્ય! તું આ સમ્યક્ત્વરૂપી અતિ મૂલ્યવાન રત્નનો લાભ મેળવવા યત્ન કર. તેનો સરળ ઉપાય એ છે કે નિત્ય દિન થોડો સમય માટે એકાંત સેવી ભેદ વિજ્ઞાનનું મનન કર. તું એમ ચિંતવ કે હું સર્વથા ભિન્ન છું, સર્વ મારાથી ભિન્ન છે: જે ભિન્ન છે તે સદાય

ભિન્ન જ રહેશે. આ પ્રકારના મનનથી, ચિંતનથી, ધ્યાનથી મિથ્યાત્વની કાળાશ મટી જઈ, દૂર થઈ અનંતાનુબંધી કષાયનો ક્ષય, ઉપશમ અથવા ક્ષયોપશમ થશે. જેનો ફળરૂપે સંસારનો અંધકાર ધીમે ધીમે નાશ પામી, મોક્ષનો પ્રકાશ ઉદિત થશે.

## ૧૪

હે વત્સ! તું ગંભીરતાથી વિચાર કર. આ સંસાર એક નાટક છે, હર્ષ વિષાદનું કારણુ છે. જેવી રીતે નાટકનું કાર્ય સ્થિર કાયમ રહેતું નથી તેવી રીતે જગતનાં તમામ દશ્યો અસ્થિર છે એમ જાણુ. જે જે દશ્યો જોઈને અજ્ઞાની હર્ષ પામે છે તે તે દશ્યોનો વિલય તેનામાં વિષાદ ઉત્પન્ન કરે છે. જેના અંતરંગમાં સમ્યક્દષ્ટિ જાગૃત થઈ છે, જેને આત્મિક સુખનો સ્વાદ અનુભવમાં આવ્યો છે. એવા મહાત્માઓના મન દર્પણુ સમાન વિકાર રહિત હોય છે, એવા મહાનુભવો પર વસ્તુઓની પર્યાયોના માત્ર જ્ઞાતા દષ્ટા હોય છે.

જેમ સમજદાર પ્રાણી સૂર્યનો પ્રકાશ અસ્થિર જાણે છે અને તેથી તેના અસ્તિત્વમાં હર્ષ અને અભાવમાં શોક કરતો નથી તેમ જ્ઞાની જગતની સર્વ અવસ્થાઓને અસ્થિર અને ચંચળ જાણે છે અને તેથી તેની પ્રગટતામાં હર્ષ અને વિલીનતામાં ખેદ કરતા નથી. જ્ઞાની જગતને દ્રવ્ય દષ્ટિથી નિહાળે છે. એમના અંતરમાં નિશ્ચય દષ્ટિ સદા જાગૃત રહેતી હોવાથી તેઓ આ જગતને શુદ્ધ અને નિર્વિકાર જુવે છે.

તેમના અંતરમાં સ્વભાવમાં જગતના છ દ્રવ્ય, જીવ, પુદ્‌ગળ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ ભિન્ન ભિન્ન પ્રગટપણે દેખાય છે. જીવ જો કે અનંતાનંત છે છતાં જ્ઞાનીની દષ્ટિમાં બધાજ જીવો એક આકાર, શુદ્ધ, ચૈતન્ય સ્વરૂપ ઝળકે છે. સર્વ જીવ પરમાત્મા સ્વરૂપ છે એવી દ્રવ્ય દષ્ટિથી જોતાં શત્રુ વા મિત્રના ભાવ ઉત્પન્ન થતા નથી, ન કોઈ સેવક ન કોઈ સ્વામી દેખાય છે, ન કોઈ દેવ, ન કોઈ નારકી,

ન કોઈ પશુ કે ન કોઈ મનુષ્ય નજરમાં આવે છે, બધા જીવો પરમાનંદમાં નિમગ્ન પરમ વીતરાગી દેખાય છે.

આવી દૃષ્ટિમાં સમતાભાવનું પ્રાબલ્ય છે. એજ સાચું ચારિત્ર છે, એજ મુક્તિનું સોપાન છે, આનંદનું સ્થાન છે, રત્નત્રયમાર્ગના એકત્વનું જ્ઞાન છે.

બસ, હે ભવ્ય! તું મોહ કરીને, શા માટે ક્લેશિત થઈ રહ્યો છે? ઉઠ જાગૃત થા અને બળપૂર્વક મોહને હઠાવી લે. પોતામાં જ પોતાને દેખ; હું એક શુદ્ધ ચિત્પિંડ, અખંડ, અવિનાશી છું, હું જ જ્ઞાતા, હું જ જ્ઞેય; હું જ દૃષ્ટા, હું જ દૃશ્ય; હું જ ભોક્તા, હું જ ભોગ્ય; હું જ સેવક, હું જ સેવ્ય છું અથવા આ વિચાર તરંગથી પણ પર એવો હું એક, અક્ષોભિત સમુદ્રસમાન પરમ ગંભીર અને સ્વમાં લીન છું. હું કોણ છું અને કોણ નથી એવા વિચાર વિકારથી પણ હું ભિન્ન છું.

હે શિષ્ય! જ્યારે તારૂં ચંચળ મન લવણના ગાંગડા સમાન આત્માના શુદ્ધ સ્વભાવરૂપ પવિત્ર જળમાં મળી જઈ એકરૂપ થઈ જશે ત્યારે તને નિજ સ્વરૂપની, નિજ તત્ત્વની પ્રાપ્તિ થશે અને સ્વાત્માનુભવ રૂપી સાચા પરમ સુખનો સ્વાદ મળશે.

## ૧૫

હે વત્સ! આ સંસારમાં માત્ર તેજ સુખી છે જે નિશ્ચયનય તથા વ્યવહારનય દ્વારા દ્રવ્યની વ્યવસ્થાને સારી રીતે જાણી જ્ઞાની થાય છે. નિશ્ચયનયથી ભૂતાર્થ છે, સત્યાર્થ છે; કારણ પદાર્થનું જે અસલી સ્વરૂપ છે તે બતાવવાનું કામ નિશ્ચયનય કરે છે; આ નય માત્ર પદાર્થના સ્વભાવનું આવલંબન લઈ તેના સ્વરૂપનેજ ઝળકાવે છે. વ્યવહારનય અભૂતાર્થ, અસત્યાર્થ છે; કારણ આ નય પરના નિમિત્તથી ઉત્પન્ન થતી પદાર્થની અવસ્થાને દર્શાવે છે.

નિશ્ચય નયથી જો વિચાર કરવામાં આવે તો આ આત્મા બિલકુલ શુદ્ધ અને નિર્વિકલ્પ છે. તેમાં નથી રાગ કે દ્વેષ, નથી ભાવકર્મ, દ્રવ્યકર્મ કે નોકર્મ. આ આત્મા પરમ શુદ્ધ, નિરંજન, નિર્વિકાર આદિ પોતાના સહજ સ્વાભાવિક ગુણ અને પર્યાયોથી પૂર્ણ છે. તે પોતેજ પરમાત્મા છે. પરમેશ્વર છે, મહાપ્રભુ છે, સર્વજ્ઞ છે, સર્વદર્શી છે, પરમ શાંત અને આનંદમય છે.

આ નયથી સંસારી અને સિદ્ધ આત્મા વચ્ચે ભેદ નથી, આ જન્મ અને પરજન્મનો ભેદ નથી, આસ્રવ, સંવર નિર્જરાની કલ્પના નથી, શ્રાવક, મુનિ, કેવળી અને મુક્ત આત્માનો ભેદ નથી. જેમ પોતાનો આત્મા સ્વભાવથી શુદ્ધ છે તેમ પ્રત્યેક આત્મા સ્વભાવે શુદ્ધ છે એમ નિશ્ચયનય બતાવે છે.

વ્યવહારનય જીવ અજીવ આદિ સાત તત્ત્વનો પ્રબંધ દર્શાવે છે. વ્યવહારનયની દૃષ્ટિએ જોઈએ તો રાગદ્વેષના વિભાવો હોવા સંભવિત છે. નિશ્ચયનયની દૃષ્ટિમાં માત્ર સામ્યભાવ છે.

જે નિશ્ચયનયનો આશ્રય સ્વીકારે છે તે પરમ વિશુદ્ધ આત્માના અતિ મનોહર ઉપવનમાં પહોંચે અને ત્યાંની અપૂર્વ સુખશાંતિનો અલૌકિક લાભ મેળવે છે.

જેનું નિર્બળ મન, નિશ્ચયથી શુદ્ધ એવા આત્મા પ્રતિ ચોંટતું નથી, તે વ્યવહારનયનો આશ્રય લે છે.

હે ભવ્ય! સુખશાન્તિમય જીવન વીતાવવાનો શ્રેષ્ઠ ઉપાય નિશ્ચય નયનું અવલંબન છે, તેના જ પ્રતાપથી અભેદરત્નત્રયરૂપ નિર્વિકલ્પ સમાધિનો લાભ મળી શકે છે. મોહની પ્રપંચ જાળમાં ફસાયેલ મનને બહાર ખેંચી, આત્માના રમ્ય ઉપવનમાં રમવા દેવું તેજ પ્રયત્ન કર્તવ્ય છે.

તું નિશ્ચિંત બની નિત્ય બે ઘડી સર્વ અન્ય ભાવથી વિમુક્ત થઈ, પોતામાં દૃષ્ટિ કર. પોતાના આત્માને વીતરાગમય આનંદ સાગર જાણ

મોક્ષમાર્ગ છે. વ્યવહારથી, સાત તત્ત્વ (જીવ, અજીવ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ)નું શ્રદ્ધાન, જ્ઞાન અને શ્રાવક તથા મુનિનું ચારિત્ર પાળવું એ મોક્ષમાર્ગ છે. નિશ્ચયથી નિજ આત્માના શુદ્ધ સ્વરૂપનું શ્રદ્ધાન, જ્ઞાન તથા તેમાં તન્મય થઈ જવું એ મોક્ષમાર્ગ છે—અને એ અતિશય કઠિન છે. આ પરમોત્તમ, શ્રેષ્ઠ માર્ગ પ્રતિ જ તારૂં લક્ષ હોયું છે. હવે તું તેને નહિ ભૂલગે અને તારી શક્તિ અનુસાર તે માર્ગ પર પ્રયાણ કરવાનું શરૂ કર. જે ચાલે છે તે જ માર્ગ કાપે છે; જે પ્રમાદી છે, તે ઉન્નતિ મેળવી શકતો નથી. પ્રમાદ જીવનો કટ્ટો વેરી છે; પ્રમાદને આત્મબળથી દૂર કરવો જોઈએ.

પ્રિય ભવ્ય ! નિશ્ચય મોક્ષમાર્ગ જાણ્યા વિના, વ્યવહાર માર્ગ આત્મશુદ્ધિનું કારણ બની શકતું નથી. વ્યવહાર માર્ગ કુમાર્ગમાં પડતાં બચાવતું હોવાથી તે ઉચિત અવલંબનરૂપ છે. તેના આશ્રયે અને પ્રતાપે સુમાર્ગમાં રહી તારે પોતામાંથી જ સુખ અને શાંતિ મેળવવાનો ઉપાય કરવો જોઈશે. તારો આત્મા સ્વયં સ્વતંત્ર છે, સર્વજ્ઞ છે, સર્વદર્શી છે, પરમ શાંત અને આનંદમય છે. જો કર્મરૂપી અંબરથી આત્મ-સૂર્ય ઢંકાયેલો છે તો પણ બુદ્ધિબળથી અંબરને દૂર કરી, શુદ્ધ સ્ફટિક સમાન આત્મ-સૂર્યને પ્રકાશિત દેખાવો, સર્વ બાજુએથી આત્માના ઉપયોગને હઠાવી આત્માની જ પરિણતિમાં જોડી દેવો એ જ કર્તવ્ય છે, એ જ યોગ છે, એ જ ધ્યાન છે, એ જ બંધને તોડનાર છે.

## ૧૧

પરમકૃપાળુ ગુરૂ શિષ્યને સમજાવે છે.

હે વત્સ ! ઉપદેશ શ્રવણ કરવાની તારી ગાઢ રૂચિ જોઈને મને અતિ હર્ષ થાય છે. તું ખરેખર નિકટ ભવ્ય છે: તને સમ્યક્દર્શનનો અપૂર્વ લાભ જરૂરથી થશે, જે ધર્મરૂપી નૌકાનો તેં આશ્રય લીધો છે તે તને નક્કી સંસાર સાગર પાર કરાવશે. ધર્મ જીવનો પરમ મિત્ર છે;

તેજ સ્વભાવનો પરમાનંદ માણી શકે છે અને વિભાવનો નાશ કરી નાંખે છે.

આત્માનો સ્વભાવ પરમ શુદ્ધ, અમૂર્તિક, સશરીરાકાર, જ્ઞાતા, દૃષ્ટા, વીતરાગ અને આનંદમય છે. પોતાના ગુણોમાં સદાય પરિપૂર્ણ હોવા છતાં પર્યાયની અપેક્ષાએ તે પરિણમનશીલ છે. તે નિત્યાનિત્ય છે; અસ્તિ નાસ્તિ સ્વરૂપે છે, સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાલ, સ્વભાવની અપેક્ષાએ અસ્તિરૂપે અને પરદ્રવ્ય, પરક્ષેત્ર, પરકાલ, પરભવની અપેક્ષાએ નાસ્તિરૂપે છે. તે સ્વભાવથી પોતાના શુદ્ધ ભાવોનો કર્ત્તા અને ભોક્તા છે.

આ આત્મામાં વિભાવરૂપ પરિણમનની શકિત પણ છે જ્યારે કર્મોના ઉદયનું નિમિત્ત મળે છે ત્યારે રાગાદિ વિભાવ ભાવોમાં અને નરનારકાદિ પર્યાયોમાં પરિણમન કરે છે. વ્યવહાર દૃષ્ટિથી કર્મોની સંગતિથી સંસારની ૮૪ લાખ યોનિમાં ભ્રમણ કરે છે. આ વિભાવ અવસ્થા ટાળવી એ જ કર્તવ્ય છે, એ જ ઉદ્દેશ છે. પોતાના આત્માના શુધ્ધ સ્વભાવમાં વિશ્વાસ લાવી, શ્રધ્ધા લાવી, તેનું સંશય રહિત યથાર્થ જ્ઞાન મેળવી, અને તેમાં જ લયલીન બની સ્વાદ લેવો એ જ સિદ્ધિ મેળવવાનો માર્ગ છે. એને જ નિશ્ચય સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યગ્ચારિત્ર કહે છે. આ અભેદ રત્નત્રયની પ્રાપ્તિ માટે વ્યવહાર–ધર્મ મુનિ અને શ્રાવકને બતાવેલ છે, પરંતુ નિશ્ચય ધર્મ વિના મોક્ષમાર્ગ ન હોઈ શકે. ઉપાદાન અથવા મૂળ કારણ આત્માના સ્વરૂપાચરણ માટે આત્મા પોતે જ છે. જેવી રીતે સુવર્ણ શુધ્ધ હોવાનું મૂળ કારણ સુવર્ણ પોતે છે અને અગ્નિ આદિ નિમિત્ત છે, તેવી રીતે વ્યવહાર ધર્મ માત્ર નિમિત્ત છે. જ્યાં સુધી કાર્યની પૂર્ણતા ન થાય ત્યાં સુધી બન્ને કારણોની આવશ્યકતા છે.

હે ભવ્ય! ધર્મનું સ્વરૂપ આ પ્રમાણે સમજી તું નિશ્ચિંત થા. અને એકાંતમાં બેસી પોતાના દેહમંદિરમાં બિરાજમાન પરમાત્મા દેવને જો. તેમનામાં જ ભાવ જોડી પૂજા કર. જ્યારે તને દર્શન થશે ત્યારે

તેનામાં તું તન્મય થઈ જઈશ. દૃષ્ટા અને દૃશ્યનો ભેદ મટી જશે. દ્વૈત ભાવ અદ્વૈત થશે, ધ્યાતા અને ધ્યેયનો ભેદ મટી જઈ એક ધ્યાન થશે અને ત્યાગ ગ્રહણની કલ્પના છૂટી જશે.

## ૧૨

હે વત્સ! આ સંસારરૂપી નાટકના સ્વરૂપનો વિચાર સારી રીતે કરી તું તેનાથી ઉદાસીન બન. જીવ પોતાના નિજ સ્વરૂપને ભૂલી જઈ સંસારના પરપદાર્થોમાં મોહ કરીને નિરંતર દુઃખ ભોગવે છે. સંસારમાં રાગદ્વેષનું કારણ એવો વિશ્વાસ છે કે ઇન્દ્રિયોના વિષયભોગથી સુખ-શાન્તિની પ્રાપ્તિ થશે. એવી રૂચિને વશ બની અનાદિ કાળથી આ અજ્ઞાની જીવ જે જે શરીર મેળવે છે અને તેમાં જેટલી ઇન્દ્રિયો પ્રાપ્ત કરે છે તેની ઇચ્છાઓની પૂર્તિ માટે દિવસ અને રાત મહેનત કરે છે.

ઘણા જીવોની ઇચ્છા પૂરી થતી નથી! કદાચ કોઈ જીવની પૂર્ણ થાય છે તો પદાર્થનો સંયોગ સ્થિર અથવા એક દશામાં રહેવો અતિ દુર્લભ હોય છે. જોતજોતામાં એ પદાર્થનો વિયોગ થાય છે અથવા એ પદાર્થ તેની ઇચ્છાનુસાર વર્તતો નથી. તેનું ફળ એ આવે છે કે જીવ એ પદાર્થના વિયોગથી ચિંતા અને દુઃખ સમુદ્રમાં ડૂબી જાય છે તથા એક ઇચ્છા પૂરી થતાં જ બીજી ઇચ્છા વધુ વેગથી ઉઠી આવે છે. પુનઃ નવીન ઇચ્છા પૂર્ણ કરવાની ચેષ્ટા શરૂ કરે છે અને જ્યાં સુધી તે પૂર્ણ નથી થતી ત્યાં સુધી આકુળવ્યાકુળ બની રહે છે. આ પ્રમાણે એક બાજુ ઇચ્છાઓ વધતી જાય છે તો બીજી બાજુ દિવસ પર દિવસ વીતતાં તેનું શરીર વૃધ્ધાવસ્થાથી ઘેરાઇ જીર્ણ થતું જાય છે. અને એક દિન વર્તમાન દેહનો ત્યાગ કરી અન્ય શરીર ધારણ કરે છે ત્યાં પણ ઇચ્છાઓની વાસનાઓની પૂર્તિનું ચક્ર ચાલુ રહે છે.

આમ એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના શરીરને વારંવાર ધારણ કરી

આ જીવ મોટું કષ્ટ અને સંકટ ભોગવે છે : ક્યારેય પણ શાન્તિનો લાભ મેળવતો નથી.

પ્રિય ભવ્ય જીવ ! જે સુખ શાન્તિ પોતાનો સહજ સ્વભાવ હોઈ પોતામાં જ મોજુદ છે. તેની તેને વિસ્મૃતિ છે. પોતાના હાથમાં સુવર્ણ મુદ્રિકા વિદ્યમાન હોવા છતાં તે ભૂલી જઇ તેની શોધ અન્યત્ર કરે એવી અજ્ઞાનીની દશા હોય છે. માટે તું ઇન્દ્રિયોનું દાસત્વ છોડી દે અને ઇન્દ્રિયોના વિષયોને રોગ સમજી તેનાથી નિવૃત્ત થા.

તું તારા પોતાના આત્માના નિર્મળ બાગમાં પ્રવેશી ક્રીડા કર. જ્યાં સુધી તું આત્મ–ઉપવનમાં રહીશ ત્યાં સુધી દુઃખ અને અશાંતિ તારાથી દૂર રહેશે. દુઃખનાં જે કારણ રાગ, દ્વેષ ને મોહ છે તે નિર્મળ બાગમાં પ્રવેશ કરી શકતા નથી. ત્યાં વીતરાગની એવી ઠંડી હવા હોય છે કે ઇન્દ્રિય વિષયની વાસનારૂપી દાહ તુરત શાંત થઈ જાય છે. હે વત્સ ! તું એ ઉપવનમાં જ્ઞાન, દર્શન, સુખ, વીર્યતા, સમ્યક્ત્વ, ચારિત્ર આદિ ગુણરૂપ મનોહર વૃક્ષોની શોભા જો, તેની શીતળ છાયામાં વિશ્રામ કર અને તેનાં સ્વાનુભવ રસપૂર્ણ ફળનો સ્વાદ લે.

## ૧૩

પરમદયાળુ શ્રી ગુરૂ શિષ્યને સમજાવે છે—

હે વત્સ ! આ જગતમાં સમ્યક્ત્વથી વિભૂષિત એવા જ્ઞાની મહાત્મા ધન્ય છે, કારણ તેમના ભાવોમાં સર્વ પદાર્થો જેમ છે તેમ યથાર્થ ઝળકે છે. જો કે હજુ તેવો અલ્પજ્ઞ છે. તથાપિ સર્વજ્ઞ તુલ્ય તેઓ જે કાંઈ જાણે છે તે યથાર્થપણે જાણે છે. સમ્યક્ત્વનો મહિમા અગાધ છે. સમકિતી આત્મા અવિરતિ હોવા છતાં મોક્ષમાર્ગી છે. તેમના સર્વ ભાવ જ્ઞાનમય હોય છે અને ધ્યેય આત્મિક શુદ્ધતાની પૂર્ણ પ્રાપ્તિ હોય છે.

જો કે સમ્યક્ત્વી પૂર્વબદ્ધ મોહકર્મના ઉદયથી ઇંદ્રિયોના વિષયોમાં પ્રવૃત્ત થાય છે તો પણ તેઓ કર્મના ઉદયનું તથા પોતાની પ્રવૃત્તિના

આત્મધ્યાનનો અભ્યાસ કર! કારણ આત્મધ્યાન એજ મોક્ષમાર્ગ છે; તે એક એવું સાધન છે જે વડે મુક્તિરૂપી સાધ્યની સિદ્ધિ મળે છે; આત્મધ્યાન એજ ધર્મ છે, આત્મધ્યાન એજ સંસારના સર્વ પ્રકારના રોગ મટાડવાની પરમ–ઔષધિ છે.

જ્ઞાનોપયોગને સર્વ દિશાઓથી રોકી, આત્માના જ્ઞાન, દર્શન, સુખ, વીર્યાદિ ગુણોમાં તથા પોતાના સિદ્ધ સ્વરૂપ શુદ્ધ પર્યાયમાં સ્થિર કરવો તેને આત્મધ્યાન કહે છે. જો કદિ કોઈ જીવ પોતાના મનને એક સમય માત્ર પણ આત્મિક ગુણોમાં અને સ્વદ્રવ્યમાં જોડે તો તે આત્મધ્યાનનો પરમ સુખદ લાભ મેળવે છે.

માટે હે વત્સ! આત્માનુભવ પ્રાપ્ત કરવા તું એકાંતમાં બેસી પોતાના શુદ્ધ સ્વરૂપનું ધ્યાન કર, એજ સમ્યક્ત્વનું કારણ છે અને મોક્ષનો ઉપાય છે.

૫

# પ્રાયોગ્ય લબ્ધિ

હિંદીમાં લેખક :

**બ્રહ્મચારીજી શ્રી શીતલપ્રસાદજી પંડિત**

અનુવાદક :

**શ્રી ભોગીલાલ ગિરધરલાલ શેઠ**

*

૧

દેશના લબ્ધિના પ્રતાપથી આ ભવ્ય જીવે શ્રી ગુરૂના મુખથી શ્રવણ કરેલા તત્ત્વજ્ઞાનના ઉપદેશનો વારંવાર અભ્યાસ કરી, મનન કરી એવી શકિત પ્રાપ્ત કરી લીધી છે કે હવે આયુષ્યકર્મવર્જિને સાત કર્મોની સ્થિતિ એક કોડાકોડી સાગરોપમથી કાંઈક ન્યૂન બની ગઈ છે. પ્રથમ ૭૦ કોડાકોડી સાગરની હતી તે ઘટીને હવે ઉપર મુજબ શેષ રહી છે.

આ જીવને પ્રાયોગ્યલબ્ધિમાં પોતાની ઉન્નતિ કરવાની ભાવના છે. આ લબ્ધિના કાળ દરમ્યાન પરિણામોની એવી ઉજ્જવળતા હોય છે કે ઘાતી કર્મોનો અનુભાગ અર્થાત્ ફળદાન શકિત જે પ્રથમ પાષાણ રૂપ હતી તે પલટાઈ કાષ્ટ રૂપ થઇ જાય છે; અને આઘાતી કર્મોની પાપ પ્રકૃતિઓમાં જે હળાહળ વિષસમાન શકિત વિદ્યમાન હતી તે દૂર થઇ કાંજી રૂપ થાય છે. પ્રાયોગ્ય લબ્ધિવાળો જીવ આયુષ્ય સિવાય સાત કર્મોની સ્થિતિ અંતઃ કોડાકોડી સાગરથી અધિક બાંધતા નથી.

જ્યારે ૭૦૦ અગર ૮૦૦ સાગર ન્યૂન સ્થિતિ બાંધે ત્યારે એક પ્રકૃતિ બંધાપસરણ કહેવાય એવા ૩૪ બંધાસરણ થાય. આ ૩૪ સ્થાનોના પ્રભાવથી ૪૫ પ્રકૃતિઓનો બંધ વ્યવચ્છેદ થાય છે; અર્થાત્

મિથ્યાત્વમાં ૧૧૭ પ્રકૃતિઓનો બંધ થતો હતો તેમાંથી ૪૬ પ્રકૃતિઓ બાદ જતાં હવે માત્ર ૭૧ પ્રકૃતિઓનો બંધ પડે છે.

પ્રાયોગ્ય લબ્ધિના સમયમાં જીવની પ્રવૃત્તિ પોતાના કલ્યાણ તરફ અતિ ઉત્કટ ભાવે થતી હોય છે. કોઈ પણ પ્રકારે સત્ય પુરૂષાર્થ કરી 'હું સમ્યગ્દર્શનને પાત્ર બનું" એવી ભાવના જાગૃત રહે છે.

આ લબ્ધિ ભવ્ય અભવ્ય બંનેને હોય છે. ભવ્ય જીવ ઉપર ચઢવામાં આવરણ રૂપ એવા કર્મપટલને દૂર કરે છે, ત્યારે અભવી જીવ દૂર કરી શકતો નથી. (શ્રીગુરૂએ તત્ત્વોપદેશ આપ્યો, તેને વિચારે, પછી વિચાર કરતાં "તેને આમ જ છે" એવી પ્રતીતિ થઈ જાય, અથવા અન્યથા વિચાર થાય, ઉપદેશનો નિર્ધાર ન કરે તો પ્રતીતિ ન પણ થાય; તેનું મૂળ કારણ તો મિથ્યાત્વ કર્મ છે, તેનો ઉદય જેને મટે તેને પ્રતીતિ થાય અને ન મટે તો ન થાય એવો નિયમ છે, પણ તેનો ઉદ્યમ તો માત્ર તત્ત્વ વિચાર કરવાનો જ છે.)

ભવ્ય જીવ વારંવાર શ્રીગુરુના ઉપદેશનો વિચાર કરે છે કે હું કોઈ પણ પ્રકારે શુધ્ધ નિશ્ચયનયના વિષયભૂત મારા શુદ્ધાત્માનું દર્શન પ્રાપ્ત કરૂં. આવી અભિરૂચી દ્વારા પણ તે સાચા સુખ અને શાન્તિનો કિંચિત લાભ મેળવે છે. વાસ્તવમાં જ્યાં આત્મ વિચાર છે ત્યાં સુખ અને શાંતિ છે.

## ૨

એક આત્મશોધક વીરપુરૂષ પ્રાયોગ્ય લબ્ધિમાં રહીને પરિણામો ઊંચા લાવવા ઉદ્યમ કરી રહ્યો છે. આ લબ્ધિના પ્રતાપથી અગાઉ જણાવ્યા પ્રમાણે ૩૪ બંધ અપસરણો દ્વારા બંધયોગ્ય ૪૬ પ્રકૃતિઓનો નાશ થાય છે. તેમાં ચાર આયુનો સમાવેશ છે. તેથી એ વાત સિદ્ધ થાય છે કે પ્રાયોગ્ય લબ્ધિના પ્રારંભથી જ્યાં સુધી ઉપશમ સમ્યક્ત્વ ઉત્પન્ન થઈ અંતર્મુહૂર્ત સુધી રહે છે તે દરમ્યાન આયુષ્યનો બંધ

પડતો નથી, એ જ પ્રમાણે ન એકેન્દ્રિયથી ચૌરેન્દ્રિય જાતિનો અને અસંજ્ઞી પંચેન્દ્રિયનો બંધ થાય છે; ન નપુંસક વા સ્ત્રિવેદનો બંધ, ન નીચ ગોત્રનો કે છ સંહનનનો બંધ પડે છે; સંસ્થાનોમાં કેવળ સમચતુરસ્ત્ર સંસ્થાનનો બંધ હોય છે. ન અસાતા વેદનીયનો કે અન્ય કોઇ અશુભ પ્રકૃતિઓનો બંધ હોય છે.

વાસ્તવમાં અહિંયાથી શરૂ કરી આ જીવના ભાવ ઉત્તરોત્તર ચઢીયાતા બનતા રહે છે. જે જીવને સમ્યગ્દર્શન પ્રાપ્ત થવાનું છે તેના ભાવોની ઉજ્જવળતા બરાબર વૃદ્ધિ પામતી હોય છે; પરંતુ જેને સમ્યક્ત્વની પ્રાપ્તિ માટે વિલંબ છે અથવા જે અભવી છે તે પ્રાયોગ્ય લબ્ધિના કાળ પછી અવશ્ય પડે છે.

શ્રીગુરૂએ ભેદ વિજ્ઞાનનો જે ઉપદેશ દીધો હતો તેનું તે બરાબર સ્મરણ ચિંતવન કરે છે અને પોતાના આત્મસ્વરૂપને અનાત્મભાવથી ભિન્ન વિચારે છે. એની નજર સમક્ષ શુદ્ધ નિશ્ચયનયના ભાવો પુનઃ પુનઃ દૃશ્યમાન થઈ નૃત્ય કરતા હોય છે. જો કે હજુ તેને સ્વાનુભવ થયો નથી, તથાપિ તેના ભાવોમાં, "હું જ્ઞાતાદૃષ્ટા છું, અવિનાશી છું, સિદ્ધસમાન શુદ્ધ છું" એ ઝળકે છે. એનું જ મનન એ ભાવોને ઊંચા લાવવા માટેની સીડી છે.

ધન્ય છે એ મહાત્માને કે જેઓ આ સીડી પર ચઢી આગળ ચાલે છે અને એકાએક સમ્યક્ત્વ ભાવને જાગ્રત કરી, સર્વ પરભાવોથી રહિત પોતાના શુદ્ધ આત્મા અર્થાત્ સમયસારનો અનુભવ મેળવી લે છે. એઓ જ નિજાનંદરૂપ અમૃતનો સ્વાદ લઈ પરમ તૃપ્તિ મેળવવામાં પોતાના ઉદ્યમને સફળ બનાવે છે.

## ૩

પ્રાયોગ્ય લબ્ધિમાં રહેલો આ આત્મા સર્વ વિભાવ ભાવોથી રહિત થવા માટે અને શુદ્ધ આત્માના ગુણોના ચિંતવન માટે અતિ ઉત્સાહિત દેખાય છે. તેના મનમાં ઉલ્લસિત ઉમંગ છે કે જન્મમરણ

આદિ દુઃખયુક્ત આ અસાર એવા સંસારથી કેવી રીતે છૂટું અને નિર્વાણના પરમ આનંદમય, અવિનાશી સુખનો ભોક્તા થાઉં, શરીરરૂપી પિંજરામાં કેદ થયેલો એવો હું કેવી રીતે મુક્ત થાઉં અને શુદ્ધ આત્માના શુદ્ધ જ્ઞાનના અભ્યાસમાં રક્ત બનું !

શ્રીગુરૂનો પરમ કલ્યાણકારી ઉપદેશ તેના અંતરંગમાં પોતાનો અપૂર્વ પ્રભાવ વિકસાવી રહ્યો છે; શ્રી જિનેન્દ્ર પ્રભુએ બોધેલું તત્ત્વજ્ઞાન તેના અંતરને સુવાસિત કરી રહ્યું છે. ચાર ગતિના દુઃખનું સ્વરૂપ તેના આત્મમાં સંસારપ્રતિ નિર્વેદ ભાવ ઉત્પન્ન કરે છે.

તેની બુદ્ધિ ઉપાદેય એવા એક આત્મતત્ત્વ પર ચોંટી છે; નવ તત્ત્વમાં એક આત્મતત્ત્વ જ તેને પ્રિય છે. આત્માના સામાન્ય અને વિશેષ ગુણો પ્રતિ તેની સ્મૃતિ ઝોક લે છે. હું દર્શન, જ્ઞાન, વીર્ય સુખમય છુ, રાગાદિ ભાવોથી પર છું, જેટલા જેટલા વિભાવ ભાવ છે, તે બધા મોહકર્મના ઉદયથી ઉત્પન્ન છે અને મોહકર્મ પુદ્ગળ હોવાથી આત્માથી સર્વથા ભિન્ન દ્રવ્ય છે. આવું નિર્મળ જ્ઞાન તેના ભાવોને ઉજ્જવળ બનાવે છે.

તેના ભાવોમાં ઉપશમની શાંત છાયા પ્રસરતી હોય છે અને તીવ્ર કષાય ભાવોનો તાપ થતો હોય છે. હૃદયમાં દયાની લાગણી વેગવતી બને છે: કોઈપણ પ્રાણીને દુઃખી જોઈ એના અંતરમાં કરુણ-ભાવ સહજ જ પ્રગટે છે, કારણ તેના જ્ઞાનમાં જીવ માત્ર એક જ સ્વરૂપી છે એમ જણાય છે. સમભાવધારી મહાત્માઓ તરફ તેને પરમ વાત્સલ્યભાવ હોય છે.

તાત્પર્ય એ છે કે આ લબ્ધિમાં એના ભાવોની ભૂમિકા એવી રચાઈ ગઇ છે કે જેના પ્રભાવ વડે આ ભવ્ય જીવ કરણલબ્ધિ દ્વારા પ્રાપ્ત એવા સમ્યક્ત્વરૂપી રત્નમહેલમાં શીઘ્ર પહોંચી જશે.

એના પ્રદેશોમાં અનંતાનુબંધી કષાય પણ અતિ મંદ ભાવને પ્રાપ્ત થયા છે,તે મજ મિથ્યાત્વરૂપી રસ પણ અલ્પ રહ્યો છે. અશુભ

ભાવોના સ્થાન શુભ ભાવો રોકી રહ્યા છે, આથી આ જીવ પાપ પ્રકૃતિઓનો બંધ નહિ બાંધતા, પુણ્ય પ્રકૃતિઓનો બંધ કરે છે.

આ જીવની દશા એવા પુરૂષની દશા સાથે સરખાવી શકાય કે જેનો સંબંધ કોઈ ઇષ્ટિ કન્યાની સાથે નક્કી કર્યો હોય આ ભવ્યજીવ જ્યારે નિશ્ચય સમ્યક્ત્વને પામશે ત્યારે મુકિતરૂપી કન્યા સાથેનું તેનું સગપણ દૃઢ થશે.

વાસ્તવમાં ધન્ય છે આ જ્ઞાની જીવને કે જેણે પરમાર્થ માર્ગ જાણી લીધો છે. જેના જ્ઞાન વગર તે અનાદિકાળથી રખડ્યો હતો, રાગદ્વેષના પ્રબળ તરંગોમાં વ્યાકુળ બની રહ્યો હતો. હવે તે પોતાની દૃષ્ટિ પોતાના શુદ્ધ આત્માની પ્રાપ્તિ પર ફેરવે છે અને આત્મપ્રભુની ઝલક હાંસિલ કરવા ભાવના ભાવે છે.

## ૪

એક જ્ઞાની ભવ્યજીવ પ્રાયોગ્ય લબ્ધિમાં વિશ્રામ કરીને પોતાની સમયે સમયે ઉન્નતિ કરી રહ્યો છે. તે હવે કરણલબ્ધિમાં જવાની તૈયારીમાં છે. તેના ભાવોમાં શુભ સ્વચ્છ ભાવનાઓ કલ્લોલ કરે છે.

એ અત્યારે દશ લક્ષણ ધર્મનું મહત્વ વિચારી રહ્યો છે. (૧) ઉત્તમ ક્ષમા જ આત્મભૂમિને શાંત રાખે છે; ક્રોધ આત્મ સ્વભાવથી ભિન્ન છે અને કષાયરૂપી મેલ છે. (૨) ઉત્તમ માર્દવ એ પોતાનો સ્વભાવ છે; માર્દવ માન ભાવથી વિપરીત છે. વિનય અને કોમળતા આત્માને સદ્દગુણોના નિવાસ અર્થે પાત્ર બનાવે છે. (૩) ઉત્તમ આર્જવથી આત્માના પરિણામો સરળ થાય છે; એને જોઈને દુષ્ટ માયા તરત જ દૂર ભાગી જાય છે; ઋજુના એ સર્વ દોષોને હઠાવનાર છે. (૪) ઉત્તમ સત્ય એ તો આત્મ પદાર્થનો સ્વભાવ છે, પદાર્થ અનેક ધર્મમય છે. એવું જ્ઞાન આપનાર ઉત્તમ સત્ય છે. જ્યાં કપટજાળ નથી. ત્યાં સત્યનું સામ્રાજ્ય છે. સત્યતા સર્વ ગુણોને દીપાવે છે. (૫) ઉત્તમ શૌચ આત્માને

પવિત્ર રાખવામાં નિર્મળ પવન માફક કામ કરે છે. લોભ તેની સામે બિલકુલ ટકી શકતો નથી.

(૬) ઉત્તમ સંયમ આત્મ ભૂમિમાં ઉચ્છ્રંખલતા અને અદયાને ટકવા દેતો નથી. તેના પ્રતાપથી આત્મા પોતાના ગુણોનો ભોગ સ્વતંત્ર-પણે કરી શકે છે. (૭) ઉત્તમ તપ. આત્માના ગુણોના વિકાસ કાર્યમાં બાધા કરાવનાર સર્વ કર્મોને ધ્યાન રૂપી અગ્નિમાં બાળી નાખે છે; તપના પ્રભાવથી આત્મા શુદ્ધ સુવર્ણની જેમ ચળકે છે. (૮) ઉત્તમ ત્યાગ આત્માને સર્વ પ્રકારના અનાત્મ ભાવોથી દૂર ખેંચી લે છે તથા પોતામાં વિકસેલા ગુણોથી પરનો ઉપકાર કરવામાં યોજે છે. (૯) ઉત્તમ અકિંચન આત્માને આત્મતત્ત્વમાં જ રહેવાની પ્રેરણા કરે છે અને પર પદાર્થના આક્રમણથી બચાવે છે. (૧૦) ઉત્તમ બ્રહ્મચર્ય આત્માને બ્રહ્મભાવમાં સ્થાપીને તેને પરમાનંદનો આસ્વાદ કરાવે છે, અને અબ્રહ્મની કાલિમાના ડાઘથી બચાવે છે.

આ પ્રમાણે દશ લક્ષણી ધર્મનું મહાત્મ્ય વિચારતો આ જ્ઞાની જીવ પોતાની શુદ્ધ પરિણતિને જ પોતાનું પરિણમન માને છે, સર્વ પ્રકારની અશુદ્ધ પરિણતિથી બચવાની ભાવના ભાવે છે.

આ જ્ઞાની જીવે દેશનાલબ્ધિમાં જે જે ઉપદેશ મેળવ્યો છે તેની ઉપર વારંવાર ચિંતન કરી પરમ સંતોષ અનુભવે છે; જિનવાણી માતાના ઉપકારને યાદ કરી તત્ત્વજ્ઞાનની ઉંડી ગુફામાં પ્રવેશવા ભાવના કરે છે.

આ જીવને સમ્યગ્દર્શનની જાગૃતિ થવાની છે એ એનું પરમ ભાગ્ય છે. ધન્ય તત્ત્વ જ્ઞાનના મહાત્મ્યને! સર્વ કાલિમાને દૂર કરી પરમ નિર્મળતામાં પ્રવેશ કરાવનાર એ જ તત્ત્વજ્ઞાન છે.

# ૬

# કરણલબ્ધિ

: મુળ લેખક :

**બ્ર. પં. શ્રી શીતળપ્રસાદજી**

અનુવાદક

**શ્રી ભોગીલાલ ગિરધરલાલ શેઠ**

*

કરણલબ્ધિ ત્રણ ભેદે છે. (૧) અધઃકરણ (૨) અપૂર્વકરણ અને (૩) અનિવૃત્તિકરણ. પ્રત્યેકનું વર્ણન નીચે મુજબ છે.

## ૧

એક ભવ્ય જીવ સંકલ્પ વિકલ્પથી રહિત થઈ આત્મોન્નતિના માર્ગમાં ક્રમશઃ આગળ વધી રહ્યો છે. પ્રાયોગ્ય લબ્ધિ દ્વારા ભાવોની ઉન્નત શ્રેણી પર ચઢી હવે તે આત્મા કરણલબ્ધિમાં પ્રવેશ કરે છે, અને ત્યારબાદ અંતર્મુહૂર્તમાં તે સમ્યક્‌દર્શનરૂપી રત્નનો સ્વામી બનશે; અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ તથા મિથ્યાદર્શનના ઉદયને હઠાવી પોતાની આત્મવિભૂતિનું નિશ્ચયાત્મક દર્શન કરશે.

જેમાં સમયે સમયે પરિણામોની ઉજ્વળતા અનંતગુણી વધતી જાય છે, તેને કરણલબ્ધિ કહે છે. સમ્યક્‌દર્શન થવામાં અવશ્યમેવ કારણરૂપ જે પરિણામ તેને કરણ (પ્રયાસ) કહે છે.

નિશ્ચયનયના આશ્રયથી એવું જ્ઞાન અને શ્રદ્ધાન થાય છે કે "હું પૂર્ણ જ્ઞાનનો ધણી, વીતરાગી, પરમ આનંદમય અપૂર્વિક આત્મા છું. રાગદ્વેષાદિ ભાવ મારા સ્વાભાવિક ભાવો નથી. આઠ કર્મોનું બંધન

આત્માની સ્વતંત્રતામાં બાધક રૂપ છે. આત્મસ્વભાવમાં સ્થિરતા એ જ સુખ અને શાન્તિપ્રદ છે." આ ભાવો આ ભવ્યાત્માની ઉન્નતિમાં સાધક થાય છે.

અહિં તે આત્મવિકાસના ઉદ્યોગમાં પ્રયત્નશીલ થાય છે, તેના પરિણામની ધારા સમ્યક્ત્વને બાધક રૂપ કર્મસેનાને ભગાડી રહી છે. એ પોતાને પોતાના આત્માની સન્મુખ કરી નિજ આત્મ દ્રવ્યને લક્ષ્ય બનાવે છે. લોકમાં જીવ પુદ્ગલાદિ છ દ્રવ્ય છે તે તે જાણે છે પરંતુ અત્યારે આ જ્ઞાની તે સર્વથી ઉદાસીન થઈ એક પોતાના આત્માની સન્મુખ થઈ રહ્યા છે. વાસ્તવમાં મુક્તિની સ્વાધીનતા તેની સામે જ છે. કરણલબ્ધિને પ્રાપ્ત મહાત્માનો મહિમા અગોચર છે, મિથ્યાત્વ શત્રુ અનાદિકાળથી અજ્ઞાનમાં ખેંચી રહ્યો હતો તે હવે આ પુરૂષાર્થી આત્માના બળ આગળ લજ્જિત થઈ રહ્યો છે, અનંતાનુબંધી કષાય તેના પરિણામોના બાણથી વીંધાઈ જઉં જઉં થઈ રહ્યા છે, સિંહ સામાન આ આત્માર્થી સમકિત પ્રતિ લઈ જતી સીડી પર ચઢી આગળ વધી રહ્યો છે.

## ૨

આજે કેવો આનંદનો સમય છે? ચિરકાળનો દરિદ્રી આજે થોડી જ વારમાં અમૂલ્ય સમ્યગ્દર્શન રૂપી રત્નનો માલિક થશે.

એ અંતર્મુહૂર્ત સ્થિતિવાળી **અધઃકરણ** લબ્ધિમાં રહી સમયે સમયે પરિણામોની વિશુદ્ધતા વધારી રહ્યો છે. આ લબ્ધિમાં એ જાતની વિશુદ્ધતા વધે છે કે જો કોઈ બીજો જીવ થોડી વાર પછી આ અધઃકરણમાં પ્રવેશ કરે તો તે તેનાથી પહેલાં આ કરણમાં આવેલા જીવની સમાન જ ભાવોની વિશુદ્ધતા કરી શકે છે. આ સમયે એ ઉત્સાહી જીવનું લક્ષ્યબિંદુ એક પોતાના આત્માના વિકાસ પર કેન્દ્રિત થયું હોય છે.

અત્યાર સુધી તેણે આત્માના સ્વાધીન ગુણોનું જે વર્ણન સાંભળ્યું હતું, સિદ્ધોના અપૂર્વ સુખની કથા શ્રવણ કરી હતી તથા આત્મિક આનંદની બાહ્ય શોભા જાણી હતી, તે સ્વાધીનતા અને સાચો આનંદ મને કેવી રીતે પ્રાપ્ત થાય એ ભાવના અંતરમાં રાખી ભેદ વિજ્ઞાન દ્વારા આત્મા અનાત્માના પૃથક્ પૃથક્ લક્ષણ ધ્યાનમાં લે છે. સંસારનો રાગ ઘટતો જઈ, આત્મિક આનંદની સ્વચ્છતા પ્રતિ દિલનું આકર્ષણ વધતું જાય છે.

આ દશામાં આ જ્ઞાની જીવને ચાર આવશ્યક હોય છે. એક તો એ કે સમયે સમયે તેના ભાવો અનંતગુણ વિશુદ્ધ થતા હોય છે, બીજો એ કે કર્મોની સ્થિતિ સમયે સમયે ઘટતી જાય છે, ત્રીજો એ કે સાતાવેદનીય આદિ પુણ્ય પ્રકૃતિનો ગોળ, ખાંડ, સાકર તથા અમૃત સમાન રસ સમયે સમયે બાંધે છે તથા ચોથો એ કે અસાતા-વેદનીય આદિ પાપ પ્રકૃતિનો રસ હલાહલ વિષ સમાન હતો તે કાંજીરૂપ બની જાય છે. વાસ્તવમાં સ્વચ્છ ભાવોનો આટલો મોટો પ્રભાવ હોય છે.

આ જીવ પુણ્યનો ખજાનો એકઠો કરે છે અને પાપ પ્રકૃતિનો રસ દબાવે છે. આ વીર એકચિત્ત થઈ મિથ્યાત્વ તથા અનંતાનુબંધી કષાયો વશ કરવામાં તલ્લીન છે, ધન્ય છે આ વીરને જે પરમ પુરૂષાર્થ કરી પોતાની આત્મોન્નતિ વૃદ્ધિગત કરતો સંતોષ મેળવે છે અને નિજાનંદી નગરની ભૂમિ પર પહોંચવા પૂર્ણ સાહસ કરે છે.

## ૩

આ વીર આત્મા પરિણામોની વિશેષ ઉન્નતિ કરી રહ્યો છે, જેના નિમિત્તથી સમ્યક્‌દર્શનને બાધક શત્રુઓની જડ ઢીલી પડે છે.

* અધઃકરણલબ્ધિમાં સંભવિત વિશુદ્ધિ કરી હવે એ **અપૂર્વકરણ**માં

*અપૂર્વકરણ—જે અધ્યવસાયોના યોગે પહેલાં નહિ કરેલા એવા (૧) ગુણશ્રેણી નિર્જરા, (૨) ગુણસંક્રમણ, (૩) સ્થિતિઘાત, (૪)

પ્રવેશ કરે છે. આ પરિણામોને કરણ એટલા માટે કહે છે કે નિયમથી તેમની દ્વારા મિથ્યાત્વરૂપી અંધકારનો નાશ અને સમ્યક્દર્શનરૂપી સૂર્યના પ્રકાશનો ઉદય થાય છે.

અંતર્મુહૂર્ત સ્થિતિવાળા અધ:પ્રવૃત્તિકરણને પૂર્ણ કરી અપૂર્વકરણના પરિણામોમાં પણ અંતર્મુહૂર્ત સુધી રહે છે. આ કાળમાં આ સાહસિક આત્માના વિશુદ્ધ ભાવની બરાબરી કોઈ અન્ય જીવ જેણે તેના પછી અપૂર્વકરણ સંબંધી પરિણામોની વિશુદ્ધતાનો લાભ લેવાનો પ્રારંભ કર્યો હોય તે કદાપિ કરી શકતો નથી. પરંતુ જો કોઈ જીવો આ પ્રકારની વિશુદ્ધતા કરવાનું કામ એક સાથે શરૂ કરે તો તેમની ઉન્નતિ બરાબર સમાન પણ હોય અને અસમાન પણ હોય, અર્થાત્ એકસાથે અપૂર્વ-કરણના ભાવોની પ્રાપ્તિ માટે પ્રયત્નશાલ જીવો સમયે સમયે અનંતગુણી ઉજ્જવળતા કરતા રહે છે અને તેમાં કોઈ કોઈ તો સમાન ઉન્નતિ કરતા હોય છે અને કોઈ કોઈ આગળપાછળ થાય છે, તોપણ વિશુદ્ધતાનું એટલું અંતર હોતું નથી કે પાછળથી પ્રારંભ કરનાર જીવ તેની સમાન થઈ જાય.

અપૂર્વકરણના ભાવોમાં વર્તતા આત્માને ચાર આવશ્યક હોય છે. (૧) ગુણશ્રેણી નિર્જરા, (૨) ગુણસંક્રમણ, (૩) સ્થિતિ ખંડન, (૪) અનુભાગ ખંડન. અર્થાત્ સમયે સમયે અસંખ્યાતગુણી કર્મવર્ગણા ખરી પડે છે તે ગુણશ્રેણી નિર્જરા; ઘણા કર્મોની પ્રકૃતિ પોતાની સમાન જાતિમાં પલટાય છે. જેમકે અશાતાવેદનીયનું પલટાવું તે ગુણસંક્રમણ; કર્મોની સ્થિતિ ઘટી જવી તે સ્થિતિખંડન: અને અશાતવેદનીય આદિ

---

અનુરાગ ઘાત એવા ચાર આવશ્યક થઈ શકે તેવા નવીન અધ્યવસાયોનું નામ અપૂર્વકરણ છે. જીવને પોતાના દુષ્કર્મથી ઉત્પન્ન થયેલ, કઠોર, મજબુત અને લાંબા કાળની ઉગેલ ગુપ્ત વાંસની ગાંઠ જેવી, દુઃખે કરી ભેદી શકાય એવી અને પૂર્વે નહિ ભેદાયેલ એવી રાગદ્વેષના પરિણામરૂપ ગ્રંથિ છે. ગ્રંથિનો ભેદ કરવો તે અપૂર્વકરણનું ફળ છે.

પાપ પ્રકૃતિઓનો રસ હલકો થઈ જવો અથવા સૂકાઈ જવો તે અનુભાગખંડન.

વાસ્તવમાં જીવના પરિણામોની ગતિ વિચિત્ર છે. પરિણામોથી જ બંધ તૂટે છે.

આ સમયે આ વીર આત્માના **પરિણામ** આત્મતત્વના રસમાં તરબોળ છે. તેના ભાવોમાં આત્માની સુંદરતા પ્રતિ આસક્ત બુદ્ધિ છે. આત્માનો શુદ્ધ સ્વભાવ વીતરાગ પરમાત્મા સમાન પૂર્ણ જ્ઞાનઘન અને આનંદમય છે. એ જ ઉપાય છે એવા ભાવ શ્રીગુરૂની દેશનાના પ્રતાપથી તેની અંદર જાગ્રત રહે છે એ જ ઉપદેશના ગ્રહણથી અને તેના પ્રભાવે અંતરની પ્રેરણાથી, તેની શ્રધ્ધા સંસારથી હટી જઈ મુક્તિ સ્વાધીનતા પ્રાપ્ત કરવામાં લાગી ગઈ છે.

આથી આ જીવ આદરયોગ્ય છે કારણ તે અવશ્ય સમ્યગ્દર્શનના પ્રકાશને પ્રાપ્ત કરી એક દિવસ પરમ પવિત્ર પરમાત્મા થઈ જશે.

વાસ્તવમાં આત્માના શુદ્ધ સ્વભાવની કથા જો ચિત્તને આટલી આલ્હાદિત કરે છે તો પછી આ લબ્ધિમાં શુધ્ધ સ્વભાવનું લક્ષ અને પ્રબળ રૂચિનો સંભવ હોય છે તે કેટલો આનંદ આપે એ વાત અનુભવ ગોચર જ છે. ધન્ય હો એ વીર આત્માને.

## ૪

એક જ્ઞાનરસનો પિપાસુ આત્મા સર્વ ચિંતાઓ છોડી આત્મિક પુરુષાર્થના સાધનમાં તલ્લીન થઈ રહ્યો છે. એનું લક્ષ્ય માત્ર ભાવની રૂચિ પર કેન્દ્રિત થયું છે.

અપૂર્વકરણ સંબંધી પરિણામોના પ્રતાપથી તેનામાં વિશુદ્ધતાની માત્રા અધિક અધિક વધતી રહી છે અને હવે તે એકદમ ***અનિવૃત્તિકરણ**ના

*અનિવૃત્તિકરણમાં વર્તનારા ત્રિકાળવર્તી જીવોની સમાન સમાન સમયમાં પરિણામ વિશુધ્ધ ફેરફાર વિનાની અનિવૃત્તિ એકસરખી હોય છે.

પરિણામોમાં પ્રવેશે છે. તે કારણથી તેના ભાવોની શક્તિ તરવારની ધાર સમાન તીક્ષ્ણ થઈ છે. તેના પ્રભાવથી મિથ્યાત્વ અને અનંતાનુબંધી કષાયની વર્ગણાઓનો ઉદય તેને હોતો નથી અથવા ઓછામાં ઓછું અંતર્મુહૂર્ત માટે તો તે વર્ગણાઓનો ઉદય હોતો નથી. આ કારણથી આ જાતિના (કરણના) ભાવો એવા હોય છે કે જેટલા જીવો એક સમયમાં આ કરણનો પ્રારંભ કરે છે તે સર્વના પરિણામ એક સરખા વિશુદ્ધ હોય છે તથા પરિણામોની શુદ્ધિની વૃદ્ધિ પણ સમાનરૂપ હોય છે. વાસ્તવમાં એ પરિણામો એક જ જાતિના હોય છે. ઉપરોક્ત પાંચે પ્રકૃતિઓના ઉપશમ અર્થે પરિણામોની જેટલી ઉજ્વળતા હોવી આવશ્યક છે. તેટલી પ્રત્યેક જીવને પ્રાપ્ત કરવી જ પડે છે. એટલી બલિષ્ટ શકિત વિના અનાદિ શત્રુ જીતી શકાતો નથી. અપૂર્વકરણ લબ્ધિ સમાન આ લબ્ધિમાં પણ ચાર આવસ્યક હોય છે; (૧) ગુણશ્રેણી નિર્જરા, (૨) ગુણ સંક્રમણ (૩) સ્થિતિખંડન (૪) અનુભાગખંડન.

આ જાતિના પરિણામોમાં પરિણમતો આત્મા સર્વ પુદ્ગલકૃત પર્યાયોથી પોતાનું ધ્યાન હઠાવી માત્ર આત્માના ગુણો પર ધ્યાનને કેન્દ્રિત કરે છે. આ ગુણોનું સ્વરૂપ તેણે પહેલી દેશનાલબ્ધિમાં શાસ્ત્ર તથા ગુરુ દ્વારા જાણ્યુ હતું અને પછી યુક્તિબળથી તેના પર ગહન વિચાર કર્યો હતો.

તેની દૃષ્ટિ સામે શુધ્ધ નિશ્ચયનયનું લક્ષ્યબિન્દુ કલ્લોલ કરી રહ્યું છે. હું એક શુધ્ધ જ્ઞાતા, દષ્ટા, અવિનાશી, વીતરાગ છું, આનંદમય શુધ્ધ દ્રવ્ય છું.

---

તેથી આ કરણનું અનિવૃત્તિ એવું નામ છે. તેમજ બીજી રીતે પણ એ અર્થ થાય છે કે જે અધ્યવસાયો સમ્યકત્વ પમાડયા સિવાય પાછાં હઠે નહિ તે અનિવૃત્તિ કરણ કહેવાય. અંતર્મુહુર્તપ્રમાણ સ્થિતિવાળા આ અનિવૃત્તિકરણના જેટલાં સમયો છે તેટલાજ તેના અધ્યવસાયો છે અને તેઓ પૂર્વ પૂર્વ સમયની વિશુદ્ધિથી ઉત્તરોત્તર સમયોમાં અનંત ગુણવિશુદ્ધિવાળા જાણવા.

હું સંકલ્પવિકલ્પમય મનના પરિણામનો વિષય નથી, વચન શબ્દનો પણ વિષય નથી, તેમજ દેહના હલનચલન અથવા સ્થિરતાનો પણ વિષય નથી, હું તો પોતે પોતાનો જ વિષય છું. માત્ર સ્વાનુભવગમ્ય છું.

જ્યાં નિશ્ચયનય અને વ્યવહારનયના વિકલ્પ હોતા નથી, જ્યાં નામ, સ્થાપના, દ્રવ્ય તથા ભાવ નિક્ષેપની કલ્પના ઉઠતી નથી, જ્યાં પરોક્ષ અગર પ્રત્યક્ષ પ્રમાણના તરંગ ઉદ્ભવતા નથી, જ્યાં મન, વચન અને કાયાની ભિન્નતા થાય છે, ત્યાં આત્માનું દર્શન થાય છે; આત્માના દર્શનમાં રત્નત્રય દશ્ય બને છે.

આ પ્રમાણે જ્ઞાન અને શ્રદ્ધાનમાં તલ્લીન એવો વીર આત્મા સમયે સમયે પરિણામોની અનંતગુણી વિશુદ્ધતાની સીડી ચઢતો હોય છે અને પોતાના શુધ્ધ ભાવોના પ્રતાપથી સમ્યકદર્શન વિરોધી કર્મોને પોતાની સામેથી દૂર કરતો હોય છે. આમ આ વીર આત્મા ઉન્નતિના માર્ગ પર આરુઢ થઈ દુઃખ-શ્રમથી રહિત આલ્હાદરૂપ ભાવમાં જાગૃત રહે છે.

( કરણલબ્ધિ સંપૂર્ણ )



# ૭

# સમ્યક્ત્વ

મુળ લેખક :

**બ્રહ્મચારી પં. શ્રીશીતલપ્રસાદજી**

અનુવાદક :

**શ્રી ભોગીલાલ ગિરધરલાલ શેઠ**

*

( સમકિતના ત્રણ પ્રકાર છે: (૧) ઉપશમ સમકિત, (૨) ક્ષયોપશમ સમ્યક્ત્વ. (૩) ક્ષાયિક સમ્યક્ત્વ. તેનું વર્ણન ઉત્તરોત્તર આપવામાં આવે છે. )

## ઉપશમ સમ્યક્ત્વ

### ૧

એક જ્ઞાની ભવ્યાત્મા અનિવૃત્તિકરણના અંત સમયે દર્શનમોહ અને અનંતાનુબંધી કષાય દ્રવ્યને અંતર્મુહૂર્ત સુધી ઉદય માટે અયોગ્ય કરી ઉપશમ સમ્યક્ત્વને પ્રાપ્ત કરે છે. આ સમ્યક્ત્વ શુભ લેશ્યામાં થાય છે. દેવોને તો પર્યાપ્ત અવસ્થામાં શુભ લેશ્યા જ હોય છે; મનુષ્ય અને તિર્યંચને જઘન્ય તેજોલેશ્યામાં અને નારકોને શુભ લેશ્યા ન હોવા છતાં અતિમંદ અશુભ લેશ્યામાં સમ્યક્ત્વની ઉત્પત્તિ હોય છે. વાસ્તવમાં જ્યાં અત્યંત ધર્માનુરાગ અને આત્મહિત તરફ સન્મુખતા હોય છે. ત્યાં સમ્યગ્ દર્શનની પ્રાપ્તિ છે.

આ જીવ અનાદિકાળથી ઢંકાયેલું સમ્યક્ત્વ રત્ન મેળવે છે ત્યારે તેની પરમાત્મપદની પ્રાપ્તિની આશા અવશ્ય તૃપ્ત થાય છે. એમ કહો કે એની દર્શનની હુંડી લખાઈ જાય છે.

આ સમ્યગ્દર્શન પોતાના અનુપમ પ્રભાવથી વસ્તુના સ્વરૂપને યથાર્થપણે પ્રકાશિત કરે છે. આત્મા અને અનાત્માનું યથાર્થ પરિજ્ઞાન થાય છે અને પૂર્વે શ્રદ્ધાનમાં જે ભ્રમ હતો તે સમકિતના પ્રભાવથી દૂર થઈ જાય છે. તેની બુદ્ધિમાં સદાકાળ રહેવા યોગ્ય, ત્રિકાળી સત્ પદાર્થોના સમુદાયરૂપ આ જગત ઝળકે છે. તેમાં તેમની પલટવારૂપ અવસ્થાઓ બની રહેતી હોય કે નષ્ટ પામતી હોય તો ભલે તેમ હો, તથાપિ જેમાં પર્યાય થાય છે તે મૂળ દ્રવ્ય તો ત્રણે કાળે અવિનાશી છે; તેનો કદિ જન્મ થતો નથી તેમ નાશ નથી. જીવ તથા અજીવ દ્રવ્યમાં એક એવા પ્રકારનો અગુરૂલઘુ ગુણ રહ્યો છે કે જેના કારણથી પ્રત્યેક દ્રવ્ય પોતે જેટલા ગુણોને અખંડ સમુદાય છે તેનો ત્યાગ કરતું નથી તેમ જ કોઈ અન્ય દ્રવ્યના કોઈ નવા ગુણને અપનાવતું નથી. (ગ્રહતું નથી). સર્વ દ્રવ્ય પોતાના સમસ્ત ગુણો પોતામાં જ રાખીને રહે છે.

વ્યવહાર દષ્ટિથી જોતાં પદાર્થ કંઈનો કંઈ દેખાય છે; પરંતુ જ્યારે શુદ્ધ દ્રવ્યાર્થિક નિશ્ચય દષ્ટિથી જોવામાં આવે છે ત્યારે સર્વ દ્રવ્ય પોતાના ગુણોમાં જ ગસ્ત એવા ભિન્ન ભિન્ન જણાય છે, જાણે કે કોઈને કોઈ સાથે સંબંધ જ નથી, જેમ કોઈ એક રકાબીમાં હીરા મૂકયા હોય અને પ્રત્યેક જુદા જુદા ભાસે તેમ.

સમ્યગ્દષ્ટિ જીવને જગતના અનંત પ્રાણીઓના આત્માઓ અનાત્માથી ભિન્ન જણાય છે તથા સર્વે સમાન ગુણોના ધારક છે એમ ભાસે છે. સર્વ આત્માઓમાં પૂર્ણ ચારિત્ર, પૂર્ણ સુખ, પૂર્ણ વીર્ય ઇત્યાદિ સર્વગુણ પરિપૂર્ણપણે પ્રકટ દેખાય છે. આ દષ્ટિથી જોતાં સમ્યગ્દર્શી વ્યવહારની પ્રપંચ જાળને ઉલ્લંઘી જાય છે. પિતા, પુત્ર, ભાર્યા, પતિ, સ્વામી, સેવક આદિ કલ્પના પાર કરી જાય છે. અનંતાનુબંધી કષાય અને મિથ્યાદર્શનના પિંજરમાંથી છૂટી જઈ એક માત્ર પરમ સામ્યભાવમાં વિશ્રાન્તિ કરે છે. પછી ભલે તે પોતાને જુવે કે સહુને જુવે, પણ શુદ્ધ દ્રવ્યના અનુભવને મેળવી લે છે. અને તે સમયે

તે જે અપૂર્વ આનંદ ભોગવે છે, તેનું કથન શબ્દો કહી શકતું નથી. ધન્ય છે તે સમ્યગ્દૃષ્ટિ જીવને જે સમ્યગ્જ્ઞાન અને સ્વરૂપાચરણ ચારિત્રના તરંગોમાં મસ્ત બની જીવન્મુક્ત જેવો થઈ રહ્યો છે.

## ૨

ઉપશમ સમ્યગ્દર્શનના મનોહર રંગમાં મસ્ત એક વાર આત્મા પરમાનંદનો અનુભવ કરી રહ્યો છે. પહેલાં તેની દૃષ્ટિ કોઈ એક વિષયના સુખ તરફ હતી, હવે તેની દૃષ્ટિ કોઈ બીજા જ સ્વાદમાં પ્રવૃત્ત થઈ છે. જ્યાં પહેલાં ઇન્દ્રિય વિષય-વિકાર હતો, ત્યાં હવે શાંત રસના પાનનો અનુભવ છે. પ્રથમ તેનો સર્વ પુરૂષાર્થ પુદ્ગળની સેવા અર્થે હતો, હવે તે પુરૂષાર્થ આત્મા અર્થે સમર્પિત છે. પહેલાં સંકલ્પ વિકલ્પરૂપ બાગ સુંદર લાગતો હતો, હવે આત્માનું મનોહર ઉપવન તેનું ક્રીડાગૃહ બન્યું છે. પહેલાં કષાય મળ મટાડવા માટે ઉપેક્ષા હતી, હવે વીત-રાગતા જ ઇષ્ટ લાગે છે. પહેલાં ક્ષણિક ખંડ ખંડ જ્ઞાન તરફ લક્ષ હતું, હવે અખંડ એકાકાર જ્ઞાનગુણની રૂચિ છે, જે જ્ઞાનમાં ભેદ નથી. ખંડ નથી, ક્રમવર્તીપણું નથી. પહેલાં એકાંત નયની હઠ ચિત્તને હઠધર્મી બનાવતું હતું, હવે અનેકાંત દૃષ્ટિથી તેનું ચિત્ત માધ્યસ્થભાવમાં આરુઢ થયું છે.

પહેલાં સ્ત્રી પુત્રાદિક પોતાના લાગતા હતા, હવે તે શરીરના સાથી જણાય છે. પહેલાં તે મનોહર સુંવાળી ગાદી તથા કોમળ વસ્ત્રોથી અલંકૃત શૈય્યામાં પડી આરામ કરવામાં સુખ માનતો હતો, હવે તે આત્માની શુદ્ધ પરિણતિરૂપ શય્યામાં જ આનંદ માને છે. પહેલાં સુવાસિત ફૂલોની સુગંધ માટે આદર હતો, હવે આત્મવનના ગુણ-પુષ્પોના મનનથી મહેંકી ઉઠતી વસ્તુ સ્વરૂપતારૂપી સૌરભમાં આસક્ત થયો છે. પહેલાં ધનાદિકની વૃદ્ધિથી પોતાની વૃદ્ધિ સમજતો હતો. હવે વૈરાગ્ય, આત્મિક જ્ઞાન અને આનંદની વૃદ્ધિ પોતાનું ધન સમજે છે.

પહેલાં અનેક નગરોની શોભા જોવામાં પોતાના જન્મનું સફળપણું

માનતો હતો, હવે આ લોકમાં રહેલા છ દ્રવ્યના દશ્યની અને તેના સ્વરૂપની શોભા નિહાળવામાં તૃપ્તિ માને છે. પહેલાં તે નાના પ્રકારના પંચેન્દ્રિય વિષયોને પુષ્ટ કરતાં વાર્તાલાપ તથા ગાન આદિ સાંભળવામાં લવલીન હતો, હવે તેને આત્મગુણોનું કીર્તન કરનાર મનોહર પદ, ભજનોની ધ્વનિ જ ઇષ્ટ લાગે છે.

વાસ્તવમાં ઉપશમ સમ્યકત્વીની પરિણતિ જ બદલાઈ ગઈ છે. સંસાર કીચડથી નીકળી, ધર્મનૌકામાં આરૂઢ થઈ ગઈ છે. એ દશાનો અનુભવ એક એ જ્ઞાની જીવ જાણે છે તથા બીજા કેવળજ્ઞાની પ્રભુ જાણે છે. આપણે એ સુખી જીવની અનુમોદન કરી સમકિત રત્નના પ્રકાશ માટે ઉમંગ રાખીએ તથા એવી ભાવના ભાવીએ છીએ કે આપણે પણ આકૂળતાની ઝંઝટમાંથી નીકળી, પરમાનંદમય મહેલમાં કયારે વિશ્રામ કરીશું !

## ૩

જ્ઞાતા દૃષ્ટા, અવિનાશી આત્મતત્ત્વને ઓળખનાર એક ધર્માત્મા જીવ કરણલબ્ધિના પ્રતાપની ચતુર્થ ગુણસ્થાનક અર્થાત્ અવિરત સમ્યગ્દર્શનની ભૂમિકામાં વિરાજમાન થઈ ઉપશમ સમ્યકત્વનો સ્વાદ લઇ રહ્યા છે આ અવસ્થામાં અંતર્મુહૂર્તથી અધિક સ્થિતિ હોતી નથી. પોતાના આત્મબળથી તેણે તેટલા સમય માટે સમકિત ગુણને વિપરીત કરનાર કર્મોને દબાવી રાખ્યા છે. જો કે સમ્યકત્વના શત્રુ સત્તામાં જીવતા જાગતા વિદ્યમાન છે પરંતુ તેના ભાવોના પ્રભાવથી મિથ્યાત્વકર્મની વર્ગણાઓનાં ત્રણ ખંડ થઈ જાય છે; જેમાં મિથ્યાત્વની શકિત અતિશય અલ્પ રહી જાય છે તેવા કર્મસમૂહને સમ્યકત્વ પ્રકૃતિ કહે છે; તથા એક ખંડ મિશ્ર પ્રકૃતિનો બને છે તે મિશ્ર મોહ; અને ત્રીજો મિથ્યાત્વરૂપ જ રહી જાય છે.

હવે સત્તામાં સમ્યકત્વને ઘાતક સાત પ્રકૃતિઓ બની છે, તેમાં ચાર અનંતાનુબંધી કષાય અને ત્રણ દર્શન માટેના ભેદ. આ કાર્ય

આ ભવ્ય જીવની બુદ્ધિપૂર્વક થઈ જતું નથી પણ સ્વયમેવ થાય છે. જેમ ભોજનમાં લીધેલો આહાર રસ, રૂધિર આદિરૂપ સ્વયં પરિણમન કરે છે. આ ભવ્ય જીવ તો આત્માના દર્શન અને આત્મરસ વેદનમાં એટલો મગ્ન છે કે તેનો લક્ષ અન્ય કોઈ વાત તરફ હોતો નથી.

વાસ્તવમાં એ સ્વાનુભવ દશા છે; જ્યાં તેના ચિત્તમાં હું કોણ છું? મારો સ્વભાવ કેવો છે? પુદ્ગળ ભિન્ન છે, હું ભિન્ન છું એ આદિ જેટલા વિકલ્પ છે તે ગુમ થઈ જાય છે. જેમ ભ્રમર કમળની સુગંધમાં, હરણ સંગીત સાંભળવામાં, પતંગ દીપકના પ્રકાશમાં, માછલી જીભથી સ્વાદ લેવામાં. હાથી હાથણીના સ્પર્શમાં, વીર યોદ્ધો સામે ગોઠવાયેલા શત્રુનો વિધ્વંશ કરવામાં, સ્ત્રી દર્પણમાં પોતાનો શ્રૃંગાર જોવામાં તથા ગવૈયો ગાનની ધ્વનિમાં મસ્ત અને બેખબર બની જાય છે તેમ આ આત્મજ્ઞાની સમ્યક્ત્વી જીવ નિજાનંદ ભોગવવામાં તન્મય રહે છે, નિજ રસમાં જ આસક્ત છે.

## ક્ષયોપશમ સમ્યક્ત્વ

### ૩

એક જ્ઞાની આત્મા ઉપશમ સમ્યક્ત્વનો કાળ સમાપ્ત કરી એકાએક સમ્યક્ત્વ મોહનીય પ્રકૃતિના ઉદયથી ક્ષયોપશમ સમ્યક્ત્વમાં બદલાઈ જાય છે. પરિણામોની ગતિ વિચિત્ર હોય છે. આત્માનંદના નિર્મળ સ્વાદથી ચલિત થઈ જાય છે.

આ સમ્યક્ત્વમાં એટલી નિર્મળતા નથી, એટલી એકાગ્રતા નથી, એટલી દ્રઢતા નથી. દર્શનમોહની દેશઘાતી પ્રકૃતિના ઉદયથી તેના ભાવોમાં ચળ, મળ, અગાઢ એ ત્રણ દોષ હોય છે.

સર્વ અર્હંત, સર્વ સિદ્ધ, સર્વ આચાર્ય, સર્વ ઉપાધ્યાય, સર્વ સાધુ સમાન વિનય યોગ્ય હોવા છતાં પણ કોઈને અધિક, કોઈને

ન્યૂન આદર આપવો, પોતાના શ્રદ્ધાનમાં કોઈથી અધિક લાભ થવાનું સમજવું અને નિશ્ચયનયથી સર્વ આત્માઓનો સ્વભાવ સમાન છે તો પણ ઓછું અધિક શ્રદ્ધાન કરવું તે 'ચળ' નામનો દોષ છે, વસ્તુના સ્વરૂપમાં ચંચળતા લાવનાર છે.

'મળ' નામનો દોષ સમ્યક્ત્વભાવમાં પાંચ પ્રકારે અતિચાર લાવે છે; કોઈ વખત જિનપ્રણીત તત્ત્વમાં શંકા ઉઠવી અને પછી શમી જવી; ક્વચિત્ બાહ્ય પદાર્થના ભોગમાં શ્રદ્ધા થવી અને મટી જવી; કદાપિ ક્ષણિક જુગુપ્સા ભાવ ઉત્પન્ન થવો, એ આદિ પાંચ અતિચાર છે.

શ્રદ્ધાનમાં ઢીલાપણું હોવું તેને અગાઢ દોષ કહે છે જેમ વૃદ્ધના હાથમાં લાકડી ચંચળપણાને પામે છે તેમ.

સમ્યગ્દૃષ્ટિની એવી શુદ્ધ પરિણતિ હોય છે કે પોતાના દ્રવ્યથી બંધાવેલ ધર્માયતન અથવા તૈયાર કરેલ શાસ્ત્ર આદિમાં પોતાપણાની બુદ્ધિ રાખતા નથી. પરંતુ આ ક્ષયોપશમ સમકિતીના ભાવોમાં વિશેષ મમત્વભાવ બની જાય છે, જેના પરિણામે તેને અન્ય ધર્માયતન તરફ એટલો આદરભાવ હોતો નથી, જેટલો પોતા દ્વારા નિર્મિત પદાર્થોમાં હોય છે. સમ્યક્ત્વ મોહનીય પ્રકૃતિનું આ કાર્ય છે; જ્યાં સુધી તેનો ઉદય રહે છે ત્યાં સુધી સમ્યક્ત્વ ભાવની નિર્મળતા હોતી નથી.

જો કે આ ક્ષયોપશમ સમ્યક્ત્વી અશુચિતાની છાયામાં હોય છે તો પણ તેનો સમ્યક્ત્વ ભાવ તેની પાસે જ બનતો હોય છે, એ કારણથી તેના ભાવોમાં પ્રશમ, સંવેગ, અનુકંપા તથા આસ્તિક્ય એ ચાર ભાવ પોતાની સુંદરતા બતાવતા હોય છે.

આ જ્ઞાની એકાએક ક્રોધ કરતા નથી. કોઈએ કરેલા અપરાધનું કારણ શોધી, તેને ક્ષમાભાવના વિચારથી દૂર કરે છે. શાંત ભાવ સ્વભાવમાં દઢ થતો જાય છે. સંસારજન્ય દુઃખથી આ આત્મા ક્લેશિત થતો નથી, પરંતુ ઉદાસીન ભાવ રાખે છે.

જગતના કોઈ પ્રાણીને ક્લેશિત, દુઃખી જોઈ, તેનું દુઃખ એ

પોતાનું દુઃખ માની દયાથી પ્રેરાઈ યથાશક્તિ દુઃખ દૂર કરવાની પ્રવૃત્તિ કરે છે.

આત્મા અને કર્મસિદ્ધાંત આદિના અસ્તિત્વમાં અશ્રદ્ધા ભાવ ઉત્પન્ન થતો નથી, પૂરો આસ્તિક ભાવ હોય છે.

જો કે હજુ તે ગૃહસ્થી છે, ધર્મ, અર્થ, કામ એ ત્રણ પુરૂષાર્થ કરે છે તોપણ સમય બચાવીને ભાવનિક્ષેપરૂપ સમ્યક્ત્વને જાગૃત કરી આત્માનું મનન કરે છે અને આત્માનુભવના સારભૂત રસનું પાન કરે છે. એ વીર, ધીર પોતાની આત્મપરિણતિને પોતામાં જાગ્રત કરી, અટલ વૈરાગ્યભાવથી પોતાના આત્મામાં રહેલ સ્વાત્માનુભવરૂપી અમૃતનું પાન કરે છે.

## ક્ષાયિક સમ્યક્ત્વ

એક જ્ઞાની વીર આત્મા ચોથા ગુણસ્થાનમાં રહીને સમ્યગ્દર્શન ગુણને ઘાતક ચાર અનંતાનુબંધી કષાય અને દર્શન મોહની ત્રણ પ્રકૃતિઓનો ક્ષય કરવા ઉદ્યમી થયો છે.

એના પુણ્યના ઉદયથી તેને શ્રી વર્ધમાન તીર્થંકર પ્રભુના સમવસરણનો યોગ પ્રાપ્ત થયો છે. તે અતિ આનંદની ઊર્મિથી પ્રભુનાં દર્શન માટે જાય છે. નમસ્કાર કરી મનુષ્યોની સભામાં બેસે છે. થોડી વાર પછી શ્રી મહાવીર ભગવાનની દિવ્ય વાણીનો ઉદય થાય છે. પ્રભુને જોઇ આ ક્ષયોપશમ સમ્યક્દૃષ્ટિના ચિત્તમાં અપૂર્વ પ્રભાવની ઊંડી રેખા પડે છે.

પ્રભુની દિવ્ય ધ્વનિ જેવી વાણીમાં મોક્ષની સુંદરતા અને સંસારની અસુંદરતા સાંભળીને તે ચકિત થાય છે. સંસાર દાવાનળ સમાન છે, તેમાં બૂડેલા જીવો નિરંતર કષ્ટ પામે છે. આ સંસાર આત્માની નિજ સંપત્તિ જે સુખ શાન્તિ છે તેને બાળી નાખે છે, સુખને માટે જ આત્માને ભ્રમણ કરાવીને પણ તેને વંચિત રખાવે છે.

પરંતુ મોક્ષ આત્માનો નિજ ભાવ છે, ત્યાં આકુળતાનો અભાવ છે. ત્યાં નિરંતર જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય, સમ્યક્ત્વ, ચારિત્ર આદિ ગુણોની સત્તા રહેલી છે. ત્યાં રાગદ્વેષ મોહરૂપી વ્યાઘ્ર પ્રવેશ કરી શકતો નથી, ઇર્ષા અને કપટરૂપી ભયાનક સર્પ આવી શકતો નથી. ત્યાં એક આત્મા એકલો જ પોતાના શુદ્ધ સ્વરૂપમાં કલ્લોલ કરે છે, સ્વાનુભવનો સ્રોત સદા વહે છે, અતીંદ્રિય આનંદનો સ્વાદ સદા ચાલુ છે. આ અવસ્થાનું ફરી પલટવું થવું થતું નથી, કારણ વિરોધી કર્મોની સત્તા હોતી નથી, માત્ર સ્વાધીનતાનું પૂર્ણ સામ્રાજ્ય વર્તે છે.

આ દિવ્ય વાણીને સાંભળી આ ભવ્ય જીવ અત્યંત પ્રસન્ન થાય છે, ઊઠીને નમસ્કાર કરે છે, ત્યાં અહો ! એ ।એક ભામંડલમાં આ શું દેખાય છે ? આ ભવ્ય જીવને પોતાના પૂર્વના ત્રણ ભવનું દિવ્ય દર્શન થાય છે તથા વર્તમાન ભવનું સર્વ ચારિત્ર નજર સામે પ્રત્યક્ષ થાય છે.

આ આશ્ચર્યકારી મહાત્માના દર્શનથી તેનું શ્રદ્ધાન અત્યંત નિર્મળ બની જાય છે. સભામંડપની બહાર આવી ચૈત્યવૃક્ષની નીચે ભગવાનને નમસ્કાર કરી બેસે છે, અને પોતાના આત્માના સ્વરૂપના ચિંતવનમાં મગ્ન થાય છે. તરત જ કરણલબ્ધિના પરિણામોની પ્રાપ્તિ થતાં અનંતાનુબંધી કષાયરૂપી દ્રવ્યકર્મ અપ્રત્યાખ્યાનાદિ ચાર કષાય અને હાસ્યાદિ નોકષાયમાં પલટાય છે. એ ભવ્ય જીવ તો પોતાના સ્વરૂપના વિચારમાં એકચિત્ત છે. આ સમયે આત્મચિંતવનના ફળરૂપ સુખ અને શાંતિ અનુભવે છે અને તેના સર્વ અંગ આનંદસાગરમાં ઝુલે છે.

## ૨

તત્ત્વવિચારમાં લીન વેદક સમ્યક્દષ્ટિ જીવ શ્રી મહાવીર ભગવાનના સમવસરણની અંદર એક ચૈત્યવૃક્ષની નીચે બેસીને પોતાના પરિણામોની ઉજ્જવળતા કરી રહ્યા છે, અનંતાનુબંધી કષાયનું વિસંયોજન કરી, અન્ય કષાયરૂપી કર્મદ્રવ્યને પલટાવી, અંતર્મુહૂર્ત સુધી સામ્યભાવમાં લીન થાય છે અને પરિણામોની ઉજ્જવળતા વધારે છે તથા અધઃકરણ,

અપૂર્વકરણ, અનિવૃત્તિકરણ ક્રમથી કરીને તથા મિથ્યાત્વ દ્રવ્યકર્મને મિશ્રરૂપ, મિશ્રદ્રવ્યકર્મને સમ્યક્ત્વ મોહનીયરૂપ કરી તેની સ્થિતિ ઘટાડતો આગળ વધે છે, તે ત્યાં સુધી કે અનિવૃત્તિકરણના અંતમાં સર્વ દર્શન મોહનીયરૂપી, દ્રવ્યકર્મને સત્તાગાંથી પણ હઠાવી, અત્યંત નિર્મળ **ક્ષાયિક સમ્યક્દૃષ્ટિ** થઈ જાય છે.

ધન્ય છે એ વીર આત્માને. જેણે આધ્યાત્મિક સોપાન પર ચઢાવાની વીરતા બતાવી સમ્યક્દર્શનની ભૂમિકામાં પ્રવેશ કર્યો છે અને ત્યાંથી તેનો પગ હઠાવવા માટે હવે કોઈ શેષ કારણ રહ્યું નથી. વારતવમાં તેણે પોતાના આત્માના શત્રુઓનો સંહાર કર્યો છે; અનાદિકાળથી આજ શત્રુઓ ત્રિલોકને જાણવાની સત્તાવાળા આત્મપ્રભુને સંસારની અનેક કુયોનિમાં સુખની તૃપ્તિથી વંચિત રાખી ભ્રમણ કરાવતા હતા.

હવે તેની અંદર કર્મત્વશકિત નષ્ટ થઈ ગઈ છે, તે માત્ર પુદ્ગળનું પિંડ જ રહ્યું છે. મોહરૂપી સેનામાં આ સાત યોદ્ધા અતિ પ્રબળ હોય છે. તેનો એક વખત નાશ કરવામાં આવે, તો સર્વ મોહનો નાશ થઈ જાય એમાં લેશમાત્ર સંશય નથી. મોહના સંપૂર્ણ નાશથી અવશ્ય કેવળજ્ઞાની અર્હંત પરમાત્મા થવાય છે.

ક્ષાયિક સમ્યક્ત્વના પ્રભાવથી આ ભવ્ય આત્માને તત્ત્વો સંબંધી એવો ગાઢ નિશ્ચય વર્તે છે, કે જે નિશ્ચયને કોઈપણ વિદ્વાન, ઇન્દ્ર અથવા અહમિન્દ્ર કોટિ પ્રયત્ન કરવા છતાં પણ ડગાવી શકતા નથી. તેણે નિર્મળ આત્માનો અનુભવ પ્રાપ્ત કરી લીધો છે. શિવસુંદરીના સ્નેહમાં રાત્રિ દિવસ ઉન્મત્ત રહે છે; જગતના પદાર્થોથી મોહને હરાવતો, હરાવતો જે સ્થિતિમાં તે મોજુદ છે, તેનું દિગ્દર્શન વચન–અગોચર છે. તેનો મહિમા અપાર છે, આ પરમાત્મા વેદી પરમ સંતોષી બની ચોથી શ્રેણી ( ગુણસ્થાન )માં અત્યંત સુખી અને તત્ત્વજ્ઞાની થયા છે.

## ૩

શ્રી મહાવીર તીર્થંકર ભગવાનના મહાન પ્રભાવથી પ્રભાવિત

થઈ એક જ્ઞાની ગૃહસ્થે ભાવોની શુદ્ધતાદ્વારા ક્ષાયિક સમ્યકૂત્વ પ્રાપ્ત કરી લીધું છે. તે હવે પરમ દૃઢ શ્રદ્ધાવાન બન્યા છે. તેના ભાવોમાં મિથ્યાત્વની અંશપણ કાળાશ રહી નથી, તે આત્મરસના એવા પ્રેમી થયા છે કે હવે તેને જગતના સર્વ અન્ય રસો ફીકા દેખાય છે.

તે હજુ ચોથી શ્રેણીમાં છે, અવિરત સમ્યગ્દૃષ્ટિ છે, અપ્રત્યાખ્યાનાવરણ કષાયનો ઉદય ઉપશમ થયો નહિ હોવાથી તે શ્રાવકનાં વ્રતો પણ પાળી શકતા નથી. એ હજુ ગૃહસ્થના કારભારમાં ફસાયેલા છે—ક્ષત્રિયની વૃત્તિમાં અનેક દેશ, સેના, પ્રજાની સંભાળ રાખવામાં દત્તચિત્ત છે; વૈશ્યની વૃત્તિમાં તે કૃષિ, મસિ અને વાણિજ્યના કાર્યમાં પ્રવૃત્ત છે; શૂદ્રની વૃત્તિમાં તે મકાન આદિ બનાવવાના કામમાં વ્યસ્ત છે. તે ધન કમાય છે તથાપિ નીતિનું ઉલ્લંઘન કરતા નથી. ધન કમાઈને તે સદા નીતિ અને સદાચારથી સાદું જીવન ગાળે છે. પૈસાનો વ્યર્થ વ્યય કરતા નથી; આવશ્યક ખર્ચ બાદ બચેલી રકમ પરોપકાર, દાન અને જ્ઞાનપ્રચારમાં વાપરે છે.

સ્ત્રી, પુત્ર, આદિ સાથે પ્રેમાળુ વર્તન છે; પરંતુ તેમના આત્મા પ્રતિ જેટલો પ્રેમ છે તેટલો પ્રેમ તેમના શરીર તરફ નથી. જે જે આત્માઓ તેને આધીન છે તે સર્વને સુખ અને શાન્તિનો ઉપાય પ્રાપ્ત થાઓ એવી ભાવના ભાવતા હોય છે. "તેઓ મારી માફક સંતોષ સુખ આનંદના ભોક્તા બનો" એવા નિર્દોષ ભાવની ભાવના રાખે છે.

તે સ્વગૃહમાં એક ચંદ્રમાની સમાન પ્રકાશતા હોય છે, જેથી ઘરના સર્વ સભ્યોને સુખ ઊપજે છે. તે જ્ઞાની મહાત્મા પ્રતિદિન સમય કાઢીને એકાંતમાં બેસે છે અને થોડીવાર પોતાની આત્માનુભૂતિનો સંગ કરીને, આત્મરસમાં એવા મગ્ન થઈ જાય છે કે તેનું કથન કરવું અશક્ય છે.

## ૪

જે જ્ઞાની ગૃહસ્થે ભગવાન મહાવીરના સંગથી ક્ષાયિક સમ્યકૂત્વ પ્રાપ્ત કર્યું છે, તે જ્ઞાની અવિરત સમ્યકૂદૃષ્ટિ નામના ચોથા ગુણસ્થાન પર સ્થિત છે, અને તેઓ આઠ મહાન ગુણોથી વિભૂષિત છે.

આ જ્ઞાની ગૃહસ્થના ભાવમાં ધર્માનુરાગ ખૂબ ખૂબ ભરપુર છે. પરમ **સંવેગ** ભાવ દ્વારા તેમનો આત્મા ધર્મરસમાં તરબોળ છે, વીતરાગ ભાવનો **પ્રેમી** આત્મા વીતરાગ ભાવનેજ ઉપાદેય જાણે છે. સંસાર અસારરૂપ છે, ભ્રમ છે, ચિંતાથી પૂર્ણ છે, ઈષ્ટવિયોગ અનિષ્ટ સંયોગરૂપ છે; શરીર અપવિત્ર છે, બાહ્ય દ્રવ્યદ્વારા થતા પોષણને તથા આયુકર્મને આધીન છે, અને એક દિન અકસ્માત નષ્ટ થવા યોગ્ય છે, ઈન્દ્રિયોના ભોગ અતૃપ્તકારી છે એ આદિ **નિર્વેદ** ગુણના ભાવો સમ્યક્‌દૃષ્ટિ જીવમાં સદાય જાગ્રત રહે છે.

હું ત્રણ લોકનો ધણી, અનંત જ્ઞાની, અનંતદર્શી, અનંત વીર્યવાન, અનંત સુખી હોવા છતાં કર્મબંધના પ્રયોગથી શક્તિહીન બની રહ્યો છું; હું મહા દીન, કાયર અને પુરૂપાર્થી છું; જ્યાં સુધી હું નિજસ્વભાવને પ્રાપ્ત ન કરૂં ત્યાં સુધી હું પોતાને અતિ નિંદનીય સમજું છું. ધન્ય છે તે સાધુને જે અંતરંગ કષાય પર વિજય મેળવી અને બાહ્યથી પરિગ્રહનો મોહ છોડી પરમ વૈરાગ્ય ભાવને ભજે છે તથા અનેક ઉપસર્ગ તથા પરિસહને સહી લઈને આત્મધ્યાનમાં જાગૃત રહે છે.” આ પ્રમાણે સમકિતી જીવમાં **નિંદા અને ગર્હા** ગુણ રહે છે.

સમ્યગ્દૃષ્ટિના મનમાં ક્ષમાભાવ હોય છે, મુખ ઉપર શાન્તિ અને શરીરમાં શાંતતા હોય છે. કોઈ વખત જરા ક્રોધ આવી જાય છે તો તે માત્ર બહારનો હોય છે. અને કોઈ જીવને સુમાર્ગ પર લાવવાના નિમિત્તથી હોય છે. આ **ઉપશમ ગુણ**ના અસ્તિત્વથી આ જ્ઞાની ગૃહસ્થ બહુ જ અલ્પ સ્થિતિવાળા નવીન કર્મનો બંધ કરે છે.

દેવ, ગુરૂ, ધર્મની સાચી ભક્તિ હોય છે; તત્ત્વને જાણતા હોવાથી ગુણવાનોનો અતિ આદર કરે છે. કોઈ સમ્યક્ત્વહીન પ્રાણી વાજીંત્ર બજાવી જોરથી બોલી ભગવાનની ભકિતનો પાઠ બોલતો હોય તોપણ તેની ભકિત કરતાં, આ જ્ઞાનીની શાંત સ્તુતિ અને નમન **અનંતગુણ ચઢી જાય છે. ભક્તિ** ગુણનો અહિં આવો અપૂર્વ મહિમા હોય છે.

**વાત્સલ્ય** ગુણના કારણથી આ જ્ઞાની સાધર્મી ભાઈ બહેનોને અતિ પ્રેમથી ચાહે છે; તેમના દુઃખ નિવારણમાં યથાશકિત ઉદ્યમી રહે છે; બીજાના હિત માટે પોતાની હાનિ સહી લે છે. તેમનામાં ધાર્મિક ભાવ ઉન્નત થાય, દાન, જપ, તપમાં ઉન્નતિ કરે એવી ભાવના રાખે છે.

તેનામાં **અનુકંપા** ગુણ પણ અપૂર્વ હોય છે. તે પ્રાણીમાત્ર પર દયા રાખે છે, યથાશકિત સર્વ પર ઉપકાર કરે છે. સર્વ જીવ સુખી રહો એવી દયા તેના અંતરમાં વ્યાપ્ત હોય છે.

આ પ્રમાણે આ જ્ઞાની જીવ આઠ અપૂર્વ ગુણોથી સુશોભિત બની, પોતાની અંદરથી સ્વાનુભવ દ્વારા આત્માનંદનો સ્વાદ લે છે અને પરમ સુખ અનુભવે છે.

## ૫

એક ક્ષાયિક સમ્યકત્વધારી અવિરતી ગુણસ્થાનવર્તી આત્મા અત્યારે ગૃહપ્રપંચોથી ઉપયોગ હઠાવી પોતાના રસમાં ઉપયુકત બની આત્માની સાચી પ્રભાવના કરે છે. જ્યાં સમ્યગ્ દર્શન સમ્યગ્ જ્ઞાન અને સમ્યક્ ચારિત્ર એ ત્રણ રત્નોનો પ્રકાશ હોય છે ત્યાં આત્મ-પ્રભાવના છે.

તેને પૂર્ણ શ્રદ્ધા છે કે સ્વાધીનતા સાર છે, પરાધીનતા અસાર છે; આત્મસુખ ઉપાદેય છે, વિષયસુખ હેય છે; આત્મા સ્વભાવથી શુદ્ધ છે, પુદ્ગળના નિમિત્તથી ઉત્પન્ન થયેલા રાગાદિ વિકારોથી ભિન્ન છે, અમૂર્તિક છે, પૂર્ણ જ્ઞાન, દર્શન, વીર્ય સુખમય છે અને અસંખ્યાત પ્રદેશી હોવા છતાં પણ દેહમંદિરમાં દેહપ્રમાણ આકાર ધારીને વ્યાપ્ત છે.

વાસ્તવમાં તે જ અરિહંત છે, સિદ્ધ છે, આચાર્ય છે, ઉપાધ્યાય છે અને સાધુ છે. તે જ પોતે સ્વયં ક્ષમારૂપ છે, માર્દવ સ્વરૂપ છે, આર્જવ ગુણનિધિ છે, શૌચનિધિમાં ભૂપ છે, સત્ય ધર્મ સ્તૂપ છે, સંયમનો સ્વામી છે, તપસ્વી નિષ્કામી છે, ત્યાગ ધર્મ જગનામી છે, આકિંચન્ય ધર્મ **લલામી** (સુંદર) છે તથા બ્રહ્મચર્યમય શિવધામી છે.

આ આત્મા અનંતગુણનો ભંડાર છે, અનાદિ અનંત સત્તાનો ધર્તા છે, પરપદાર્થોની વચ્ચે રહેવા છતાં પણ નિજસંપત્તિનો પૂર્ણપણે રક્ષાકર્તા છે. એ ઈન્દ્રિયોનો વિષય નથી, મનના સંકલ્પોને પણ આધીન નથી. એ તો માત્ર સ્વાનુભવગોચર છે, એવું એનું દૃઢ શ્રદ્ધાન્ છે અને એવા જ દૃઢ જ્ઞાનના એકાકારરૂપ ભાવમાં એ લવલીન છે માટે એ સમ્યક્ ચારિત્રવાન પણ છે.

આ પ્રમાણે આ જ્ઞાની ગૃહસ્થ એકાંતમાં બેસી પોતાની જ વસ્તુઓને ફરી ફરી જોઈ દેખીને હર્ષાયમાન થાય છે; એ જે આનંદને ભોગવે છે, તેનું વર્ણન કરવું વચનાતીત છે. જો કે તે અવ્રતી છે, તોપણ આ સમયે તે વ્રતી જ છે. જ્યાં **આત્માની આત્મામાં લીનતા હોય ત્યાં કઈ વાતનો અભાવ કહેવો?** એમ કહેવું પડે કે ત્યાં પાંચ વ્રત વિદ્યમાન છે.

નિજ આત્માના મનોહર ઉપવનમાં કલ્લોલ કરતાં કરતાં જ્યારે તેનો ઉપયોગ સ્થિરતાથી ચલિત થઈ બહાર આવે છે, ત્યારે આત્મ-ભોગનાં આંદોલનનું ફરી ફરી સ્મરણ કરે છે અને પોતાના મનમાં એવો કરૂણાભાવ ઉદ્ભવે છે કે હું આ અપૂર્વ આનંદનો સ્વાદ અન્ય પ્રેમી જીવોને ચખાડવા ઉદ્યમ કરૂં. બસ, અહીં તેનો પરમ પવિત્ર જૈન ધર્મની પ્રભાવના કરવાનો ઉત્સાહ વેગવંત બને છે.

તે કેટલાક જૈન તથા અજૈન ધર્માત્મા મિત્રોને જૈન ધર્માનુકૂળ આત્માનંદના લાભની વિધિ બતાવે છે. તે સાંભળીને સર્વે આત્માનંદની પ્રાપ્તિના અભ્યાસમાં અનુરક્ત થવાનો સંકલ્પ કરી લે છે. જે અજૈન બંધુ છે તે આ સમ્યક્દૃષ્ટિ જ્ઞાની મહાત્માના વચનો ગ્રહણ કરી જૈન ધર્મ ધારણ કરે છે; જીવ, અજીવ, આસ્રવ, બંધ, નિર્જરા અને મોક્ષ એ સાત તત્ત્વોને સમજી લે છે. આવી રીતે આ જીવોને અબોધ માર્ગમાંથી સુબોધ માર્ગમાં લાવવાથી તેમના આત્માઓને પરમ ઉપકારનું કારણ થાય છે.

૬

એક ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ અવિરતી ગૃહસ્થ કેટલાક ધર્મવત્સલ મિત્રોની સાથે એક ઉપવનમાં આનંદ કરે છે: આ એક મોટો બાગ છે, જેમાં કેટલાક પાળેલાં પશુપંખીઓ પણ છે. ત્યાં એક પ્રદર્શન ગૃહ પણ વિદ્યમાન છે.

બાગમાં પ્રવેશ કરતાં જ આ જ્ઞાની મિત્રો સાથે વાર્તાલાપ શરૂ કરે છે, આ ઉપવન એ શું છે? કહો કે કર્મસિદ્ધાંતને સમજવાનું એક સ્થાન છે. નામકર્મની વિચિત્રતાથી જ જુદા જુદા પ્રકારના વૃક્ષો મનોહર પાંદડાં, તથા ફળફૂલથી સુશોભિત દેખાય છે. જો કે વૃક્ષ એકેન્દ્રિય સ્થાવર પર્યાયમાં છે, અને ત્યાં માત્ર સ્પર્શેન્દ્રિય જનિત જ્ઞાન છે તથા લોકનિંદિત નીચ ગોત્રનો ઉદય છે, તો પણ સુભગ નામ કર્મની પ્રકૃતિનો ઉદય પણ છે, જેના ફળરૂપ આ મોહકતા છે.

વાસ્તવમાં તેમાંથી જે અધિક મનોહર છે, તે વૃક્ષોના જીવ અવશ્ય દેવગતિમાંથી આવ્યા હશે જે ગતિમાં તેમણે આર્ત્તધ્યાન કરીને અને દેહ છોડતી વખતે ઘોર વિયોગના દુઃખથી પીડિત થઈ તીર્યંચ આયુ બાંધ્યું હતું; કારણ કે બીજા સ્વર્ગ સુધીના દેવ એકેન્દ્રિય થઈ શકે છે. કેમકે શ્રી અમૃતચંદ્ર આચાર્યે શ્રી તત્ત્વાર્થસારમાં એમ કહ્યું છે:—

**भाज्या एकेन्द्रियत्वेन देवा ऐशानतश्च्युताः** ॥ ૧૬૯/૨ ॥

પૂર્વના સુભગ નામકર્મની સ્થિતિ અધિક હોવાથી તેનો ઉદય અહિં પણ વિદ્યમાન છે. આ વૃક્ષોને પણ આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ એ ચાર સંજ્ઞાઓ હોય છે. એ ભાવોને વશ બની તેઓ આત્મવીર્યથી પોતાની જડ (મૂળ) ત્યાંજ રાખે છે. જ્યાંથી તેને પાણી તથા માટીને ખેંચી શકે. તેઓને લેપાહાર હોય છે, અને સ્પર્શ દ્વારા પોતાનું કામ કરી લે છે. તેમને ભય હોય છે, હાથના સ્પર્શથી લજામણીનો છોડ સંકોચાઈ જાય છે ને ભય બતાવે છે. વળી તેમને

નપુંસક વેદનો ઉદય હોવાથી તેનું કોઈ અંગ પુરુષરૂપ તો કોઈ સ્ત્રીરૂપ કહેવાય છે અને બંનેનો સ્પર્શ થાય છે ત્યારે ફૂલ ઉત્પન્ન થાય છે. વળી તેમને પરિગ્રહ ભાવ મમત્વ ભાવ પણ હોય છે, તેમને મરવું ગમતું હોતું નથી. પોતાના મોહભાવમાં મગ્ન હોય છે.

તેમને ક્રોધ, માન, માયા, લોભ ચારે કષાય છે; કૃષ્ણ, નીલ, કાપોત ત્રણ લેશ્યા છે. કષાયોની તાકાત કે મંદતાના કારણે તેમના ભાવોના રંગ બદલાય છે; તેમના ભાવ એક રહેતા નથી.

જ્યારે કોઈ ધ્યાની મુનિ કોઈ વૃક્ષની નીચે બેસી આત્માનુભવ કરતાં શાંતભાવને વિસ્તારે છે, ત્યારે તેના શરીરથી સ્પર્શિત પવન તે વૃક્ષની અંદર જઈ તેના આત્માનો કષાય મંદ કરે છે. અને ત્યારે કાપોત લેશ્યામાં પ્રવર્તતો તે વૃક્ષનો જીવ મનુષ્ય આયુ બાંધી મનુષ્ય થાય છે. વૃક્ષોને આશ્રિત એકેન્દ્રિય નિગોદના જીવ પણ હોય છે; તે નિગોદ જીવ મનુષ્ય જન્મ પામી તેજ જન્મમાં પ્રતિધર્મ અંગીકાર કરી મુક્તિને પ્રાપ્ત કરી લે છે અને એવી રીતે કોઈ જ્ઞાની જૈન વિદ્વાને કહ્યું છે તે વચન સત્યપણું પામે છે. તે ઉક્તિ આ પ્રમાણે છે :—

નિત્ય નિગોદ માહિં તે કઢકર, નર પર્યાય પાય શિવરાની;
સમ્યક્ લહે અંત મુહુર્તમેં, કેવળ પાપ વરે શિવરાની;

ક્યારેક કોઈ પરમ ઋદ્ધિધારી મહાત્મા કોઈ વનમાં ગયા હોય અથવા કોઈ કેવળી પ્રભુ વિરાજ્યા હોય ત્યારે તો આખુંય વન પ્રફુલ્લિત બની જાય છે. તેના ભાવ મંદ કષાય રૂપ શાંત થાય છે. જેના પ્રભાવથી ઉન્નત ગતિવાળું નામકર્મ બાંધે છે.

આ પ્રમાણે વૃક્ષોને જોઈને કર્મ સિદ્ધાંતની ચર્ચા કરીને એ આત્મજ્ઞાની મહાત્મા એક વૃક્ષની નીચે બેસી જાય છે આ સમયે આ જ્ઞાની મહાત્મા સર્વ ભાવોથી ભિન્ન એવી એક નિજ આત્માની શુદ્ધ ભાવની પરમ ગુપ્ત ગુફામાં વિશ્રાંતિ કરે છે અને ભેદ વિજ્ઞાનથી

સ્વાનુભૂતિરૂપ પરમ એકાગ્રતાની નિદ્રામાં એટલો મગ્ન બની જાય છે કે તેમને બીજી કોઈ વસ્તુનો લક્ષ થતો નથી; એમ માનવું યોગ્ય છે કે તેઓ સુખસમુદ્રમાં જ ડૂબી જાય છે અને સમ્યક્ત્વના ફળનો આસ્વાદ લે છે.

૭

એક અવિરત ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ કેટલાક ધર્મપ્રેમી મિત્રોની સાથે કોઈ એક બાગમાં ફરે છે. એક જગ્યાએ જીવ છે ને કોઈ એક ભ્રમર એક કમળની અંદર અતિ રાગથી બેસીને તેની સુગંધમાં મગ્ન, તલ્લીન દેખાય છે; જ્ઞાની ભ્રમરને જોઈ કહે છે કે, મિત્રો, જુઓ, આ ચાર ઇન્દ્રિય જીવ છે. જો કે તેને મન નથી તો પણ તેનો આત્મા કષાયભાવોથી જકડાયેલો છે અને ચારેય ઇન્દ્રિયોના વિષયોની તૃષ્ણામાં ઉન્મત્ત છે. અત્યારે તેને ઘ્રાણેન્દ્રિયના વિષયની પ્રબલતા વર્તે છે. તેને અનંતાનુબંધી લોભ કષાયનો તીવ્ર ઉદય છે અને કૃષ્ણ લેશ્યા સંબંધી ગાઢ પરિણામ છે.

થોડી જ વારમાં સૂર્યનો અસ્ત થશે અને કમળ બીડાઈ જશે. પરંતુ ભ્રમર તીવ્ર રાગની પ્રબળતાથી કમળની અંદર પૂરાઈ જશે. પરિણામ એ આવશે કે રાતમાં જ તે મરણશરણ થઈ જશે. વાસ્તવમાં સંસારી જીવ શરીરના મોહમાં એટલો તન્મય થઈ જાય છે કે તેને આત્માનું ભાન બિલકુલ રહેતું નથી, અસંજ્ઞી જીવને કદિ પણ ભેદવિજ્ઞાન થતું નથી. કારણ તર્ક કરવાની શકિત આપતું મન તેને હોતું નથી. ગાઢ મોહરૂપી મદિરાના પાનથી અસંજ્ઞી જીવ જે શરીર મેળવે છે અને તે શરીરમાં જેટલી ઇન્દ્રિયો હોય છે તેના જ વિષયોની દાહમાં તે જન્મભર બળ્યા કરે છે અને એકમાંથી બીજી ગતિમાં ભ્રમણ કર્યા કરે છે.

આગળ ચાલતાં જુએ છે તો એક પક્ષી અનાજના દાણા લાવી લાવીને એક નાના બચ્ચાના મુખમાં દે છે. તત્ત્વજ્ઞાની કહે છે, ભાઈઓ!

જુઓ, આ પક્ષી પોતાના બચ્ચા પર કેટલો સ્નેહ રાખે છે, આ પક્ષી મન સહિત પંચેન્દ્રિય જીવ છે, તેથી તેનામાં વિચારશક્તિ છે. તેને નોઇન્દ્રિયાવરણ, મતિજ્ઞાનાવરણ અને વીર્યાંતરાય કર્મોનો ક્ષયોપશમ છે. જેટલા પ્રમાણમાં ક્ષયોપશમ હોય તેટલા પ્રમાણમાં આત્માનું જ્ઞાન તથા આત્મબળ પ્રગટ થાય છે; આને જ પુરુષાર્થ અથવા આત્માની નિજ-સંપત્તિ કહે છે. જેટલું જ્ઞાન તથા વીર્ય અપ્રગટ છે, ત્યાં તે કર્મોના ઉદયના પરિણામે છે. ઉચિત છે કે દરેક આત્મા પોતાના જ્ઞાન અને બળથી વિચાર કરી કાર્યો કરે. આ પક્ષી બહુ વિચારવાન છે. સંધ્યા સમય પહેલાં જ તે પોતાના બચ્ચાંને ખવડાવી લેશે અને સૂર્યાસ્ત થયા પછી તે આરામ કરશે. તેણે પોતાને રહેવાનું ઘર એવું બનાવી લીધું છે કે બહારનાં કોઈ શત્રુ પશુથી પોતાનું રક્ષણ થાય.

એક મિત્રની પાસે ચણાના દાણા છે, તે હાથમાં રાખી પક્ષીની સામે ધરે છે; પક્ષી તે ખાય છે. હવે તત્ત્વજ્ઞાની પક્ષીના મનમાં શાંત ભાવની અસર ઉત્પન્ન કરવા નમસ્કાર મંત્ર સંભળાવે છે, મિષ્ટ ગંભીર ધ્વનિથી બોલાયેલાં આ અનાદિ મંત્ર પક્ષીના મનને આકર્ષિત કરે છે અને તેના ફળરૂપે પક્ષીના ભાવોમાં પરિવર્તન થાય છે. તેનો કષાયભાવ મંદ પડી જાય છે; અનેક મરણસન્મુખ સંજ્ઞી જીવો દેવગતિ પામે છે તેનું કારણ પણ આ જ છે કે તેઓ પોતાના ભાવ પરિણામો સુધારી લે છે. એક વૃષભને નવકાર મંત્ર સંભળાવવાથી તે મરીને રાજપુત્ર થયો, તેનું પણ તે જ કારણ છે. ધર્માત્મા જીવોને ઉચિત છે કે તેઓ આ મહા પ્રભાવિક મંત્રનું નિત્ય મનન કરે અને તે દ્વારા અન્ય જીવોને ઉપકારનું કારણ થાય.

આગળ ચાલતાં જુએ છે તો નિર્મળ જળથી ભરપૂર એક સરોવર દેખાય છે. તેમાં માછલીઓ કલ્લોલ કરી રહી છે. કોઈ દયાવાન આટાની ગોળીઓ તળાવમાં ફેંકે છે અને ભૂખથી પીડિત માછલીઓ આવીને તે ખાવા લાગે છે. તત્ત્વજ્ઞાની કહે છે, જુઓ, તેનું શરીર નામકર્મ પ્રકૃતિથી એવું રચાયું છે કે તેનો સર્વ આધાર પાણી જ છે.

પાણીથી બહાર કાઢવામાં આવે તો તે જીવન રહિત થઈ જાય. કર્મની અતિ વિચિત્રતા છે. મોહ અને કષાયનું જોર તો બધા પ્રાણીઓમાં હોય છે.

હે મિત્રો, આ જગતમાં એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના જીવોના શરીરની વિચિત્રતા નામકર્મને આધીન છે, સાતાકારી અસાતાકારી ચેતન અચેતન પદાર્થોનું મળવું વેદનીય કર્મનું કાર્ય છે. વર્તમાન શરીરરૂપ કેદમાં બંધાઈ રહેવું તે આયુકર્મનો પ્રભાવ છે, બહારની સામગ્રી મળવા ન મળવામાં ચાર અઘાતિકર્મો કામ કરે છે. મોહનીયકર્મ મોહ અને કષાય ભાવ ઉત્પન્ન કરે છે. પરંતુ જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય કર્મનો જેટલો ક્ષયોપશમ હોય તેટલા પ્રમાણમાં જ્ઞાન, દર્શન તથા આત્મવીર્યનું પ્રગટવું થાય; તેને જ પુરુષાર્થ કહે છે. વિચારવાન જીવ આ પુરુષાર્થ દ્વારા કષાયનો વેગ મંદ કરી બાહ્ય સંયોગોથી આકુળ થતા નથી. મોહના તીવ્ર ઉદયના સમયે પુરૂષાર્થો તદનુકૂળ કાર્ય કરે છે પરંતુ જ્યારે મંદ ઉદય હોય છે ત્યારે પુરૂષાર્થ વિજય પ્રાપ્ત કરી લે છે.

સંધ્યાનો સમય થાય છે અને તત્ત્વજ્ઞાની એક શિલા પર બેસી જાય છે. આ તત્ત્વજ્ઞાની એકાએક બાહ્ય ઉપવનની વિસ્મૃતિ કરી, આત્માના પરમ શાંત ને આનંદમય ઉપવનમાં પહોંચી જાય છે અને જ્ઞાન, દર્શન, સુખ, સમ્યક્ત્વ આદિ અતિ મનોહર વૃક્ષોની સફર કરતાં કરતાં આત્માનુભવ રૂપી સરોવરમાં રહેલા અમૃતસરનું પાન કરી જે આનંદ પ્રાપ્ત કરે છે તેનું કથન કરવું અશકય છે.

## ૮

આ એક ક્ષાયિક સમ્યગ્દષ્ટિ ભવ્ય જીવ કેટલાક મિત્રોને સાથે લઈ શાસ્ત્ર સભામાં ચર્ચા કરી રહ્યા છે. આધ્યાત્મિક ગ્રંથોના આધારે તત્ત્વ ચર્ચા થાય છે. અત્યારે જે કથન ચાલે છે, તે અત્યંત મનોરંજક છે. આત્માના સ્વરૂપ સત્તાનો વિચાર ચાલે છે.

આત્માના સ્વરૂપમાં અનાત્માનો જરાપણ સંબંધ નથી. તેમાં કોઈ કર્મજનિત રાગદ્વેષાદિ વિકારી ભાવ નથી, મતિ શ્રુત આદિ જ્ઞાનનો ભેદ નથી, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક સમ્યકત્વનો વિકલ્પ નથી, સામાયિક છેદોપસ્થાપના આદિ ચારિત્રના પ્રકાર નથી, મિથ્યાત્વ ગુણસ્થાનથી પ્રમત્ત અને અપ્રમત્તથી અયોગી કેવળી પર્યંત ગુણસ્થાનોની શ્રેણી નથી, મનુષ્યાદિ ગતિનો કોઈ વિકાર નથી, એકેન્દ્રિયાદિ કોઈ ભેદ નથી, મન, વચન કાયાનો કોઈ વિવાદ નથી.

આત્મામાં સ્ત્રી આદિ કોઈ વેદ નથી. કૃષ્ણ, નીલ આદિ લેશ્યાનો અંશ નથી, ભવ્યતા અભવ્યતા નથી, સંજ્ઞીપણું અસંજ્ઞીપણું નથી, આહારક અનાહારકપણું પણ નથી, શ્રાવકપણું મુનિપણું નથી.

આત્મા સર્વ પ્રપંચજાળથી શૂન્ય છે; એક અને અનેક છે, નિત્ય તથા અનિત્ય છે, એ બધા અપેક્ષાકૃત વિકલ્પ છે.

આ આત્મા શું છે અને શું નથી તે વચનોથી કહી શકાય તેમ નથી. માત્ર સ્વાનુભવગોચર છે.

આત્મા એક અમૂર્તીક, જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય આદિ શુદ્ધ ગુણોના સમુદાયરૂપ એક અખંડ પિંડમય ચેતન દ્રવ્ય છે. એની સ્વરૂપ સત્તામાં એવી શકિત છે કે વર્તમાન લોકની સમાન જો અનંત લોક હોય તો પણ તેની જ્ઞાન ભૂમિકામાં લોકના સર્વ વિચિત્ર દૃશ્યો એક સમયમાં દેખી શકાય છે, તેને એવું અપૂર્વ બળ છે કે અનેક વજ્રસમ કઠોર પદાર્થ તેના પર પડે તો પણ તેનું ખંડન થઈ શકતું નથી, તેનું એવું અનુપમ તેજ છે કે અનેક તેજસ્વી પદાર્થો તેની સામે ઝાંખા જણાતા લજ્જિત થઈ જાય છે.

એ જ પરમ પ્રભુ છે, પરમાત્મા છે, ઈશ્વર છે, મંગલમય છે, પૂજ્ય છે અને અવિનાશી છે.

જે કોઈ સર્વ આત્માઓથી ઉપયોગ હઠાવી લઈ, સ્વાત્મસન્મુખ થાય છે, તે એક કષાયના આતાપ રહિત, વિષયોની આકુળ ઇચ્છા

રાહત એવા શાંત, પરમ શાંત પ્રદેશમાં પહોંચી જાય છે, જ્યાં માત્ર આનંદ છે, આનંદની તૃપ્તિ છે.

સર્વ મિત્રો આ આધ્યાત્મિક તત્ત્વ સાંભળીને હર્ષપ્રમોદથી ગદ્દગદિત થઈ જાય છે અને ક્ષાયિક સમ્યક્ત્વી મહાત્મા શાંતભાવ રસમાં તરબોળ થઈ જીવનની સફળતા અનુભવે છે.

૯

આ જ એક ક્ષાયિક સમ્યક્ત્વી જીવ શ્રી મુનિસંઘનાં પવિત્ર દર્શન કરવાથી પોતાને પરમ ભાગ્યવાન માને છે અને અંતરમાં ભાવના ભાવે છે કે એવો સુવર્ણમય અપૂર્વ અવસર ક્યારે આવશે કે જ્યારે હું પણ ગૃહજંજાળથી છૂટી અને બાહ્યાંતરે પરિગ્રહ ભારનો ત્યાગ કરી, પ્રસન્ન ચિત્તથી નિર્જન સ્થળમાં બેસી સ્વાત્મારામ સાથે ક્રીડા કરી શકું અને સર્વકર્મમળને દૂર કરી આત્માને પરમ પવિત્ર બનાવી શકું.

શ્રી મુનિ મહારાજ પરમ દયાળુ છે; મન, વચન, કાયાના વર્તનથી કોઈપણ પ્રાણીને જરા પણ કષ્ટ પહોંચાડતા નથી. ઇચ્છા નિરોધ અર્થે મહારાજે ગૃહસ્થ સંબંધી સર્વ જંજાળ છોડી દીધી છે. એક માત્ર ભોજન માટે કોઈ દાતારની આધીનતા છે, અને ત્યાં પણ એ ભાવ છે કે પોતાના નિમિત્તથી કોઈ દાતારને આરંભ કરવાનું કષ્ટ ન હો. જેવી રીતે ભ્રમર ફૂલમાંથી રસ ચુંટે છે છતાં ફૂલને કષ્ટ આપતો નથી તેવી રીતે મુનિગણ પણ ગૃહસ્થોને કષ્ટ દેતા નથી.

એવા મુનિરાજ રાતદિવસ મુક્તિ સુંદરીના સંયોગની માળા જપે છે, તેના જ ધ્યાનમાં મગ્ન રહે છે. શિવમહેલ સુધી ન પહોંચાય ત્યાં સુધી ગૃહમહેલમાં નિવાસ કરવાનો તેણે ત્યાગ કર્યો છે, નિર્જન વનમાં વસવાનું જ ઉચિત માન્યું છે. ક્યારેક ચાલે છે, ક્યારેક બોલે છે, ક્યારેક સુવે છે, ક્યારેક ભોજન કરે છે વળી ક્યારેક વ્યવહારની કોઇ ક્રિયાઓ પણ કરે છે, તો પણ તે સર્વ મન રહિત કરે છે. મન તો માત્ર એક પરમ પ્રિય શિવકન્યાના ગ્રહણમાં જ લવલીન છે.

ધન્ય છે એ મુનિને જે સર્વોચ્ચ સાધ્યની સાધના કરવામાં સર્વ પ્રકારનાં દુઃખ સહી લે છે; ક્રોધ, માન જરા પણ કરતા નથી. બીજા તેમનો તિરસ્કાર કરે તોપણ પોતાના કોમળ શાંત ભાવમા કંઈપણ વિકાર લાવતા નથી. શરીરને અને કષ્ટ પડે તોપણ લોભ અને માયાને વશ થઈ તેની સેવાની પ્રવૃત્તિ કરતા નથી. આવા નિર્મોહી મુનિ જ વાસ્તવમાં મોક્ષમાર્ગના પથિક છે.

આ ક્ષાયિક સમ્યગ્દષ્ટિ આવા મુનિઓના શરીરની શાંત મુદ્રા નીરખતાં નીરખતાં, તેમના અંતરંગ ભાવોનાં દર્શન કરવાની ચેષ્ટા કરે છે. જે સમયે તેનો લક્ષ આત્મા તરફ ઢળે છે ત્યારે મનમાંથી અનાત્માનું દશ્ય વિલય પામે છે.

પ્રથમ તો વિનય ભાવથી પોતાના આત્માને નાનો અને મુનિના આત્માને મહાન માની ભાવ નમસ્કારની સાથે દ્રવ્ય નમસ્કાર કર્યા હતા, પરંતુ પછી જ્યાં પોતાના આત્માના નિશ્ચય સ્વરૂપ પર દષ્ટિ ટેકવે છે ત્યાં પોતાના તથા મુનિમહારાજના આત્મા વચ્ચે ગુણ તથા સ્વભાવ અપેક્ષાએ ભેદ રહેતો નથી. વંદ્યવંદક, પૂજ્ય, પૂજક ભાવના સ્થાને પરમ પવિત્ર વીરભાવ ઉદ્દભવે છે અને "હું જ પરમાત્મા છું, સિદ્ધ છું, વીતરાગી છું, સર્વજ્ઞ છું, સર્વદર્શી છું." એવી ભાવનાથી ભાવિત થઈ એકાગ્ર થાય છે અને આનંદના આસ્વાદ લે છે. આ જ સાચી મુનિભક્તિ છે; મુનિભક્તિ અને આત્મભક્તિમાં કંઈ જ ભેદ નથી, બંને એક જ છે.

૧૦

આ જ એક ક્ષાયિક સમ્યગ્દષ્ટિ જીવ સર્વ પ્રકારે નિશ્ચિંત બની એકાંતમાં બેસી સંયમ ધારણ કરવાના ઉજ્જવળ ભાવ કરે છે. તે વિચારે છે કે અનાદિથી ભવ–સમુદ્રમાં ડૂબતા પ્રાણીને માત્ર સંયમરૂપી નૌકા જ પાર કરાવે છે અને મોક્ષનગરમાં પહોંચાડે છે. સંયમ વિના ધ્યાનની દઢતા હોતી નથી, ઉત્તમ ધ્યાન વિના કર્મોની સાંકળ તૂટતી નથી તેથી સંયમ એ જ જીવને પરમ ઉપકારી છે.

આ જીવને અપ્રત્યાખ્યાનાવરણ કષાયનો ઉદય મંદ થતો જાય છે. આ જ્ઞાની જીવ આત્મા અનાત્માના ભેદ વિજ્ઞાન વડે આત્માને શુદ્ધ જ્ઞાતા દૃષ્ટારૂપ જાણે છે અને પોતે પોતામાં સ્થિરતા કરે તે જ યથાર્થ સંયમ છે તેમ દૃઢપણે શ્રદ્ધે છે. નિશ્ચય સંયમ આત્મા જ છે.

કષાયરૂપ પવનથી ઉઠતા તીવ્ર કલ્લોલ આત્માના શાંતભાવરૂપી જળને ડહોળી નાખી આત્મસરોવરને ક્ષોભિત કરે છે, ત્યારે ત્યાં અસંયમ ભાવ જાગ્રત થાય છે. જેટલી ચંચળતા, એટલો અસંયમ; જેટલી સ્થિરતા, તેટલો સંયમ સમજવો.

જ્યાં સ્વરૂપમાં સ્થિરતા થાય છે ત્યાં જ્ઞાનનો વિકાસ થાય છે, અને તે જ્ઞાનમાં જ્ઞેય પદાર્થનું સ્વરૂપ જેમ છે તેમ ઝળકે છે; જેવી રીતે સરોવરના નિર્મળ જળમાં રત્ન પ્રગટરૂપ ચમકે છે તેવી રીતે આત્માના નિર્મળ જ્ઞાનમાં પદાર્થ પ્રતિબિંબિત થાય છે, જ્યારે અંતર્મુહુર્ત સુધી સ્વરૂપના ધ્યાનમાં સ્થિરતા થાય છે, ત્યારે યથાખ્યાત સંયમ પ્રગટે છે અને પછી થોડી જ વારમાં કેવળજ્ઞાનનો ઉદય થાય છે. અંતરાત્માને બનાવનાર આ સંયમ જ છે.

સંયમ જ સિદ્ધ ભગવંતના નિર્મળ પદનો દાતા છે, સંયમ જ ભવભ્રમણ કરાવનાર વિકારી ભાવોને ટાળનાર છે; સંયમની રુચિ આ આત્મજ્ઞાની જીવમાં જાગ્રત થઈ રહી છે, છતાં કષાયના ઉદયના કારણવશ સંયમ ધારણ કરવામાં થોડી ઢીલ થાય છે. ફરી સંયમ ધારણ કરવાનો વિચાર કરે છે ત્યાં એકાએક તેને નવીન ભાવનો ઉદય થાય છે કે અત્યારે તો આત્મારૂપી મનોહર ઉપવનની થોડી મોજ તો માણું ! એ ભાવનાથી પ્રેરિત થઈ સંયમના વિકલ્પોમાંથી ઉપયોગને હઠાવી લઈ આત્મબાગમાં ફેરવે છે અને અહો ! ત્યાં તો જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય, સુખ આદિ મનોહર વૃક્ષોનાં દર્શનથી રંજિત થાય છે. અનેક વૃક્ષોને જોતાં જોતાં આખરે એક ચારિત્ર વૃક્ષની નીચે જઈ તેની શાંત છાયામાં બેસે છે. થોડીવારમાં જ આત્માનુભવનો નશો ચઢતો જાય છે, તે નશામાં મસ્ત બની બીલકુલ બેહોશ થાય છે. અદ્યાપિ બહારથી

જોનારને તે અચેતન સમાન દેખાય છે. પરંતુ તે પોતાના અંતરંગમાં એટલો બધો જાગ્રત છે કે ત્યાં તે એક અપૂર્વ નૃત્યનું દૃશ્ય નિહાળી રહ્યો છે; આત્મપરિણતિ શુદ્ધ ઉપયોગના આંગણામાં નાચી રહી છે; આ દૃશ્ય જોવામાં તે મસ્ત છે, મગ્ન છે, એકતાર છે; તે જોવામાં જ પરમ અપૂર્વ આનંદનો ભોગ કરે છે. આ ઇન્દ્રિય સુખથી વિલક્ષણ આત્મજનિત સુખ છે; એ જ સુખ પરમ ઉપાદેય છે અને ભોગ્ય છે.

## ૧૧

આ જ એક ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ જીવ શ્રી ગુરૂના ચરણે જઈ અપ્રત્યાખ્યાનાવરણીય કષાયના અતિ મંદ ઉદયથી કેટલાક નિયમોનું ગ્રહણ કરે છે. જો કે મદ્ય, માંસ, મધુનું ગ્રહણ તો કરતા જ નહોતા તેમ જ હિંસામય પ્રવૃત્તિથી તો વિમુખ જ હતા તો પણ તેવો નિયમ નહોતો.

આજે શ્રી સમંતભદ્રાચાર્યના કથાનાનુસાર મદ્ય, માંસ અને દારૂનો ત્યાગ કરે છે તથા સ્થૂળ હિંસા, અસત્ય, ચોરી, કુશીલ અને પરિગ્રહનો પણ ત્યાગ કરે છે. જ્યાંસુધી અપ્રત્યાખ્યાનાવરણીય કષાયનો બીલકુલ ઉપશમ ન થાય ત્યાંસુધી કોઈ વ્યક્તિ આ આઠ મૂળ ગુણોનું નિરતિચાર પાલન કરી શકતી નથી, માત્ર સ્થૂળરૂપે પાલન કરે છે.

આ આઠ ગુણ ધારવાનું પ્રયોજન આકુળતા તથા રાગ ઘટાડવાનું છે; વાસ્તવમાં રાગનો વેગ અને આકુળતાના ઉદ્વેગ પરિણામો સ્વરવરૂપમાં રમણ કરવામાં બાધક થાય છે. તેથી રાગ અને આકુળતાના કારણો દૂર કરવા એ સુખશાંતિના ચાહક ઉત્કંઠિત મુમુક્ષુ માનવનું કર્તવ્ય છે.

આ પ્રમાણે નિયમ લઈને શ્રી ગુરૂને નમસ્કાર કરે છે અને પછી એક ઉપવનમાં જાય છે. ત્યાં સર્વ વ્યવહારના સંકલ્પ વિકલ્પને હેય જાણી એક વૃક્ષની છાયામાં બેસે છે. નિશ્ચિંત થઈ પોતાના નિશ્ચય સ્વરૂપમાં, આત્મદ્રવ્યમાં, તેની મનોહરતામાં રત થાય છે અને આનંદભોગ કરે છે.

## પરિશિષ્ટ ૧

# રાત્રિભોજન ત્યાગ

લેખક

**શ્રી ઇંદ્રલાલ શાસ્ત્રી વિદ્યાલંકાર**

*

**નોંધ**—શ્રી ઇંદ્રલાલ શાસ્ત્રીએ હિંદીમાં લખેલું "રાત્રિભોજન" નામનું પુસ્તક હમણાં જ બહાર પડેલું છે તેમાં તેમણે શાસ્ત્રીય રીતે તેમજ વૈજ્ઞાનિક રીતે બતાવી આપ્યું છે કે મનુષ્યોએ રાત્રિભોજનનો ત્યાગ અવશ્ય કરવો જોઈએ. તેમણે જૈન શાસ્ત્રોમાંથી રાત્રિ ભોજન ત્યાગના ઉદાહરણો આપ્યા છે એટલું જ નહિ પણ વૈદિક શાસ્ત્રો તેમજ વૈદક શાસ્ત્રો પણ રાત્રિ ભોજનનો નિષેધ કરે છે તે તેમણે અનેક શાસ્ત્રીય ઉદ્ધરણો આપીને બતાવેલું છે.

એ ઉપરાંત વૈજ્ઞાનિક રીતે પણ રાત્રિભોજન નિષેધવામાં આવે છે તે પણ તેમણે સ્પષ્ટ રીતે બતાવેલ છે. શીળમાં રાત્રિભોજનના ત્યાગનો સમાવેશ થાય છે. શાસ્ત્રોમાં રાત્રિભોજનનો નિષેધ છે તે સામાન્ય રીતે સૌ કોઈ જાણે છે. પરંતુ તે ઉપરાંત વિજ્ઞાન અનુસાર પણ રાત્રિભોજન હિંસાકારક અને હાનિકારક છે તે વાત ઘણા લોકો માટે નવી હોય એમ સમજી તેટલા ભાગનો અનુવાદ અહિં પ્રગટ કરેલ છે.

—ન. ગિ. શેઠ

### રાત્રિશબ્દના અર્થમાંથી નીકળતો બોધ

રાત્રિ એ સંસ્કૃત શબ્દ છે.

સંસ્કૃત ભાષા એવી છે કે તેના ગૂઢ જ્ઞાન વિના સંસ્કૃત ભાષાના શબ્દનો વાસ્તવિક અર્થ સમજમાં આવી શકતો નથી. શબ્દનો અર્થ

તેના મૂળ અર્થને છોડી દઈ શકતો નથી. પ્રત્યેક શબ્દમાં ગહન તત્ત્વ ભરેલું પડયું છે.

રાત્રિશબ્દ ' રા ' ધાતુ ઉપરથી ' ત્રિ ' પ્રત્યય લગાડીને બનેલો છે. તેનો વ્યુત્પત્તિ અર્થ આ પ્રમાણે છે—सुखं राति इती रात्रिः જે સુખ આપે છે તે રાત્રિ.

ચાર પુરુષાર્થમાં સાંસારિક સુખ આપનાર કામ પુરુષાર્થ છે. એટલે ગૃહસ્થોએ કામ પુરુષાર્થના ઉપાર્જન માટે રાત્રિનો સમય લેવો જોઈએ પણ ધનાર્જન, ભોજન બનાવવાનું, ભોજન કરવાનું વગેરે કામમાં રાત્રિનો ઉપયોગ કરવો નહિ. ભોજન બનાવવા કે ભોજન કરવામાં સુખ નથી. તે સાધ્ય નથી. ભોજનનો આનંદ સાધ્ય છે. આનંદ સાધ્ય છે તેનું, ભોજન એક સાધન છે અથવા વ્યાપાર છે. માટે ભોજનનો વ્યાપાર રાત્રે કરવો ન જોઈએ.

રાત્રિનો પર્યાય વાચી બીજો શબ્દ નિશા છે. नितरां श्यति तनू करोति व्यापारान् सा निशा જે અન્ય વ્યાપારોને કૃશ કરી દીએ છે તે નિશા છે. એમ એનો વ્યુત્પત્તિ અર્થ છે. એટલે રાત્રિમાં વ્યાપાર વ્યવસાય કરવા નહિ.

નિશા, શર્વરી, ત્રિયામા, વિભાવરી, તમસ્વિની. રજની, તામસી વગેરે રાત્રિના અનેક પર્યાયવાચી શબ્દો છે.

રાત્રિ તમઃપૂર્ણ ( અંધકારપૂર્ણ ) હોવાથી તામસી થાય છે, કહેવાય છે, તમસના સમયમાં બનાવેલું ભોજન પણ તામસી થાય છે. તેથી તામસ અથવા તામસિક ભોજન સાત્વિક વૃત્તિવાળા મનુષ્ય માટે સર્વથા ત્યાજ્ય છે. માટે રાતના સમયે બનાવેલ ભોજન દિવસમાં ખાવું તેમ જ દિવસે બનાવેલ ભોજન રાત્રિએ ખાવું તે સર્વથા તામસિક હોવાથી વર્જિત છે.

સત્વ, રજસ અને તમસ એમ ત્રણ પ્રકારની વૃત્તિ હોય છે. તેમાં—

સાહસિક વૃત્તિવાળા માનવોને સ્થિર, ચિકાશવાળો, હૃધ, રસયુક્ત

આહાર હોય છે. એવો આહાર આયુષ્ય, સત્વ બળ, આરોગ્ય, સુખ અને પ્રીતિ વધારવાવાળો હોય છે.

રજસ સ્વભાવવાળાને કડવો, ખાટો, ખારો, અત્યંત ગરમ, તીખો અને વિદાહી પદાર્થ પ્રિય હોય છે. એવા આહારથી દુઃખ શોક અને રોગ પ્રાપ્ત થાય છે.

તામસી સ્વભાવવાળાને એક પહોર કરતાં ઘણો વહેલો બનાવેલો રસહીન, ચલિતરસ, દુર્ગંધયુક્ત, વાસી, સડેલો, જૂઠો અને અપવિત્ર આહાર પ્રિય હોય છે.

આથી સ્પષ્ટ થાય છે કે તમસ કાળમાં બનાવેલું ભોજન તામસિક હોય છે અને તે તામસી લોકોને પ્રિય હોય છે.

ઉપર કહ્યા ત્રણ પ્રકારના આહારમાં પહેલા પ્રકારનો એટલે સાત્વિક આહાર જ ગ્રાહ્ય છે. રાજસ અને તામસ નહિ. સાત્વિક આહાર સૂર્યના પ્રકાશમાં જ બની શકે. કારણ કે તે આહાર આયુષ્ય સુખ, સત્વ, બળ આદિના દાતા સૂર્ય પ્રકાશના કિરણ જ હોઈ શકે છે. સૂર્યના કિરણમાં એ ગુણ હોય છે. આરોગ્ય દાતા પણ સૂર્ય છે. સૂર્યના પ્રકાશમાં એટલે દિવસમાં જ ધર્મ, અર્થ અને મોક્ષ પુરુષાર્થની સાક્ષાત અથવા પરંપરા પ્રાપ્તિ થાય છે. ધર્મ, અર્થ અને મોક્ષ પુરુષાર્થનો દાતા દિવસ છે અને કામ પુરુષાર્થની દાતા રાત્રિ છે.

રાત્રિને ત્રિયામા પણ કહે છે. ત્રિયામાના બે અર્થ થાય છે—(૧) જેમાં ત્રણ યામ (પ્રહર) છે તે. એમ તો રાત્રિના ચાર પ્રહર હોય છે. પરંતુ ચાર પ્રહરમાં પહેલો અને છેલ્લો અરધો અરધો પ્રહર મનુષ્યની ચેષ્ટાઓનો સમય છે. બાકીના ત્રણ પ્રહર અચેષ્ટા કાળ (સુષુપ્તિ કાળ) છે. તેથી તે ત્રિયામાં કહેવાય છે.

(૨) ત્રિયામાનો બીજો અર્થ એવો છે કે—**त्रीन धर्मादीन् पापयन्ति निरवकाशी करोतीति कामप्रधानत्वात्** इति **त्रियामा** એટલે કે

જે સમય, ધર્મ, અર્થ અને મોક્ષને અવકાશ આપવામાં ન આવે અને કામ પુરુષાર્થને અવકાશ દેવામાં આવે તે માટે ત્રિયામાં એટલે રાત્રિ છે.

આથી સ્પષ્ટ થાય છે કે સાગાર મનુષ્યો એટલે અણુવ્રતી ગૃહસ્થોને માટે રાતનો સમય સુષુપ્તિ અથવા કામ પુરુષાર્થની સિદ્ધિનો છે. પણ ખાવાપીવા આદિ માટે નથી. તેમજ ભોજન બનાવવા માટે પણ એ સમય નથી.

એજ પ્રમાણે રાત્રિના બીજા પર્યાયવાચી શબ્દોની વ્યુત્પત્તિ અનુસાર વિચાર કરવામાં આવે તો સિદ્ધ થાય છે કે રાત્રિ કોઈ પણ વ્યાપારને માટે નથી પણ સુષુપ્તિ કે કામપુરુષાર્થ માટેજ છે. રાત્રિમાં બીજા વ્યાપારો ન છોડી શકાય તો પણ ભોજ્ય પદાર્થો બનાવવાનું તથા ભોજન વ્યાપારને તો અવશ્ય છોડવો જ જોઈએ. કારણકે ભોજન-પાન ઉપરજ આખી જીવનચર્યા અને જીવનલીલાનો આધાર છે.

## દિવસમાં સૂર્યપ્રકાશનું મહત્ત્વ

સૂર્યપ્રકાશના કિરણોને કાચ સોંસરા જોવામાં આવે તો તેમાં સાત રંગ દેખાય છે—જાંબલી, લીલો, કાળો, બ્લુ, પીળો, નારંગી અને લાલ. એ રંગો સૂર્યપ્રકાશના આંતરિક અંશ છે અને મનુષ્યના સ્વાસ્થ્યને માટે લાભપ્રદ છે. તે કિરણો જીવનશક્તિ આપે છે અને પ્રાણતત્ત્વનું સર્જન કરે છે.

વૈજ્ઞાનિકો બતાવે છે કે એ ઉપરાંત સૂર્ય પ્રકાશમાં infra red અને ultra violet રંગના કિરણો પણ હોય છે. અલ્ટ્રાવાયોલેટ કિરણોમાં એકસ-રેની પેઠે પુદ્ગળની અંદર પેસીને કીટાણુઓને નષ્ટ કરવાની શક્તિ હોય છે. તેથી જ દિવસમાં કીટાણુઓ પ્રગટ થતા નથી. આધુનિક વૈજ્ઞાનિકો એવા નકલી કિરણો બનાવીને રોગ આદિના કીટાણુઓને નષ્ટ કરવાને શક્તિમાન થાય છે.

એ કિરણો રાત્રિમાં મળતા નથી. તેથી રાત્રિમાં કીડી, મંકોડા,

આદિ અધિક સંખ્યામાં નીકળે છે. ઘણા જીવડાઓ રાતના જ પ્રગટે છે. એટલે વિજ્ઞાનથી પણ સિદ્ધ થાય છે કે દિવસના ભોજન કરવું એ સ્વાસ્થ્ય વર્ધક છે અને તેમાં હિંસા પણ ઓછી છે. તેથી ઊલટું રાત્રિ ભોજન સ્વાસ્થ્યનું ઘટીક છે. અને તેમાં હિંસા પણ અધિક હોય છે. તેથી જ પ્રાચીન ભારતમાં અને ખાસ કરીને જૈનોમાં દિવસે ભોજન કરવાની પરંપરા રહેલી છે.

ગૃહસ્થ તથા સાધુએ પ્રકાશમાં બરાબર દેખાય તેવી રીતે ખાવા-પીવાનું રાખવું જોઈએ. ખાવાની વસ્તુઓને બરાબર જોયા વિના અહિંસા વ્રતની સ્થિરતા તથા કક્ષા કદી થઈ શક્તિ નથી.

કોઈ એમ પ્રશ્ન કરે કે દીવા કે વિજળીના પ્રકાશમાં ભોજન બનાવીને ખાવામાં આવે તો શું વાંધો ? દીવા કે વિજળીના પ્રકાશમાં ખાવાપીવાની વસ્તુઓ બરાબર જોઈ શકાય એમ સમજીને આવો પ્રશ્ન કરવામાં આવે છે પરંતુ અહીં વસ્તુસ્થિતિની તેમની અનભિજ્ઞતા છે.

દીપક કે વિજળીનો પ્રકાશ ગમે તેટલો તેજ હોય છતાં પણ ખાવાપીવાના પદાર્થો સ્પષ્ટ રીતે જોઈ શકાતા નથી. ઘણા સંમૂર્ચ્છિમ જીવો તો મોટે ભાગે તેવા જ રંગના પેદા થઈ જાય છે અને તેથી તે જોવામાં આવી શકતા નથી.

સૂર્યનો પ્રકાશ જીવનશક્તિનો દાતા છે ત્યારે ચંદ્રમા, દીપક, વિજળી આદિના પ્રકાશમાં તે ગુણનો અભાવ છે. સૂર્યના પ્રકાશના જેવો બીજો કોઈ પ્રકાશ જ નથી.

સૂર્યોદય થતાં જ જીવનમાં જ્યોતિ સ્ફુરાયમાન થઈ જાય છે. બિમાર પણ સવારના પોતાને કાંઈક ઓછો રોગી માને છે. સૂર્યનો પ્રકાશ થતાં જ કીડી, મંકોડી વગેરે કેટલાય જીવજંતુઓ જ્યાં ત્યાં ચાલી જાય છે, ભરાઈ જાય છે અને રાત્રિના સમયમાં મોટી સંખ્યામાં પ્રગટ થાય છે.

ગાજર, મૂળા, બટાટા, કાંદા વગેરે કંદમૂળ જમીનની અંદર જ

ઉગે છે તેથી તે ભક્ષણીય નથી. કારણ કે તે સદૈવ અંધકારમાં જ રહે છે. તેને સૂર્યનો પ્રકાશ મળવો જોઈએ તે મળતો નથી.

જે ફળો ઉપર સૂર્ય પ્રકાશ ખૂબ પડે છે તે ફળો ખુબ સ્વાસ્થ્ય રક્ષક અને સ્વાસ્થ્ય વર્ધક હોય છે. ફળોના અંદરના ભાગ કરતાં ઉપરની વધારે ગુણકારી અને લાભપ્રદ એટલા માટે હોય છે કે તેના ઉપર સૂર્યના કિરણો સારી રીતે પહોંચેલા હોય છે. ચિકિત્સા શાસ્ત્રમાં છાલ સહિત ફળ ખાવાનું એટલા માટે જ કહેવામાં આવેલું છે પરંતુ આજકાલ તો છાલ ઉતારીને ફળ ખાવાનો રિવાજ થઈ ગયો છે તે રિવાજ હાનિકારક ન હોય તો પણ લાભકારક તો નથી જ.

સૂર્ય પ્રકાશ પાચન શકિત દાતા છે. જેની પાચન શકિત નિર્બળ હોય છે તેને વૈદ્ય ડાકટરો સાંજના ભોજન નહિ કરવાની સલાહ આપે છે. તેમની સલાહ એવી હોય છે કે તેમણે સૂર્ય પ્રકાશમાં એકવાર જ હલકું ભોજન લેવું જોઈએ. રાત્રિ ભોજન કરવાવાળા ચિકિત્સક પણ રોગીને રાત્રિ ભોજનનો નિષેધ કરે છે પણ દિવસના ભોજનનો નહિ.

રાત્રિના સમયમાં હૃદય અને નાભિકમળ સંકુચિત થઈ જાય છે તેથી ખાધેલું પચવામાં ગડબડ થાય છે. ભોજન કરીને સુઈ જવાથી પણ તે કમળ સંકુચિત થઈ જાય છે ભોજન કરીને નિદ્રા લેવાથી પાશનશકિત ઘટી જાય છે અને રાત્રે સુવાનું અનિવાર્ય છે તેથી રાત્રે ભોજન કરવું સ્વાસ્થ્યને માટે ઘાતક છે.

વિજ્ઞાન બતાવે છે કે—સૂર્યના પ્રકાશમાં નીલાકાશના રંગના સૂક્ષ્મ કીટાણું એની મેળે જ નાશ પામી જાય છે. એનો પ્રચાર રાતના જ થાય છે. અને વધે છે. ગમે તેવા તેજ ઉજાસમાં પણ તે કીટાણુ ભોજનમાં પડી જાય તો પણ દૃષ્ટિગોચર થતા નથી. ભોજનમાં પડવાથી તેની હિંસાનું પાપ તો લાગે છે જ પરંતુ તે ઉપરાંત ભોજનની સાથે તે પેટમાં જવાથી અનેક રોગ, અસાધ્ય થઈ જાય તેવા રોગ પણ પેદા થાય છે.

રાત્રિના સમયમાં ભોજન તૈયાર કરતી વખતે તથા ભોજન કરતી વખતે દીપક, ગેસલાઈટ કે વિજળીના પ્રકાશમાં પણ ચામડા કે હાડકાના ટુકડા, જીવજંતુ, વાળ વગેરે ભોજનમાં પડી જાય તે જોવામાં આવી શકતા નથી તેથી તે ખાવામાં આવી જાય છે. તેથી વ્રતી અવ્રતી સર્વ શ્રાવકે રાત્રિભોજનથી હિંસા સમજીને તેનો સર્વથા ત્યાગ કરવો જોઈએ. અહિંસાવ્રતની રક્ષા માટે તેમજ મૂળ વ્રતની વિશુદ્ધિ માટે ગૃહસ્થીએ રાત્રિના સમયમાં ખાનપાનનો ત્યાગ કરવો જોઈએ.

મનુષ્ય માત્રનો ધર્મ અહિંસા છે. अहिंसा परमो धर्म એ વાક્ય જૈનોનું જ નહિ પણ સર્વનું છે. વાસ્તવમાં હિંસારહિત ભાવના અને પ્રવૃત્તિનું નામ જ ધર્મ છે. સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ અહિંસાના જ અંગ છે. માનવની માનવતા તે પણ અહિંસા જ છે. માનવમાં હિંસાની ભાવના અને પ્રવૃત્તિ એ રાક્ષસી વૃત્તિ છે

**રાત્રિમાં ભોજન કરવાથી બે ઈંદ્રિય આદિ ત્રસજીવોનો ઘાત થાય છે ત્રસજીવોના કલેવરનું નામ જ માંસ છે. રાત્રિમાં ભોજન તૈયાર કરવામાં તથા ખાવામાં ત્રસજીવ મરે છે તથા તે મરેલા જીવના કલેવર ખાવામાં પણ આવે છે. ભોજન સામગ્રીમાં ત્રસજીવોના કલેવર પડી જાય છે અને તે ભોજન ખાવામાં આવે એટલે રાત્રિભોજીને માંસ ભક્ષણનું પાપ આપોઆપ લાગી જાય છે. અને રાત્રિભોજી માનવ માનવતાહીન બની જાય છે.**

**જો માનવીએ પોતાનામાં માનવતાની સુરક્ષા રાખવી હોય તો મદ્યમાંસાદિના ત્યાગની સાથે રાત્રિભોજનનો પણ ત્યાગ કટ્ટરપણે પાળવો જોઈએ.**

*

## પરિશિષ્ટ ૨

# દાન, શીળ, તપમાં ભાવની જરૂર

પ્રવચનકાર :

**આચાર્ય શ્રી વિજયરામચંદ્ર સૂરિજી**

*

## દાન, શીળ અને તપ એ ત્રણ, ભાવશુદ્ધિ યોગે જ મુક્તિનું કારણ બને

પ્રમાદના ત્યાગપૂર્વક જે ધર્મનાં કાર્યોમાં સમ્યક્ પ્રકારે ઉદ્યમશીલ બનવાનું છે, તે ધર્મને સર્વ શ્રી જિનેશ્વરદેવોએ ચાર પ્રકારનો ઉપદેશ્યો છે. દાન, શીલ, તપ અને ભાવ એ ધર્મના ચાર પ્રકારો છે.

અહીં ગણધરભગવાન શ્રી ગૌતમસ્વામીજી મહારાજા, એ વાત પણ સ્પષ્ટ કરે છે કે દાન, શીળ અને તપની સાચી સફળતા, ભાવના યોગે જ છે. ભાવ વિનાનું દાન, સિદ્ધિસાધક બની શકતું નથી; શીળ પણ જો ભાવ વિનાનું હોય, તો તે લોકમાં નિષ્ફળ જ છે અને તપ પણ ભાવ વિનાનો હોય, તો ભવસમૂહના વિસ્તારનું કારણ બને છે.

મુક્તિના કારણસ્વરૂપ ક્રિયા પણ, આ રીતે ભાવ વિના ભવ–ભ્રમણનું કારણ બની જાય છે. દાન, શીળ અને તપ એ જો ભાવ–શૂન્ય હોય, વિપરીત ભાવે યુક્ત હોય, તો વસ્તુતઃ એ દાન, શીળ અને તપ છે જ નહિ. દાન મુક્તિનું કારણ છે, શીળ મુક્તિનું કારણ છે અને તપ પણ મુક્તિનું કારણ છે. પણ તે ત્રણેય મુક્તિના કારણપણાને ત્યારે જ પામી શકે છે કે જ્યારે તે ભાવયુક્ત બને છે.

જો કે દાન, શીળ અને તપમાં ઉત્તમ કોટિનો ભાવ ન હોય તો પણ જો વિરુદ્ધભાવ ન હોય અને શ્રી જિનવચનની સદ્‌ભકિત રૂપ ભાવ હોય, તો ય તે દાન, શીળ અને તપ પરિણામે ઉત્તમ કોટિના ભાવને પમાડનાર પણ બની જાય છે. પરંતુ કેવળ વિપરીત ભાવમાં રાચવા સાથે જ દાનાદિ કરનારો તો, પોતાના દાનાદિને મુકિતનું કારણ નહિ બનાવતાં, સંસારનું કારણ જ બનાવી દે છે.

દાન, શીળ અને તપની વાસ્તવિક સફળતા તો, ભાવ આવ્યા બાદ જ છે પણ જો એ ભાવ આવે એવા ભાવથી ય દાનાદિ કરાય, તો ય તે ઉત્તમ જ છે. પોતાની દાનાદિની ક્રિયાને જે એટલી પણ ભાવયુકત બનાવતો નથી, તે પોતાની દાનાદિની ક્રિયાને ભવભ્રમણનું કારણ બનાવે તો એમાં આશ્ચર્ય પામવા જેવું પણ શું છે?

કેટલાક મિથ્યાદષ્ટિઓ એવા છે કે જેઓ દાનાદિ કરે છે, પણ તેમને ભાવની ખબર નથી. એટલે, ભાવ વિના દાનાદિ નથી જ થતાં એમ નહિ. દાનાદિ માટે જરૂરી જે ભાવ, તેનાથી વિપરીત ભાવે પણ દાનાદિ કરનારાઓ હોય છે અને એ માટે જ ઉપકારિઓ ફરમાવે છે કે દાનાદિ ધર્મ કર્મોને કરનારાઓએ, પોતાના ભાવને સુવિશુદ્ધ બનાવવો જોઈએ.

આપણા આત્માએ પૂર્વે દાનાદિ નહિ કર્યાં હોય એમ નહિ કહેવાય, છતાં એનું હજુ સુધી જેવું જોઈએ તેવું ફળ આવ્યું નથી અને હજુ આપણે સંસારમાં ભટકીએ છીએ, એ સૂચવે છે કે આપણે જે દાનાદિ કર્યાં હશે, તેમાં જેવો જોઈએ તેવો ભાવ નહિ આવ્યો હોય. એ શકય છે કે આ બધી ઉત્તમ સામગ્રી મળી છે અને એમાં જેઓનો આરાધકભાવ દિવસે દિવસે વધતો જાય છે, તેઓ કાંઈક ઠીક ઠીક રૂપે દાનાદિ કરીને આવ્યા હોય! પણ, તે પૂર્વે કેવાં દાનાદિ થયાં હશે?

## ભાવને સુવિશુદ્ધ બનાવવાનો ય ભાવ છે?

આ ભવમાં સુવિશુદ્ધ ભાવ કદાચ ન પણ આવે તો ય જો દાનાદિ ક્રિયાઓ સુવિશુદ્ધ ભાવને પામવાના હેતુથી થાય. તો પણ ઘણું ઘણું છે.

જેમકે—'લક્ષ્મી અસાર છે, છોડી દેવા જેવી છે, એની મૂર્ચ્છા તજવા જેવી છે, પણ મારાથી લક્ષ્મી છૂટતી નથી અને તેના ઉપરથી મારી મૂર્ચ્છા જતી નથી, એ મારી પામરતા છે.' આવું આવું વિચારીને 'મારી લક્ષ્મીની મૂર્ચ્છા છૂટે અને પરિગ્રહના ત્યાગનું સામર્થ્ય મારામાં પ્રગટે, એ માટે મારે લક્ષ્મીનો જેમ બને તેમ વધારે સદુપયોગ કરતા રહેવું જોઈએ.' આવા ઇરાદાથી દાન થાય, તો પણ એ દાન, દાનને મુકિતનું કારણ બનાવી દે એવા સુવિશુદ્ધ ભાવને પેદા કર્યા વિના રહે જ નહિ.

વિચાર કરો કે દાન કરનારાઓમાં લક્ષ્મીને અસાર માનનારા કેટલા? દાન કરનારને લક્ષ્મી તરફ અરુચિ થાય કે પ્રેમ જાગે? આજે મોટે ભાગે એ દશા છે કે દાન દેવડાવવું હોય તો 'દાનથી લક્ષ્મી મળે છે' એ વાત કાને પડે, તો ઝટ કામ થાય. **"દાનથી ઘણી લક્ષ્મી મળે છે" એ વાત સાંભળ્યા વિના, એવાઓના અંતરમાં દાન દેવાનો ઉલ્લાસ પ્રગટે નહિ.**

એ જ રીતે 'શીળ પાળવાથી સુંદર વિષયસામગ્રી મળે છે અને સારી રીતે વિષયોપભોગાદિ થઈ શકે છે' એમ જાણે, ત્યારે શીળનો ઉલ્લાસ પ્રગટે. તપમાં પણ એવી દશા નથી એમ નહિ. 'તપથી શરીરસુખ અને ખાનપાન ઘણાં મળે' એવું એવું સાંભળીને તપ કરવાને ઝટ તૈયાર થાય.

આ રીતે જેઓ દાન દીએ, શીળ પાળે કે તપ કરે, તેમનામાં ભાવવિશુદ્ધિ પ્રગટે પણ કયાંથી? અને જો ભાવવિશુદ્ધિ પ્રગટે નહિ, તો તે વિના તેમનાં દાનાદિ મુક્તિનું કારણ બને પણ નહિ.

## દાનાદિથી તેનો હેતુ સિદ્ધ થવો જોઈએ

આ રીતે દાનાદિ કરાવીને રાચનારાઓ, અજ્ઞાન છે. મુગ્ધાત્માઓને માર્ગે લાવવાના હેતુથી અમુક પ્રકારના તપ આદિ કરાવાય એ એક જુદી વાત છે, પણ દાન કરાવવાને માટે લક્ષ્મીની લાલચમાં નાખવા, શીળ પળાવવાને માટે વિષયસામગ્રી તથા તેના ભોગવટાની લાલસાને ઉત્તેજિત કરવી અને તપ કરાવવાને માટે યથેચ્છ અન્નપાનાદિનો ભોગ કરવાની વૃત્તિને પોષવી, એ સાચા ઉપકારીઓનું કાર્ય નથી જ.

એ રીતે દાન કરાવવું, શીળ પળાવવું કે તપ કરાવવો એ તો બહુ સહેલું કામ છે. એક દૃષ્ટાંત આપું. એક વાર પ્રસંગ પામીને એવી વાત કહેવાય કે—'પંદર દિવસે કમથી કમ એક ઉપવાસ કરવો, એવી ભગવાન શ્રી જિનેશ્વરદેવોની આજ્ઞા છે અને સામર્થ્ય હોય તો દરેકે તે કરવો જ જોઈએ.'

એ સાંભળીને, બહાર ગયા બાદ, અમુક માણસો હસવા લાગ્યા. ઠઠ્ઠામશ્કરી કરવા લાગ્યા અને એમ પણ કહેવા લાગ્યા કે—'જૈન ધર્મનો ઉદ્દેશ ભૂખ્યા મારવાનો છે. બીજા ધર્મોમાં આવું નહિ.'

બીચારા અજ્ઞાન માણસોને એમ પણ લાગે, કેમકે આપણો ઉપવાસ, એટલે ખાવાનો તો સર્વથા ત્યાગ અને ઉકાળેલું પાણી પણ ન પીવાય તો સારૂં! આથી, ઇતરોની જેમ, જૈન કુળમાં જન્મેલા છતાં પણ જો ઘણું અજ્ઞાન હોય, તો જૈન ગણાતાઓને ય આપણા તપની વાત ન રુચે, તો તે શક્ય છે.

પછી બન્યું એવું કે એ વાતને પાંચેક દિવસો ગયા બાદ, એક છાપામાં ઉપવાસના ફાયદા વિષેનો લેખ આવ્યો. એમાં લખેલું કે 'શરીરના સ્વાસ્થ્યને માટે પંદર દિવસે એક ઉપવાસ કરવો બહુ જ જરૂરી છે, એમ અમેરીકન ડૉકટરનું પણ કહેવું છે.' એ છાપું લઈને પેલાઓ

મારી પાસે આવ્યા અને કહેવા લાગ્યા કે 'તમે જે પંદર દિવસે એક ઉપવાસ કરવાની વાત કહેતા હતા તે બરાબર છે, એમ હવે અમને લાગ્યું !'

મેં પૂછ્યું 'કારણ શું ?' એ કહે કે, 'અમેરીકન ડાકટરો એમ કહે છે. જુઓ, આ છાપામાં લેખ છે.'

ભગવાન શ્રી જિનેશ્વરદેવની આજ્ઞા તરીકે જે વાત ન રુચી, તે વાત અમેરીકન ડૉકટરોના અભિપ્રાય તરીકે રુચી ! અમેરીકન ડૉકટરની વાત પણ રુચવાનું કારણ શું ? શરીરનો પ્રેમ ! ધર્મ માટે જેની ઠેકડી, તેનો જ શરીરસુખને માટે સ્વીકાર !

વિચારો કે આવા માણસને તપ-ઉપવાસ મોક્ષનું કારણ બને કે ભવભ્રમણનું કારણ બને ? શરીરના પ્રેમથી જેમ ઉપવાસ આદિ તપ કરાવી શકાય છે, તેમ લક્ષ્મીની મૂર્ચ્છાથી દાન - દેવડાવી શકાય છે અને વિષયસુખની લાલસાથી શીળ પણ પળાવી શકાય છે. પણ, એથી જે હેતુ માટે ધર્મ છે, તે હેતુ સિદ્ધ ન થાય અને વિપરીત હેતુ સિદ્ધ થાય.

આપણે તો દાન, શીળ અને તપ મોક્ષનું કારણ બને એવું કરવું છે. શાસ્ત્ર કહે છે કે, એ માટે ભાવવિશુદ્ધિ વિના ચાલી શકે તેમ નથી. ગણધરભગવાન શ્રી ગૌતમસ્વામિજી મહારાજાએ, શ્રી શ્રેણિક મહારાજા આદિને ઉદ્દેશીને ફરમાવ્યું છે કે, ભાવ વિના દાન સિદ્ધિદાયક બની શકતું નથી, ભાવરહિત શીળ પણ લોકમાં નિષ્ફળ જ નીવડે છે અને ભાવ વિનાનો તપ પણ ભવસમૂહના વિસ્તારનું જ કારણ છે. આથી, ભાવને જ સુવિશુદ્ધ બનાવવો જોઈએ.

## દાનાદિને સફળ બનાવનાર ભાવ તરફની ઉપેક્ષાને ટાળવાની જરૂર છે

આજની મોટા ભાગની ધર્મક્રિયાઓ, જેવી ભાવવિશુદ્ધિપૂર્વક થવી જોઈએ તેવી ભાવવિશુદ્ધિપૂર્વક નથી થતી. ભાવવિશુદ્ધિપૂર્વક દાનાદિ કરવાની વાત થાય, તો કેટલાકો એવો પણ પ્રશ્ન પૂછે છે કે, 'દાન શું ભાવ વિના જ અમે દઈએ છીએ ? ભાવ વિના જ શીળ

પાળીએ છીએ ? અને, ભાવ વિના જ તપ કરીએ છીએ ? ભાવવિશુદ્ધિ ન હોય તે છતાં પણ, તે નથી એમ જો કહેવાય તો સામે થાય, એમ પણ બને.

ભાવવિશુદ્ધિનો પૂર્ણ નિર્ણય તો જ્ઞાનીઓ કરી શકે, પણ આપણે અમુક તપાસ આદિથી નિર્ણય ન જ કરી શકીએ એમ નહિ. દાનાદિ કરનારો તે શા હેતુથી કરે છે, દાનાદિ કરવા દ્વારા તેને શું પામવાની ભાવના છે એ વગેરે દ્વારા તેમજ તેની ચેષ્ટાદિ દ્વારા ભાવવિશુદ્ધિનો આંશિક નિર્ણય ન જ થઈ શકે એમ નહિ.

દુનિયાની ક્રિયા કેવી રીતે થાય છે અને ધર્મની ક્રિયા કેવી રીતે થાય છે, તે તપાસો. દુનિયાની પ્રવૃત્તિમાં સાધ્ય તરફથી આંખ ખસતી નથી અને ધર્મક્રિયામાં સાધ્ય તરફ ભાગ્યે જ ધ્યાન જાય છે. દુનિયાની પ્રવૃત્તિમાં સાધ્ય તરફ દષ્ટિ કાયમ બની રહે છે, માટે અનુભવી અને જાણકારની સલાહ લઇને તે મુજબ વર્તવાની પૂરતી કોશિષ થાય છે; અને ધર્મક્રિયામાં, લગભગ દશા એવી કે પ્રાયઃ કોઇને પૂછે પણ નહિ અને કોઈ કહે તો તે સાંભળે પણ નહિ ! ધર્મસ્થાનોમાં જરા બરાબર આવતો થયો, એટલે તો પ્રાયઃ એવો બની જાય કે મરજીમાં આવે તેમ બેસે અને મરજીમાં આવે તેમ કરે.

ધર્મક્રિયા કરનારાઓમાં બધાની જ આવી દશા છે એમ નથી; આજ્ઞાનુસાર વર્તવાની ભાવનાવાળા ભાગ્યશાળીઓ પણ જરૂર છે; પણ, મોટે ભાગે આવી દશા જોવાય છે. આનું કારણ ધર્મક્રિયા માટે જરૂરી ભાવ તરફની બેદરકારી છે.

તમારી ધર્મક્રિયાઓ ભાવશૂન્યપણે થતી હોય, તો એ તમને સમજાઈ જવું જોઈએ અને એ સમજાય તો જ દષ્ટિને ભાવવિશુદ્ધિ તરફ ખેંચી શકાય. આત્માને પૂછવું કે, 'દાન દેનાર તને, લક્ષ્મી ત્યાજ્ય લાગે છે કે નહિ ? શીળ પાળનાર તને, વિષયસુખ નાશકારી લાગે છે કે નહિ? અને તપ કરનાર તને, પૌદ્ગલિક ઇચ્છા ભયંકર લાગે છે કે નહિ ?'

સંસારમાં રહેલાને લક્ષ્મી વિના ન ચાલે એ શક્ય છે. ચારિત્રમોહના ઉદયથી વિષયો સેવવા પડે એ પણ શક્ય છે અને ક્ષુધાવેદનીય આદિના કારણે અનશન રૂપ તપ ન થઈ શકે એય શક્ય છે. પણ, એ ત્રણ તરફ મનમાં અભાવ બેઠો છે કે નહિ? દાન, શીળ અને તપની પ્રતિપક્ષી વસ્તુઓ પ્રત્યે અભાવ, એટલે કે તે તરફનો હેયભાવ, એ દાનાદિ માટેના સુવિશુદ્ધ ભાવનું પરમ કારણ.

દાન શીળ અને તપને સુસફળ બનાવવાને માટે, સુવિશુદ્ધ ભાવને પેદા કરવો જોઈએ; એને બદલે, દાન દ્વારા મૂર્ચ્છાને ઘટાડવાની ભાવના તો નહિ, પણ દાન દ્વારા ઘણી લક્ષ્મી મેળવવાની ભાવના દ્વારા લક્ષ્મીની મૂર્ચ્છાને વધારવાનો ધંધો થતો હોય, શીળથી વિષયવિરાગને પામવાની ભાવનાને બદલે વિષયવિરાગને જ જો સફળ બનાવવાને માટે શીળ પળાતું હોય અને, તપથી અનાહારી દશાને પામવાની ભાવનાને બદલે ઠીક ઠીક લહેરથી ખવાય એ વગેરે માટે જ જો તપ થતો હોય, તો એ દાન, એ શીળ અને એ તપ મુક્તિનું કારણ બને શી રીતે?

આ બધી વાતો વિચારવા જેવી છે અને ભાવ સંબંધી જે કાંઈ ઉણપ હોય, તે ટાળવા જેવી છે. ભાવ વિના દાન મોક્ષનું કારણ નથી, ભાવ વિના શીળ લોકમાં નિષ્ફળ છે અને ભાવ વિના તપ ભવસમૂહના વિસ્તારનું કારણ છે એમ જાણ્યા પછી પણ, આપણે ભાવવિશુદ્ધિ તરફ જો બેદરકાર જ રહીએ, તો જ્ઞાનીઓનાં વચનો તરફ આપણી ભક્તિ કેટલી?

## દાન, શીળ અને તપની સાથે દાનાદિ ધર્મો પ્રતિનું આરાધકપણું જોઈએ

શ્રી અરિહંત આદિ નવ પદોના સ્વરૂપને અને તેના મહિમાને જાણવા અને સમજવાને માટે, આ બધું જાણવું અને માનવું એ પણ જરૂરી છે. કારણ કે શ્રી અરિહંત આદિ નવ પદોનું ધ્યાન, એ અતિશય

દુર્જય એવા મનને વશ કરવાનું સર્વપ્રધાન આલંબન છે, એમ ભગવાન શ્રી જિનેશ્વરદેવોએ ફરમાવ્યું છે.

શ્રી નવ પદનું ધ્યાન, એ ભાવવિશુદ્ધિ માટેનું પરમ સાધન છે. એ માટે, શ્રી નવ પદના સ્વરૂપનું જ્ઞાન પણ જરૂરી છે. શ્રી નવ પદના સ્વરૂપનું જ્ઞાન અને ધ્યાન જેને પ્રાપ્ત થઈ જાય, તેનાથી ભાવવિશુદ્ધિ છેટે રહી શકે નહિ. એ ભાવવિશુદ્ધિ આવ્યા પછીથી, દાનાદિ ઉત્તમ પ્રકારે થાય અને કદાચ ન પણ થઈ શકે તોય કલ્યાણ સાધી શકાય.

એવો આત્મા દાનાદિથી સિદ્ધ કરવાની વસ્તુને, દાનાદિ વિના પણ સિદ્ધ કરી શકે; પણ એવો આત્મા દાનાદિ તેને માટે અશક્ય હોય ત્યારે જ ન કરે. કાં તો લક્ષ્મી આદિનો અભાવ હોય અને કાં તો દાનાંતરાય, ચારિત્રમોહ કે ક્ષુધાવેદનીયનો કારમો ઉદય હોય. પરમ ભાવવિશુદ્ધિને પામેલો આત્મા દાનાદિ ન કરે તો તે એવા જ કોઈ કારણે ન કરે. એવો આત્મા, વિના દીધે પણ દાનનો, વિષયોપભોગ કરતે કરતે પણ શીળનો અને ખાતે પીતે પણ તપનો લાભ પામી શકે છે.

**દાન એટલે ત્યાગ, શીળ એટલે સદાચારપરતા અને તપ એટલે પૌદ્ગલિક ઇચ્છાઓનો નિરોધ!** આ ત્રણ માટેના જરૂરી ભાવથી જ આ ત્રણની સફળતા છે. એ જરૂરી ભાવ આત્મામાં પેદા કરવાના ભાવે પણ દાનાદિ થતાં હોય, તો તે દાનાદિ જે પરિણામ તુરતમાં લાવે, તે પરિણામ સુવિશુદ્ધ ભાવને પેદા કરવાના ભાવથી થતાં દાનાદિથી ભલે મોડું આવે, પણ એ ભાવપૂર્વકના દાનાદિ ભાવવિશુદ્ધિને પેદા કર્યા વિના રહે નહિ. ભાવવિશુદ્ધિને સાધવાનો ભાવ પણ હોય, તો દાન, શીળ અને તપ મોક્ષનું કારણ બને, પણ તેવો કોઈ ભાવ જ ન હોય, અને વિપરીત ભાવ હોય, તો તેવાં દાનાદિમાં મોક્ષકારણ બનવાની લાયકાત છે એમ કહી શકાય નહિ.

## ભાવ છતાં દાનાદિ ન હોય એવું ક્યારે?

ભાવવિશુદ્ધિનો મહિમા ખૂબ સમજવા જેવો છે. ભાવવિશુદ્ધતાના મહિમાને અને સ્વરૂપને બરાબર નહિ સમજી શકનારાઓ, ભાવના નામે અનર્થના મહિમાને ઉત્પાદક બને એ જેમ શક્ય છે, તેમ તેવાઓ પોતાની ઉત્તમ ક્રિયાઓને પણ સંસારનું કારણ બનાવી દે એ પણ શક્ય છે.

જો કોઈ એમ કહે કે આપણે તો ભાવ વિશુદ્ધ છે અને એથી તરી જવાના! તો પૂછવું કે 'વિશુદ્ધ ભાવને અનુરૂપ પ્રવૃત્તિ છે કે નહિ? અને વિશુદ્ધ ભાવને અનુરૂપ પ્રવૃત્તિ જો નથી, તો તે શાથી નથી?' જેમ કે એક માણસ દાન કરતો નથી, શીલ પાળતો નથી અને તપ પણ આચરતો નથી; છતાં પણ કહે કે 'મારામાં દાનનો, શીળનો અને તપનો પણ ભાવ છે.' તો એ સવાલ ઊભો થાય જ કે 'જ્યારે દાનનો શીળનો અને તપનો પણ ભાવ છે, તો પછી તે દાન દેતો કેમ નથી, શીળ પાળતો કેમ નથી અને તપ આચરતો કેમ નથી?

ભાવ હોવા છતાં દાનાદિ પ્રવૃત્તિ રૂપે ન થઈ શકે એ અશક્ય વસ્તુ નથી, પણ સાથે સાથે જ એ વાતનો ખ્યાલ હોવો જોઈએ કે ભાવ હોવા છતાં દાનાદિ પ્રવૃત્તિ રૂપે ત્યારે જ ન થઈ શકે, કે જ્યારે તે તેને માટે અશક્ય હોય, સંયોગ, સામગ્રી આદિનો એવો અભાવ હોય, કે જેના યોગે પ્રવૃત્તિ રૂપે દાનાદિ ન થઈ શકે! એમ પ્રવૃત્તિ રૂપે દાનાદિ ન થઈ શકે તો પણ, ભાવના યોગે દાનધર્મનું, શીળધર્મનું અને તપોધર્મનું આરાધકપણું હોઈ શકે! પરન્તુ 'સંયોગ-સામગ્રી આદિનો તેવો અભાવ છે કે નહિ' એ વાત જ ખાસ વિચારવા જેવી હોય છે! ભાવશુદ્ધિ એ એક એવી વસ્તુ છે, કે જે દાનાદિને પ્રવૃત્તિ રૂપે પણ શક્ય હોય તો કરાવ્યા વિના રહે જ નહિ. દાનને, શીળને અને તપને મોક્ષના કારણ તરીકે બનાવનાર ભાવવિશુદ્ધિ છે. આથી, દાનાદિ કરનારાઓએ તો આ વસ્તુને ખાસ સમજી લેવી જોઈએ.

દાનાદિ ક્રિયાઓને, આપણે તો મોક્ષનું કારણ બનાવવી છે. દાનાદિ ક્રિયાઓ મોક્ષનું કારણ બને, એ જ એની સાચી સફળતા છે.

મોક્ષનું કારણ નહિજ બનનારી દાનાદિ ક્રિયાઓથીય અમુક પ્રકારનું પુણ્ય બંધાય એ અશકય નથી, પણ એ પુણ્ય પાપાનુબંધી હોય. એવા પુણ્યના યોગે જે સામગ્રી મળે, તેમાં આત્મા એવો મુંઝાય કે પછી કેટલો કાળ એ સંસારમાં રવડે, એ કહેવાય નહિ. આવી જાતિના પુણ્યને આપનારી ક્રિયાઓને પણ કહેવાય તો સંસારનું જ કારણ.

મોક્ષની સાધનાને માટે ધ્યાન જેમ જરૂરી છે, તેમ સંસારની સાધનાને માટે પણ ધ્યાન જરૂરી છે. પણ બેય ધ્યાન જુદાં. મોક્ષ માટેના જરૂરી ધ્યાનને લાવવાને માટે શ્રી પદોના સ્વરૂપનું ચિન્તન કરાય તો એ મોટામાં મોટું આલમ્બન છે. અત્યારે તો સંસારનું ધ્યાન એવું વળગ્યું છે કે ધર્મક્રિયાઓ કરતી વેળાએ પણ ધ્યાન સંસારનું ચાલતું હોય છે. જેમની આવી દશા ન હોય તે મહા ભાગ્યવાન. પણ બીજાઓએ તો ચેતવું જોઈએ.

સ્થિતિ તો એ પ્રાપ્ત કરવી જોઈએ કે સંસારની ક્રિયા કરતાં પણ મોક્ષનું ધ્યાન ચાલુ રહે. એ માટે, ઉત્તમ ક્રિયાઓ દ્વારા મનને ક્રમે ક્રમે વશીભૂત બનાવવું જોઈએ.

તા. ૧૪-૧૦-૫૬ના જૈન પ્રવચનમાંથી સાભાર ઉદ્ધૃત.

# પરિશિષ્ટ ૩

# ભાવના

લેખક

**મુનિ શ્રી જયવિજયજી**

*

*દાન, શીળ, તપ અને ભાવના એ ચાર ધર્મના પ્રકાર છે.* તે સર્વમાં ભાવની જ મુખ્યતા છે, ભાવની હયાતી એ જ પૂર્વના ત્રણની સફળતા છે. ભાવ વિના ત્રણેની નિષ્ફળતા છે.

"भावनासदृशी सिद्धिः" ગમે તેવું દાન આપતાં, ગમે તેવી ધર્મક્રિયા કરતાં તથા ગમે તેવી તપસ્યા કરતાં તેની સિદ્ધિ ભાવનાને આધારે જ છે. ભાવના પવિત્ર હોય તો ઉપરોક્ત સત્પ્રવૃત્તિઓ સફળતાને પામે છે. ભાવના મલીન, પાપી યા સ્વાર્થી હોય તો ફળસિદ્ધિ પણ તેવી જ થાય છે. લૌકિક કહેવત છે કે–"ગોળ નાંખે તેટલું ગળ્યું થાય." તેમ જેવી ભાવના હોય તેવી સિદ્ધિ થાય છે.

**ભાવના** એ હૃદયની શુદ્ધિ તથા મનોબળની દઢતા છે, અને તે બોલવાથી પ્રગટ થતી નથી, પણ યોગ સ્થિર કરવાથી, અંતરશુદ્ધિ તથા વૃત્તિજય કરવાથી જ ઉત્પન્ન થાય છે. ધર્મસ્થાનકો અથવા મંદિરોમાં જઈ ચક્ષુ તથા મનને પ્રભુ સન્મુખ સ્થિર રાખ્યા વિના આડીઅવળી દૃષ્ટિ કરતાં ચંચળપણે યોગ રાખી ફોનોગ્રાફની માફક :—

**ભાવે ભાવના ભાવીએ, ભાવે દીજે દાન,**
**ભાવે જિનવર પૂજીએ, ભાવે કેવળ જ્ઞાન.**

એમ બોલી જવાથી ભાવના ઉત્પન્ન થતી નથી અને વિશુદ્ધપણે તથા દઢપણે ભાવના થયા વિના આત્મસિદ્ધિ પણ નથી.

ધાર્મિક ક્રિયામાં વૃત્તિ સ્થિર રાખી, પરમાત્માના દિવ્ય સ્વરૂપનો વિચાર કરતાં તથા પોતાના અંતર જીવનનો પ્રભુના જીવન સાથે મુકાબલો કરતાં પ્રભુમય વૃત્તિ એક તારને પામી જાય કે તે સમયે તેના શરીર ઉપર સર્પ અથવા સળગતો અગ્નિ મૂકે કે તલવારનો ઘા કરે તો પણ જગદાકાર વૃત્તિનો લય થવાથી પોતાની નિર્મળ ભાવનાની ક્ષતિ કે ચલનતા ન થાય તેને જ ભાવના કહે છે.

મંદિરમાં પ્રભુ મુદ્રા સામે પાંચ દશ મિનિટ ચૈત્યવંદન કરતો હોય ત્યાં પણ મન કયાંય રખડતું હોય, ચક્ષુ–દષ્ટિ કયાંય ફરતી હોય, કાયા કયાંય ચળવિચળ થતી હોય, ઘડીક દેરાસરના ચિત્રો તરફ દષ્ટિ જશે. તો ઘડીક લોકોને જોવા કે લોકો ગાતા કરતા હશે તે તરફ જશે એમ અનેક પ્રકારે દૃષ્ટિ ચંચળ પણ ફરતી હોય ત્યાં નિર્મળ તથા દઢ ભાવનાનું સ્વપ્ન પણ કયાંથી આવે.

જયાં વૃત્તિઓ ક્ષોભ પામે તેવાં રંગબેરંગી મનોરંજક ચિત્રો ચિતરી મુકયાં હોય, જ્યાં હજારો કે સેંકડો માણસોની ગિરદી અને ધમાલ મચી રહી હોય, જ્યાં બધા એકી સાથે રાગડા તાણી રાડો જ પાડતા હોય, જ્યાં એકબીજા ઉપર અથડામણ તથા ભીડાભીડ થતી હોય, જ્યાં ઘંટ તથા આરતીઓના રણકારથી કોલાહલ મચી રહ્યા હોય, જ્યાં મુંબઈની ગોદીનો કોલાહલ કે ચોપાટીની ધમાલ જેવી પ્રવૃત્તિ ચાલી રહી હોય ત્યાં મંદિરોમાં યોગની સ્થિરતા, વૃત્તિજય કરવાનો વિચાર, પરમાત્માના સ્વરૂપનું ચિંતન, પોતાના દોષનું નિરીક્ષણ કરવાનો વિચાર અને નિર્મળ તથા બળવાન ભાવના હોય તોય ચાલી જાય, ત્યાં ભાવના જાગે જ કયાંથી ?

"मुद्योतकं दलितपापतमो वितानं" પાપ–તમનો નાશ કરવા જતાં ભાવનાનો જ નાશ થઈ જાય છે. દર્શન, પૂજન વિગેરે એકાંતમાં કરે તો આ 'ભક્ત અને ધર્મી છે. એમ લોકો કયાંથી જાણે ? એટલે લોકમાન મેળવવામાં જ સત્ય માર્ગ ભૂલાઈ ગયો છે. એ તો ગાડરીઓ પ્રવાહ ચાલ્યો જાય છે. સત્ય શું ? તે કેમ પ્રાપ્ત થાય ? તેનો વિચાર

કરવાનો પણ જયાં અવકાશ રાખ્યો નથી; ત્યાં પ્રાપ્ત થવાની તો આશા જ કયાંથી હોય ?

જ્યારે મંદિરોમાં વાજિંત્રો વાગતાં હોય, તબલા ઉપર મજાની થાપ પડતી હોય, મધુર કંઠથી ગાયનો બોલાતાં હોય અથવા તો કાંસીજોડા વાગતાં હોય, એવા રાગમાત્રના મોહમાં મુગ્ધ બની દેરાસરના પવિત્ર ધામમાં શ્રવણેંદ્રિય ( કાન )ના વિષયને જ માત્ર પોષણ આપી ભાવના થવાનું જ માની બેસે છે.

જ્યારે ભાવના થતી હોય ત્યારે વાજીંત્રોના નાદમાં તથા માથાફોડીઓાં ( કાંસી જોડા ) ના વાદમાં દૃષ્ટિ રહે છે, કે પ્રભુ તરફ પરમાત્મ વિચારમાં પ્રભુમય લક્ષ્ય રહે છે કે કાંસી જોડાના નાદ અથવા તબલાંના તાલ તરફ ' અથવા તે વગાડનારાઓના હાથ તરફ કે ગાનારના કંઠ તરફ દૃષ્ટિ રહે છે ?

જો પ્રભુ તરફ દૃષ્ટિ કે પ્રભુમય લક્ષ્ય ન હોય તો સ્પષ્ટ રીતે સમજાય છે કે તે શ્રવણેંદ્રિયના વિષય-પોષણથી થતા મોહજનિત આનંદને જ ભાવના માની લીધી છે. વસ્તુત્વે તે ભાવના નથી પણ તે વિષય પોષણ છે. તે જરાક સ્થિરતા કરી, કાંસીજોડા વગાડનારા ગૃહસ્થો તરફ જોવાની સુગમતાથી સમજાઈ શકાશે.

પૂજામાં પણ બે ચાર પતાસાં કે પેંડા લાડુની પ્રભાવના હશે અથવા માલ પાણી જમવાના હશે તો વગર તેડે સેંકડો માણસો ભેગા થશે. પણ જો પ્રભાવના કે લાડુ નહિ હોય, તેડવા જનાર પૂજારીના અથવા પૂજા ભણાવનારના પગ ઘસાઈ જાશે તો પણ મહા મુશીબતે પાંચ દશ જણ ભેગા થઈ વેઠ ઉતારવાની માફક પૂજા ભણાવી ચાલ્યા જશે.

પ્રભુની પૂજા તરફ પ્રીતિ ન રાખતાં પતાસાં અથવા જમવાની પૂજા તરફ પ્રીતિ રાખનારા પામર જીવોને ભાવનાની જાગ્રતિ અથવા દૃઢતા થાય જ કયાંથી ?

પુરૂષ તથા સ્ત્રીની પુખ્તવય આવ્યા વિના પ્રજોત્પત્તિ થતી નથી, તેમ નીતિ-સત્યના માર્ગે ચાલવાની યોગ્ય દશા મેળવ્યા વિના પ્રભુ પાસે જઈ, ચપટી ચોખા મૂકી આવવાથી અથવા બે ચાર તિલક કરવાથી ભાવનાની શુદ્ધિ ઉત્પન્ન થતી નથી.

**ભરત** મહારાજાને પોતાના અરીસાભુવનમાં શરીરને જોતાં હાથની એક છેલ્લી આંગળીમાંથી વીંટી જમીન ઉપર પડી જવાથી આંગળી ખરાબ લાગી ત્યારે વિચાર થયો કે જેમ વીંટી વિના આંગળી શોભતી નથી તેમ બીજાં આભૂષણો વિના શરીર નહિ શોભતું હોય?' એમ વિચાર આવતાં એક પછી એક આભૂષણ શરીરપરથી ઉતારી પોતાના શરીરને દર્પણમાં જોતાં શોભાહીન દેખાયું, તેથી શરીરનું વિનાશીપણું સમજાતાં સચ્ચિદાનંદ સ્વરૂપ, આત્માનું અવિનાશીપણું સમજાયાથી ઉત્કૃષ્ટ ભાવનાની શ્રેણીપર ચડતાં ક્ષણવારમાં કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. આનું નામ તે ભાવના.

અરીસાભુવન એ શરીરની સુંદરતા જોવાનું શૃંગારસ્થાન હતું. ત્યાં પ્રભુપ્રતિમા ન હતી તેમ વૈરાગ્યજનક સાધનો પણ ન હતાં, છતાં એક વીંટીહીન અંગુલીના વિચારથી શરીર, જગત તથા આત્માના વિચારોની શ્રેણીએ આરૂઢ થતાં સર્વજ્ઞ દશાને પામ્યા.

જ્યાં ભાવના જાગ્રત થવાનું ઉત્કૃષ્ટ સાધન છે તેવા પ્રભુ મંદિરમાં પણ ઇંદ્રિય પોષણમાં જ આનંદ મનાય અને આત્મસ્વરૂપનો વિચાર જાગ્રત ન થાય, ભાવનાની વિશુદ્ધિ તથા ઉત્કૃષ્ટ જાગ્રતિ ન થાય, તો સમજવું કે જીવાત્મા, મહાવીરના દિવ્ય ધર્મનું યથાર્થ સ્વરૂપ સમજ્યો જ નથી. તે ધર્મપાત્ર નથી, પણ સંસારકીટ તરીકે માનવજન્મને વ્યતીત કરે છે.

જ્યાં આત્મિક જાગૃતિ, માનસિક દૃઢતા અને હાર્દિક શુદ્ધિ નથી ત્યાં સાચું દર્શન પણ નથી તથા સાચી ભાવના પણ નથી.

ચર્મ (ચક્ષુ) દૃષ્ટિથી પરમાત્માનું અવલોકન કરતાં સદ્‌ભાવના જાગ્રત થતી નથી, પણ ચક્ષુદર્શનથી અવલોકન કરી અંતરદૃષ્ટિમાં રોમેરોમમાં પરમાત્મ તત્ત્વ વ્યાપી રહે, ત્યારે સાચી ભાવના ઉત્પન્ન થાય છે.

આ વિશ્વમાં અનંત પદાર્થો મનને મોહિત કરે, અને વૃત્તિઓને ચલિત બનાવે તેવા છે. તેમાં વિશેષતાએ કુટુંબ, ધન, સ્ત્રી અને દેહ-એ ચાર પદાર્થો ઉત્કૃષ્ટપણે મનને મોહિત કરનાર છે. તે ચાર પદાર્થોને મેળવવામાં, સાચવવામાં તથા ભોગવવામાં જેટલી આકર્ષણતા અને પ્રીતિ છે, તેનાં કરતાં અનંતગુણી પ્રીતિ એકાગ્રતા અને આકર્ષિતા, પરમાત્મ તત્ત્વ તરફ ઉદ્‌ભવે, ત્યારે જ સાચી ભાવના અને આત્મસિદ્ધિ પ્રાપ્ત થાય છે.

પ્રભુ દર્શન વખતે પણ સુંદર સ્ત્રી આદિ મોહક પદાર્થો તરફ વૃત્તિ આકર્ષાય તો તે પ્રભુદર્શનના ઉપાસક નથી, પણ વિષયપોષક વાસનાનો ઉપાસક છે એમ સ્પષ્ટ ભાસે છે.

અધ્યાત્મનિષ્ટ દેવચંદ્રજી મહારાજ કહે છે કે—

**"પ્રીતિ અનાદિની પરથકી,**
**જે તોડે હો તે જોડે એહ કે"**

અનાદિ કાળની મોહજનિત પ્રીતિ, માયિક પદાર્થો પ્રત્યેની જે તોડે લય કરે, તે જ પરમાત્મા તરફ પ્રીતિને જોડી શકે.

લસણની ગંધવાળા પાત્રમાં તે દુર્ગંધનો લય થયા વિના કસ્તુરીની સુગંધ પણ દુર્ગંધતાને આધીન થઈ ખરાબ થાય છે. તેમ જે અંતરમાં કષાય વિષયાદિ દુષ્ટ દુર્ગુણોની દુર્ગંધ ભરી છે, તે દોષજનિત દુર્ગંધનો અંતરમાં લય થયા વિના તેના હૃદયમાં પરમાત્મભક્તિ સદ્‌બોધ તથા સદ્‌ભાવના ઉત્પન્ન થઈ શકતાં નથી.

સ્ત્રી, ધન, કુટુંબાદિક માયિક પદાર્થોમાં આસક્તિમય જીવન વ્યતીત કરનાર મોહક જીવાત્માને પ્રભુદર્શન તથા સદ્‌ગુરુના બોધની મહાન અપૂર્વતા જણાતી જ નથી.

**ચિલાતીપુત્ર** એક શેઠને ત્યાં નોકર હતો. શેઠની પુત્રી સાથે સ્નેહ બંધન થવાથી શેઠને ખબર પડતાં તેને ઘરની બહાર કાઢી મૂક્યો. કર્મવશાત્ તે ચોરની ટોળીમાં ભળી ગયો. ચોરીની કળામાં પ્રવીણ થવાથી ચોર લોકોનો તે અધિપતિ બન્યો.

ત્યારપછી કેટલાક ચોરોની સાથે તે જ શેઠના ઘરમાં પ્રવેશ કરી તેની પુત્રીને ઉપાડી ગયો. શેઠને ખબર પડવાથી પોતાના પુત્રો, નોકરો તથા રાજસેવકોની સાથે તેની પાછળ દોડ્યો.

ચોરપતિ ચિલાતીપુત્ર કન્યાને ઉપાડી ત્વરાથી પહાડી પ્રદેશમાં દોડતો ગયો પણ કન્યાના ભારથી થાકી જતાં ચાલવાની ગતિ મંદ પડી જવાથી કન્યાના પિતા વગેરે પાછળ પોતાની નજદીકમાં આવ્યા જાણી ચોરે વિચાર્યું કે—'આ લોકો મને પકડી કન્યા લઈ જશે અને મારા સ્નેહનું પાત્ર એવી કન્યાને બીજા પતિને આધીન કરશે.' એવા સ્નેહજનિત વિચારોના આવેશમાં શું કરવું? તે ન સૂઝવાથી હૃદયશૂન્ય થયેલ ચોરપતિ, સ્નેહની ઘેલછામાં કન્યાનું મસ્તક કાપી રૂધિર સ્રવતા તે મસ્તકને હાથમાં લઈ ધડને ત્યાં જ પડતું મૂકી પર્વતની ખીણ તરફ ત્વરાથી દોડ્યો. આ નીચ કૃત્ય જોઈ ત્રાસ પામતા કન્યાના પિતા વગેરે પાછા ચાલ્યા ગયા.

તેવામાં મહાન યોગી, શાંત મૂર્તિ, ધ્યાનસ્થ. વિદ્યાચરણ મુનિ (વિદ્યાના બળથી આકાશમાં ગમન કરનાર) ને જોઈ સ્નેહનો વેગ, કન્યાનું મરણ, રૂધિર ઝરતા મસ્તકનો ભયંકર દેખાવ તથા પાછળ આવનાર લોકોનો ભય એવા અનેક કારણોથી હૃદયશૂન્ય થયેલ વ્યાકુળ ચિત્તવાળા ચોરપતિને પોતાના દુષ્કૃત્યનો અંતરમાં અવ્યકત પશ્ચાતાપ થયા છતાં આ વિચિત્ર કૃત્યના આવેશમાં તેણે મહાત્માને કહ્યું કે:—'મારા દુષ્કૃત્યનો નાશ થાય. સંસાર–બંધનથી મુક્ત થવાય અને પરમાત્મપદની પ્રાપ્તિ થાય તેવો પવિત્ર ભવજનિત ધર્મબોધ બતાવ, નહિ તો આ તીક્ષ્ણ ખડગની ધારથી તારૂં પણ મસ્તક કાપી નાખીશ.'

આ સાંભળી જ્ઞાનના અતિશયથી મુનિએ વિચાર્યું કે–' આ જીવાત્મા સ્નેહથી મુગ્ધ અને દુષ્કૃત્યથી વ્યાકુળ બની જવાથી અનુચિત પ્રવૃત્તિ તથા અનુચિત વચનોચ્ચાર કરે છે, છતાં આવા પાપકૃત્યમાં પણ ધર્મભાવના ઉત્પન્ન થઈ છે જેથી કોઈક પાત્ર આત્મા છે. એમ જાણી વિશેષ બોધ આપીને સમજાવવા જતાં વ્યાકુળ થયેલ આ ચોરપતિ કાંઈ અનુચિત કર્મ કરી બેસશે, તેથી.

**ઉપશમ, સંવર** અને **વિવેક** આ ત્રણ જ શબ્દોનો તેને બોધ આપી મુનિ મહાત્મા વિદ્યાના બળથી આકાશગમન કરી ચાલતા થયા.

**ઉપશમ**—સર્વ પ્રકારની વૃત્તિઓ, વાસનાઓ અને સંસારમય વિચારોનો અંતરમાં સમાવેશ કરી ભકિત, વૈરાગ્ય તથા જ્ઞાનના બળથી તેનો લય કરવો.

**સંવર**—જગદાકાર વૃત્તિમાંથી વિરકત થઈ પરમાત્મ સ્વરૂપમય વિચાર, મનન તથા રમણતા કરી નૂતન કર્મબંધનો અભાવ કરવો.

**વિવેક**—કષાય વિષયવાસનાદિ દોષોથી મુક્ત થઈ આવરણ દોષોના ક્ષયથી હૃદયને વિશુદ્ધ બનાવી સત્ (આત્મતત્વ) અસત્ (જગદાકારવૃત્તિ–જડત્વ) ને યથાર્થ જાણી અસતથી મુક્ત થઈ સત એવા આત્મસ્વરૂપને જાણવું.

જે પવિત્ર ભૂમિ ઉપર મુનિ ધ્યાનસ્થ હતા, તે જ ભૂમિ ઉપર ઉભા રહી, રૂધિર ઝરતા મસ્તકને બાજુમાં ફેંકી દઈ રૂધિરથી પોતાનું શરીર ખરડાયેલું છે છતાં તેની દરકાર ન કરતાં મુનિએ આપેલ સદ્બોધના વિચારમાં તે એકાગ્રતાપૂર્વક લીન બની ગયો.

ઉપશમ શું ? સંવર શું ? અને વિવેક શું તેની કેમ પ્રાપ્તિ થાય ? કયા ગુણ પછી કયા ગુણની પ્રાપ્તિ થવાની સંકલના રહી છે, તેમ ત્રણ ગુણ પ્રાપ્ત થવામાં શું શું આવરણો નડે છે ? તે તે આવરણોનો નાશ કેમ થાય છે ? તેનો એક પછી એક વિચાર કરતાં તે આત્મચિંતનમાં

એટલા બધા એકાગ્ર અને લીન બની ગયા કે દેહનું ભાન જ ભૂલાઈ ગયું. બસ એજ કલ્યાણ.

**ભક્તિ, દર્શન, શ્રવણ, વાંચન, મનન વગેરે ગમે તે સત્પ્રવૃત્તિથી કરવાનું એ જ છે કે દેહાધ્યાસ, બુદ્ધિ અને જગદાકાર વૃત્તિનો લય થાય.**

કન્યાની ચોરી કરવાથી કન્યા પાછળ તેના કુટુંબીઓ આવતાં, ભયભીત થતાં કન્યાને મારી નાખવાથી હાથમાં કાંઈ ન આવ્યું અને દોડવાથી થાક પણ લાગ્યો, જ્યારે મુનિ મહાત્માના હૃદય ભંડારમાંથી ઉપશમ, સંવર તથા વિવેક એ ત્રણ તત્ત્વ રત્નોની ચોરી કરવાથી અનાદિકાળનો સંસાર પરિભ્રમણનો થાક પણ ઉતર્યો અને અનંત સદ્‌ગુણો રૂપ અનર્ગલ ધનનો ખજાનો પણ હાથમાં આવ્યો. શાબાશ ચોરપતિ ! ધન્ય છે તારી સદ્‌ગુણ ચોરવાની કળાને !

રૂધિર ઝરતું મસ્તક પાસે પડેલ હોવાથી રૂધિરની ગંધથી કીડીઓ, માંસાહારી પક્ષીઓ, તથા હિંસક પશુ-પ્રાણીઓ ત્યાં ખેંચાઈ આવ્યાં અને કન્યાના મસ્તકના રૂધિર તથા માંસનું ભક્ષણ કરવા લાગ્યા. આ વખતે મુનિના શરીર ઉપર પણ કાગડા, ગીધ વગેરે પક્ષીઓ ચાંચના તીક્ષણ પ્રહારોથી ચોરપતિના શરીરને વીંધવા લાગ્યા, તેમજ બીજા પણ વિકાળ પશુઓ મુનિ (ચોરપતિ)ના શરીરને અનેક પ્રકારે પીડા આપવા લાગ્યા.

શરીર ઉપર કર્કશ પ્રહારોથી શરીરને તોડી ફોડી તેના માંસનું ભક્ષણ કરવામાં હિંસક પ્રાણીઓ આનંદ માનવા લાગ્યા ત્યારે પરમાત્મ તત્ત્વમાં લીન થયેલ, દેહ મૂર્ચ્છાથી મુક્ત થઈ એકાગ્રપણે આત્મસ્વરૂપના ચિંતનમાં આનંદ માનતા, દેહ ક્યાં છે અને તેની શી દશા થાય છે ? તેનો એક રોમમાં અણુમાત્ર પણ વિચાર ન આવતાં, અવિચ્છિન્ન ધારાની ઉગ્ર ભાવનાએ ચડતાં મુનિએ આપેલ સદ્‌બોધનું અત્યુગ્રપણે મનન કરતાં અખંડ ભાવના તથા ઉત્કૃષ્ટ બળથી અનંત કર્માવરણોનો ક્ષય કરી કેવળજ્ઞાન પામી અવ્યાબાધ અનંત સ્વરૂપમય મોક્ષપદને પામ્યા.

અહો ! ધન્ય છે એ મહાત્માના આત્મબળને! અને નમસ્કાર છે એ મહાત્માની નિર્મળ ભાવનાને! આવી અડગ સ્થિરતા રહે, ત્યારે જ ઉત્કૃષ્ટ ભાવના જાગૃત થઈ આત્મસિદ્ધિ થાય છે.

આજે તો મંદિરમાં કે ધર્મસ્થાનકોમાં ધાર્મિક ક્રિયા કરતાં પ્રભુ ચિંતન સમયે અથવા કાયોત્સર્ગ (ધ્યાન) સમયે એક કીડી, મચ્છર વા ડાંસ ચટકો મારે ત્યાં સ્થિરતા ભ્રષ્ટ થઈ, આકુળ વ્યાકુળ બની ચંળતાને પામે છે, ત્યાં યોગ સ્થિરતા, વૃત્તિજય, ભાવના જાગૃતિ અને હૃદય શુદ્ધિ થાય જ કયાંથી ?

મંદિરોમાં અથવા ધર્મસ્થાનકોમાં યોગની સ્થિરતા વિના વૃત્તિઓનો જય કર્યા વિના, હૃદયની શુદ્ધિ મેળવ્યા વિના, રાગડાઓ ખેંચી ભક્તિ તથા ભાવના કરવાનો દાવો કરનારા ભાવના તથા ભક્તિના સ્વરૂપને સમજ્યા જ નથી. રાગડાઓ ખેંચી રાડો પાડવામાં ભક્તિ કે ભાવનાં નથી. (ઉલટા કોલાહલથી બીજાની ભાવનાઓનો ભંગ થાય છે) પણ વાસના ક્ષય, વૃત્તિજય, યોગસ્થિરતા, હાર્દિક શુદ્ધિ, અંતર નિર્મળતા તથા આત્મ જાગ્રતિથી જ ભક્તિ અથવા ભાવના કહેવાય છે અને તેવી ભાવનાથી જ આત્માની સિદ્ધિ થાય છે. ૐ શાંતિઃ !

—લેખકના સદ્બોધ સંગ્રહ પુસ્તકમાંથી સાભાર ઉદ્ધૃત.

# સુભાષિત

મનુષ્યે બોધ પ્રાપ્ત કરવો જોઇએ અને બંધનના સ્વરૂપને જાણીને તેને તોડવા જોઇએ.

જે બીજાનો તિરસ્કાર કરે છે તે સંસારમાં ઘણા સમય સુધી પરિભ્રમણ કરે છે. પરનિંદા પાપ ઉત્પન્ન કરે છે. એવું જાણી મુનિરાજ મદ કરતા નથી.

સોનું ચાંદી વગેરે ધન અને સ્વજનવર્ગ તે બધો પરિગ્રહ આ લોકમાં તેમ જ પરલોકમાં દુઃખદાયી છે તથા તે બધું નશ્વર છે.

હે ભવ્યો ! તમે સમ્યગ્બોધ પ્રાપ્ત કરો. બોધ કેમ પ્રાપ્ત કરતા નથી ? મૃત્યુ પછી જ્ઞાન પ્રાપ્ત થવું દુર્લભ છે. વીતી ગયેલી રાત્રિઓ પાછી આવતી નથી અને સંયમી જીવન ફરીથી મળવું સુલભ નથી.

કોઇ પણ જીવની હિંસા ન કરવી તે જ જ્ઞાની પુરુષના જ્ઞાનનો સાર છે. અહિંસાના સમર્થક શાસ્ત્રોનો પણ એટલો જ સિદ્ધાંત છે અને તે જાણવા જોઈએ.

જીવહિંસા કરનાર પુરુષ તે જીવ સાથે અનેક જન્મો માટે વેર બાંધે છે અને પાછું તે (મરનાર જીવ) નવું વેર બાંધે છે, એટલે કે આ પ્રમાણે વેરની પરંપરા ચાલતી રહે છે. જીવહિંસા પાપ ઉત્પન્ન કરે છે અને અંતમાં તે દુઃખ આપે છે.

—સૂત્રકૃતાંગસૂત્ર